મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
'**રાહ-રંગપ્રેમની**'
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
૬-એ, 'વરેણ્યમ્', કલ્પતરુ સોસાયટી
નારણપુરા, અમદાવાદ-૧૩
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

આવૃત્તિ : પ્રથમ
પોષ સુદ આઠમ, ૨૦૬૩
ગુરુવાર, તા. ૨૮-૧૨-૨૦૦૬

**શ્રીગુરુલીલામૃત અમૃત મહોત્સવ**

**(૧૦૦૮ પારાયણ)**

પ્રત : ૧૦૦૦

**પચ્ચીસ રૂપિયા**

# ॐ આશીર્વચન ॐ

પરબ્રહ્મનું મૂર્તસ્વરૂપ એવા આપણા ગુરુમહારાજ દ્વારા વિરચિત શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ વરદ અને ઔપાસનિક ગ્રંથ છે. દેવની આજ્ઞાથી ગુજરાતી ભાષામાં દોહરા છંદમાં રચાયેલા આ ગ્રંથમાં ઘણા શબ્દો એવા છે કે જેના અર્થ ગુજરાતી માતૃભાષા હોવા છતાં સામાન્ય ભક્તને સમજમાં આવતા નથી. શ્રીગુરુલીલામૃતમાં પાદટીપમાં અમુક શબ્દોના અર્થ આપ્યા છે પણ ગ્રંથને કેટલીક મર્યાદા હોય છે તેથી સામાન્ય ભક્તને મદદરૂપ થવાય એવા આશયથી આ શબ્દકોશ તૈયાર થયો છે.

ચારેક હજાર શબ્દો ધરાવતો આવો શબ્દકોશ તૈયાર કરવાનું કામ ધગશ અને મહેનત બંને માગી લે છે. આવો શબ્દકોશ તૈયાર કરવાનો વિચારમાત્ર મૌલિક વિચાર છે અને એ ગુરુમહારાજની કૃપાનું ફળ છે. આ ગ્રંથ તૈયાર કરવામાં શબ્દકોશના અનુભવી એવા શ્રી ટી.આર.જોષી અને શ્રી ડૉ. મફતભાઈ ભાવસારની સેવા મેળવીને શબ્દકોશને ભરોસાપાત્ર ગ્રંથ બનાવ્યો છે. આવો ગ્રંથ તૈયાર કરવા માટે શ્રી કુલીનભાઈ ધન્યવાદને પાત્ર છે.

સદ્‌ગુરુ રંગ અવધૂત મહારાજ પ્રત્યે અસીમ ભક્તિ ભાવ ધરાવનાર પરિવારના વિદ્વાન સ્વ. શ્રી શિવુભાઈ મ. દવેને આ ગ્રંથ અપર્ણ કરીને શ્રી કુલીનભાઈએ સ્તુત્ય પગલું ભર્યું છે. રંગાનુરાગી અને અતિ વિદ્વાન તથા અતિસરળ શિવુભાઈને આનાથી વધારે યોગ્ય બીજી શ્રદ્ધાંજલિ શું હોઈ શકે?

શ્રી શિવુભાઈનો મારા પ્રત્યેનો ભાવ જ મને આ આશીર્વચન લખવા પ્રેરે છે એમ કહેવું વધુ પડતું ન ગણાય. અમેરિકા ન્યૂજર્સીમાં હું જ્યારે પણ ગયો છું ત્યારે તેઓ અચૂક આવતા અને ખૂબ ભાવપૂર્વક મળવા આવતા.

ગુરુમહારાજના ચરણોમાં શ્રી શિવુભાઈનો વાસ છે જ. છતાં આપણા સૌની એવી ભાવના અને પ્રાર્થના રહો કે પ.પૂ. અવધૂતજીની સદા એમના પર અમીનજર રહો.

વરદ અને ઔપાસનિક ગ્રંથનો શબ્દકોષ પણ વરદ બની રહો.

લિ.
ૐ
**પ્રેમ**

અવધૂત કુટીર,
લીંચ-૩૮૪ ૪૩૫
તા. ૨૨-૧૨-૨૦૦૬

## ॐ આવકાર ॐ

પ્રા. કુલીનભાઇ અવધૂત પરિવારના નીવડેલા લેખક અને કવિ છે. લખવા-વાંચવાનો બિલકુલ કંટાળો નહિ. તેમણે શ્રીગુરુલીલામૃતના અઘરા શબ્દોનો અર્થ આપી અકારાદિ ક્રમે ગોઠવી આપવાનું ધાર્યું અને ધારેલું પાર પાડે એનું નામ જ કુલીનભાઇ!

સામાન્ય રીતે સંશોધનવૃત્તિ અને તે માટેની નિષ્ઠા હોય ત્યારે જ અકારાદિ ક્રમમાં શબ્દોની ગોઠવણીનું કાર્ય કરવામાં કંટાળો ન આવે. કુલીનભાઇ કંટાળ્યા નથી તે જણાય છે તેથી જ આવું સરસ કાર્ય થયું છે. અવધૂત પરિવાર તેમનો ઋણી રહેશે.

આની બીજી આવૃત્તિ જલદી નીકળે એવી શુભેચ્છા સહિત પૂ.શ્રીની શુભાશિષની એમના પર વર્ષા વરસતી રહો એ જ અભ્યર્થના.

વડોદરા/નારેશ્વર
તા. ૧૩-૧૨-૦૬

ધીરુભાઇ જોષીના
શ્રીગુરુદેવ દત્ત.

# ❀ સંપાદકનું નિવેદન ❀

સને ૨૦૦૪ની ૧૭મી ઓગસ્ટ ને મંગળવારની એક ધન્ય પળે મગજમાં વિચાર ઝબક્યો: શ્રીગુરુલીલામૃતના અઘરા શબ્દોનો શબ્દકોશ તૈયાર કરવાનો. શ્રીગુરુલીલામૃતનું પારાયણ શરૂ કર્યું અને  લગભગ ચાર હજાર અઘરા શબ્દોની એક લાંબી યાદી તૈયાર થઇ. પરંતુ "શબ્દકોશ તૈયાર કરવો એટલે સિંહની બોડમાં માથું નાંખવું" એની મને ખબર ન હતી.

શબ્દોને અકારાદિ ક્રમમાં ગોઠવવામાં કંટાળો લાવે એવી જહેમત ઉપરાંત ભાષાનું જ્ઞાન પણ જરૂરી. આવું ભાષાજ્ઞાન મારી પાસે ન હતું. પરંતુ ગુરુમહારાજ વહારે ચઢ્યા અને ગાંધીનગરના મુ. ટી.આર.જોષી સાહેબનો સધિયારો સાંપડ્યો.

મુ. જોષી સાહેબે શબ્દો ગોઠવવામાં અને ઘણા શબ્દોના સાચા અર્થ આપવામાં પરસેવો પાડ્યો. શબ્દકોશનું માળખું તૈયાર થયું એટલે વિશ્વાસ આવ્યો કે નૈયા પાર ઉતરશે. શબ્દકોશનું જેમણે કામ કર્યું છે એવા મુ.ડૉ. મફતભાઇ ભાવસારની મદદ મળી. અતિ વિદ્વાન અને છતાં અતિ સરળ મુ. મફતભાઇએ ખૂબ મદદ કરી.

પૂ. પ્રેમ અવધૂતજીના આશીર્વચન સાથે મુ. ધીરુભાઇ જોષીનો આવકાર કેમ ન હોય? એમણે કેવળ આવકાર લખી આપવાને બદલે સમગ્ર શબ્દકોશ જોઇ આપ્યો અને ઘણાં મહત્ત્વના સુધારા સૂચવ્યા.

૨૦૦૪માં શરૂ કરેલું કામ ૨૦૦૬ના ડિસેમ્બરની ૨૮મીએ પૂ રું થાય છે. આ બે વર્ષ દરમ્યાન નોયડામાં મારા પરિવારજનોને મુશ્કેલી વેઠવાનું આવ્યું છે. આ ત્રાસદાયક કામમાં મારી સાથે તેઓ પણ કંટાળ્યા જ હશે.

આમ છતાં, આજે આ શબ્દકોશ સ્વ.મુ.શિવુભાઇ મ. દવેને અર્પણ થઇ શક્યો તેથી બધો થાક અને કંટાળો આનંદમાં પરિવર્તિત થયો.

જેમની પ્રેરણા વિના મારી કલમ કામ કરતી નથી એવા જીવન ચાલકબળ સમા પૂ. પ્રેમ અવધૂતજીનું હૃદયથી સ્મરણ કરું છું.

આ શબ્દકોશ બધાને ગમશે એવી શ્રદ્ધા છે. ગુરુમહારાજ ભગવાન રંગાવધૂતજીના ચરણોમાં શતશ: વંદના.

અમદાવાદ • કુલીન ઉપાધ્યાય
તા. ૨૨-૧૨-૨૦૦૬
(મો) ૯૮૨૪૫ ૦૪૨૦૬

## ✾ આભાર દર્શન ✾

- જેમની અથાગ મહેનત અને માર્ગદર્શન વિના આ શબ્દકોશ તૈયાર કરી શક્યો ન હોત એવા ૮૨ વર્ષના વડીલ મુરબ્બી શ્રી ત્રિકમરાય રામજીભાઇ જોષી (ટી. આર. જોષી સાહેબ)નો આભારી છું.
- ડૉ.મુ.શ્રી. મફતભાઇ ભાવસારનો આભારી છું. અતિ વિદ્વાન અને છતાં અતિ સરળ એવા મુ. મફતભાઇએ વિશ્વકોશમાં સેવા આપી છે.
- ડૉ.મુ.શ્રી ધીરુભાઇ જોષીનો આભારી છું. આવકાર લખી આપીને અને છેલ્લું પ્રૂફ તપાસી અતિ મહત્ત્વના સુધારા સૂચવવા બદલ એમનો ઋણી છું.
- આ મગજમારીવાળા કાર્યમાં સહકાર આપવા બદલ અને મુશ્કેલી વેઠવા બદલ ધર્મપત્ની સૌ. અંજનીનો, પુત્ર હર્ષલ, પુત્રવધૂ સૌ. જૂઇ અને પૌત્રી ચિ. નિર્ઝરીનો આભારી છું.
- મારા નાના ભાઇ ચિ. રાજેન્દ્ર અને તેના પરિવારનો આભારી છું. આ શબ્દકોશને સુંદર બનાવવા એમણે અથાગ મહેનત કરી છે.
- શ્રી જયરંગભાઇ દવેનો આભારી છું કે જેમણે સ્વ. શિવુભાઇનો ફોટો તથા જરૂરી વિગતો સત્વરે પૂરી પાડી.
- પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માનું?<br>કે એમને 'મા' માનું?<br>(ગુરુમાવલીનો આભાર હોય કે?)

અમદાવાદ
તા. ૨૨-૧૨-૨૦૦૬

• કુલીન ઉપાધ્યાય

## ✾ શબ્દકોશ વાપરવા અંગે સહાયરૂપ સૂચનો ✾

- **અક્ષરની ગોઠવણી: (પહેલા સ્વર પછી વ્યંજન)**

સ્વર : અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, **ઋ**, એ, ઐ, ઓ, ઔ.
વ્યંજન : ક, **ક્ષ**, ખ, ગ, ઙ, ચ, છ, જ, **જ્ઞ**, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ,
દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, **શ્ર**, સ, હ, ળ
નોંધ : ઙ, ઞ, ણ, ળ થી શરૂ થતા શબ્દો નથી.

- **કેટલાક શબ્દો વિષે ઉલ્લેખ:** ઉદાહરણ તરીકે 'ક' લઈએ.

ક્રિયા - 'ક'માં છેલ્લે. 'ક' સાથે જોડાયેલો અક્ષર છે. ક્વચિત્, ક્રૂર વગેરે.
કર્મ - 'ક' સાથે 'ર' આવે અને એ શબ્દો પૂરા થાય પછી.
કૃપા - 'કૂ' (દીર્ઘ)માં 'કૂં' સાથેના શબ્દો પૂરા થાય એટલે કૃપા, કૃતિ વગેરે આવે.
દા.ત. કરોડ, કરોળિયો વગેરે શબ્દો પૂરા થાય પછી કર્મ, કર્ક, કર્કટ આવે.
જે વાત ઉદાહરણમાં 'ક' માટે કહી છે તે બધા અક્ષરને લાગુ પડશે.
દા.ત. પ્રીત
પૂર્ણ
પૃચ્છા, પૃથ્વી.

બંને 'ઇ' (ઇ, ઈ) અને બંને 'ઉ' (ઉ, ઊ) સાથે જ મૂક્યા છે.
'ક્ષ' અને 'જ્ઞ' અનુક્રમે 'ક' પછી તથા 'જ' પછી આવે છે.
જોડાક્ષર જે તે અક્ષર પૂરો થયા પછી. દા.ત. અંત્ય. અં પછી ત, તા, તિ, તી, તુ, તૂ, તે, તૈ, તો, તૌ, તં પૂરા થાય પછી અંત્ય આવે. એ પણ એના ક્રમમાં.

ॐ

॥ श्रीगुरुदेव दत्त ॥

# ꧁ શ્રીગુરુલીલામૃત શબ્દકોશ ꧂

## (અઘરા શબ્દોના અર્થ)

## અ

ૐ તથા = શ્રાદ્ધનું આમંત્રણ સ્વીકારવાની રીત, હા કહેવાની પદ્ધતિ

અક = દુ:ખ, સુખ (ક) નહિ (અ) તે

અકથ્ય = કહ્યું ન જાય તેવું; અવર્ણનીય

અકમુક્ત = દુ:ખથી મુક્ત

અકર્તું = ન કરવા જેવું પણ કરે, અશકયને શક્ય બનાવે

અકળ = ન કળી શકાય એવો, ન સમજી શકાય એવો

અકંટક = અવરોધ વગરનો, નિષ્કંટક, કાંટા (કંટક) રહિત

અકામી = કામના રહિત, ઇચ્છા વગરના

અકુંઠિત = પાછું ન પડે એવું, કશાથી અવરોધાય નહિ તેવું

અક્કડ = ટટાર, નમે નહીં તેવા

અક્લિન્ન = દયા (ક્લિન્ન) વગર (અ), નિર્દય થઇને

અક્લિષ્ટ = ખેદ વિનાનો

અકલેશ = કલેશ વિનાનો, કલેશરહિત, શાંત

અક્ષ = આંખ, રુદ્રાક્ષ

અક્ષ = ઇન્દ્રિય

અક્ષગણ = ઇન્દ્રિય (અક્ષ)નો સમૂહ (ગણ)

અક્ષમાલ = રુદ્રાક્ષ (અક્ષ)ની માળા

અક્ષય = કદી ક્ષીણ ન થાય એવું, અવિનાશી

અક્ષયતૃતીયા = અખાત્રીજ, વૈશાખ સુદ ત્રીજ (પરશુરામ જયંતી)

અક્ષયધન = ન ખૂટે તેવું (અક્ષય) અખૂટ ધન (પરમાત્માનાં દર્શનરૂપી ધન)

અક્ષયધામ = વૈકુંઠ, મોક્ષ

અક્ષર = જેનો નાશ (ક્ષર) નથી (અ) તે, અવિનાશી

અક્ષસ્રગ્ = રુદ્રાક્ષ (અક્ષ)ની માળા (સ્રગ્)

અક્ષસ્રજ્ = રુદ્રાક્ષ (અક્ષ)ની માળા (સ્રજ્)

અક્ષિરોગ = આંખ (અક્ષ)નો રોગ

અક્ષુબ્ધ = ખળભળાટ અનુભવ્યા વગર, ક્ષુબ્ધ થયા વિના

અખેદ = ખેદ વિનાનો, દુ:ખ વિનાનો

અખ્યેય = વર્ણન ન કરી શકાય એવું

અગાડી = આગળ

અગ્નિ = અગ્નિહોત્ર, દેવતા

અગ્નિષ્ટોમાદિક = અગ્નિષ્ટોમ નામનો યજ્ઞ વગેરે

અગ્ન્યર્કાદિક = અગ્નિ અને સૂર્ય (અર્ક) વગેરેને

અગ્ન્યર્ચનાર્થે = અગ્નિની પૂજા (અર્ચના) માટે (અર્થે)

અગ્રાશનથી = આગળ (અગ્ર)નો ભાગ ખાવા (અશન)થી

અગ્રે = મોખરે, સૌથી આગળ, આગળ ઉપર, હવે પછી

અઘ = પાપ

અઘકુંડ = પાપ (અઘ)નો કુંડ, પાપથી ભરેલો કુંડ

અઘજાત = પાપ (અઘ)માંથી જન્મેલું (જાત)

અઘનિષ્કૃતિ = પાપનો નાશ (નિષ્કૃતિ)

**અઘભંજન** = પાપ (અઘ)નો નાશ કરનાર (ભંજન)
**અઘભંજના** = પાપનો નાશ કરનાર! (માતા તરીકે સંબોધન)
**અઘમર્ષણ** = પાપનાશક, સંધ્યામાંની એક ક્રિયા
**અઘસંદેહ** = પાપ વિશેની શંકા
**અઘહર** = પાપ (અઘ) હરી લેનાર (હર)
**અઘહાર** = પાપ હરનાર
**અઘહારી** = પાપ હરણ કરનાર
**અઘોર** = મહાદેવ, અતિ ભયંકર
**અચ્છ સુગંધ** = નિર્મળ, નિરુપાધિક, અલૌકિક સુગંધ, સુગંધી તૈલાદિથી જુદી જાતની કુદરતી (અકૃત્રિમ) સુગંધ
**અચ્યુત** = પોતાના સ્થાનથી ભ્રષ્ટ (ચ્યુત) નહિ થનાર, પોતાના સ્થાને જ ટકી રહેનારો, વિષ્ણુ ભગવાન
**અજ** = જેનો જન્મ નથી તે
**અજ** = બકરો
**અજ** = આજે
**અજન્મા** = પરમાત્મા
**અજર** = ઘડપણ વિનાનો, દેવ
**અજસ્ર** = સતત, અખંડ
**અજહલ્લક્ષણા** = એક પ્રકારની લક્ષણાનું નામ
**અજા** = બકરી, માયા, જન્મરહિત
**અજાત** = અનુત્પન્ન, અજન્મા, જન્મેલો નહિ તે
**અજાકંઠસ્તન** = બકરી (અજા)ના કંઠે લટકતાં સ્તન (આ સ્તન દૂધ આપતાં નથી),અજાગલસ્તન
**અજિનધારી** = મૃગચર્મ (અજિન) ધારણ કરનાર
**અજિહ્વ** = જીભ (જિહ્વા) વગરનો, મૂગો
**અજી** = આજે
**અજી ઉદિયો** = આજે ઊગ્યો
**અજ્ઞ** = અજ્ઞાની
**અજ્ઞાતાઘ** = અજાણતા (અજ્ઞાત)માં થયેલું પાપ (અઘ)
**અજ્ઞાનાંધ્ય** = અજ્ઞાનરૂપી અંધારું
**અજ્ઞાનોત્થ** = અજ્ઞાનથી ઉત્પન્ન થયેલાં
**અટકાવ** = રજસ્વલાપણું, રોકવું તે
**અટલું ચેલ** = આટલું (અટલું) વસ્ત્ર (ચેલ)
**અટ્ટગૃહ** = અગાસી, ઘર (ગૃહ)ની અટારી (અટ્ટ)
**અડિયલ** = હઠીલા સ્વભાવનું, હઠીલું
**અઢળ** = સુદૃઢ, ઢળી ન પડે એવો
**અણોરણીયાન્** = અણુથી પણ નાનો,સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ
**અતત્** = બ્રહ્મ (તત્) નહિ (અ) તે, માયા
**અતદ્વ્યાવૃત્તિ** = માયા (અતત્)નો નિષેધ કરવો, ઇન્કાર કરવો (વ્યાવૃત્તિ)
**અતંદ્ર** = આળસ (તંદ્ર) વગરનો (અ), આળસરહિત
**અતિથિ** = એક રાત્રિ (તિથિ)થી વધુ નહિ રોકાનાર, મહેમાન, જેની આવવાની તિથિ નથી તે
**અતિવૃષ્ટિ** = લીલો દુકાળ, પુષ્કળ (અતિ) વરસાદ પડવો (વૃષ્ટિ) તે
**અતિસાર** = મરડો, વારે વારે પાતળા ઝાડા થવાની તકલીફ, સંગ્રહણી
**અતીન્દ્રિય** = ઇન્દ્રિયથી પર, ઇન્દ્રિયો દ્વારા જેનો અનુભવ શક્ય નથી તે
**અતીવ** = અતિશય, ખૂબ જ, અત્યંત
**અતીવકમ્ય** = અતિશય મોહક (કમ્ય)
**અત્યલ્પ** = એકદમ (અતિ) થોડું (અલ્પ), ખૂબ જ (અતિ) ઓછું (અલ્પ)
**અત્યાદરે** = ખૂબ માનપૂર્વક, ઘણા આદર સાથે
**અત્યુત્કટ** = ખૂબ તીવ્ર

**અત્ર** = અહીં
**અત્રપરત્ર** = આ લોક (અત્ર) અને પરલોક (પરત્ર)માં
**અત્રિ** = ત્રણ ગુણો (સત્ત્વ, રજસ્ અને તમસ)થી પર
**અત્રિનંદન** = દત્ત ભગવાન, અત્રિના પુત્ર (નંદન)
**અથાગ** = અગાધ, અતાગ, જેનો તાગ ન પામી શકાય એવું
**અદકું** = વિશિષ્ટ પ્રકારનું, વધારે, અધિક
**અદમ્ય** = દાબી ન શકાય એવું, કાબૂ ન મેળવી શકાય એવું
**અદય** = ક્રૂર, દયા વગરના, નિર્દય
**અદંડ્ય** = દંડ કરવાને પાત્ર નથી તે, દંડને યોગ્ય નથી તે
**અદૃષ્ટ** = પ્રારબ્ધ, નસીબ, નહિ જોયેલું તે
**અદેય** = ન આપી શકાય તેવું
**અદ્ય** = હમણાં, અત્યારે, હજી પણ
**અદ્યજીવિત** = આજીવન, જીવનભર
**અદ્યતન** = હમણાંનું, વર્તમાન, આધુનિક
**અદ્યાપિ** = આજે (અદ્ય) પણ (અપિ), હજી પણ
**અદ્રિ** = પર્વત, ડુંગર
**અદ્વૈતોપાસના** = જગતમાં બ્રહ્મ સિવાય બીજું કશું છે જ નહિ એ સિદ્ધાંતાનુસારની ઉપાસના
**અધમાધમ** = અધમ (નીચ)થી પણ અધમ (નીચ), નીચમાં નીચ
**અધર** = હોઠ, નીચલો હોઠ
**અધ:સ્થિત** = શરીરમાં નીચેના ભાગમાં આવેલા
**અધિક એક અર્ઘ્ય**= એક વધારાનો અર્ઘ્ય
**અધિષ્ઠાન** = મૂળ આધાર જેને આધારે વસ્તુ ટકેલી હોય
**અધુના** = હમણાં, હાલમાં, વર્તમાન, અત્યારે
**અધોક્ષજ** = આંખ (અક્ષ) નીચે- અંતર્મુખ (અધ:) કરવાથી જે જન્મે (જ) તે, જે દેખાય તે, ભગવાન વિષ્ણુ
**અધોધ:** = નીચે ને નીચે
**અધોભાગ** = નીચાણવાળી જગ્યા (તરફ)
**અધોમુખ** = નીચું મુખ (મોઢું), નીચા મોંવાળું
**અધોવક્ત્ર** = નીચા (અધ:) મોઢા (વક્ત્ર)વાળા
**અધ્વર** = યજ્ઞ
**અધ્વર્યુ** = યજ્ઞ કરાવનાર
**અન** = આન, અન્ય, બીજો
**અનઘ** = નિષ્પાપ, પાપ (અઘ) વિનાનો તે, ભગવાન
**અનઘા** = નિષ્પાપ (સ્ત્રી)
**અનધ્યાયે** = આખો અધ્યાય ન વંચાય તો, ભણવામાં છૂટ્ટી, રજાનો દિવસ
**અનન્ય** = અજોડ
**અનપત્યત્વ** = નિ:સંતાનપણું
**અનપત્યા** = નિ:સંતાન સ્ત્રી
**અનય** = અધર્મ, અન્યાય
**અનલ** = અગ્નિ
**અનલ્પ** = અલ્પ નહીં તે, મહાન
**અનવચ્છિન્ન** = અમર્યાદિત, અખંડ
**અનવદ્ય** = નિંદા (અવદ્ય) વગર (અન્ )નું, ખોડખાંપણ વિનાનું, સુંદર, નિષ્કલંક
**અનવલોભન** = ગર્ભવતી સ્ત્રીને પવિત્ર કરવા ત્રીજે મહિને કરાતો સંસ્કાર
**અનવસ્થા** = અવ્યવસ્થા, ગોટાળો
**અનવસ્થિત** = અસ્થિર
**અનસૂયા** = અસૂયા રહિત, અસૂયા વિનાના, દ્વેષ વગરના
**અનસૂયાત્મજ** = અનસૂયાના પુત્ર (આત્મજ), ભગવાન દત્તાત્રેય, અનસૂયાનંદન
**અનંગ** = અંગહીન, કામદેવ
**અનંત** = શેષ નારાયણ, શેષનાગ

**અનંત** = જેનો અંત નથી તે, પરમાત્મા
**અનંત દોરક** = અનંતવ્રતનો ચૌદ ગાંઠનો દોરો
**અનંતવ્રત** = ભગવાન અનંતનું વ્રત - ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ ચૌદસ (અનંત ચતુર્દશી) સુધીનું વ્રત
**અનાચાર સંગે** = આચારહીનના સંગથી, ભ્રષ્ટજનના સંગથી (જેને આચાર સ્પર્શી ના શકે તે, બ્રહ્મનિષ્ઠ)
**અનાદિ** = જેનો કોઈ આદિ (શરૂઆત) નથી તે
**અનાયાસ** = પ્રયત્ન (આયાસ) વગર (અન્), વગર મહેનતે, સ્વાભાવિકતાથી
**અનાર્ય** = અસંસ્કારી, આર્ય નહીં તે
**અનાવૃષ્ટિ** = દુકાળ, વરસાદ ન પડવો તે
**અનાસક્તિ** = આસક્તિ વિનાનું, આસક્તિરહિત
**અનિકેતન** = કોઈ પણ ઘર પ્રત્યે આસક્તિ વગર
**અનિર્વચનીય** = કોઈ પણ રીતે વર્ણવી ન શકાય એવી
**અનિલ** = પવન
**અનિવાર** = બેહદ, નિવારી ન શકાય તેવું
**અનીશ** = અન્ય જીવો જેવો અસમર્થ, પરાધીન (અનીશ = અન્ + ઈશ)
**અનુકંપા** = દયા, કરુણા, અનુગ્રહ, કૃપા
**અનુક્ત** = ન (અન્) કહેવા છતાં, નહિ કહેવાયેલું
**અનુગમ** = સહગમન, પતિ સાથે બળી મરવું તે
**અનુગ્ર** = શાંત, ઉગ્ર નહિ તે
**અનુચર** = નોકર, સેવક
**અનુજ્ઞા** = રજા, મંજૂરી
**અનુતપ્ત** = પશ્ચાત્તાપવાળો, પશ્ચાત્તાપયુક્ત, દુ:ખી
**અનુતાપ** = પશ્ચાતાપ, કલેશ
**અનુત્તમ** = સર્વોત્તમ, શ્રેષ્ઠ
**અનુદ્વિગ્ન** = અખિન્ન, ઉદાસી વગરનો, ખેદરહિત
**અનુપ** = અજોડ, જેની ઉપમા ન જડે એવું, શ્રેષ્ઠ
**અનુભવ મહાવાક્ય** = જીવનો શિવ સાથેની એકતાનો અનુભવ દર્શાવતું મહાવાક્ય દા.ત. અહં બ્રહ્માસ્મિ
**અનુભવિતા** = અનુભવ લેનાર
**અનુરક્તિ** = પ્રેમ
**અનુરૂપ** = -ના જેવું, યોગ્ય
**અનુવૃત્તિ** = વૃત્તિનું ઉત્થાને સમજાવું તે, પુનરાવૃત્તિ
**અનૂન** = વિશાળ, કોઈપણ જાતની ઊણપ વિનાનું
**અનૃત** = જૂઠું, સત્ય (નૃત) નહિ (અન્) તે
**અનેકધા** = અનેક રીતે (ધા), અનેક પ્રકારે
**અનેકશ:** = અનેક રીતે, અનેક પ્રકારે
**અન્નચતુર્ધા** = ચાર પ્રકાર (ધા)નાં અન્ન, (ચાટવાનાં, પીવાનાં, ચૂસવાનાં અને ચાવવાનાં)
**અન્નછત્ર** = અન્નક્ષેત્ર, દરેકને ભોજન મળે તેવું સ્થળ
**અન્નદ** = અન્ન આપનાર (દ), અન્નદાતા
**અન્નરુચિલાલસા** = આવું અન્ન ભાવે અને આવું અન્ન ન ભાવે એવી વૃત્તિ
**અન્નાદ** = અન્ન ખાનાર
**અન્યકાળે** = બીજી વાર, પછીથી
**અન્યતમ** = બીજું (અન્ય) અંધારું (તમ)
**અન્યથા** = બીજી રીતે, એ સિવાયનું બીજું
**અન્યથાકર્તુમ્** = બીજી રીતે જ કરવા માટે
**અન્યેદ્યુ** = બીજે દિવસે
**અન્યોન્ય વિરુદ્ધ** = એકબીજાથી વિરુદ્ધ
**અન્યોન્યાધ્યાસે** = એકબીજા પરના ભ્રાંતિજનક આરોપ (અધ્યાસ)થી

અન્વર્થક = યોગ્ય, ગુણ પ્રમાણેનું, અર્થને અનુસરતું, સાર્થક
અન્વય વ્યતિરેક = કાર્ય હોય ત્યાં કારણ હોય જ એ અન્વય અને કારણ ના હોય ત્યાં કાર્ય પણ ના હોય એ વ્યતિરેક
અન્વાધાન = વેદિમાં અગ્નિ લાવવો તે
અન્વિત = યુક્ત, સહિત
અપત્ય = સંતાન, બાળક
અપત્યસ્નેહે = સંતાનની આસક્તિમાં (સંતાનના સ્નેહમાં)
અપથ્ય = શરીરને અનુકૂળ નહીં એવું, નુકસાનકારક
અપરાહ્‌ને = દિવસના પાછલા પહોરે, બીજે (અપર) દિવસે
અપરિગ્રહ = સંગ્રહ નહીં કરવાની વૃત્તિ
અપરિચ્છિન્ન = અમર્યાદિત
અપરોક્ષ = પ્રત્યક્ષ, (ઇંદ્રિયગમ્ય) પરોક્ષ નહીં એવો (અનુભવ)
અપરોક્ષ જ્ઞાન = અનુભવ જ્ઞાન, જે તે સ્વરૂપે થતું
અપર્ણેશ્વર = પાર્વતી (અપર્ણા) પતિ (ઈશ્વર), શંકર
અપશબ્દ = ખરાબ (અપ) શબ્દ, ગાળ
અપસવ્ય = જમણી તરફથી ડાબી તરફ, વિપરીત, જનોઈ જમણા ખભે રાખવું
અપસ્માર = વાઇ, ફેફરાનો રોગ
અપસ્મારાર્ત = ફેફરાંના રોગ (અપસ્માર)થી દુ:ખી (આર્ત)
અપાક = પવિત્ર (પાક) નહિ તે, અપવિત્ર
અપાપવિદ્ધ = પાપથી વીંધાયો ન હોય તેવો
અપાય = સંકટ, આફત
અપૂપ = માલપૂઆ, અનારસા
અપૂર્વતા = એના જેવું કશું છે જ નહિ એવા અપૂર્વ ગુણવાળું, ષડ્‌લિંગ વિવેકનું એક લિંગ
અપેક્ષિત = ઈચ્છિત
અપ્રજ = પ્રજા વિનાનો, સંતાન વિનાનો
અપ્સરા = પાણી (અપ્ )માં સરકનારી પરી, સ્વર્ગની પરી, સ્વર્ગની વેશ્યા
અપ્સરાગણ = અપ્સરાઓનો સમૂહ (ગણ)
અફળ = નિષ્ફળ
અબોલ = બોલી ન શકે એવો, બોલ્યા વિનાનું, મૂગી, મૌન
અબ્દ = વર્ષ, વરસ
અબ્દશત = સો (શત) વર્ષ (અબ્દ)
અબ્ધિ = સાગર, સમુદ્ર, પાણી (અપ્ )નો ભંડાર
અભક્ષ્યભક્ષક = ન ખવાય (અભક્ષ્ય) તેવું ખાનારો (ભક્ષક)
અભયપ્રદ = અભયપણું આપનાર
અભંગ = ભાંગ્યા વિનાનું, હોય તેવું ને તેવું, અખંડ
અભાનાવરણ = વસ્તુ હોય છતાં દેખાય નહીં એવું અભાનપણાનું આવરણ
અભિઘાર = ઘી, ઘૃત
અભિધા = નામ, શબ્દનો મૂળ અર્થ
અભિધાન = નામ
અભિનવ = એકદમ નવી
અભીષ્ટ = ઇચ્છિત
અભૂત = ન થયો હોય એવો, ઉ.ત. અભૂતપૂર્વ
અભેદ્ય = ભેદી ન શકાય એવું
અભ્યાગત = પાસે આવેલો, પરોણો, મહેમાન
અભ્યાસ = એક જ કાર્ય વારે વારે કરવાની પ્રવૃત્તિ
અભ્યાસીને = ભણીને, અભ્યાસ કરીને
અભ્યાસોત્થિત = યોગાભ્યાસને કારણે થયેલો
અભ્રષ્ટ = ભ્રષ્ટ નહિ તેવું, પાવન
અમત્ત = નિરભિમાની, અભિમાન (મત્ત) વિનાનો, મદરહિત
અમર = મરણ વિનાનો, દેવ

**અમર અમાન** = અવિનાશી અને પ્રમાણાતીત
**અમરાવતી** = ઇંદ્રની નગરી,અલકાપુરી
**અમર્દક** = તીર્થક્ષેત્રનું નામ
**અમર્ષ** = ક્રોધ, અદેખાઇ, અસહિષ્ણુતા
**અમલ** = મળ વગરનો, શુદ્ધ, નિર્મળ
**અમલ** = સત્તા, અધિકાર
**અમા** = અમાસ, અમાવાસ્યા
**અમાન** = અમર્યાદ, પ્રમાણાતીત, અતાત્વિક, નિર્માન
**અમાસ્નાન** = અમાસ સ્નાન
**અમિત** = અમાપ, અઢળક, ઘણું, અનંત, અનહદ, અપાર
**અમિત્ર** = દુશ્મન, મિત્ર નહિ તે
**અમુત્ર** = પરલોકમાં, આવતા જન્મે
**અમૂલ્યવસ્ત્રાછન્ન** = કિંમતી (અમૂલ્ય) વસ્ત્રથી ઢંકાયેલા (આછન્ન)
**અમૃતદગે** = સુધાદષ્ટિથી
**અમૃતમેહ** = અમૃતનો વરસાદ (મેહ)
**અમૃતાર્ણવ** = અમૃતનો સાગર (અર્ણવ)
**અમેય** = અમાપ, માપ (મેય) વિનાના
**અમેયાત્મન્** = મર્યાદા વિનાના, અપરિચ્છિન્ન, આત્માને ધારણ કરવાવાળા વિષ્ણુ
**અમોઘ** = અચૂક, નિષ્ફળ ન જાય એવું
**અમ્બ** = હે મા!
**અમ્લકઠણ** = ખાટું (અમ્લ) અને સખત (કઠણ)
**અય** = લોઢું, લોખંડ
**અય!** = હે, અરે!
**અયશ** = યશ વગરનું, અપયશ
**અયન** = પ્રયાણ (ઉત્તરાયણ, દક્ષિણાયન વગેરે)
**અયાચિત** = નહિ માગેલું
**અયિ** = હે, સંબોધનવાચક શબ્દ
**અયુત** = દશ હજાર, જોડાયેલું નહિ એવું
**અરણ** = વેદનો જ્ઞાનાત્મક ભાગ
**અરવ** = અવાજ (રવ) કર્યા સિવાય, ચૂં કે ચાં કર્યા વગર, ગરબડ વિના
**અરત્નિમિત** = કોણીથી માંડીને ટચલી આંગળી (કનિષ્ઠિકા)ના છેડા સુધીનું માપ
**અરંગી** = નિરાભાસ, કોઇપણ જાતના રંગ કે રૂપ વિનાનો
**અરાદ્ધ** = દરિદ્રી
**અરિ** = શત્રુ, દુશ્મન
**અરિ** = ચક્ર
**અરિગણ** = શત્રુનો સમૂહ
**અરિઘ્ન** = શત્રુ (અરિ)નો નાશ કરનાર (ઘ્ન)
**અરિંધર** = ચક્ર (અરિ) ધારણ કરનાર, ભગવાન વિષ્ણુ
**અરિષ્ટ** = પાપ, દુ:ખ, સુવાવડખાનું, કમનસીબ, દુર્દૈવ
**અરુણ** = રાતું, સૂર્યનો સારથિ, પ્રભાત
**અરૂપ** = રૂપ વગરનો
**અરે!** = દયાની લાગણી કે અનુકંપા સૂચવતો શબ્દ
**અર્ક** = સૂર્ય, આકડો
**અર્કપુષ્પ** = આકડાનું ફૂલ
**અર્કવૃક્ષ** = આકડા (અર્ક)નું ઝાડ (વૃક્ષ)
**અર્ચું** = અર્ચના કરું, પૂજન કરું
**અર્જિત** = મેળવેલું, કમાયેલું
**અર્જુન** = સહસ્રાર્જુન, ઋજુ, કોમળ
**અર્ણવ** = સાગર
**અર્થ** = સ્વાર્થ, ધન, પૈસો
**અર્થ** = હેતુ
**અર્થવાદ** = વેદનાં વિધિરૂપ વાક્યોમાં રુચિ થાય તે માટેની તે તે વિધિની સ્તુતિ વગેરે કરવી
**અર્થાત્મક** = વિષયાત્મક, વિષયભોગ તરફ દોરે તેવા

અર્થાત્મક મન = વિષયાત્મક મન
અર્ધયામ = અડધા પહોર (યામ) સુધી, (દોઢ કલાક સુધી)
અર્ધોન્મિલિત = અધબીડી, અધમીંચી (અડધી ખુલ્લી- અડધી બંધ આંખો)
અર્ભક = બાળક
અર્યમા = પિતૃલોકાધિપતિ, પિતૃઓના અધિષ્ઠાતા, યમરાજ, સૂર્ય
અર્હ = યોગ્યતાવાળું, અધિકારવાળું, લાયક
અલ્ = સજાવવું
અલર્ક = હડકાયેલું, હડકવા ઊપડ્યો હોય તેવું
અલખ = લક્ષથી પર
અલં = બસ, પૂરતું, બહુ થયું
અલંઘ્ય = ઉલ્લંઘન ન કરી શકાય તેવું
અલાતચક્રવત્ = વર્તુળાકારે ફરતા (ચક્રવત્ ) બળતા, ઉબાડિયાથી થયેલા અગ્નિના કુંડાળાની માફક (અલાત)
અલિ = ભમરો
અલિપ્ત = અળગો, લેપાયા વિનાનો
અલીક = અસત્ય, ખોટું
અલૂણું = મીઠા (લૂણ) વગરનું , મીઠામોળું
અલોલ = ચંચળ (લોલ) નહિ એવા, સ્થિર, અચંચળ
અલૌકિક = લૌકિક (દુન્યવી) નહિ તેવું
અલ્પવયી = નાની (અલ્પ) ઉંમરનો (વયી)
અલ્પાયાસ = થોડા (અલ્પ) પ્રયત્ન (આયાસ)થી, ઓછી મહેનતે
અવકાશ = ફુરસદ, નવરાશ
અવદાત = શુદ્ધ
અવદાનાદિક = આહુતિ વગેરે
અવધાન = ધ્યાન
અવધાર = સમજ
અવધૂત = સંન્યાસીની સર્વોચ્ચ કક્ષા; કુટિચક, બહૂદક, હંસ, પરમહંસ અને અવધૂત
અવધૂતાત્રિજ = અવધૂત સ્વરૂપ અત્રિ ઋષિના પુત્ર (દત્ત)
અવની = પૃથ્વી
અવર્ણ્ય= વર્ણન ન થઈ શકે એવું
અવર્ષણ = વરસાદ (વર્ષણ) ન થવો (અ) તે, દુકાળ
અવલિયો = ઓલિયો, ભગવાનનો માણસ, ભકત
અવશિષ્ટ = બાકી, વધેલું
અવસાન=મૃત્યુ
અવાઙ્મુખ = ઊંધે મોંએ, ઊલટા મોઢે
અવાચ્ય = ન બોલાય તેવા, (ન સંભળાય તેવા), અકથ્ય, અવર્ણનીય
અવિદ્યા= અજ્ઞાન, દ્વૈત
અવિદ્યાદિકલેશ = અવિદ્યા વગેરે કલેશો
અવેષ્ટિત શિર = કપડું વીંટાળ્યા વિનાના માથે, ઉઘાડે માથે
અવંતિકા = ઉજ્જયિની
અવ્યકત = પરમાત્મ તત્ત્વ, અદશ્ય, વ્યકત નહીં તે
અવ્યકતાદિથી = પ્રધાન (અવ્યકત) આદિથી
અવ્યકતાભિમાની = મહાદેવ, માયાવી બ્રહ્મમાંથી અવ્યકત થયું, તેના અભિમાની દેવ
અવ્યભિચારિણી = એકનિષ્ઠ, એક જ પરમાત્માને પોતાનો સ્વામી સમજનારી
અવ્યય = ફેરફાર (વ્યય) વગરનો, જેમ હોય તેમનો તેમ
અવ્યંગ = ખોડ (વ્યંગ) વગર (અ)ના, સુંદર, ખોડરહિત
અવ્યાકૃત = પ્રકટ નહીં થયેલું, વિકાસ નહીં પામેલું, અવ્યકત
અવ્યાહત = સતત

**અશનપાનવર્જિત** = ખાધા (અશન) પીધા (પાન) વગર (વર્જિત)
**અશાશ્વત** = કાયમી (શાશ્વત) નહિ તેવું, ક્ષણભંગુર
**અશુકલકૃષ્ણ**= પુણ્યપાપાતીત
**અશુચિ** = અપવિત્ર
**અશુદ્ધ** = (૧) જેનાથી બીજું કાંઇ શુદ્ધ નથી તે,
(૨) ગંદું, શુદ્ધ નહિ તેવું
**અશેખ** = અશેષ, બધું
**અશેષ** = બધું, સર્વસ્વ, સમસ્ત, સંપૂર્ણ
**અશ્મવત્** = પથ્થરના જેવો
**અશ્રુક્લિન્ન** = આંસુ (અશ્રુ)થી ભીંજાયેલા (ક્લિન્ન)
**અશ્વગજઉષ્ટ્રાદિ** = ઘોડા (અશ્વ), હાથી (ગજ), ઊંટ (ઉષ્ટ્ર) વગેરે (આદિ)
**અશ્વતરનાગ** = નાગનું નામ
**અશ્વત્થ** = પીપળો
**અશ્વમેધફળ** = અશ્વમેધ યજ્ઞનું ફળ
**અશ્વવિક્રયી** = ઘોડા (અશ્વ) વેચનાર (વિક્રયી)
**અશ્વિની** = અશ્વિની દેવો, દેવોના વૈદ્યો
**અષ્ટનાયિકા** = અષ્ટધાપ્રકૃતિ
**અષ્ટપુત્રા ભવ** = આઠ (અષ્ટ) પુત્રો (પુત્રો) થાવ (ભવ) એવો આશીર્વાદ
**અષ્ટમાબ્દ** = આઠમા (અષ્ટમ્) વર્ષે (અબ્દ)
**અષ્ટાદશ કુષ્ઠ** = અઢાર પ્રકારના કોઢ
**અષ્ટાષ્ટ** = સોળ, આઠ (અષ્ટ) અને આઠ (અષ્ટ)
**અષ્ટાંગ** = આઠ (અષ્ટ) અંગ, (યોગનાં આઠ અંગ- અષ્ટાંગ યોગ: યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ)
**અષ્ટૈશ્વર્યો** = આઠ પ્રકારનાં ઐશ્વર્યો, યોગની અષ્ટ સિદ્ધિ
**અષ્ટોતર શત** = એકસો (શત) ને આઠ (અષ્ટ)
**અસત્ત્વાવરણ** = બ્રહ્મ નથી એવી અસાત્ત્વિક બુદ્ધિ
**અસન્ન** = અનાસકત, આસક્તિ વિનાનો
**અસંભાવના** = આવું શક્ય બને જ નહિ એવી બુદ્ધિ (જીવ કેવી રીતે શિવ હોઇ શકે?)
**અસંભાવ્ય** = નિંદાને પાત્ર, નિંદ્ય, અસંભવિત, કલ્પનામાં ન ઊતરે તેવું
**અસિ** = તત્ અને ત્વમ્‌ને જોડનારું પદ અસિ એટલે 'છે'. તત્ત્વમસિ
**અસિધારોપમ** = તલવાર (અસિ)ની ધારા સમાન
**અસુ** = પ્રાણ, આધ્યાત્મિક જીવન
**અસુત્યાગ** = પ્રાણ ત્યાગ
**અસુર** = રાક્ષસ, પ્રાણ-ઇંદ્રિયો (અસુ)માં રમનાર, તે અસુર, વિષય લંપટ, અભક્ત
**અસૂયા** = ગુણમાં પણ દોષ જોવાની વૃત્તિ, ઈર્ષ્યા
**અસ્તાવ્યસ્ત** = હાંફળી ફાંફળી
**અસ્તિભાતિપ્રિય** = સત્ (અસ્તિ), ચિત્ (ભાતિ), આનંદ (પ્રિય)
**અસ્થ** = હાડકાં, અસ્થિ
**અસ્થિ** = હાડકાં
**અસ્પૃષ્ટ** = કોઇ અડ્યું ન હોય તેવું, કોઇએ સ્પર્શ કર્યો ન હોય તેવું
**અસ્મદ્રૂપ** = અમારું (અસ્મદ્) રૂપ
**અસ્મિતાલય** = અસ્મિતાનો લય
**અહર્નિશ** = દિવસ (અહ:) અને રાત (નિશા), કાયમ, સતત
**અહંકાર** = હું (અહં) કરું છું એવો કર્તાપણાનો ભાવ, અભિમાન, દેહમાં આત્મત્વની બુદ્ધિ
**" 'અહં' બ્રહ્માસ્મિ"** = "હું બ્રહ્મ છું" એવું વેદવચન

**અહં મમત્વ** = હું (અહં) અને મારા (મમ) પણું (ત્વ)
**અહિ** = સાપ
**અહિકુળ** = સાપનું આખું કુળ
**અહિગણ** = સાપનો સમૂહ
**અહિપતિ** = સર્પરાજ, સાપોનો રાજા વાસુકી, શેષનાગ
**અહિવત્** = સાપની પેઠે
**અહિવર** = નાગોમાં શ્રેષ્ઠ, સર્પશ્રેષ્ઠ, નાગપુત્ર
**અહિવલય** = સાપનું કડું (વલય), સાપ એ જ જેનું કડું છે તે
**અહિસુત** = નાગપુત્ર, પિંગલ
**અંક પર** = ખોળા (અંક)માં
**અંકિત** = અધિન, વશ, તાબે
**અંકે** = ખોળામાં
**અંગ ક્ષાલને** = શરીર (અંગ) ધોઈ નાખવાને કારણે (ક્ષાલને)
**અંગના** = સ્ત્રી, પત્ની
**અંગલક્ષ્મ** = શરીર (અંગ) પરનાં ચિહ્ન (લક્ષ્મ)
**અંગુલિમાન** = આંગળા (અંગુલિ)નું માપ (માન)
**અંગુલિ સાન** = નાની (સાન) આંગળી, ટચલી આંગળી
**અંગુષ્ઠમિત** = અંગૂઠા જેવડી, અંગૂઠાના માપની
**અંઘ્રિ**= પગ
**અંજલિ** = પોશ, ખોબો
**અંડજ** = ઇંડામાંથી જન્મે તે-પક્ષી
**અંતક** = મૃત્યુ (અંત) કરનાર (ક), મોત લાવનાર, મારનારો
**અંતરજામ**= અંતર્યામી, અંતરમાં રહીને નિયંત્રણ રાખનાર
**અંતર્ગૃહ** = ઘરના અંદરના ભાગમાં
**અંતર્ઘાત** = છાનું માનું (અંત:) મારી નાંખવું (ઘાત) તે
**અંતર્યામી** = અંદર (અંત:) રહીને નિયમન કરનાર (યામી)
**અંતર્વૃત** = અંતર્મુખ, અંતર તરફ વળેલી
**અંતર્વત્ની** = ગર્ભવતી, ગર્ભિણી, સગર્ભા
**અંતર્હિત** = ગુપ્ત

**અંત:કરણ** = હૃદય, મન. [અંદર રહેલું (અંત:) સાધન (કરણ)]
**અંત:શત્રુ** = અંત:કરણમાં રહેલો શત્રુ, અંદરનો શત્રુ
**અંત:શુદ્ધિ** = અંત:કરણની શુદ્ધિ, અંદરની શુદ્ધિ
**અંત:સુખ** = અંદરનું સુખ, આત્મસુખ
**અંતેવાસી** = શિષ્ય, (ગુરુની) પાસે વસનાર, રહેનાર
**અંત્રમાળ** = આંતરડાં (અંત્ર)ની માળા
**અંબ** = મા, હે મા!
**અંબરે** = આકાશ (અંબર)માં, આકાશે
**અંબાસુત** = પાર્વતી પુત્ર એટલે ગણેશ, અંબાના પુત્ર શ્રીનૃસિંહ સરસ્વતી
**અંબુ** = જળ, પાણી
**અંબુ પ્રવેશ કરવા** = જળ (અંબુ) માં પ્રવેશ કરવા
**અંબે** = હે મા!

## આ

**આકંઠ** = કંઠ સુધી, ગળા સુધી
**આક્રમી** = ઓળંગી, પસાર કરી
**આક્રંદન** = વ્યથાથી ભરેલું કરુણ રુદન
**આક્રાંત** = હાહાકાર
**આક્રોશ** = કલ્પાંત, રોકકળ
**આખુવત્** = ઉંદર (આખુ)ની જેમ
**આગમોક્ત** = શાસ્ત્ર (આગમ)માં જણાવેલું, કહેલું (ઉક્ત)
**આચમે** = આચમન કરે
**આચંદ્રાર્ક** = ચંદ્ર અને સૂર્ય (અર્ક) રહે ત્યાં સુધી (આ), કાયમ માટે
**આચાંડાલ** = ચાંડાલ સુધીના
**આચ્છાદી** = ઢાંકી દઇને

આજન્મ = જન્મથી માંડીને, જન્મ થયો ત્યારથી
આજાનુકર = ઢીંચણ સુધી (આજાનુ)ના લાંબા હાથવાળા (કર)
આજ્ઞાપે = આજ્ઞા આપે, ફરમાવે
આજ્ઞા પ્રમાણ = જેવી આપની આજ્ઞા
આજ્ઞોલ્લંઘન = આજ્ઞાનું ઉલ્લંઘન, આજ્ઞાની અવગણના
આજ્ય = ઘી, તૂપ, સર્પિ
આર્જવ = સરળ, નિખાલસ, નિષ્કપટી
આઠે દિશા = ચાર દિશા (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ) અને ચાર ખૂણા (અગ્નિ, નૈર્ઋત્ય, વાયવ્ય, ઈશાન)
આડે દહાડે = સામાન્ય દિવસે, વિશિષ્ટ પર્વ સિવાયના દિવસે
આણ = સોગંદ, સમ
આતિથેય = અતિથિની સેવા કરનાર, અતિથિની સરભરા કરનાર
આત્મજ = પોતાનો દીકરો
આત્મજા = પોતાની દીકરી
આત્મક્રીડ = આત્મામાં જ રમનાર
આત્મઘ્ન = આત્મઘાતી, આપઘાત કરનાર
આત્મ પરાઙમુખ = આત્માથી વિમુખ એવો
આત્મસમ = પોતાના (આત્મ) જેવા (સમ)
આત્મસ્મૃતિહત્ = આત્મવિસ્મરણ કરાવે એવું, આત્માની સ્મૃતિ હરી લે તેવું
આત્માપુત્ર = આત્મનું પુત્રરૂપે પ્રગટવું, (પુત્રને વેદ આત્મા જ કહે છે અને એ પિતાનો પ્રતિનિધિ છે)
આત્મારામ = આત્મામાં જ આનંદ માણનાર, આત્મામાં જ વિશ્રાંતિ પામનાર
આત્માવસ્થિતિપ્રાપ્ય = આત્મામાં સ્થિત થવાથી મળતું (પરમ સુખ)
આદર્શ = ઊંચું ધ્યેય
આદરે = માનપૂર્વક
આદર્શ = અરીસો, દર્પણ
આદિત્ય = અદિતિના પુત્ર, સૂર્ય
આદિથી = શરૂઆતથી, પહેલેથી
આદેહાંત = દેહનો અંત આવે ત્યાં સુધી, મરતાં સુધી
આદ્ય = પહેલી
આદ્યરેખા = પહેલી રેખા
આદ્યંત = શરૂથી માંડીને અંત સુધી
આદ્યંતે = શરૂમાં અને છેવટે
આધ્યાસિક = આરોપિત, ભ્રાંતિવાળું (સાચું નહિ)
આન = બીજું, અન્ય
આનન = મોં, મુખ, મોઢું
આનંદ = પ્રસન્નતા
આનંદાપ્લુત = આનંદથી તરબતર, છલોછલ ભરેલું
આનંદાર્ણવ = આનંદનો સાગર
આનંદાશ્રુપ્લુત = આનંદનાં આંસુથી ભીનું
આનંદાસ્રે = આનંદના આંસુથી
આનંદોત્પ્લુત = આનંદથી તરબોળ, આનંદથી છલકાતું
આનંદોદધિ = આનંદનો સાગર (ઉદધિ)
આહ્નિક = રોજનું, દૈનિક (અહ્ન=દિવસ), રોજનું ક્રિયા કર્મ
આપ = પોતે, જાતે (કોઈના કહેવાથી નહિ)
આપ = પાણી, જળ
આપ આપની = અંદરે અંદર, પોત પોતાની વચ્ચે, માંહોમાંહે
આપગા = નદી
આપદા = મુશ્કેલી, વિપદા, દુઃખ
આપપર = પોતાનું (આપ) અને પારકું (પર)
આપાદમસ્તક = પગ (પાદ)થી માથા (મસ્તક) સુધી (આ)
આપે = જળતત્ત્વમાં

**આપ્ત** = પોતીકાં, સગાં-વહાલાં, પોતાના સંબંધી
**આપ્તકામ** = સંતુષ્ટ, પૂર્ણકામ, પોતામાં સંતોષ માનનારો
**આપ્તજન** = સગાંવહાલાં
**આપ્તમુખે** = સ્વજનોના મુખે
**આપ્તાદિક** = સગાંવહાલાં વગેરે
**આપ્તેષ્ટાદિક** = સ્વજન (આપ્ત) અને હિતેચ્છુ (ઇષ્ટ) વગેરે
**આબાલકવૃદ્ધો** = બાળકથી માંડીને ઘરડાં સુધીના (આ)
**આભીરશ્વાન**= ભરવાડ (આભીર)નો કૂતરો (શ્વાન)
**આમય** = રોગ
**આમસ્તકપાદ**= માથા (મસ્તક)થી પગ (પદ) સુધી (આ)
**આમુષ્મિક**= પરલોકની, પારલૌકિક
**આમોદ**= સુવાસ, સુગંધ
**આમ્રતરુ**= આંબો, કેરી (આમ્ર)નું વૃક્ષ (તરુ)
**આયતન** = રહેઠાણ, નિવાસસ્થાન
**આયુષ**= આયુષ્ય, આવરદા
**આયુરન્નં પ્રયચ્છતિ** = ઈશ્વર આયુષ્ય અને અન્ન (ખાવાનું) આપે છે
**આયુર્વેદ** = હારિત સંહિતાદિ (અત્રિ પ્રણીત આયુર્વેદના ગ્રંથ પ્રસિદ્ધ છે)
**આર** = અજગર
**આરક્ત** = લાલઘૂમ, લાલચોળ, લાલમલામ
**આરામાદિભંક્તા** = બગીચા (આરામ)નો નાશ કરનાર (ભંક્તા)
**આર્જવ** = સરળતા, પ્રામાણિકતા; કાલાવાલા
**આર્ત** = દુ:ખી, પીડિત, બિમાર
**આર્તબંધુ** = દુ:ખિયા (આર્ત)નો બેલી
**આર્તાદિભક્તો** = આર્ત (દુ:ખ પડવાથી ભજનાર) વગેરે (જ્ઞાની, જિજ્ઞાસુ અને અર્થાર્થી) ભક્તો
**આર્તિક્ય** = આરતી
**આર્દ્ર** = ભીનું, ભીનાશવાળું, લીલું
**આર્દ્રતાથી** = પ્રેમ-સ્નેહની ભીનાશથી
**આર્દ્રપંચકે** = શરીરનાં પાંચ અંગ ભીનાં હોય એમ (બે હાથ, બે પગ અને મોઢું એ પાંચ અંગો ધોઈને)
**આર્દ્રવસ્ત્ર** = ભીનું (આર્દ્ર) વસ્ત્ર
**આર્દ્રામલક** = લીલાં (આર્દ્ર) આમળાં જેવો (આમલક)
**આર્દ્રામલક** = લીલાં આમળાં જેવડો
**આર્ષ** = ઋષિઓનું
**આર્ષઋણમુક્તિ** = ઋષિ (આર્ષ) ઋણમાંથી મુક્તિ
**આલવાલ** = ખામણું, ક્યારો
**આલિંગે** = આલિંગન આપે, ભેટે
**આવરણ** = ઢાંકણ, આચ્છાદન
**આવાસ** = રહેઠાણ
**આવાહન** = દેવ આદિને નિમંત્રણ આપવું તે
**આવિર્ભૂત** = પ્રગટ થયેલો
**આવૃત** = વીંટળાયેલું
**આવૃતિ** = આવરણ
**આશિર** = માથા (શિર) સુધી (આ)
**આશુ** = તરત, જલદીથી, સત્વર
**આશ્વિન કૃષ્ણ ચતુર્દશી**= આસો (અશ્વિન) વદ (કૃષ્ણ) ચૌદસ (ચતુર્દશી), કાળી ચૌદસ
**આસન્ન** = નજીક, પાસે
**આસાર** = ઝાપટું, વરસાદની હેલી
**આસૂર્યોદય** = સૂર્ય ઊગે ત્યાં સુધી
**આસેચનક**= અતિશય આનંદ આપે એવી, આંખ ખસેડવી ન ગમે તેવી, સુંદર
**આસ્ય**= મુખ, મોં
**આહ્નિક**= રોજનું, નિત્યકર્મ
**આહ્લાદન** = આનંદ

**આંતર અરિ** = અંતરમાં રહેલા શત્રુ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ ષડ્‌રિપુ)
**આંતરો** = અલગતા દર્શાવતી રેખા
**આંધ્ય** = આંધળાપણું, અંધાપો

## ઇ/ઈ

**ઇક્ષુકાંડ** = શેરડીનો સાંઠો
**ઇચ્છા પ્રમાણ આપની** = આપની જેમ ઇચ્છા હોય તેમ કરો, તમારી ઇચ્છા પ્રમાણે
**ઇતર** = બીજું
**ઇતરદેહ** = અન્ય યોનિનું શરીર, (મનુષ્ય યોનિ સિવાયનાં અન્ય પ્રાણીનું શરીર)
**ઇતિકર્તવ્યતા** = આટલું કરવું બસ છે, આટલામાં બધું આવી ગયું
**ઇદં સદેવ** = આ (ઇદં) બધું બ્રહ્મ (સત્ ) જ (એવ) છે
**ઇન્દ્રચાપ** = મેઘધનુષ્ય
**ઇન્દ્રજાલજલ** = ઝાંઝવાં (ઇન્દ્રજાલ)નાં જળ
**ઇન્દ્રનીલભિત્તિ** = મણિ (ઇન્દ્રનીલ)ની ભીંતો (ભિત્તિ)
**ઇન્દ્રિયગણ** = ઇન્દ્રિયોનો સમૂહ (ગણ)
**ઇપ્સિત** = ઇચ્છેલું, ઇષ્ટ, મનોકામના; ઇચ્છા
**ઇષુકાર**= બાણ (ઇષુ) બનાવનાર (કાર)
**ઇષ્ટ**= ઇચ્છેલું, મનપસંદ, પ્રિય, વહાલું
**ઇષ્ટ આપ્ત**= હિતેચ્છુ અને સગાંસંબંધી
**ઇષ્ટગૃહે**= સારા ઘરે, ગમતા ઘરમાં
**ઇષ્ટજાપ**= ઇષ્ટદેવના મંત્રનો જાપ
**ઇષ્ટદ**= મનપસંદ (ઇષ્ટ) આપનાર (દ)
**ઇહપર**= આ લોક (ઇહ) અને પરલોક (પર)
**ઇહામુત્ર**= આ લોક (ઇહ) અને પરલોક (અમુત્ર)
**ઇંગિત**= ઇશારો, સંકેત, મનનો ભાવ સૂચવતો ઇશારો
**ઇંતેજામ**= વ્યવસ્થા
**ઇંદિરા**= લક્ષ્મી
**ઇંદિરાવર**= વિષ્ણુ, લક્ષ્મી (ઇંદિરા) પતિ (વર)
**ઈતિઓ** = દૈવી ઉત્પાતો. (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ (દુકાળ) ઉંદરોનો ઉત્પાત. શલભા, તીડ, શુક, સ્વચક્ર અને પરચક્ર એવી સાત ઈતિ)
**ઈદૃક્** = આવો, આવા પ્રકારનો
**ઈશકલા**= ઈશ્વરની કલા
**ઈશનિર્મિત**= ઈશ્વરે નિર્માણ કરેલું, ઈશ્વરે નક્કી કરેલું
**ઈશાન**= ભગવાન શંકર, સર્વનો નિયંતા
**ઈશારાધન**= ભગવાન શંકર (ઈશ)ની આરાધના
**ઈશારાધનરત**= પ્રભુપરાયણ ભક્ત
**ઈશાર્ચનરત**= ભગવાન શંકર (ઈશ)ની પૂજા (અર્ચન)માં મગ્ન (રત)
**ઈશ્વરભક્તિ પ્રવણતા**= ઈશ્વરની ભક્તિમાં લીન રહેવું, રચ્યાપચ્યા રહેવું
**ઈશ્વરસત્તાત્મક**= ઈશ્વરની સત્તાવાળી

## ઉ/ઊ

**ઉગમ** = ઉદ્‌ભવ સ્થાન, ઉગમ સ્થાન, પ્રવાહનું મૂળસ્થળ
**ઉગ્રતર** = વધુ ઉગ્ર
**ઉગ્રરશ્મિ** = કારમું કિરણ, દઝાડે તેવું કિરણ, સૂર્ય
**ઉચ્છિષ્ટ**= એંઠું, બોટેલું
**ઉચ્છિષ્ટાન્ન** = એંઠું અન્ન
**ઉચ્છિષ્ટાશન** = એંઠું અન્ન ખાવું તે

ઉડ્ડિયાન = પેટને અંદર ખેંચવું તે
ઉત = બીજું, અથવા
ઉત્કટ = પ્રબળ, તીવ્ર, આકરું, મુશ્કેલીભર્યું
ઉત્તરકાંચી= નગરનું નામ, હાલનું કડગંચી નગર, જે ગાણગાપુરથી નવદસ કોસ દૂર છે
ઉત્તરાંગપૂજન = કોઇ કાર્ય પૂ રું થયા પછી (ઉત્તર) થતું પૂજન
ઉત્તરીય = ઉપવસ્ત્ર
ઉત્સંગે = ખોળામાં
ઉદક = પાણી, જળ
ઉદગ્ = ઉત્તર દિશામાં
ઉદગ્દેશ = ઉત્તર (ઉદગ્) દેશ, (વરાડ)
ઉદગ્વાહિની = ઉત્તર દિશામાં વહેતી (વાહિની)
ઉદઙ્મુખ = ઉત્તર દિશામાં મોં હોય એમ
ઉદરપૂર્ત્યર્થે = પેટ ભરવા માટે, ભરણ પોષણ માટે, પેટનો ખાડો પૂરવા માટે
ઉદરાંકુર = પેટ અને હાથપગ વગેરે અવયવો
ઉદંડ = ઉદ્ધત, નિરંકુશ
ઉદંડ કામના = મોટી ઇચ્છાઓ
ઉદાત્ત = ઊંચો, ઉદારચરિત, સખી દિલનો
ઉદાત્ત = સ્વરનો એક પ્રકાર (ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત), ઊંચેથી બોલાતો સ્વર
ઉદ્દામ = ઉચ્છૃંખલ, કોઇ પણ જાતના ભાન વગરનો
ઉદાસ = તટસ્થ, વિકારરહિત, નિર્વિકાર, અસંગ
ઉદાસીન = દિલગીર, ખિન્ન, વિરક્ત
ઉદિત = પ્રકાશિત
ઉદ્ગાર = વેણ, ઓડકાર
ઉદ્રેકથી = અતિશયતાથી
ઉદ્ધ્વસ્ત = તોડી ફોડીને ઉજ્જડ કરવું, સદંતર નાશ કરવો
ઉદ્ભિજ્જ = ઝાડ, વનસ્પતિ, જમીન ફોડીને બહાર આવનારી, જન્મનારી
ઉદ્યત = તૈયાર, તત્પર
ઉદ્યુક્ત = તૈયાર
ઉદ્વાહ = વિવાહ, લગ્ન
ઉદ્વેજક = ઉદ્વેગ કરાવનાર
ઉન્નત = ઊંચો, ઊંચે
ઉન્મની = મનથી પર (ઉન્), જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર
ઉન્મુખ = ઊંચે મોંએ
ઉપક્રમ = શરૂઆત
ઉપક્રમાદિક = ઉપક્રમ- શરૂઆત વગરે, (ષડ્લિંગ પૈકીનું પ્રથમ લિંગ)
ઉપકૃતિ = ઉપકાર
ઉપગુરુ = ગૌણ ગુરુ (મુખ્ય ગુરુ નહિ)
ઉપગ્રંથ = ગૌણ ગ્રંથ
ઉપનયન = યજ્ઞોપવીત આપવી, જનોઇ દેવી
ઉપપત્તિ = સાબિતીમાં પ્રમાણ અને પુરાવા આપવા તે
ઉપપન્ન = યોગ્ય
ઉપપાત્ર = નાનું પાત્ર, ગૌણ પાત્ર, લોટા ઉપરનું પવાલું
ઉપપાપો = નાનાં પાપો, ગૌણ પાપો
ઉપરત = વિષયોથી પરાવૃત થયેલો
ઉપરાગ = ગ્રહણ (ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ)
ઉપરામ = નિવૃત્તિ, સંન્યાસ
ઉપવર = પરણવાલાયક, લગ્ન માટે યોગ્ય
ઉપવીતી = હંમેશની માફક જનોઇ પહેરી રાખીને, જનોઇ ધારણ કરનાર
ઉપવીતોર્ધ્વ = જનોઇ (ઉપવીત) દીધા પછી (ઊર્ધ્વ)

**ઉપશમનાર્થે** = મટાડવા માટે
**ઉપસર્ગ** = વિઘ્ન, નડતર, અવરોધ
**ઉપસર્ગાદિક** = દૈવી વિઘ્નો વગેરે
**ઉપહાસ** = મશ્કરી, ઠેકડી
**ઉપાદાન** = કાર્યનું મૂળ કારણ, વસ્તુ જેમાંથી બને તે દા.ત. ઘડાનું ઉપાદાન કારણ માટી
**ઉપાદેય** = ગ્રહણ કરવા યોગ્ય, મેળવવા જેવું
**ઉપાધિનો** = અજ્ઞાનનો
**ઉપાધિમત્** = ઉપાધિવાળું (મત્)
**ઉપાધ્યાયને** = ગોરને
**ઉપાનહ** = જોડા, પગરખાં, પાદત્રાણ
**ઉપાસ્યોપાસક** = ઉપાસ્ય દેવ અને ઉપાસના કરનાર
**ઉપાંશુ** = પાસેના અન્ય જન ન સાંભળી શકે તેમ સાધારણ હોઠ હલાવીને કરેલો જપ
**ઉપેક્ષા** = અવગણના, અનાદર, તિરસ્કાર
**ઉપોષણ** = ઉપવાસ
**ઉપોષિત** = ઉપવાસી, ઉપવાસ કરનાર
**ઉભય** = બંને જણ
**ઉભયતટે** = બન્ને કિનારે (તટે)
**ઉભયતાર** = બન્નેને તારનાર, બન્ને રીતે તારનાર
**ઉભયત્ર** = બંનેમાં, બંને રીતે, બંને સ્થળે
**ઉભયથા** = બન્ને (ઉભય) રીતે (થા)
**ઉભયસાધન** = આ લોક અને પરલોક બંને લોકનું સાધન
**ઉમા** = પાર્વતી
**ઉમારમણ** = ઉમાપતિ (રમણ), ભગવાન શંકર
**ઉરગ** = સાપ, નાગ, પેટે (ઉર) ચાલનારું
**ઉર થકી** = ઉરના (હૃદયના) ભાવથી
**ઉર્વશીનંદન** = ઉર્વશી (અપ્સરા)નો પુત્ર (નંદન), આયુ
**ઉલૂકયોનિમાં** = ઘુવડ (ઉલૂક)ની યોનિમાં
**ઉલૂકસંનિભ** = ઘુવડની જેમ
**ઉલૂખલ** = ખાંડણિયો (જેમાં ખાંડવામાં આવે તે)
**ઉલ્લુ** = ઘૂવડ
**ઉ:શાપ** = શાપ નિવારણ, શાપને બિનઅસરકારક બનાવવો, શાપનો ઉતાર
**ઉશીર** = વાળો, એક વનસ્પતિ, વીરણનો વાળો
**ઉષ્ટ્રાનન** = ઊંટ (ઉષ્ટ્ર)ના મોં (આનન)વાળા
**ઉષ્ણતપ્ત** = ગરમીથી તપેલાને
**ઉષ્મા** = ગરમી, તેજ
**ઉષ્માશૈત્ય** = ગરમી (ઉષ્મા) અને ઠંડી (શૈત્ય)વાળું
**ઊડઝૂડ** = ગમેતેમ, ફાવે તેમ, અવ્યવસ્થિત રીતે
**ઊરુ** = સાથળ, જાંઘ
**ઊર્ધ્વરેત** = જેણે વીર્ય (રેત)ને ઉપર (ઊર્ધ્વ) ખેંચ્યું છે તે, બ્રહ્મચારી
**ઊર્ધ્વાધ:** = ઉપર (ઊર્ધ્વ) નીચે (અધ:)

## ઋ

**ઋક્ષ** = નક્ષત્ર
**ઋક્ષ** = એક કુલપર્વતનું નામ (કુલ્લે સાત કુલપર્વતો છે)
**ઋણ મુક્તિ મિષે** = ઋણમાંથી મુકત થવા માટે
**ઋણમોચન** = ઋણમાંથી છોડાવનાર
**ઋતુગામી** = માદા જ્યારે ઋતુકાળમાં આવે ત્યારે જ મૈથુન (ગમન) કરનાર
**ઋતુમતી** = અટકાવવાળી, રજસ્વલા, ઋતુમાં આવેલી (માદા-સ્ત્રી)
**ઋતુસ્નાત** = રજસ્વલા ધર્મ (અટકાવ)ના ચાર દિવસ બાદ સ્નાન કરેલી સ્ત્રી

ઋદ્ધિ = સમૃદ્ધિ, વૈભવ
ઋષિકાંતા = ઋષિની પત્ની (કાંતા)

## એ/ઐ

એક જીવ = મનમેળ ધરાવી બન્ને એક જ હોય એ રીતે
એકદા = એક વખત, એક વાર
એકદેશીવચન = એકતરફી વચન
એકધા = એક પ્રકારની, એક રીતની
એકધી= એક (સ્થિર) બુદ્ધિવાળો
એકમેવ = એક (એકમ્) જ (એવ)
એકવિંશધા = એકવીસ વાર [વીસ (વિંશ) + એક + વાર (ધા)]
એકવીરા = એક ભાઈવાળી, રેણુકા
એકાદશ = અગિયાર (એક + દશ)
એકાપ્રમેય = એક અને જેનું માપ કાઢી ન શકાય એવું (અપ્રમેય)
એકુ = એકાદ, એક
એકુએ = એકુ (એક) પણ (એ), (એકુએ = એકુય = એકેય)
એકૈકાખ્યાને = એક એક આખ્યાને (કથાએ)
એકોનવિંશતિ = ઓગણીસ
એરંડપત્ર = દિવેલાનું પત્ર, એરંડાનું પાન
એલાદિકયુત = ઈલાયચી વગેરે સાથે
એ વિધ = એ પ્રમાણે
એષણા = ઇચ્છા
એષણાત્યાગ = ઇચ્છા (એષણા)નો ત્યાગ
ઐશ્વર્ય = ઈશ્વરપણું, સર્વોપરીપણું
ઐહિકામુષ્મિક = આ લોકનું (ઐહિક) અને પરલોકનું (આમુષ્મિક)
ઐહિકામુષ્મિકાર્થે = આ લોક-પરલોક માટે (અર્થે)
ઐંદ્રી શક્તિ = ઇંદ્રની શક્તિ

## ઓ/ઔ

ઓચરે = બોલે, કહે
ઓપે = શોભે, પ્રકાશે
ઓમ્ = વેદનો પહેલો અને પવિત્ર ઉચ્ચાર, પ્રણવ, ૐ
'ઓં તથા' = ઠીક; શ્રાદ્ધમાં આમંત્રણ સ્વીકારવાનું પ્રતિવચન 'ઓં તથા' (ઠીક) એ શબ્દોથી અપાતું
ઓઘ = સમૂહ
ઔદાર્ય = ઉદારતા
ઔદાર્યે = ઉદારતામાં
ઔર્ધ્વદૈહિક = મરણ પછીની ક્રિયા, ઉત્તરક્રિયા
ઔપસ્થ સુખ = ઉપસ્થ (શિશ્ન)થી મળેલું સુખ, સ્ત્રીસુખ
ઔપાસન = હોમ
ઔરસ = પોતાની પરણેલી પત્નીથી થયેલું સંતાન
ઔષધિપલ્લવો = ઔષધિનાં પાંદડાં વગેરે

## ક

કચ્છહિનાર્પિત = કાછડી માર્યા વિનાની વ્યક્તિએ પીરસેલું, છૂટી કાછડીવાળાએ પીરસેલું
કચ્છોત્સર્ગ વિના= કચ્છ (કાછડી) કાઢ્યા વગર
કજ્જલ = કાજળ, મેંશ, આંજણ
કટાક્ષબાણ = પ્રેમના સંકેતરૂપ દષ્ટિરૂપી બાણ
કટ્વાદિક = કડવાટ (કટુ) વગેરે (આદિક)

કઠણ = ઝટ ભાંગે નહીં એવું, મહેનત પડે તેવું, મુશ્કેલીભર્યું
કતિ = કેટલોક
કતિકાળ = કેટલોક (કતિ) સમય (કાળ)
કથાનક = વાત, વાર્તા, વાર્તાતંતુ
કદન્ન = ખરાબ (કદ્) અન્ન
કદર્ય = કંજૂસ
કદલી = કેળ
કદલીફળ = કેળનું ફળ, કેળું
કદલીવન = કેળનું વન
કદ્રૂપ = ખરાબ (કદ્) રૂપવાળો
કનિષ્ઠ = તદ્દન હલકી
કનિષ્ઠાધ: = ટચલી આંગળી (કનિષ્ઠિકા)ની નીચે (અધ:)
કને = પાસે
કન્યાગતે (બૃહસ્પતિ) = કન્યા રાશિમાં બૃહસ્પતિ (ગુરુ) આવે (આગતે) ત્યારે
કપટદ્યૂત = જુગાર (દ્યૂત) રમવામાં કપટ કરીને
કપાટ = કમાડ, બારણું
કપિલા = બદામી રંગની
કપોત = હોલો
કપોતી = હોલોની માદા, હોલી
કપોલકલ્પિત = ગપ્પું, પાયા વિનાની વાત, તુક્કો
કફન = મડદાને ઢાંકવાનું વસ્ત્ર
કબંધ = માથા વગરનું શરીર (ધડ)
કમતરતા = કમીપણું, ઊણપ, ખામી
કમનદ = અપ્રીતિ આપનારું, અભાવ આપનારું
કમબખ્ત = બદમાશ, ધૂર્ત (લુચ્ચો)
કમલાપતિ = લક્ષ્મી (કમલા)ના પતિ - વિષ્ણુ
કમલાસન = કમળ જેનું આસન છે તે - બ્રહ્માજી
કમંડલૂદક = કમંડળનું પાણી (ઉદક)
કમાવિસદાર = મહેસૂલ ઉઘરાવનાર, તલાટી
કમીપર્જન્ય = ઓછો (કમી) વરસાદ (પર્જન્ય)
કમ્ય = સુંદર, મનોહર
કમ્ર = સુંદર, રમણીય
કર = વેરો, ટેક્ષ, ખંડણીરૂપે અપાતું દ્રવ્ય
કર = હાથ
કરે = હાથમાં
કરણ = સાધન
કરતલ = હથેલી
કરદેય = હાથથી પીરસવું
કરદ્વય = બે (દ્વય) હાથ (કર)
કરનાર = કર્તા
કરપલ્લવ = પંજો, હથેલી
કરભોરુ = જુવાન હાથીની જાંઘ જેવી ભરાવદાર (પુષ્ટ)-જાંઘવાળી
કરવીર = કોલ્હાપુર
કરવીર = ધોળી કરેણ
કરશાખા સંખ્યાનથી = હાથની આંગળી દ્વારા ગણવાથી
કરશુદ્ધ્યર્થે = હાથ (કર) સાફ (શુદ્ધિ) કરવા માટે (અર્થે)
કરસંપુટ = હાથનો સંપુટ, ડાબા હાથની ચત્તી હથેલી પર જમણા હાથની ઊંધી હથેલી મૂકીને કરેલો સંપુટ
કરંજ = કણજી
કરાલ = બીક લાગે એવું, ભયંકર, વિકરાળ
કરાલદંષ્ટ્રા = ભયંકર (કરાલ) દાઢ (દંષ્ટ્રા), બીક લાગે એવી દાઢ
કરી = હાથી
કરી કરે ન કાંચ = કરવા છતાં પણ કંઇ કરતો નથી

કરુણ = દયા આવે એવું
કરુણાપાંગ = દયાદષ્ટિ, કરુણા ભરેલ આંખનો ખૂણો (અપાંગ)
કરુણાર્ણવ = કરુણાનો સાગર (અર્ણવ)
કરે = હાથ (કર)માં
કરે પ્રફુલ્લિત જેહ = જે આનંદિત કરે છે
કરે મૂંઝાયા = મૂંઝાયા કરતા હતા
કરોટી = ખોપરી
કર્ક = અગ્નિદેવ
કર્કશા = કજિયાખોર સ્ત્રી, લડકણી, કકળાટિયણ
કર્કોટક સુતો = કર્કોટક નામના નાગના પુત્રો
કર્તબગારી = કામ કરવાની શક્તિ
કર્તૃભોક્તૃત્વ = હું કરું છું (કતૃત્વ) અને હું ભોગવું છું (ભોક્તૃત્વ) એવો ભાવ
કર્તું = કરવાને માટે (કરવા જેવું બધું કરે)
કર્દમ = ઋષિનું નામ, વિષયરૂપી કાદવ
કર્દમસુતા = કર્દમ ઋષિનાં પુત્રી (સુતા), અનસૂયા
કર્પૂરગૌર = કપૂર જેવા ગૌર વર્ણવાળા
કર્પૂરાભ = કપૂર જેવી કાંતિવાળા, ધવલ, ગૌર
કર્મ = કર્માશય- સંચિતાદિ
કર્મઠ = ચુસ્તતાપૂર્વક કર્મ કર્યા કરનારો
કર્મતપોર્હ = કર્મ અને તપને યોગ્ય (અર્હ)
કર્મલોપાપત્તિ = કર્મનો લોપ થતો હોય એવી આપત્તિમાં
કર્મવિપાક = કરેલાં કર્મોના ફળસ્વરૂપ સ્થિતિનો ઉપાય
કર્મવિપાકવિદ્ = કરેલાં કર્મના ફળસ્વરૂપ પરિસ્થિતિનો ઉપાય જાણનાર
કર્મવિપાકે = કરેલાં કર્મોના ફળસ્વરૂપે
કર્મવિશારદ = કર્મ માર્ગમાં પ્રવીણ, ખૂબ હોશિયાર
કર્માધાર = કર્મનો આધાર
કલત્ર = પત્ની, સ્ત્રી
કલત્ર સંગાથ = પત્ની સાથે
કલશ = લોટો
કલશાદિ = લોટો વગેરે (આદિ), લોટો, પવાલું વગેરે
કલાકાષ્ઠમુહૂર્ત = ૧,૯૪,૪૦૦ આંખના પલકારાવાળું મુહૂર્ત (૧૨X૩૦X૩૦X૧૮)
કલાનિધિ = કલાનો ખજાનો (નિધિ), કલાનો ભંડાર
કલાભિજ્ઞ = કલા પ્રત્યે રુચિ રાખનાર
કલાહોળ રવ = કોલાહલ (કલાહોળ)નો અવાજ (રવ)
કલિમલહાર = કળિયુગ (કલિ)નાં પાપ (મલ)ને હરનાર (હાર)
કલિયુગ = દ્વાપરયુગ પછીનો યુગ, કળિયુગ. (૪,૩૨,૦૦૦ વર્ષનો સમયગાળો)
કલેવર = શરીર, ખોળિયું
ક્લીબ = નપુંસક
કલ્ક = ભૂકી
કલ્પ = કલ્પતરુ, કલ્પવૃક્ષ
કલ્પદ્રુમ = કલ્પતરુ, કલ્પવૃક્ષ
કલ્પાંબુવત્ = પ્રલયકાળ (કલ્પ)ના પાણી (અંબુ)ની માફક (વત્)
કલ્મષ = પાપ, (કાળાશ)
કલ્હાર = શ્વેત (સફેદ) કમળ
કવચ = બખતર
કવિકુલગુરુ = કવિઓના કુળના ગુરુ, વાલ્મીકિ
કશ્યપનંદન = કશ્યપ ઋષિના પુત્ર (નંદન), સૂર્ય ભગવાન
કષ્ટદ = દુઃખ (કષ્ટ) આપનાર (દ)
કંકણાક્ષસ્રગ્યુક્ત = કંકણ અને રુદ્રાક્ષ (અક્ષ)ની માળા (સ્રગ્) સહિત (યુક્ત)
કંચુકી = કબજો, ચોળી
કંજ = કમળ, પાણી (કં)માં જન્મનાર (જ)

કંજ અષ્ટ સુદલ = આઠ (અષ્ટ) સરસ (સુ) પાંદડી (દલ)વાળું કમળ (કંજ)
કંઠવિચ્છેદ = ગળું કાપી નાંખવું, ગળાથી માથું જુદું કરવું
કંડા = અડાયાં, છાણાં
કંથ = સ્વામી, પતિ
કંથા = ચીંથરાનું બનાવેલું વસ્ત્ર, સાધુની ગોદડી પણ
કંદતાડન = નાભિની નીચે નવ આંગળ સુધી રહેલા નાડીના ઊગમસ્થાનરૂપ કંદ ઉપર મારવું- તાડન કરવું
કંદર્પ = કામદેવ
કંદર્પતાત = ભગવાન શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન (કામદેવનો અવતાર)ના પિતા
કંદુક = રમવાનો દડો, દડી
કંબલાહિ = કંબલ નામનો નાગ (અહિ)
કંબુકંઠત્રિરેખ = શંખ (કંબુ)ના જેવી ત્રણ રેખા ધરાવનારો કંઠ
કાકબલિ = કાગડા માટેનો બલિ
કાકવંધ્યા = એક સંતાન થઈને તે મરી જાય અને પછી ફરી ગર્ભવતી ન બનતી સ્ત્રી
કાઢો વ્યર્થ વરાળ = નકામો ક્રોધ કરો છો
કાત્યાયની = દેવી, દુર્ગા
કાનન = જંગલ, અરણ્ય
કાન્યકુબ્જ = હાલનું કનોજ શહેર
કામ = ઈચ્છા,કામવાસના
કામકર્દમ = કામવાસનારૂપી કાદવ
કામગતિ = ઈચ્છા (કામ) પ્રમાણે ગતિ કરનારું, ઈચ્છા મુજબ જનારું (વિમાન)
કામજ્વર = કામવાસનારૂપી તાવ (જ્વર)
કામધુક્ = કામધેનુ
કામધુગ્ = ઈચ્છિત ફળ આપનાર, કામધેનુ
કામપંકે = કામવાસનારૂપી કાદવમાં
કામરૂપ = ઈચ્છા (કામ) પ્રમાણે રૂપ ધારણ કરનાર, કામદેવ સમાન
કામાર્તા = કામેચ્છાથી દુ:ખી
કામિક = ઈચ્છાવાળા, કામનાવાળા
કામિત = ઈચ્છાવાળા, કામનાવાળા
કામિદૈવત = સકામ મનુષ્યોનું દૈવત
કામુક = વિષયલંપટ
કાયર = હેરાન, પરેશાન, બાયલો
કારક = કરાવનાર
કારણ = કારણ દેહ
કારણ = કાર્ય કે પ્રવૃત્તિનું મૂળ
કારણ શરીર = જન્મનું કારણરૂપ અજ્ઞાન
કારમું = ભયંકર, અસહ્ય
કાર્તવીર્ય = કૃતવીર્યનો પુત્ર, સહસ્રાર્જુન
કાર્પટિક = કાપડી, યાત્રાળુ, કાપડિયો
કાર્પાસ = કપાસ
કાર્મુક = ધનુષ્ય, ચાપ
કાર્યઘાત = કાર્યની નિષ્ફળતા
કાર્યાંતરમાં = બીજા કાર્યમાં
કાર્યાંતરે = અન્ય કાર્યમાં, બીજા કાર્યમાં
કાર્શ્ય = કૃશતા, દૂબળાપણું
કાલકૂટ = હળાહળ ઝેર, ભયંકર ઝેર
કાલક્રમણ = સમયનું પસાર થવું, સમય જવો, વખત જવો
કાલક્ષેપ = સમય ગાળવો
કાલક્ષેપ કરે = સમય પસાર કરે
કાલમાન = સમય (કાલ)નું માપ (માન), સમયની ગણતરી
કાલમૂર્તિ = કાળના જેવી મૂર્તિવાળું
કાલાધીન = કાળને વશ, મૃત્યુને આધીન
કાલાંતરે = સમય જતાં

**કાલિંદી** = યમુના, જમના, (કલિંદ નામના પર્વતમાંથી નીકળનારી નદી)
**કાવડી** = નાની કાવડ
**કાવ્યાયોગ્ય** = કાવ્ય કરવા માટે અયોગ્ય
**કાશ** = બલા, પળોજણ,લપ
**કાશીશનું** = કાશિરાજનું
**કાશ્યપગોત્રી** = કશ્યપગોત્રનો
**કાશ્યાધિક** = કાશીથી પણ વધારે (અધિક)
**કાષ્ઠનર્તકી** = કઠપૂતળી
**કાષાય** = ભગવા રંગનું, ગેરુઆ રંગનું
**કાષાયાંબર** = ભગવા રંગ (કાષાય)નું વસ્ત્ર (અંબર)
**કાષ્ઠલોષ્ઠ** = લાકડું (કાષ્ઠ) અને માટીનું ઢેકું (લોષ્ઠ)
**કાષ્ઠ હસ્તિની** = લાકડાની હાથિણી (હસ્તિની)
**કાષ્ઠાકાર** = લાકડા (કાષ્ઠ)ના આકારનું
**કાષ્ઠાશ્મમય** = લાકડા અને પથ્થરવાળું
**કાસ** = ઉધરસ
**કાળદૂતી** = મૃત્યુ (કાળ)ની દૂત
**કાળપાશવશ** = મૃત્યુ (કાળ)ના ફાંસા (પાશ)ને વશ, મૃત્યુના ગાળિયાને વશ
**કાંક્ષા** = ઇચ્છા, આકાંક્ષા
**કાંત** = સુંદર, રમણીય, સ્વામી, પતિ
**કાંતપદે** = પતિ (કાંત)ના ચરણમાં (પદે)
**કાંતા** = પત્ની, સ્ત્રી
**કાંતાર** = જંગલ, અરણ્ય
**કાંસ્ય** = કાંસાનું (ધાતુનું નામ)
**કાંસ્યપાત્ર** = કાંસાનું વાસણ
**કિન્નર** = એક પ્રકારનો દેવ, કુબેરનો ગણ
**કિમર્થ** = શા માટે, કયા કારણે
**કિમર્થ્ય** = ઇચ્છિત શું છે?
**કિયત્** = કેટલું?
**કિરાત** = ભીલ
**કિરીટ** = મુગટ
**કિશોર** = બાળ
**કિશોરવૃદ્ધ** = કિશોર અને ઘરડાં (૧૧થી૧૫ વર્ષનો બાળક કિશોર કહેવાય)
**કિંકર** = દાસ, ચાકર, નોકર
**કિંકર્તવ્યતામૂઢ** = શું કરવું જોઇએ અને શું ન કરવું એની ગતાગમ વગરનો, એમાં મૂઢ
**કિંકર્તવ્યમત:** = હવે (અત:) મારે શું (કિં) કરવું જોઇએ (કર્તવ્યમ્)?
**કિંકારણ** = કયા કારણે? શા માટે?
**કિંકાર્ય** = શા માટે?
**કિંચિત્** = થોડું
**કિંચિત્કાળ** = થોડો સમય
**કિંપુરુષો** = નપુંસક, વ્યંઢળ, હીજડા
**કિંશુકવૃક્ષ** = ખાખરા (કિંશુક)નું ઝાડ, કેસૂડાનું ઝાડ
**કીટભ્રમર ન્યાય** = ભમરી ડંખ મારશે એવા સતત ચિંતનને કારણે કીડો પોતે જ ભમરી થઇ જાય છે એવું ચિંતનનું મહત્ત્વ જણાવતો સિદ્ધાંત
**કીટાદિક** = કીડા વગેરે જંતુઓ
**કીદક** = કેવો છે? કેવી છે?
**કીધું હરામ લૂણ** = નિમક હરામ
**કીર્તન** = ગાયન અને સંગીત સાથેનાં ઈશ્વરનાં ગુણગાન ગાવાં
**કીશ** = વાંદરાં
**કુકાય** = ખરાબ (કુ) શરીર (કાય)

કુક્કુટ = મરઘો, કૂકડો
કુક્કુટ-મર્કટ = કૂકડો અને વાંદરો (મર્કટ)
કુકકુટાંડવત્ = કૂકડાના ઇંડા (અંડ)ની જેમ (વત્)
કુક્ષિ = કૂખ, પડખું
કુચ = સ્તન
કુચેલ = ખરાબ (કુ) વસ્ત્ર (ચેલ), કઢંગું (કુ) વસ્ત્ર
કુજન = ખરાબ (કુ) માણસ (જન)
કુટજપુષ્પ = ફૂલનું નામ (કુટજ નામના ઝાડ ઉપર થતું ફૂલ)
કુટ્ટની = કૂટણખાનું ચલાવતી સ્ત્રી
કુતર્ક = ખોટો (કુ) તર્ક, ખરાબ કલ્પના
કુત: = ક્યાંથી?
કુત્ર = ક્યાં?
કુત્સિતોત્થ = ખરાબ જગ્યાએ ઊગેલું
કુદેહ = ખરાબ (કુ) શરીર (દેહ), રોગીષ્ટ શરીર, પાપી શરીર
કુધી = ખરાબ (કુ) બુદ્ધિ (ધી)વાળો, મંદબુદ્ધિવાળો
કુનખી = નખના રોગવાળી, ખરાબ (કુ) નખવાળી (નખી)
કુપિત = ગુસ્સે
કુપ્યભાંડ = સોના-ચાંદી સિવાયની ધાતુનાં વાસણ (ભાંડ)
કુબ્જસ્વાંગ = ખૂંધાં, વાંકાં અંગોવાળા
કુભેખ = ખરાબ (કુ) વેષ (ભેખ)વાળો
કુમાર = સનત્કુમાર
કુમારાદિ = સનત્કુમાર વગેરે (સનત, સનક, સનાતન, સનકનંદન)
કુમુદોત્પલ = સફેદ કમળ (કુમુદ) અને રાત્રે ખીલતું કમળ (ઉત્પલ)
કુરમગડ્ડા = કુરુગડ્ડી, કુરવપુર
કુલજ = કુળમાં જન્મેલા (જ)
કુલટા = ખરાબ ચરિત્રવાળી સ્ત્રી
કુલાચલ = કુલ પર્વત (અચલ) મુખ્ય પર્વત: મહેન્દ્ર, મલય, સહ્ય, શક્તિમાન, ઋક્ષ, વિંધ્ય, પારિયાત્ર. આ સાત કુલાચલ કહેવાય છે
કુલાલ = કુંભાર
કુલાંગાર = કુળમાં અંગાર જેવો, કુળને દુ:ખી કરે તેવો, દઝાડે તેવો
કુલોપાધ્યાય = કુળના ગોર
કુવલયાશ્વ = પૃથ્વી (કુ) ઉપર ગોળ કડા (વલય)ની જેમ બધે જઇ શકે એવા ઘોડા (અશ્વ) ઉપર સવારી કરનાર
કુવિંદક = વણકર
કુશ = દર્ભ
કુશકો = ડાંગર, કોદરા વગેરેનાં છોડાં
કુશદૂર્વોદક = દર્ભ (કુશ) અને દૂર્વા (ધરો)નો રસ (ઉદક-પાણી)
કુશધર્તા = હાથમાં દર્ભ (કુશ) ધારણ કરનાર (ધર્તા)
કુશાગ્ર = તીક્ષ્ણ, દર્ભ (કુશ)ના આગળ (અગ્ર)ના ભાગ જેવી ધારદાર
કુશાસને = દર્ભ (કુશ)ના આસન પર
કુષ્ઠરોગાર્ત = કોઢ (કુષ્ઠ)ના રોગથી દુ:ખી (આર્ત)
કુષ્માંડ = ભૂ રું કોળું, કંટાળું
કુસુમાકર = વસંત, ફૂલ (કુસુમ)નો સમૂહ (આકર)
કુળકર્ણી = તલાટી
કુંચિત = વાંકડિયા
કુંજનેત્ર = ભરાવદાર નેત્ર
કુંજર = હાથી
કુંદપુષ્પ = સફેદ કુમુદ (કુંદ)નું ફૂલ
કુંદર = પોઇ

કુંભીપાક = કુંભીપાક નામનું એક નરક
કૂટ = પર્વત, ડુંગર (ચિત્રકૂટ, અન્નકૂટ)
કૂટ = કપટભરી, કોયડા સમાન, અટપટાં
કૂટ = કૂટવું તે
કૂટનીતિ = અટપટી, ન સમજાય તેવી, કોયડા સમાન નીતિ, ગેબી
કૂટે = પછાડે, અફાળે
કૂડી = ગંદી, ખરાબ
કૂપક = નાનો કૂવો, ગંદો કૂવો, કાચો કૂવો
કૂષ્માંડ = ભૂરું કોળું, કંટાળું
કૃચ્છ્રાતિકૃચ્છ્ર = કષ્ટદાયક (કૃચ્છ્ર) અને અતિશય કષ્ટદાયક (અતિકૃચ્છ્ર)
કૃચ્છ્રાદિ = કષ્ટ પડે એવું (કૃચ્છ્ર) વ્રત વગેરે
કૃચ્છ્રાદિક = કૃચ્છ્ર (કષ્ટદાયક) ચાંદ્રાયણ વગેરે વ્રત
કૃતઘ્ન = કરેલા ઉપકારને ભૂલી જનારો
કૃત્તજિહ્વ = કપાયેલી જીભવાળો
કૃતયુગ = સત્યયુગ (વર્ષ ૧૭,૨૮,૦૦૦)
કૃતયોગ = જેણે યોગ કર્યો છે તે, ધન્ય થયેલો
કૃતાનુતાપે = કરેલા કર્મ (કૃત)ના પસ્તાવારૂપે, પશ્ચાત્તાપે
કૃતાર્થ = જેનો હેતુ (અર્થ) સિદ્ધ થયો છે તે, ધન્ય થયેલો
કૃતાંત = અંત કરનારો, મૃત્યુ લાવનારો, યમદેવ
કૃતાહ્નિક = જેણે પોતાનું રોજનું કાર્ય કર્યું છે તેવો
કૃતાપરાધ = કરેલા અપરાધ
કૃતિ = પુણ્યવાન
કૃતોદ્વાહ = લગ્ન (ઉદ્વાહ) કરીને (કૃત)
કૃત્રિમ = બનાવટી, નકલી
કૃત્સ્ન = બધું, સર્વસ્વ, સંપૂર્ણ, આખું, સમગ્ર, પૂરેપૂ રું
કૃત્સ્નશઃ = સંપૂર્ણ રીતે
કૃપાણ = તલવાર
કૃપાદગ્ = કૃપાભરી દષ્ટિ
કૃપાનિલ = કૃપારૂપી વાયુ, કૃપારૂપી પવન (અનિલ)
કૃપાબ્ધિ = દયા (કૃપા)ના સાગર (અબ્ધિ)
કૃપાંબુધિ = કૃપાનો સાગર (અંબુધિ)
કૃપેક્ષણ = કૃપાભરી દષ્ટિ (ઈક્ષણ)
કૃમિકીટાદિક = કૃમિ અને કીડા વગેરે
કૃમિપ્રાય = કૃમિ સમાન, કીડા જેવું
કૃશ = સુકાઇ ગયેલાં, દૂબળા-પાતળા
કૃશકાય = સુકાયેલાં (કૃશ) શરીરવાળો
કૃષિક = ખેડૂત
કૃષિવલ = ખેડૂત
કૃષ્ણ = પાપાત્મક, કાળો, મલિન
કૃષ્ણઆમલકી = કાળાં (કૃષ્ણ) આમળાંનું ઝાડ (આમલકી)
કૃષ્ણગુપ્ત = કૃષ્ણથી રક્ષાયેલો (ગુપ્ત)
કૃષ્ણપક્ષ = અંધારિયું, વદપક્ષ
કૃષ્ણપક્ષી = કાળા રંગ (કૃષ્ણ)નું પક્ષી
કૃષ્ણમુખ = શ્યામ વર્ણનું મોં, ટોચ
કૃષ્ણવસ્ત્રાર્પિત = કાળાં વસ્ત્ર પહેરેલાએ પીરસેલું (અર્પિત)
કૃષ્ણાજિન = કાળાં (કૃષ્ણ) હરણનું ચામડું (અજિન)
કૃષ્ણાજિનપીઠે = કાળાં હરણના ચામડાના આસન (પીઠ) પર
કૃષ્ણાજિનાદિ = કાળાં હરણનું ચામડું વગેરે (આદિ)
કૃષ્ણામલકી = કાળાં આમળાનું ઝાડ
કે'ણ = કહેણ, કહેવડાવેલી વાત
કે'તા'તા = કહેતા હતા
કેથે = ક્યાંય પણ, કોઈ જગ્યાએ
કેમ = શું? ખરા કે? (મારા પૂર્વે શ્રીગુરુ સેવ્યા હતા ખરા કે?)

કેર = જુલમ, અતિશય ત્રાસ
કેલિસ્થાન = રમત - રતિક્રીડા (કેલિ) કરવાનું સ્થાન
કેવળ = ફક્ત, ઉપાધિ રહિત
કેશ = બ્રહ્મા (ક) અને શંકર (ઈશ) સ્વરૂપ, બ્રહ્મ(ક)સ્વરૂપ
કેશવપન = વાળ કપાવવા, વાળ કઢાવી નાખવા
કેશ સ્પર્શે = વાળ પડ્યો હોય, વાળ આવે તો
કેસરી = સિંહ
કેસરીબાળ = સિંહનું બચ્ચું
કૈલાસાર્હ = કૈલાસને યોગ્ય, કૈલાસને પાત્ર
કોઉ = કોઈ પણ
કોકશાસ્ત્ર = કામ (કોક) શાસ્ત્ર
કોટ = કિલ્લો
કોટકાંગરા = કિલ્લો અને તેની કોરણ ઉપરનું ચણતર (કાંગરા)
કોટર = ઝાડની બખોલ
કોટિગણું = કરોડગણું
કોટિમદન = કરોડો (કોટિ) કામદેવ (મદન)
કોટ્યબ્દ = કરોડ (કોટિ) વરસ (અબ્દ)
કોડ = હોંશ
કોતર = જમીન કે પર્વતમાં ઊંડો, પહોળો ખાડો
કોદરા = હલકા પ્રકારનું ધાન્ય જે ચોખાની જગ્યાએ વપરાય છે
કોદંડ = ધનુષ
કોશ = જમીન ખોદવાનું ઓજાર, પરાઈ જેવું
કોશ = ભંડાર
કોશપૂર્તિ = ખજાનાની સંપૂર્ણતા
કોષ = ખજાનો
કોસ = બે માઈલ (લગભગ ત્રણ કિલોમીટર)
કોહં = હું (અહં) કોણ (કઃ) છું?
કોહાડો = લાકડા કાપવાનું હથિયાર, કુહાડો
કોહાડો મારવો = મારી નાંખવું
કૌતુક = અચંબો પમાડે તેવી વાત, આશ્ચર્યજનક વાત, કુતૂહલ જગાડે તેવું
ક્યમ સાહું હું = હું કેવી રીતે ઝાલું? કેવી રીતે પકડી શકું? ઊંચકી શકું?
ક્રતુ = યજ્ઞ
ક્રમ = એક પછી એક આવે એવી રચના
ક્રમશઃ = ક્રમવાર, અનુક્રમે
ક્રમું = ઓળંગું
ક્રમે = ધીરે ધીરે, ધીમે ધીમે, સમય આવતાં
ક્રમુક = સોપારી પાનનું બીડું
ક્વ્યાદાગ્નિ = એક પ્રકારનો અગ્નિ
ક્રંદન = રડતો, આક્રંદન કરતો, વિલાપ
ક્રિયાતીત = ક્રિયાથી પર, ક્રિયાથી અતીત
ક્રિયાયોગ = યોગની એક ક્રિયા
ક્રીડા = રમત, સ્ત્રી સાથેનો વિલાસી વ્યવહાર, વિષયભોગ ભોગવવો
ક્રીડોપસ્કર = રમવાનો (ક્રીડાનો) સામાન (ઉપસ્કર)
ક્રુધા = ક્રોધથી
ક્રોધન = ક્રોધી
ક્રૌર્ય = ક્રૂરતા, કઠોરતા
ક્લિન્ન = દયાળુ, આર્દ્ર
ક્લિન્ન ચિત્ત = દયાભર્યા ચિત્તવાળા
ક્લિન્ન નેત્ર = ભીની (ક્લિન્ન) આંખે, દયાભરી આંખે
ક્લિબ = નપુંસક
ક્લિષ્ટ = દુઃખી, સમજવામાં તકલીફ પડે એવું, ગૂંચવાડાભર્યું, અવિદ્યાદિ ક્લેશો
ક્વ = ક્યાં
ક્વચિત = ક્યારેક, કોઈ વાર

## ક્ષ

**ક્ષણ** = પળ, સમયનું એક માપ, શ્રાદ્ધના આમંત્રણનો દર્ભ આપવો તે
**ક્ષણ વિધ્વંસી** = ક્ષણવારમાં નાશ પામનાર (વિધ્વંસી)
**ક્ષણાંતરે** = એક ક્ષણ પછી, એક પળ પછી
**ક્ષત** = ઘા, જખમ
**ક્ષત્રરત્ન** = ક્ષત્રિયોમાં રત્ન સમાન
**ક્ષપણક** = જૈન અથવા બૌદ્ધ સાધુ
**ક્ષમ** = સમર્થ
**ક્ષર** = નાશ
**ક્ષરે** = ખરી પડે, સરકી પડે
**ક્ષાન્તિ** = ક્ષમા
**ક્ષારમૃદ્** = ખારી માટી
**ક્ષારાર્ણવ** = ખારો (ક્ષાર) સાગર (અર્ણવ)
**ક્ષારોષ્ણાદિક** = ખારું (ક્ષાર) અને ગરમ (ઉષ્ણ) વગેરે (આદિક)
**ક્ષાલન કરે** = ધૂએ, સાફ કરે, પખાળે
**ક્ષાળ** = ધો, પખાળ
**ક્ષિતિતલે** = પૃથ્વી (ક્ષિતિ) પર
**ક્ષિપ્ત** = ચંચળ, ભટકતું, અનેક જગ્યાએ વેરાયલું
**ક્ષિપ્ર** = જલદી, તરત
**ક્ષીણ** = ઘસાઇ ગયેલું, નબળું
**ક્ષીણવૃત્તિ** = જેની વૃત્તિ ઉદાસીન થઇ ગઇ છે તે
**ક્ષીર** = દૂધ, પાણી
**ક્ષીરનિધિવાસ** = દૂધના સાગરમાં વસનાર
**ક્ષીરાબ્ધિદુહિતા** = લક્ષ્મીજી. ક્ષીરસાગરની પુત્રી (સમુદ્રમાંથી નીકળેલાં ચૌદ રત્નો પૈકી એક લક્ષ્મીજી હતાં)
**ક્ષુધાક્રાંત** = ભૂખથી ઘેરાયેલો
**ક્ષુધાતૃષા** = ભૂખ (ક્ષુધા) તરસ (તૃષા)
**ક્ષુધિત** = ભૂખ્યો
**ક્ષુધિતવદન** = ભૂખ્યા માણસનો ચહેરો
**ક્ષુધ્યાકુળ** = ભૂખથી આકુળ
**ક્ષુબ્ધ** = ખળભળી ઊઠેલા, હચમચી ગયેલા, નારાજ, દુઃખી
**ક્ષેત્રદેવતા** = ખેતરના દેવતા
**ક્ષેમ** = કલ્યાણ, રક્ષણ
**ક્ષોભકારણ** = ક્ષોભનું કારણ, ખળભળી ઊઠવાનું કારણ
**ક્ષોભાવીને** = દુઃખી કરીને, ક્ષોભ પમાડીને
**ક્ષૌમ** = રેશમી વસ્ત્ર
**ક્ષૌર** = વાળ ઉતરાવવા, મૂંડન કરાવવું, હજામત
**ક્ષૌરાર્થે** = મૂંડન માટે

## ખ

**ખટપટની બીકે** = તકલીફ પડે એ બીકે, કંટાળીને
**ખટ્** = છ (ષટ્)
**ખટ્કર્મ** = છ કર્મો : સ્નાન, ધ્યાન, સંધ્યા, તર્પણ, સ્વાધ્યાય અને વૈશ્વદેવ
**ખટ્વાંગ** = ખોપરીની મૂઠ
**ખડ્ગમુદ્રા** = જેમાં રત્ન વગેરે જડ્યું હોય (ખડ્ગ) એવી વીંટી (મુદ્રા)
**ખણે** = ખોદે, ખોતરે
**ખદિરાંગારે** = ખેરનાં લાકડા (ખદિર)ના અંગારા (દેવતા) પર
**ખદ્યોત** = આગિયો, આકાશ (ખ)માં તેજ કરે (દ્યોત) તે
**ખપુષ્પવત્** = આકાશ (ખ) કુસુમ (પુષ્પ)વત્, અશક્ય વસ્તુની જેમ
**ખફા** = ગુસ્સે, નારાજ
**ખફામરજી** = નારાજગી

**ખર** = ગધેડો
**ખરસમ** = ગધેડા જેવો
**ખરોષ્ટ્રાદિયાને** = ગધેડો, ઊંટ (ઉષ્ટ્ર) વગેરે વાહન પર (યાને)
**ખર્જુપીડિત** = ખસ કે ખરજવાથી દુ:ખી થયેલો
**ખર્જૂર** = ખજૂરી
**ખર્વ** = ઠીંગણા, નીચા થવું, નમીને
**ખલ** = શઠ, લુચ્ચો માણસ
**ખલ્ક** = સંસાર, જગત, દુનિયા,ખલક
**ખવસ્ત્ર** = આકાશ (ખ)રૂપી વસ્ત્ર, દિગંબર, નગ્ન
**ખળ** = દુષ્ટ, બદમાશ, લુચ્ચો, શઠ
**ખળા** = કણસલાંને ખૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગા
**ખંડી** = ઢોંગી
**ખંતે** = ઉત્સાહથી
**ખાદ્ય** = ખાવાનું
**ખાલ** = ચામડી, છાલ
**ખાળ** = રોક, અટકાવ
**ખાળ** = ગંદા પાણીની ગટર
**ખિન્ન** = ઉદાસ
**ખે** = આકાશે, આકાશમાં
**ખેચર** = આકાશમાં (ખે) ચાલનારું (ચર), ઊડનારું પક્ષી
**ખેટક** = શક્તિ
**ખેન** = મહામુસીબત
**ખ્યાત** = પ્રખ્યાત, જાણીતું, વિખ્યાત
**ખ્યાત્યાધિક** = અધિક (વધારે) ખ્યાતિવાળો
**ખ્યાત્યાધિક કરે** = પોતાનાથી વધુ ખ્યાતિવાળાના હાથે
**ખ્વાબ** = સ્વપ્નું

## ગ

**ગજચર્માચ્છાદિત** = હાથી (ગજ)ના ચામડા (ચર્મ)થી ઢંકાયેલી (આચ્છાદિત)
**ગજચ્છાયા** = પર્વ વિશેષ, શ્રાદ્ધ કરવા માટે સારો ગણાતો એક યોગ
**ગજાશ્વરૂઢ** = હાથી (ગજ) ઘોડા (અશ્વ) ઉપર સવાર થઇને
**ગજાસ્યતાત** = શંકર. જેનું મોં (આસ્ય) હાથી (ગજ)નું છે એવા ગણપતિના પિતા (તાત)
**ગણક** = જોશી, જ્યોતિષી
**ગણકગણ** = જ્યોતિષીઓનો સમૂહ
**ગણકવર્ય** = જ્યોતિષીઓમાં શ્રેષ્ઠ (વર્ય)
**ગણાન્ન** = ઘણા પાસેથી એકઠું કરીને રાંધેલું અન્ન
**ગણિકા** = વેશ્યા, ગુણિકા
**ગતકામ** = કામવાસનારહિત, જેનામાંથી કામવાસના દૂર થઇ છે તે
**ગત દુર્ભાવનસાર** = જેનામાંથી ખરાબ (દુ:) ભાવના જતી રહી (ગત) છે તે
**ગતધવા** = વિધવા, જેનો પતિ (ધવ) મૃત્યુ પામ્યો છે (ગત) એવી સ્ત્રી
**ગતસંદેહ** = શંકા વગરનો, જેનો સંદેહ દૂર થયો છે (ગત) એવો
**ગતાબ્દવત્** = ગયા (ગત) વર્ષ (અબ્દ)ની જેમ (વત્)
**ગતાસુ** = મૃત્યુ પામેલો, જેના પ્રાણ (અસુ) નીકળી ગયા છે (ગત) એવો
**ગતિદા** = સદ્‌ગતિ આપનારી (દા)
**ગદ** = રોગ

ગદ્ગદ્ = ગળગળો
ગભીર = ઊંડી
ગભીરાવર્ત = ઊંડું (ગભીર) વમળ (આવર્ત)
ગમગીન = ઉદાસ, ખિન્ન, દુઃખી
ગમનવાત = જવાની વાત
ગયો હતો = થઇ ગયો હતો
ગરલપ = સાપ
ગરવો = ગૌરવવાળો
ગરાસ = રાજવંશીઓએ ગુજરાન માટે આપેલી જમીન
ગરિષ્ઠ = સૌથી મોટો
ગરીબનિવાજ = ગરીબનું ભરણપોષણ કરનાર
ગરીયસી = વધારે સારી, બીજી કરતાં સારી
ગરુડપોત = ગરુડનું બચ્ચું (પોત)
ગર્ત = ખાડો
ગર્થ = નાણું, પૈસો, તાકાત, હીર
ગર્ભસ્રાવ = ગર્ભનું પડી જવું, ગર્ભપાત થવો
ગર્વાક્રોશાદિક = નિંદાદિ , ગર્વથી આક્રોશ વગેરે કરવો
ગર્હિત = નિંદિત
ગર્હ્ય = નિંદ્ય
ગલદ્ગુદા = લોહી ટપકતી, લથડતી ગુદા
ગલિતાભિમાન = જેનું અભિમાન ઓગળી ગયું (ગલિત) છે તે
ગવાદિક પ્રાપ્ત્યર્થે = ગાય (ગો) વગેરે (આદિક) પશુધન મેળવવા (પ્રાપ્તિ) માટે (અર્થે)
ગવીશ = ઇંદ્રિયો (ગો)ના નિયંતા (ઈશ)
ગળક્યો = કાદવમાં ખૂંપી ગયો
ગળ્યું વારિ = પાણી (વારિ) ટપક્યું (ગળ્યું)
ગંગાદ્વારે = હરિદ્વારે
ગંગાસમ = ગંગા જેવી (પવિત્ર)
ગંજના = જીતનાર
ગંજાસ્થિત = ઝૂંપડી (ગંજા) માં રહેતા
ગંડમાલગદ = કંઠમાળ (ગંડમાલ)નો રોગ (ગદ)
ગંડમાલાર્દિત = કંઠમાળના રોગવાળો
ગંડૂષ = કોગળા
ગંધપુષ્પપરિમલ = અગરબત્તી, કર્પૂરાદિ સુગંધી દ્રવ્ય
ગંધમાદને = ગંધમાદન નામના પર્વત ઉપર
ગંધર્વ = સ્વર્ગનો ગવૈયો
ગંધર્વપત્તન = ગાણગાપુર
ગંધર્વપત્તને = ગાણગાપુરમાં
ગંધર્વપુર = ગાણગાપુર
ગંધર્વસ્થિતદેવ = (૧) ઘોડા (ગંધર્વ) ઉપર બેઠેલા (સ્થિત), ગણપતિ (દેવ),
(૨) ગાણગાપુર (ગંધર્વ)માં રહેલા (સ્થિત) શ્રીનૃસિંહસરસ્વતી (દેવ)
ગંધર્વાત્મજા = ગંધર્વની કન્યા, ગંધર્વની દીકરી (આત્મજા)
ગંધર્વાધિપ = ગંધર્વોનો રાજા (અધિપ)
ગંધાક્ષત = ચંદન (ગંધ) અને ચોખા (અક્ષત)
ગાણગગ્રામ = ગાણગાપુર
ગાથ = ગાથા, વાર્તા
ગાભ = ગર્ભ, ગર્ભમાં જવું, જન્મ લેવો
ગાયકોત્કૃષ્ટ = ઉત્તમ (ઉત્કૃષ્ટ) ગાયક
ગાયત્રાનંદિત = વેદના ગાનથી આનંદિત થનાર
ગાયત્રિકા = ગાયત્રી
ગાર્હસ્થ્ય = ગૃહસ્થીપણું
ગાળો = અપશબ્દો
ગાંજ્યો = હારી જાય
ગાંડૂળ = અળસિયું, ચોમાસામાં નીકળતાં બિનઝેરી સાપોલિયાં
ગિરા = વાણી

ગિરિ = પર્વત
ગિરિકર્ણિકા = વિષ્ણુકાંતા, એક જાતનાં ફૂલ
ગિરિગહ્વરો = પર્વતની ગુફાઓ (ગહ્વરો)
ગિરિજાનાથ = શંકર, પાર્વતી (ગિરિજા)ના પતિ (નાથ)
ગિરિજારમણ = પાર્વતી (ગિરિજા) પતિ (રમણ), શંકર
ગિરિવરસાનુકર = શ્રેષ્ઠ (વર) પર્વત (ગિરિ)નું શિખર (સાનુ), હિમાલયનું શિખર
ગિરીશ = મહાદેવ, હિમાલય
ગીત વાદ્ય નિષ્ણાત = ગાન અને વાદ્યકલામાં પ્રવીણ, હોશિયાર
ગુ = અવિદ્યા (ગુમ્ અવિદ્યા)
ગુડ = ગોળ, શેરડીના રસમાંથી બનતી એક વસ્તુ
ગુણસરિતા = ગુણોની નદી, ગુણોનો ભંડાર
ગુણાકર = ગુણનો ભંડાર (આકર)
ગુણાઢ્ય = ગુણથી ભરપૂર, ગુણનો ભંડાર
ગુણાતીગ = સત્ત્વ, રજસ, તમસ એમ ત્રિગુણથી પર
ગુણાતીત = ત્રિગુણથી પર
ગુણાત્યયે = ગુણાતીત થતાં
ગુણૈશ્વર્યજિતતાત = ગુણ અને ઐશ્વર્યમાં બાપને જીતનાર
ગુદ્દા = મુક્કા
ગુપ્ત = છાનું, રહસ્ય
ગુર્રાઓ = ગુસ્સે થાઓ
ગુરુ = ગુરુ નામનો ગ્રહ
ગુરુ = પૂજ્ય, ધાર્મિક સંસ્કાર આપનાર આચાર્ય
ગુરુતલ્પગ = ગુરુની પત્ની સાથે ગમન કરનાર (તલ્પ = પથારી)
ગુરુદ્વાદશી = આશ્વિન વદ બારસ, વાઘબારસ, ગુરુશ્રીપાદની બારસ
ગુરુનિકટસ્થ = ગુરુની પાસે રહેનાર
ગુરુપાદોદક = ગુરુચરણામૃત
ગુરુલીન = ગુરુભક્તિમાં રચ્યોપચ્યો, ડૂબેલો, લીન થયેલો
ગુરુવર્ય = ગુરુઓમાં શ્રેષ્ઠ (વર્ય)
ગુરુશુશ્રૂષા = ગુરુની સેવા (શુશ્રૂષા)
ગુરૂક્ત વત્ = ગુરુએ કહ્યા પ્રમાણે (ગુરુ + ઉક્ત = ગુરૂક્ત)
ગુરૂક્તિ = ગુરુનું કહ્યું, ગુરુનું વચન (ઉક્તિ), બૃહસ્પતિ ગુરુનું વચન (ગુરુ + ઉક્તિ = ગુરૂક્તિ)
ગુરૂત્તમ = ઉત્તમ (શ્રેષ્ઠ) ગુરુ. (ગુરુ + ઉત્તમ = ગુરૂત્તમ)
ગુરું હું કૃત્ય તું કૃત્ય = ગુરુને હુંકારો તુંકારો કરનાર નરકમાં જાય છે
ગુર્વંઘ્રિસ્પર્શે = ગુરુના ચરણ (અંઘ્રિ) સ્પર્શથી
ગુર્વનુગ્રહ = ગુરુની કૃપા (અનુગ્રહ)
ગુર્વનુગ્રહમાત્રથી = કેવળ (માત્ર) ગુરુની કૃપાથી
ગુર્વનુચર = ગુરુનો સેવક (અનુચર), ગુરુની પાછળ (અનુ) ચાલનારો (ચર)
ગુર્વાલય = ગુરુનું સ્થાનક (આલય), ગુરુનું ઘર
ગુર્વીશ = ગુરુ એ જ ઈશ્વર
ગુલ્ફ = ઘૂંટણ
ગુલ્મ = પેટમાં ગોળો ચઢવાનો રોગ
ગુલ્મ = વૃક્ષોની ઘટા
ગુલ્મી = પેટમાં ગોળો ચઢવાના રોગવાળો
ગુહા = ગુફા
ગુહાશ્રિત = (હૃદય રૂપી) ગુફા (ગુહા)માં રહેલા, આશ્રય કરનાર
ગુહ્ય = છુપાવેલું, ગુપ્ત રાખેલું
ગુંજાસ્વર્ણપ્રદાન = ચણોઠી (ગુંજા) ભાર સોના (સ્વર્ણ)નું દાન
ગુંજાસ્થિત = ચણોઠીમાં રહેલું
ગૂઢ = ન સમજી શકાય તેવું, રહસ્યમય, ગેબી

**ગૃધ્ર હંસ** = ગીધ અને હંસ
**ગૃહી** = ગૃહસ્થાશ્રમી
**ગૃહ્યોક્તે** = ગૃહ્યસૂત્રમાં કહ્યા પ્રમાણે
**ગૃહોપકરણહૃત્** = ઘર (ગૃહ)નાં સાધનો-ચીજો (ઉપકરણ) ચોરનાર (હૃત્)
**ગેબીનાથ** = અતિશય ગૂઢ, એક યોગીનું નામ
**ગેહને** = ઘર (ગેહ)ને
**ગેહસ્ત્રીવર્જિત** = ઘર (ગેહ) અને સ્ત્રી વિનાનો, ઘર અને પત્નીને છોડીને
**ગેહેગેહ** = ઘેરે ઘેર (ગેહ)
**ગોગ્રાસ** = જમતાં પહેલાં ગાયને માટે જુદું કાઢેલું અન્ન
**ગોઘૃત** = ગાય (ગો)નું ઘી (ઘૃત)
**ગોજય** = ઇંદ્રિયો (ગો) ઉપરનો વિજય (જય), ઇંદ્રિય ઉપર કાબૂ
**ગોત્ર** = ઋષિથી શરૂ થતો વંશ, કુળ
**ગોત્રજ** = પોતાના ગોત્રમાં જન્મેલો (જ)
**ગોદોહ માત્ર** = ગાયને દોહતાં જેટલો સમય લાગે તેટલો સમય
**ગોદ્વિજ દેવ** = ગાય (ગો), બ્રાહ્મણ (દ્વિજ) અને દેવ
**ગોધનક્ષેત્ર** = ગાય (ગો), દ્રવ્ય (ધન) અને ખેતર (ક્ષેત્ર)
**ગોધૂમ** = ઘઉં
**ગોને** = ગાય(ગો)ને
**ગોપુર** = ઘરનાં કે મંદિરનાં ઊંચાં શિખર, નગરના દરવાજા
**ગોમય** = ગાયનું છાણ
**ગોમહિષીહય** = ગાય (ગો), ભેંસ (મહિષી) અને ઘોડા (હય)
**ગોમૂષકમાર્જારમુખસ્પૃષ્ટ** = ગાય, ઉંદર કે બિલાડા (માર્જાર) એ મોં ઘાલેલું
**ગોરજ** = ગાયનું ધણ ચરીને સાંજે પાછું વળે ત્યારે ઊડતી ધૂળ (રજ), ગોધૂલી
**ગોરસચોર** = દૂધ-દહીં (ગોરસ) ચોરનાર
**ગોવિક્રય** = ગાય (ગો) વેચવી (વિક્રય)
**ગોવિંદ** = ઇંદ્રિયો (ગો)ને જાણનાર (વિંદ)
**ગોવૃષ** = ગોધો, નાનો બળદ
**ગોશિર** = ગાયનું માથું, ગાયનાં વાછરડાંનું માથું (શિર)
**ગોષ્ઠિ** = મીઠી વાતડી, વાતો
**ગોસંરક્ષણ** = ગાયો, ઇંદ્રિયો (ગો)નું સંરક્ષણ કરનાર
**ગૌતમી** = ગાયનું નામ, ગૌતમ ઋષિએ લાવેલી નદી
**ગ્રંથાર્ણવ** = ગ્રંથરૂપી સાગર (અર્ણવ)
**ગ્રંથિ** = ગાંઠ, અજ્ઞાનની ગાંઠ
**ગ્રંથિ** = ત્રણ પ્રકારની મહાન ગ્રંથિઓ: બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિ
**ગ્રસ્યો** = ગળી ગયો, કોળિયો કરી દીધો
**ગ્રહોદ્‌ગત** = ભૂતબાધાથી થયેલો
**ગ્રામાન્તરે** = અન્ય ગામ, બીજે ગામ
**ગ્રાસ** = કોળિયો
**ગ્રાસાર્ધ** = અર્ધો કોળિયો (ગ્રાસ)
**ગ્રાહ્ય** = ગ્રહણ કરવા યોગ્ય, સ્વીકારવા જેવું
**ગ્રાહ્યાગ્રાહ્ય** = શું લેવાય (ગ્રાહ્ય) અને શું ન લેવાય (અગ્રાહ્ય)

## ઘ

**ઘટમઠે** = ઘડામાં અને મઠમાં
**ઘટાદ્યાકૃતિનામ** = માટી જોતાં જ ચિત્તમાં ઘડાની આકૃતિ, નામ વગેરે આવે છે
**ઘટિકાદ્વયે** = બે ઘડી (૪૮ મિનિટ)
**ઘડિયાળ** = મગર જેવું જળચર પ્રાણી
**ઘડી** = ચોવીસ મિનિટ (૨ $\frac{૧}{૨}$ ઘડી = ૧ કલાક)

**ઘન** = વાદળ
**ઘર્મ્ય** = પસીનો
**ઘર્માંભો** = પરસેવો
**ઘર્માંભોરૂપથી** = પરસેવા (ઘર્મ) પાણી (અંભો)ના રૂપે
**ઘર્મે** = તાપથી
**ઘર્મેચીર** = પરસેવાથી (ઘર્મે) વસ્ત્ર (ચીર) (ભીંજાવું)
**ઘસતા આખર હાથ** = છેવટે પસ્તાવું પડે એવું
**ઘંટ** = ઉસ્તાદ, ધૂર્ત, પક્કો
**ઘંટારવ** = ઘંટનો અવાજ, ઘંટનાદ
**ઘાત** = મૃત્યુ, મોત
**ઘાર** = સમડી
**ઘૂક** = ઘૂવડ
**ઘૃતદુગ્ધાદિક** = ઘી (ઘૃત) અને દૂધ (દુગ્ધ) વગેરે
**ઘૃતપક્વ** = ઘીમાં તળેલાં
**ઘૃતાપ્લુત** = ઘીથી છલોછલ
**ઘૃતાવધાને** = ઘી (ઘૃત)ની આહુતિ (અવધાન)થી
**ઘ્રાણ** = નાસિકા

## ચ

**ચક્વર્તી** = સાર્વભૌમ, એકચક્રી રાજ્ય કરનાર
**ચક્વાકસમ** = ચક્વાક અને ચક્વાકી પક્ષીની જેમ અતૂટ પ્રેમવાળા
**ચક્ષુશ્રુતિ** = આંખ (ચક્ષુ) અને કાન (શ્રુતિ)
**ચતુરંગી** = ચતુરંગિણી, (હાથી, ઘોડા, રથ અને પાયદળ એવું ચાર પ્રકારનું લશ્કર, એવી સેના)
**ચતુરાનન** = ચાર (ચતુ:) મુખ (આનન)વાળા, બ્રહ્મા
**ચતુરાસ્ય** = ચાર (ચતુ:) મુખ (આસ્ય)વાળા
**ચતુર્થાશ્રમ** = ચોથો આશ્રમ, સંન્યસ્તાશ્રમ
**ચતુર્થાંશ** = ચોથો (ચતુર્થ ) ભાગ (અંશ)
**ચતુર્દશીયુત પૂર્ણિમા** = ચૌદસ ઉપર પૂનમ
**ચતુર્ધામુક્તિ** = ચાર (ચતુ:) પ્રકાર (ધા)ની મુક્તિ. સાલોક્ય, સામિપ્ય, સાયુજ્ય અને સારૂપ્ય
**ચતુર્ધાવાક્** = ચાર (ચતુ:) પ્રકાર (ધા)ની વાણી (વાક્) પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી
**ચતુર્ભુજ** = વિષ્ણુ, ચાર (ચતુ:) હાથ (ભુજા)વાળા
**ચતુર્મુખ** = બ્રહ્મા, ચાર (ચતુ:) મોઢા (મુખ)વાળા
**ચતુર્વર્ગ** = ધર્મ, અર્થ, કામ અને મોક્ષ
**ચતુર્વર્ગફલપ્રદ** = ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પ્રકારના પુરુષાર્થનું ફળ આપનાર
**ચતુર્વેદ** = ચાર (ચતુ:) વેદો: ઋક્, યજુસ્, સામ અને અથર્વ
**ચતુર્હસ્તયુત** = ચાર (ચતુ:) હાથ (હસ્ત)વાળો (યુત), ભગવાન વિષ્ણુ
**ચતુ:ષષ્ટિ** = ચોસઠ (યોગિની). [ચાર (ચતુ:) + સાઇઠ (ષષ્ટિ)]
**ચતુ:સહસ્ર** = ચાર (ચતુ:) હજાર (સહસ્ર)
**ચપલ** = ચંચળ
**ચપળા** = વીજળી, લક્ષ્મી
**ચય** = ઢગલો
**ચરણકંજ** = ચરણકમળ
**ચરમદશાસુખ** = અંતિમ (ચરમ) સ્થિતિ (દશા), જીવન્મુક્તિ
**ચરાચર** = ચેતન (ચર) અને જડ (અચર)
**ચરાચરે** = જડ-ચેતનમાં
**ચરિતામૃતપાનદ** = સદ્‌ગુરુમહિમાનું ચરિતામૃત પાનાર
**ચરુવ્યત્યાસ** = ચરુમાં ફેરફાર (વ્યત્યાસ)
**ચર્મ** = ચામડી, ચામડું

**ચર્માવરણ** = ચામડીનું પડ
**ચર્વ્ય** = ચાવવાની વસ્તુ, ચવાણું, કોળિયો
**ચલનવલન** = ચાલવું (ચલન) અને વળવું (વલન)
**ચસક્યો** = ચસકી ગયું, ગાંડો થઇ ગયો
**ચળે** = ખસે, ચલાયમાન થાય, ડગી જાય
**ચંગ** = શુદ્ધ, નિરંજન, પવિત્ર
**ચંચરિક** = ભ્રમર (ચંચરિ) જેવાં (નયન)
**ચંડ** = ઉગ્ર, ગરમ, ક્રોધી
**ચંડકિરણ** = ગરમ કિરણવાળો, સૂર્ય
**ચંદિરમુખે** = ચંદ્ર (ચંદિર) જેવા મુખથી
**ચંદ્ર** = અનસૂયાનો પુત્ર (દત્ત, ચંદ્ર અને દુર્વાસા)
**ચંદ્રમૌલિ** = શંકર, માથા (મૌલિ) ઉપર ચંદ્ર ધારણ કરનાર
**ચંદ્રાનુકૂલ્ય** = ચંદ્ર અનુકૂળ હોય ત્યારે
**ચાકરાદિ** = નોકર ચાકર વગેરે
**ચાટલું** = દર્પણ, અરીસો, આદર્શ, આયનો
**ચાપ** = ધનુષ્ય
**ચારખાણ** = ચાર પ્રકારની યોનિ (જન્મસ્થાન): સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ
**ચારુતર** = વધારે સુંદર (ચારુ)
**ચારો** = પશુ પક્ષીનો ખોરાક
**ચાવે લોઢાના ચણા** = અપાર કષ્ટ સહન કરે, લોહીનું પાણી કરે
**ચાષ** = એક પક્ષીનું નામ
**ચાળીસ પળા** = પ્રવાહીનું એક માપ. લગભગ ૧ કિલો ૨૦૦ ગ્રામ (લગભગ અઢી શેર)
**ચાંપ્રિક ઋષિ** = ઋષિનું નામ
**ચિકુર** = માથાના વાળ, કેશ
**ચિચ્છક્તિ** = ચૈતન્ય (ચિત્) શક્તિ
**ચિત્ત** = ચૈતન્ય, મન, અંતઃકરણ
**ચિત્તનું સ્થિરીકરણ** = અંતઃકરણને સ્થિર કરવું તે
**ચિત્કલા** = ચૈતન્યની કલા
**ચિત્તપ્રતીત** = પ્રસન્ન ચિત્તે
**ચિત્વ** = ચૈતન્ય
**ચિત્ર** = નવાઇ લાગે તેવું, વિચિત્ર
**ચિત્ર** = સુંદર
**ચિત્રા** = દવા તરીકે વપરાતાં વનસ્પતિના એક મૂળિયાંનું નામ, ચૌદમું નક્ષત્ર
**ચિત્રાદિ** = ચિત્ર વિચિત્ર વગેરે
**ચિદન્વયે** = ચૈતન્ય (ચિત્)ની વ્યાપ્તિથી (અન્વયે) સઘળે એક જ ચૈતન્ય છે એવા નિશ્ચિત જ્ઞાનથી
**ચિદ્દ્ઘન** = જ્ઞાનથી ભરેલું, જ્ઞાનસ્વરૂપ
**ચિદ્રૂપ** = ચિત્‌રૂપે, ચૈતન્યરૂપે
**ચિપળૂણ** = કોંકણમાં આવેલાં એક ગામનું નામ
**ચિર** = લાંબો વખત
**ચિરજીવી** = ચિરંજીવી, લાંબું જીવનાર
**ચિર પ્રારબ્ધ ભોગવી** = લાંબા વખત સુધી ભાગ્ય મુજબ (રાજ્ય) ભોગવીને
**ચિરં જીવ** = લાંબો વખત જીવ
**ચિરંતન** = લાંબા સમય સુધી, ચિરકાલીન
**ચિલ્લબકાનન** = સમડી (ચિલ્લબક)ના જેવા મોં(આનન)વાળા
**ચિલ્લી** = સમડી
**ચિંતાક્રાંત** = ચિંતાથી દુઃખી થયેલો
**ચિંતાનલે** = ચિંતારૂપી અગ્નિ (અનલ)માં
**ચિંતાન્વિત** = ચિંતાવાળા
**ચિંતાવિષ્ટ** = ચિંતાથી ઘેરાયેલા, ચિંતાતુર
**ચિંતાવેષ્ટિત** = ચિંતાથી વીંટળાયેલા
**ચીતરી** = સૂગ કે અણગમાની કંપારી, અતિશય સૂગ
**ચુંબક** = ખેંચનારો, આકર્ષનારો

**ચુંબે** = ચુંબન કરે, ચૂમે
**ચૂલોચોકો** = ચૂલો અને રસોઇ માટે અબોટ કરેલી જગા (ચોકો)
**ચૂં કે ચાં ન થાય** = ન બોલી શકે કે ન કંઇ કરી શકે, એકદમ લાચાર
**ચેન** = સુખ, આરામ
**ચેનબાજી** = સુખચેન, મોજમજા
**ચેષ્ટા** = હાવભાવ, ચેનચાળા
**ચેહ** = ચિતા
**ચૈલ** = વસ્ત્ર
**ચોગરદમ** = ચારે (ચો) દિશા (ગરદમ)માં
**ચોદિશ** = ચાર (ચો) દિશા (દિશ): પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ
**ચોર શાહુ તું થાય!** = તું ચોર થઇને પાછો શાહુકારી કરે છે!
**ચોરાભાવે** = ચોર ન મળવાથી, ચોરના અભાવે
**ચોવીસ દોરડીએ** = કર્મેન્દ્રિય (૫), જ્ઞાનેન્દ્રિય (૫), પ્રાણ (૫), વિષયો (૫) અને ચિત્ત, બુદ્ધિ, મન અને અહંકાર મળી ચોવીસ
**ચોંક** = ચોંકી જઇને, સાવધાન થઇને
**ચૌદગ્રંથિચુત** = ચૌદ ગાંઠ (ગ્રંથિ)વાળો (ચુત)
**ચૌર્યારોપ** = ચોરીનો આરોપ
**ચૌલ** = મૂંડન કરાવવું, વાળ ઉતરાવવા
**ચૌલાદિ** = બાબરી ઉતરાવવી વગેરે, જન્મ વખતના વાળ ઉતરાવવા
**ચૌલોપનયન** = બાબરી ઉતરાવવી અને જનોઇ આપવી
**ચ્યવનશ્રાપથી** = ચ્યવન નામના ઋષિના શ્રાપથી

## છ

**છણકો** = ગુસ્સો, ગુસ્સાભર્યો બોલ, તુચ્છકાર
**છત્રાંક** = બિલાડીના ટોપ વગેરે
**છન્ન** = છાનોમાનો, ગુપ્ત, છૂપો
**છળ** = પ્રપંચ
**છંદ** = વેદ
**છંદ** = કોડ, મનની તીવ્ર ઇચ્છા
**છાગ** = બકરું
**છાત્ર** = વિદ્યાર્થી
**છાયા** = પ્રતિબિંબ, છાંયડો
**છિદ્રાન્વેષી** = છિદ્ર-બારું શોધનાર, દોષ (છિદ્ર) શોધનાર (અન્વેષી)
**છિન્ન** = કાપેલી
**છિન્નશીર્ષ** = કપાયેલું માથું
**છિન્ને રહે ન નીર** = પાણીમાં લાકડી મારી ભાગ પાડી શકાય નહીં, તૂટેલા પાત્રમાં પાણી રહે નહીં
**છૂરિકા** = છરી, પાળી
**છેદી** = કાપી નાંખી, મારી નાંખી
**છેહ** = દગો

## જ

**જગત** = જન્મવું (જ) અને નાશ પામેલું (ગત), વિશ્વ, દુનિયા
**જગદ્ધાત્રી** = જગતને ધારણ કરનારી (ધાત્રી)
**જઘન્ય** = નીચ, હીન, વિષયમાં ડૂબેલો, હલકો
**જટા** = માથે અસ્તવ્યસ્ત વાળને ઝૂંડમાં બાંધેલા રાખવા
**જટાજૂટ** = જટાનો ભારો (જૂટ)
**જઠરાનલ** = જઠરાગ્નિ, જઠરમાં રહેલો અગ્નિ
**જડ** = લાગણી કે બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું, જડ દેહ, અજ્ઞાની
**જડસા** = શરીરે મોટું પણ બુદ્ધિમાં નાનું
**જડસો** = જડ બુદ્ધિનો, જડભરત, અક્કલ વગરનો
**જડાન્ન** = ભારે અન્ન, આળસ લાવે એવું અન્ન, મિષ્ટાન્ન

જનક = પિતા
જનગણ = લોકો (જન)નાં ટોળાં (ગણ), સમૂહ
જનની = માતા
જનમર્દન = લોકોનો નાશ કરનાર
જનિ = જન્મ
જનિમૃતિ = જન્મ (જનિ) અને મરણ (મૃતિ)
જનિમૃતિ સંશય = જન્મમરણનો ભય
જન્માંતર = અન્ય જન્મ, બીજો જન્મ
જબાન = જીભ
જયખત = વિજયી થયાનો પત્ર (ખત), જયપત્ર
જયી થા = વિજયી થા
જયેષ્ઠ ભ્રાતૃક = જેનો સૌથી મોટો ભાઇ જીવતો હોય તે
જ્યોત્સ્ના = ચાંદની, ઝરણું
જરઠ = વૃદ્ધ, ઘરડું
જરઠા = ઘરડી
જરા = ઘડપણ, વૃદ્ધાવસ્થા
જરા = થોડું, અલ્પ
જરાયુજ = ઓર (ગર્ભ)માં રહીને જન્મનાર (માનવી, પશુ વગેરે)
જરાયુવેષ્ટિત = ઓરથી વીંટળાયેલો
જલજાત = જળમાં ઉત્પન્ન થયેલ પ્રાણી
જલદ = વાદળું, મેઘ, પાણી (જલ) વરસાવનાર-
આપનાર (દ)
જલધિ = સમુદ્ર
જલપતિ = વરુણદેવ
જલબુદ્‌બુદ્‌વત્ = પાણી (જલ)ના પરપોટા (બુદ્‌બુદ્ )ની
જેમ (વત્ )
જલાર્કાગ્નિપૂજન = પાણી (જલ), સૂર્ય (અર્ક) અને
અગ્નિનું પૂજન

જલોદર = પેટ (ઉદર)માં પાણી (જલ) ભરાવાનો રોગ
જવાસો = એક વનસ્પતિનું નામ
જવે = તરત જ, જલદીથી
જહદજહલ્લક્ષણા = વિરુદ્ધ અર્થ છોડી દેવા (જહદ્ ) પણ
સમાન અર્થ નહિ છોડવા (અજહદ્ )ની
લક્ષણા
જહલ્લક્ષણા = શબ્દનો અર્થ છોડી દેવા (જહદ્ )ની લક્ષણા
જળપતિ = વરુણ દેવ, જળનો સ્વામી, જળદેવતા
જંઘા = ઢીંચણને ઘૂંટણની વચ્ચેનો ભાગ, સાથળ
જંઘાદેશ = સાથળ (જંઘા)ની જગા (દેશ)
જંપે = શાંતિથી બેસે, શાંતિ અનુભવે
જંબુપ્લક્ષ = પીપળી
જંભ = બગાસુ, એ નામનો એક રાક્ષસ
જાડ્ય = જડતા, અજ્ઞાન
જાત = જન્મેલું, જન્માક્ષર
જાત = સમૂહ
જાત = જાય છે
જાતક = બાળકના જન્મ પછી કરવાનાં સંસ્કાર- કાર્યો
જાતવેદ = અગ્નિ
જાતિપુષ્પ = જાઈનું ફૂલ
જાતિવંધ્યા = જન્મથી જ વંધ્યા, ક્યારેય પણ ગર્ભવતી ન
થઈ હોય એવી સ્ત્રી
જાતિસ્મરા = પૂર્વજન્મને યાદ કરનારી, સ્મરનારી
જાત્યવચ્છિન્ન = જાતિથી મર્યાદિત, જાતિબદ્ધ
જાન = જીવ, પ્રાણ
જાનુ = ઢીંચણ
જાભણી = ગાભણી, ગર્ભવતી
જામાતૃ = જમાઇ, દીકરીનો વર

જામાત્રાગમનાદિ = જમાઇનું આવવું વગેરે

જાયા = સ્ત્રી, પત્ની

જારકર્મ = પરિણીત પુરુષનો અન્ય સ્ત્રી સાથેનો કામ-વાસનાનો સંબંધ, છિનાળું‌ત, વ્યભિચાર

જાલંદર = કંઠ સંકોચન

જાહ્નવી = ગંગા નદી

જાહ્નવીક્ષીરોપમ = ગંગાજળ સમાન

જાંબૂનદ = સોનું

જિતશ્વાસ = શ્વાસની આવન જાવન ઉપર વિજય મેળવીને

જિતાહાર = ખાવા-પીવા (આહાર)માં કાબૂ મેળવીને, વિજય મેળવીને

જિહાસા = ત્યજી દેવાની ઇચ્છા

જિહ્‌વાલોલુપતા = જીભની લોલુપતા, જીભના સ્વાદના ચટકા

જિહ્‌વાલૌલ્યે = જીભની ચંચળતાને કારણે જીભને લાડ લડાવવામાં

જીતે રસે સર્વં જીતં = જેણે સ્વાદ ઉપર (રસના=જીભ ઉપર) કાબૂ મેળવ્યો તેણે બધું જ જીતી લીધું છે

જીર્ણ = જર્જર થયેલો, જૂનો

જીર્ણતર = વધારે જર્જર, ખૂબ નબળા, વધારે ઘસાઇ ગયેલા

જીવ = મલિન સત્ત્વ પ્રકૃતિમાં (અવિદ્યામાં) બ્રહ્મનું પ્રતિબિંબ

જીવચ્છવ = જીવતાં મડદા (શવ)ની જેમ

જીવત્પિતૃકને = જેના પિતા જીવતા હોય તેને

જીવત્પ્રજા = જેનાં સંતાનો (પ્રજા) જીવતાં હોય એવી સ્ત્રી

જીવન = પાણી, જળ અને જીંદગી

જીવનંદન = કચ, બૃહસ્પતિનો પુત્ર

જીવન્મુકત = જીવતે જીવ મુક્તિનો અનુભવ કરનાર

જીવાશા = જીવવાની આશા

જીવિકા = ભરણપોષણનું સાધન

જીવિતેચ્છા = જીવતા રહેવાની ઇચ્છા

જુગુપ્સા = અભાવ, ઘૃણા

જુગુપ્સિત = જુગુપ્સા પ્રેરે તેવું, ચીતરી ચઢે તેવું, નિંદનીય

જુવાખોર = જુગારી, જુગાર રમનાર

જૃભંણ = બગાસું

જેતા = વિજયી, વિજેતા

જોગણ = યોગિની (યોગ સિદ્ધ કરનારી સ્ત્રી)

જોડું = પતિ-પત્ની બંને, દંપતી, યુગલ

જ્યોત્સના = ચાંદની

જ્વલનાકાર = અગ્નિ (જ્વલન)ના જેવા આકારવાળો

જ્વાલાપતિવત્ = અગ્નિ (જ્વાલાપતિ)ની માફક (વત્)

જ્વાલામાલિની = આરતી

## જ્ઞ

જ્ઞ = જાણનાર, (જેમ કે સર્વજ્ઞ), જ્ઞાની

જ્ઞનો = જ્ઞાનીનો

જ્ઞાતવ્ય = જાણવા જેવું

જ્ઞાન = પરોક્ષ જ્ઞાન, શબ્દ જ્ઞાન

જ્ઞાનદ = જ્ઞાન આપનાર

જ્ઞાનદાર્ઢ્યાર્થ = જ્ઞાન દૃઢ થાય તે માટે

જ્ઞાન પ્રપા = જ્ઞાનની પરબ

જ્ઞાનાનલ = જ્ઞાનરૂપી અગ્નિ (અનલ)

જ્ઞાનાર્ણવ = જ્ઞાનનો સાગર (અર્ણવ)

જ્ઞાનોત્તરભક્તિ = જ્ઞાન પામ્યા પછીની (ઉત્તર) ભક્તિ

જ્ઞાનોપયુકત = જ્ઞાન સાથેનું, સમજણપૂર્વક

## ઝ

ઝંઝાવાત = વાવાઝોડું, વંટોળિયાનું તોફાન
ઝોટિંગ = બાબરો ભૂત, ઝુટિંગ

## ટ

ટાંગ = પગ, ચરણ
ટીપું = બિંદુ, ટપકું
ટૂક = પર્વતની ટેકરી, ટોચ

## ઠ

ઠસતાં = દઢપણે સમજાતાં
ઠામ = જગ્યા, સ્થાન, ઠેકાણું
ઠાલું = ખાલી

## ડ

ડાંસ = મોટો મચ્છર
ડિમક = ઊધઇ
ડિંભ = બાળક, નાનું છોકરું
ડોળ = દંભ, દેખાડો

## ઢ

ઢુંઢિરાજ = ગણપતિ
ઢૂંઢત = શોધતો
ઢેર = ઢગલો

## ણ

'ણ'થી શરૂ થતો કોઇ શબ્દ નથી

## ત

તક્ર = છાસ
તક્ષક = શેષનાગ
તખ્ત = સિંહાસન
તચ્છોણિતથી = તેમના લોહી (શોણિત)થી
તજ્જ્ઞ = જે તે શાસ્ત્રનો જાણકાર
તટયાત્રામિષે = કિનારે આવેલાં તીર્થોની યાત્રાને બહાને, નિમિત્તે
તટાકે = કિનારે
તડાગ = તળાવ
તડાગપાણી = તળાવનું પાણી
તત્ = તે, પરબ્રહ્મ વાચક શબ્દ (તત્ ત્વમ્ અસિ)
તત = તેનાથી, વિસ્તૃત
તતખેવ = તરત જ
તતઃ = તેનાથી, પછી
તતા = તાત, હે તાત! (પિતા)
તત્કલ્પ = એના જેવું
તત્કામ = તેની ઇચ્છા (કામ)
તત્કુચ = તેના સ્તન (કુચ)
તત્કૃપોદ્ભવ = તેની (તત્) કૃપાથી જન્મેલો (કૃપોદ્ભવ)
તત્તદ્ગુણયુક્ત = તે તે (તત્ તત્) ગુણવાળું
તત્તનુ = તેનું (તત્) શરીર (તનુ)
તત્તર્ષ = તેમની (તત્) તરસ (તર્ષ)
તત્તીર્થે = તે તીર્થમાં, તે તીર્થથી

**તત્તુલ્યે** = તેની સરખામણીમાં
**તત્તોષે** = તેને સંતોષવાથી, તેના સંતોષાવાથી
**તત્ત્વાજ્ઞાન** = તત્ત્વના અજ્ઞાનને કારણે
**તત્પદ** = મોક્ષ
**તત્પદગંધ** = તેના (ભજનના) પગ (પદ)ની ગંધ (મુક્તિ તો ભક્તિની દાસી છે)
**તત્પ્રાપક** = તે મેળવનાર, તે પ્રાપ્ત કરનાર
**તત્રસ્થ** = ત્યાં રહેલો
**તત્સદને** = તેના ઘર (સદન)માં
**તત્સંસર્ગી** = તેનો સંગ કરનાર, તેની સાથે રહેનાર
**તત્સુખ** = તે સુખ
**તત્સ્થાપનાક્ષમ** = તેની સ્થાપના કરવા માટે સમર્થ
**તથા** = એ પ્રમાણે
**તથા** = પરવા, દરકાર
**તથાસ્તુ** = એ પ્રમાણે (તથા) થાવ (અસ્તુ)
**તદધ:** = તેની (તદ્ ) નીચે (અધ:)
**તદનંતર** = ત્યાર (તદ્ ) પછી (અનંતર)
**તદનુજ્ઞા** = તેમની (તદ્ ) આજ્ઞા અને સંમતિ (અનુજ્ઞા)
**તદનુસાર** = તે (તદ્ ) પ્રમાણે (અનુસાર)
**તદભાવે** = તેના વગર (અભાવે), તે ન મળે તો
**તદર્ચન** = તેનું અર્ચન
**તદર્થ** = તે (તત્ ) માટે (અર્થ )
**તદર્થદ્વિજભોજન** = શિવવ્રતાર્થ બ્રાહ્મણો જમાડવા
**તદર્ધ** = તેનું અડધું
**તદંતર્ગત** = તેની અંદર સમાયેલું, તેના એક ભાગ રૂપે
**તદુદ્યાપન** = તેનું ઉદ્યાપન, વ્રત કે અનુષ્ઠાનની સમાપ્તિની ઉજવણી
**તદ્ધર્મે** = તેના ધર્મમાં
**તદ્ઘર્માંભોરૂપથી** = એના પસીના રૂપે
**તદ્ભાગે** = તેના ભાગમાં
**તદ્યોગે** = તેને લીધે, તેને કારણે
**તદ્વત્** = તે પ્રમાણે, એ રીતે
**તદ્વેષ્ટિત** = તેનાથી (તત્) વીંટળાયેલું (વેષ્ટિત)
**તદ્વ્ય** = તેનો ઉપયોગ, તેનો વપરાશ, તદ્વ્યય
**તદ્વેષ્ટિત** = તેનાથી વીંટળાયેલું
**તનુદેહ** = નાજુક (તનુ) દેહ, શરીર
**તને** = શરીર ઉપર, તન ઉપર
**તન્નામ** = તે નામ, તેનું (દત્ત) નામ
**તન્નાશોદ્યત** = તેનો નાશ કરવા તૈયાર થયેલો (ઉદ્યત)
**તન્માત્ર** = પંચભૂતના પંચ સૂક્ષ્મગુણ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ)
**તન્વંગી** = સુંદર-નાજુક અંગોવાળી
**તન્વી** = નાજુક, કોમલાંગી
**તપન** = સૂર્ય
**તપે** = તપથી, તપશ્ચર્યાથી
**તપોગભસ્તિ** = તપમાં સૂર્ય (ગભસ્તિ) જેવો
**તપોધન** = તપ એ જ જેનું ધન છે તે
**તપોનિધાન** = તપનો ભંડાર (નિધાન), તપનો ખજાનો
**તપોનિધિ** = તપના ભંડાર
**તપોરત** = તપમાં રચ્યાપચ્યા, તપમાં મગ્ન
**તપોરાશિ** = મહાન તપસ્વી, તપના ઢગલા (રાશિ) સમાન
**તપોવન** = તપ કરવા માટેનું વન, તપ કરનારાઓનું વન
**તપ્તસ્વાંત** = પ્રાયશ્ચિત (તપ્ત)વાળું અંત:કરણ (સ્વાંત)
**તમ** = અંધારું, અજ્ઞાન
**તમ અને શીત** = અંધારું (તમ) અને ઠંડી (શીત)
**તમારિ** = અંધારા (તમ)નો દુશ્મન (અરિ), સૂર્ય

તમિસ્રા = રાત્રિ
તમે = અંધારામાં, અંધારે
તમોગુણે તિર્યકત્વ = તમોગુણથી હીન પશ્વાદિ યોની મળે છે
તમોધ્વાંતજ્યોતિ = અંધારા (તમ)નો નાશ કરનાર (ધ્વાંત) પ્રકાશ (જ્યોતિ)
તમોધ્વાંત દીપક = અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર દીવો
તમોબીજ = અજ્ઞાન એ જ જેનું બીજ છે તે
તમોંધ = તમોગુણવશ, અંધ, અવિવેકી
તરણિ = સૂર્ય, નૌકા
તરણોપાય = તરવાનો ઉપાય
તરંગાદિ = મોજાં (તરંગ) વગેરે (આદિ)
તર્જની = હાથના અંગૂઠા પાસેની પહેલી આંગળી (તર્જની, મધ્યમા, અનામિકા અને કનિષ્ઠિકા)
તર્જન્યંગુલિ = તર્જની આંગળી
તલ = તલમાત્ર, સ્હેજપણ
તલતલ = રૂવેરૂવું
તસ્કર = ચોર
તળિએ = નીચું, નીચે
તંડુલ = ચોખા
તંડુલાદિ = ચોખા વગેરે
તંતુ = વંશરક્ષક ધાગો, તંતુ, પુત્ર
તંતુવિચ્છેદ = વંશના તંતુનો નાશ, વંશના ધાગાનો નાશ
તાડન કરવા = મારવા (તાડન) માટે
તાત = પિતા
તાતનિધન = પિતા (તાત)નું મૃત્યુ (નિધન)
તાતરિપુ = પિતા (તાત)નો શત્રુ (રિપુ)
તાતશિષ્ય = પિતાનો શિષ્ય
તાતાં = તીક્ષ્ણ, વેધક
તાપત્રયસંતપ્ત = ત્રિવિધ તાપથી દુ:ખી થયેલ (સંતપ્ત)
તાપસકન્યા = તપસ્વીની કન્યા
તામસ = તમોગુણી, તામસી
તામસદેહ = તમોગુણ પ્રધાન શરીર
તાર = તારનાર, તારક
તારક = તારનાર
તારકોપેત = તારા દેખાય ત્યારે, તારા હોય ત્યારે, તારા ઊગે પછી
તારતમ્ય = ઓછાવત્તાપણું
તારીફ = પ્રશંસા, વખાણ
તાર્યાં ઈકોતેર = એકોતેર કુળ (પેઢી) તાર્યાં, ઉદ્ધાર કર્યો
તાલુ = તાળવું
તાવત્ = ત્યાં સુધી, તેટલા
તાવત્કૃચ્છ્ફળ = તેટલાં જ કૃચ્છ્તપનું ફળ (અ.૬૯ દો.૮૮ પૂરતું વીસ કૃચ્છતપ ફળ)
તાસાં = એક જાતનું નગારું
તાંબૂલ = પાન (મુખવાસ માટેનું)
તિક્તદ્રવ = તીખું (તિક્ત) અને પ્રવાહી (દ્રવ)
તિગ્મ = તીક્ષ્ણ
તિગ્મધાર = તીક્ષ્ણ (તિગ્મ) ધારવાળા
તિગ્મશ્વાસ = તીક્ષ્ણ શ્વાસ, દુ:ખભર્યો નિસાસો
તિમિર = અંધારૂં
તિરોહિત = ઢંકાયેલું, અદશ્ય, અંતર્ધાન
તિર્યક્ = પશુ-પક્ષી, માણસથી હલકી કક્ષાનાં પ્રાણી
તિર્યકત્વ = હીન પશ્વાદિ યોનિ, પશુ-પંખીની યોનિ
તિલ = તલ, જરા પણ
તિલાશન = તલ (તિલ) ખાવા (અશન)
તિષ્યે = કલિયુગ (તિષ્ય)માં
તીર્ણ = અવતીર્ણ, અવતર્યો

તીર્થ = ચરણામૃત, પગ ધોયેલું પાણી
તીર્થરાજ = પ્રયાગ, તીર્થોમાં રાજા
તુરંગ = ઘોડો
તુરંગારૂઢ = ઘોડેસવાર, ઘોડા ઉપર બેઠેલો, ઘોડે ચઢીને
તુર્ય = ચોથો
તુર્યદિને = ચોથે (તુર્ય ) દિવસે
તુર્યાશ્રમ = ચોથો (તુર્ય ) આશ્રમ, સંન્યસ્તાશ્રમ
તુલા = ત્રાજવું
તુલાગતે ગુરુ = તુલા રાશિમાં ગુરુ (બૃહસ્પતિ) આવે ત્યારે
તુલ્યપુણ્ય = સરખા પુણ્યવાળો
તુષ્ટ = સંતોષપૂર્વક, ધરાઇને
તુષ્ટ ને હૃષ્ટ = સંતુષ્ટ અને આનંદિત
તુંગ = ઊંચું
તૂણીર = બાણકોષ, ભાથો
તૂર્ણ = તરત, જલદી, એકદમ
તૂત જ = ખોટે ખોટું, મિથ્યા, બનાવટી વાત, જૂઠાણું
તૂલ = રૂ, કપાસ
તૃણકાષ્ઠાદિ = ઘાસ (તૃણ) અને લાકડાં (કાષ્ઠ) વગેરે (આદિ)
તૃણગિરિ = ઘાસનો પર્વત
તૃણચણકાદિક = ઘાસ (તૃણ) અને ચણા (ચણક) વગેરે (આદિ)
તૃણપર્ણોથી = ઘાસ અને પાંદડાં (પર્ણો )થી
તૃણલતા ગુલ્મવેષ્ટિત = ઘાસ (તૃણ), વેલ (લતા) અને ઝાડની ઘટા ( ગુલ્મ )થી વીંટળાયેલી
તૃપ્તોઽહં = હું (અહં) તૃપ્ત થયો છું, ધરાઈ ગયો છું
તૃપ્તોદ્ગાર = તૃપ્તિનો ઓડકાર

તૃષાક્રાંત = તરસથી આકુળવ્યાકુળ
તૃષાર્ત = તરસ (તૃષા)થી દુ:ખી (આર્ત)
તૃષાર્દિત = તરસ્યો, તૃષાથી પીડાતો
તેજ:પુંજ = તેજથી ઊભરાતા, તેજનો ઢગલો (પુંજ)
તૈર્થિકજન = તીર્થમાં રહેતા લોકો, તીર્થવાસી
તૈલાભ્યક્ત = તેલ ચોળેલા
તૈલાભ્યંગ = તેલ ચોળેલો
તોક = બાળક, પુત્ર
તોટો = ખોટ, કમી, ઊણપ
તોમર = ભાલા જેવું એક આયુધ (હથિયાર)
તોય = પાણી, જળ
તોલે = સરખામણીમાં
ત્યાગ = સંન્યાસ
ત્રયોદશાબ્દે = તેરમે (ત્રયોદશ) વર્ષે (અબ્દે)
ત્રયોદશી = તેરસ [ત્રણ (ત્રય:) + દશ (દશી)]
ત્રસ્ત = હેરાન, પરેશાન, દુ:ખી
ત્રાણ = રક્ષણ
ત્રાણ કરે = રક્ષણ કરે
ત્રાણે = રક્ષણમાં
ત્રાતા = રક્ષણ કરનાર
ત્રાહિ = (તું) રક્ષણ કર
ત્રિકે = જન્મકુંડલીમાં છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાનમાં એમ ત્રણ ઘરમાં
ત્રિગુણ = ત્રણ ગણું
ત્રિગુણ = ત્રણ ગુણો: સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ (ત્રિ) ગુણ
ત્રિગુણાત્મક = ત્રણ ગુણવાળું
ત્રિઘસ્ર = ત્રણ દિવસ

**ત્રિઘ્ન** = ત્રણગણું, ત્રણ ઘણી, છત્રીસ માત્રા
**ત્રિતય** = ત્રણનો સમૂહ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ)
**ત્રિતય સ્વરૂપ** = ત્રણ સ્વરૂપ (ગુરુ એ ગણપતિ, અગ્નિ અને વિષ્ણુ એમ ત્રણ સ્વરૂપ છે)
**ત્રિતાપદાવ** = આધિ, વ્યાધિ અને ઉપાધિ (ત્રિતાપ)નો દાવાનળ
**ત્રિદોષ** = વાત, પિત્ત અને કફ એમ ત્રણ (ત્રિ) દોષ
**ત્રિધા** = ત્રણ (ત્રિ) પ્રકારે (ધા)
**ત્રિપાદ** = ત્રણ પગવાળો
**ત્રિપિંડી** = ત્રણ પિંડનું
**ત્રિપુરા** = સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણ શરીરરૂપી નગરમાં રહેનારી, રેણુકા
**ત્રિપુરારહસ્ય** = સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણ શરીર (ત્રિ)રૂપી નગર (પુર)ની પ્રકાશક દેવી, ત્રિપુરાનું રહસ્ય
**ત્રિપુરાંત** = ત્રિપુરનો નાશ કરનાર, ત્રિપુરારિ, ભગવાન શંકર
**ત્રિપુરોત્સવ** = ત્રિપુરાસુરનો નાશ કર્યાનો ઉત્સવ
**ત્રિપ્રવર** = આત્રેય, આર્ચનાનસ અને શ્યાવાશ્વ એમ ત્રણ પ્રવર
**ત્રિલોક** = ત્રણ લોક: સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ
**ત્રિવિધતાપ** = ત્રણ (ત્રિ) પ્રકાર (વિધ)ના સંતાપ (તાપ): આધિ, વ્યાધિ અને ઉપાધિ
**ત્રિવૃત્ત** = યજ્ઞ, અધ્યયન અને ભિક્ષા- એ વડે પ્રાપ્ત કરાતી આજીવિકા.
**ત્રિસપ્તધા** = એકવીસ [ત્રિ (૩) X સપ્ત (૭)] વાર (ધા)
**ત્રિસ્થલી** = કાશી, પ્રયાગ અને ગયા એ ત્રણ (ત્રિ) સ્થળો
**ત્રીશ** = ત્રણ (ત્રિ)ના ઈશ, ત્રિગુણ નિયામક, ત્રિલોકના નાથ, દત્તાત્રેય
**ત્રેતાગ્નિ** = અગ્નિનો એક પ્રકાર
**ત્રેતાયુગ** = સત્યયુગ પછીનો યુગ; અવધિ ૧૨,૯૬,૦૦૦ વર્ષ
**ત્ર્યક્ષ** = ત્રણ (ત્રિ) આંખ (અક્ષ)વાળા શંકર, ત્રિનેત્ર
**ત્ર્ય ધીષ્ઠ** = ત્રિમૂર્તિ દત્ત
**ત્ર્યબ્દ** = ત્રણ વર્ષ (અબ્દ)
**ત્ર્યવતાર** = દત્ત (ત્રિ) ભગવાનનો અવતાર
**ત્ર્યવસ્થાતીત** = જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ ત્રણ (ત્રિ) અવસ્થાથી પર (અતીત)
**ત્વક્** = ચામડી
**ત્વગ્રક્તાસ્થિ** = ચામડી (ત્વક્), લોહી (રક્ત) અને હાડકાં (અસ્થિ)
**ત્વત્તાતે** = તારા (ત્વત્) પિતાએ (તાતે)
**ત્વત્તુલ્ય** = તારા જેવો, તારી સરખામણી કરી શકે એવો
**ત્વત્પદકમલે** = તારાં ચરણકમળમાં
**ત્વત્પદ નૌ સાર** = તારાં (ત્વત્) ચરણ (પદ)સંસાર સાગરને તારનાર શ્રેષ્ઠ નૌકા છે
**ત્વત્પદસ્મૃત્યર્થે** = તારાં ચરણનું સ્મરણ રહે તે માટે
**ત્વત્પાદાબ્જરસે** = તારાં ચરણ (પાદ) કમળ (અબ્જ)ના રસમાં (રસે)
**ત્વત્સેવક** = તારી સેવા કરનારો, તારું સેવન કરનારો
**ત્વદ્ગદ** = તારો રોગ (ગદ્)
**ત્વદ્રાષ્ટ્રે** = તારા રાષ્ટ્રમાં
**ત્વદધીન** = તને વશ, તારે આધીન
**ત્વદાગમ** = તારું (ત્વદ્) આવવું, પધારવું (આગમ) તે
**ત્વદેકવિંશ મનુષ્યને** = તારી એકવીસ પેઢીના મનુષ્યોને
**ત્વદ્યોગે** = તારે કારણે, તારા યોગથી
**ત્વન્માયાહતધી** = તારી (ત્વત્) માયાને કારણે મરી ગયેલી (હત) બુદ્ધિ (ધી)વાળા

**ત્વન્મુખપદ્મામૃત** = તમારા (ત્વત્) મુખકમળમાંથી ઝરતું અમૃત (અમૃતવાણી)
**ત્વલ્લીલા** = તારી (ત્વત્) લીલા
**ત્વષ્ટ્રા** = વિશ્વકર્મા, ત્વષ્ટા
**ત્વં** = તું
**ત્વાદશ** = તારા જેવા
**ત્હેવારોત્તમ** = તહેવારોમાં ઉત્તમ, શ્રેષ્ઠ તહેવાર

## થ

**થયું સ્વયં અનેક** = એક (બ્રહ્મ)માંથી અનેક બન્યું (एकोऽहं बहुस्याम् = હું એક છું, એમાંથી હવે બહુ થાઉં એવી સ્વયં સ્ફુરણાથી)
**થયો યદુકુલે** = યદુકુલે જન્મ્યો

## દ

**દક્ષ** = હોશિયાર, સાવધાન, બાહોશ, જાગ્રત
**દક્ષદિક્** = દક્ષિણ (દક્ષ) દિશા (દિક્)
**દક્ષિણ કર્ણ** = જમણો (દક્ષિણ) કાન (કર્ણ)
**દક્ષિણ સમુદ્ર** = રામેશ્વર પાસે દક્ષિણમાં આવેલો અરબી સમુદ્ર
**દક્ષિણે** = જમણી દિશામાં
**દક્ષિણોદઙ્માનસાખ્ય** = દક્ષિણ માનસ અને ઉત્તર (ઉદઙ્) માનસ નામે (આખ્ય)
**દખણા** = દક્ષિણા
**દગ્ધઅન્ન** = બળી ગયેલું (દગ્ધ) અન્ન
**દત્ત** = અત્રિ-અનસૂયાના પુત્ર, જે સ્વયં અપાઈ ગયો છે તે
**દત્તગુરુવર** = દત્તગુરુએ આપેલું વરદાન (વર)
**દત્તપાદાંબુજધ્યાન** = દત્તનાં ચરણ (પદ) કમળ (અંબુજ)નું ધ્યાન
**દત્તાત્રેયવરે** = દત્તાત્રેય ભગવાનના વરદાનથી (વરે)
**દત્તાર્પિત** = દત્તે આપેલો, દત્તને અર્પણ કરેલો
**દદન** = દાન આપવું
**દધ્યાદિક** = દહીં (દધિ) વગેરે (આદિક)
**દનુજ** = દનુના પુત્રો, રાક્ષસો, દાનવ, દૈત્ય
**દમકતી** = પ્રકાશતી
**દમી** = દમન કરી, નિયંત્રણ કરી
**દયાર્ણવ** = દયાનો સાગર (અર્ણવ)
**દયાર્દ્ર** = દયાથી ભીંજાયેલો, દયાળુ
**દયાર્હ** = દયાને પાત્ર, દયાયોગ્ય
**દરહર** = ભય હરનાર
**દરિદ્રતાભંજન** = દરિદ્રતાનો નાશ કરનાર
**દરી** = ગુફા
**દર્ભમય શેષ** = દર્ભના બનાવેલા શેષનાગ
**દર્શશ્રાદ્ધ** = દર અમાસે કરવામાં આવતું શ્રાદ્ધ
**દર્શે** = દર્શ શ્રાદ્ધે
**દલન** = નાશ કરવો, દળી નાંખવું, હનન, વધ
**દશક** = દશની સંખ્યામાં
**દશગ્રીવ** = રાવણ, દશ ડોક (ગ્રીવ)વાળો
**દશમાસોત્તર** = દશ માસ પછી (ઉત્તર)
**દશશિરા** = રાવણ, દશ માથાં (શિર)વાળો
**દશાનન** = રાવણ, દશ મોંઢા (આનન)વાળો
**દશેદિશ** = દશ દિશાઃ (૪ દિશા + ૪ ખૂણા + ૨ ઉપર તથા નીચે), ચારે તરફ
**દસ્ત** = હાથ

**દસ્ર** = અશ્વિનીકુમાર
**દંડધર** = યમરાજ, શિક્ષા કરનાર
**દંડપાણિ** = હાથ (પાણિ)માં દંડ રાખનાર
**દંડવંદન** = દંડવત્ પ્રણામ
**દંડાર્હ** = શિક્ષાપાત્ર, દંડને યોગ્ય
**દંડિતલટ** = ચોરને દંડનાર
**દંડ્ય** = શિક્ષાને પાત્ર, દંડને યોગ્ય
**દંતધાવન** = દાતણ કરવું, દાંત સાફ કરવા
**દંપતી** = પતિ અને પત્ની (જાયા ચ પતિ ચ = જંપતી- દંપતી)
**દંભેર્ષ્યાદિ** = દંભ, ઈર્ષ્યા વગેરે
**દંષ્ટ્રાકરાલ** = વિકરાળ (કરાલ) દાઢ (દંષ્ટ્રા)વાળો
**દાઝ** = દુશ્મનાવટ, ચીડ, ગુસ્સો, લાગણી, અનુકંપા
**દાડી** = રોજ રોજ
**દાણ** = કર, લાગો
**દાતૃતેજ** = (મંત્ર) આપનારા (દાતૃ)નું તેજ
**દાત્ર** = દાતરડું
**દાનવાન્તક** = દાનવોનો કાળ, દાનવોનો અંત કરનાર, મારનાર
**દાન્ત** = સંયમી, ઈંદ્રિયો ઉપર કાબુ ધરાવનાર, ઈંદ્રિય નિગ્રહવાન
**દામિની** = આકાશમાં થતી વીજળી
**દામોદર** = ભગવાન શ્રીકૃષ્ણ, જેમના ઉદર ઉપર દોરડું (દામ) બાંધવામાં આવ્યું હતું તે
**દાયાદો** = ભાયાત, ખંડિયા રાજા
**દાર** = સ્ત્રી, પત્ની
**દારા** = પત્ની
**દારિદ્ર્યાંજન** = દરિદ્રતા દૂર કરનારું આંજણ
**દારુણ** = ભયંકર

**દાવ** = દાવાનળ
**દિક્પાલ** = દિશાઓનું રક્ષણ કરનાર દેવ, યમરાજ
**દિગંત** = ક્ષિતિજ, દિશાનો અંત
**દિગંબર** = દિશા (દિક્ ) જેનું વસ્ત્ર (અંબર) છે તે, નગ્ન
**દિગંબર** = નિરાવરણ નિત્ય નિરંજન સ્વરૂપ
**દિગ્દેવતા** = દિશાઓના દેવતા
**દિગ્વસ્ત્રાવૃત** = દિશારૂપી વસ્ત્રથી વીંટળાયેલો (આવૃત)
**દિઙ્મૂઢ** = ચકિત, છક, સ્તબ્ધ
**દિતિજ** = રાક્ષસ, દિતિનો પુત્ર (જ)
**દિતિસુત** = દિતિનો પુત્ર, દૈત્ય
**દિતિસુતસિંહ** = દૈત્યોમાં સિંહ સમાન, હિરણ્યકશ્યપુ
**દિનકર** = સૂર્ય
**દિનનિશિ** = દિવસરાત (નિશિ)
**દિનમણિ** = સૂર્ય, ભાસ્કર, રવિ
**દિવા** = દિવસે
**દિવાપંચદશગ્રાસ** = દિવસે પંદર (પંચ દશ) કોળિયા (ગ્રાસ)
**દિવાભીતિવત્** = ઘુવડની જેમ, દિવસ (દિવા)થી બીધેલાની જેમ (ભીતિવત્ )
**દિવાયામિની** = દિવસ (દિવા) અને રાત (યામિની)
**દિવારાત્ર** = દિવસ અને રાત
**દિવાસકૃતભોજન** = દિવસના એક વાર (સકૃત) જમવું
**દિવિજ** = દેવો, સ્વર્ગમાં (દિવિ) જન્મેલા (જ), દૈવી
**દિવિજગણ** = દેવો (દિવિજ)નો સમૂહ (ગણ)
**દિવ્ય પણ** = દિવ્ય પ્રતિજ્ઞા (પણ)
**દિવ્ય પ્રમાણ** = દિવ્ય સાબિતી, દિવ્ય પુરાવો
**દિવ્યાંબર** = દિવ્ય વસ્ત્ર (અંબર)
**દિષ્ટ** = દૈવ, પ્રારબ્ધ
**દિંગ** = દંગ, આશ્ચર્યચકિત

**દીનવદન** = લાચાર મોંએ, ગરીબડા થઇને
**દીપે** = શોભે
**દીપે** = દીવાથી, દીપથી
**દીપ્તિ** = તેજ
**દીર્ઘાયુ** = લાંબા (દીર્ઘ) આયુષ્યવાળો
**દુગ્ધતેલઘૃત પક્વ** = દૂધ, તેલ કે ઘીમાં રાંધેલું
**દુગ્ધાદિક મિષે** = દૂધ વગેરે લેવા માટે (મિષે)
**દુગ્ધે** = દૂધમાં
**દુરતિક્રમ** = ઓળંગવું મુશ્કેલ, અજેય, અપરાજિત
**દુરત્યય** = તરી જવામાં મુશ્કેલ, ઓળંગવો મુશ્કેલ
**દુરંગ સ્પર્શે** = ખરાબ (દુ:) અંગના સ્પર્શથી
**દુરિત** = પાપ
**દુરિત સંઘાત** = પાપ (દુરિત)નો સમૂહ (સંઘાત)
**દુરુક્તિ** = ખરાબ (દુ:) વાણી (ઉક્તિ), ખરાબ શબ્દો
**દુરુત્તર** = સામો જવાબ આપવો
**દુર્ગમ** = ન સમજાય એવું, મુશ્કેલીથી સમજાય એવું
**દુર્ગુણકોષ** = ખરાબ (દુ:) ગુણોનો ખજાનો, ભંડાર (કોષ)
**દુર્ઘટ** = મુશ્કેલ
**દુર્જ્ઞેય** = મુશ્કેલીથી જાણી શકાય એવો
**દુર્દાન્ત** = મુશ્કેલીથી કાબુમાં રાખી શકાય એવો, ભયંકર
**દુર્ધર** = ન પકડી શકાય તેવો, પકડવો મુશ્કેલ, મુશ્કેલીથી સહન થઇ શકે તેવો
**દુર્નય** = ખરાબ વર્તન
**દુર્નિરીક્ષ્ય** = સામું ન જોઇ શકાય તેવો
**દુર્બોધિ** = ખોટો ઉપદેશ કરીને
**દુર્ભગા** = ખરાબ (દુ:) યોનિ (ભગ), વ્યભિચારિણી
**દુર્ભાગી** = કમનસીબ, કમભાગી
**દુર્ભાષી** = ખરાબ વાણી બોલનાર
**દુર્વૃત્ત** = ખરાબ (દુ:) વર્તનવાળો (વૃત્ત), ખરાબ આચરણવાળો
**દુશ્ચિત્ત** = ખરાબ મન, નારાજ, અપ્રસન્ન
**દુશ્ચિહ્ન** = ખરાબ ચિહ્નો
**દુષિત** = દોષિત, ગુનેગાર
**દુષ્કર** = કરવું અતિ મુશ્કેલ, અતિ કપરું, અતિ કઠણ
**દુષ્કર પણ** = મુશ્કેલીથી પાળી શકાય (દુષ્કર) એવી પ્રતિજ્ઞા (પણ)
**દુષ્કૃત** = ખરાબ કર્મો
**દુષ્ટદલન** = દુષ્ટને મારી નાંખવો
**દુષ્ટમર્દન** = દુષ્ટને મારી નાંખવો
**દુષ્ટમર્દને** = દુષ્ટનો વધ કરવો
**દુષ્ટ ધી** = ખરાબ (દુષ્ટ) બુદ્ધિ (ધી), ખરાબ બુદ્ધિવાળી
**દુષ્ટપ્રતિગ્રહ** = ખરાબ સંકલ્પથી લેવાતું દાન
**દુષ્ટોત્તર** = ખરાબ જવાબ
**દુસ્તર** = મુશ્કેલીથી તરી શકાય એવું
**દુસ્તાપ** = મુશ્કેલીથી સહન થાય તેવો તાપ (ક્રોધ)
**દુહિતા** = દીકરી
**દુંદુભિ** = સ્વર્ગનાં નગારાં
**દુ:ખદ** = દુ:ખ આપનારું
**દુ:ખનિવૃત્તિ** = દુ:ખમાંથી છૂટકારો
**દુ:ખમગ્ન** = દુ:ખમાં ડૂબેલો
**દુ:ખરોગવિવર્જિત** = દુ:ખ અને રોગ વગરનો
**દુ:ખાંતક** = દુ:ખનો અંત લાવનાર
**દુ:શાસ્ત્ર** = ખરાબ શાસ્ત્ર, ઊંધું સમજાવે તેવાં શાસ્ત્ર, અવિવેક વધારે તેવાં અનિત્ય વસ્તુને સત્ય સમજાવનારાં શાસ્ત્ર
**દુ:શીલ** = ખરાબ ચારિત્ર્ય, ખરાબ સ્વભાવનું
**દૂજો** = બીજો, અન્ય કોઇ

દૂરદક્ = દીર્ઘદષ્ટિવાળો
દૂષિત = ગુનેગાર
દૂસરું = બીજું
દગ = દષ્ટિ, નજર
દગે = નજરે
દગબાધાદિક = નજર, બાધા વગેરે
દગભીતિ = નજર લાગવાની બીક
દઢાનુરક્તિ = દઢ પ્રેમ
દશ્યજાત = સમૂહ
દપ્ત = અભિમાની, મત્ત, ગાંડો
દષદ = પથ્થર
દષદાસન = પથ્થર (દષદ)ની બેઠક (આસન)
દષ્ટાંતાંતર = અન્ય દષ્ટાંત
દાષ્ટાંતિક = જે વાત સમજાવવા માટે દષ્ટાંત આપ્યું હોય તે વાત
દેનં = અગ્નિ સંસ્કાર, દહન
દેર = વિલંબ, રાહ જોવી, ઢીલ કરવી
દેવગિરિ = દોલતાબાદ
દેવ ત્રિતય = ત્રણે દેવો
દેવદક્ષિણે = દેવના જમણા હાથે (દક્ષિણે)
દેવનિર્મિત = દેવે નિર્માણ કરેલું, પ્રારબ્ધમાં લખાયેલું
દેવપિત્રર્ણ = દેવ અને પિતૃઓનું ઋણ
દેવભાષા = સંસ્કૃત, ગીર્વાણભાષા
દેવમાર્ગ = આકાશગંગા
દેવયાન = સ્વર્ગનું વિમાન
દેવર = દિયર, પતિનો નાનો ભાઈ
દેવરાજ = ઈન્દ્ર, દેવોનો રાજા
દેવર્ષિ = દેવોના ઋષિ, નારદ, દેવ અને ઋષિ
દેવલોકની કન્યકા = ગંધર્વ લોકની કન્યા
દેવવિડંબન = દેવની મશ્કરી, દેવ સાથે છલ
દેવાસુર = દેવ અને દાનવ (અસુર)
દેવાંશી = દેવના અંશવાળો
દેવી ત્રિપુરા = રેણુકા માતા
દેવોપકરણાદિ = દેવપૂજાનાં વાસણ (ઉપકરણ) વગેરે
દેશ = રાષ્ટ્ર
દેશકાલજાતિ = સ્થળ (દેશ), સમય (કાલ) અને જાતિ
દેશિકવર= આચાર્યો (દેશિક)માં શ્રેષ્ઠ (વર)
દેશિકશ્રેષ્ઠ= આચાર્યમાં શ્રેષ્ઠ, શ્રેષ્ઠ આચાર્ય
દેહ-અહંતા = દેહમાં આત્મબુદ્ધિ એટલે કે 'હું શરીર છું' એવી બુદ્ધિ રાખવી
દેહગેહમાં = શરીર (દેહ)રૂપી ઘર (ગેહ)માં
દેહદહન = શરીર (દેહ) બાળી નાંખવું (દહન) તે
દેહદંડ નિરિચ્છતા = દેહને આવશ્યક અન્નાદિ વગેરેની જરૂરિયાતો પ્રત્યે પણ ઉદાસીનતા
દેહપર્યંક = શરીર (દેહ)રૂપી પારણું (પર્યંક)
દેહસિદ્ધિ= શરીર સાથે સંકળાયેલી સિદ્ધિ
દેહાપેક્ષા= જીવવાની ઇચ્છા
દેહાવસાન = મૃત્યુ
દૈતેય = દિતિનો પુત્ર, દૈત્ય
દૈત્યજા = રાક્ષસ (વૃષપર્વા)ની પુત્રી (જા), શર્મિષ્ઠા
દૈત્યારિ = રાક્ષસ (દૈત્ય)નો શત્રુ (અરિ)
દૈત્યાંતક = દૈત્યનો કાળ, દૈત્યને મારનાર
દૈન્ય = દીનતા, ગરીબાઇ
દૈન્યહા = ગરીબાઇ (દૈન્ય)નો નાશ કરનાર (હા), ગરીબાઇ હરી લેનાર
દૈન્યાંતક = ગરીબાઇનો અંત કરનાર, દૈન્ય-ગરીબી હરનાર

દૈવ = નસીબ, પ્રારબ્ધ
દૈવખેલ = નસીબનો ખેલ, પ્રારબ્ધની રમત
દૈવજ્ઞ = જ્યોતિષી, નસીબ (દૈવ) વિશે જાણનાર (જ્ઞ)
દૈવત = સત્ત્વ, સાર, દૈવી, દિવ્ય તેજ
દૈવન્યૂન = પ્રારબ્ધમાં જ ખામી- ઊણપ, ફૂટેલું નસીબ
દૈવપ્રબળ = નસીબનો બળિયો, પ્રબળ ભાગ્યવાળો
દૈવપ્રશ્ન = જ્યોતિષ વિશેનો પ્રશ્ન
દૈવભીતિ = નસીબની બીક, ભાગ્યનો ડર
દૈવભુક્ = પ્રારબ્ધ (દૈવ)વશાત્ જે આવી મળે તે હર્ષ-શોક વગર સંતોષથી ભોગવનાર
દૈવયોગ = નસીબ, પ્રારબ્ધનો જોગ, સંયોગ
દૈવવક્ર = વાંકું નસીબ, વાંકું પ્રારબ્ધ
દૈવશાળી = ભાગ્યશાળી, નસીબદાર
દૈવહતક= ફૂટેલા નસીબવાળું, હતભાગી
દૈવીસંપત્તિ = સદ્ગુણોરૂપી સંપત્તિ: સત્ય, દયા, ક્ષમા વગેરે
દૈવીસંપદ્ = સદ્ગુણોરૂપી અલૌકિક સંપત્તિ
દૈવે = પ્રારબ્ધે કરીને, ભાગ્યવશાત્
દોષદા = દોષ આપનારી (દા)
દોષાર્ણવ = દોષોનો સાગર (અર્ણવ)
દોહદ સુખ = ગર્ભવતી સ્ત્રીની ઇચ્છા, એના મનના ઓરતા
દ્યાવા = અંતરિક્ષ
દ્યાવાભૂમિ = અંતરિક્ષ અને પૃથ્વી
દ્યૂત ને વાદાનૃતાદિ = જુગાર (દ્યૂત), વાદવિવાદ અને અસત્ય (અનૃત) વગેરે (આદિ)
દ્રવમધુરાન્ન = પ્રવાહી (દ્રવ) અને ગળ્યું (મધુરું) અન્ન, ખીર વગેરે
દ્રવે = પીગળે

દ્રવ્ય = પૂજામાં વપરાતી ચીજવસ્તુ, નાણું
દ્રવ્યા = પીગળ્યા, લાગણીવશ થઇ ગયા
દ્રાક્ = તરત, જલદી
દ્રુત = સત્વર, જલદી
દ્રુમ = ઝાડ, વૃક્ષ
દ્રુમતળે = ઝાડની નીચે
દ્વન્દ્વ = જોડકું, યુગ્મ, બે. માનામાન, લાભાલાભાદિ ભાવો
દ્વન્દ્વજ = નર-માદા (દ્વન્દ્વ)ના મૈથુનથી જન્મેલું અથવા ઈશ્વર અને પ્રધાન બંનેથી ઉત્પન્ન
દ્વયાનન = બે (દ્વય) મોં (આનન) વાળા
દ્વાદશાક્ષરમંત્ર = બાર (દ્વાદશ) અક્ષરનો મંત્ર, ૐ નમો ભગવતે વાસુદેવાય ।
દ્વાદશાંશ = બાર (દ્વાદશ)મો ભાગ
દ્વાપરયુગ = ત્રીજા ક્રમનો યુગ, ત્રેતાયુગ પછીનો યુગ (અવધિ: ૮,૬૪,૦૦૦ વર્ષ)
દ્વાર = શરીરનાં નેત્ર-કર્ણાદિ દ્વારો
દ્વારામતિ = દ્વારિકા
દ્વિઘ્ન = બમણું
દ્વિજ = બ્રાહ્મણ
દ્વિજદાસ્યે = બ્રાહ્મણની સેવામાં (દાસ્યે)
દ્વિજવર = વિષયલંપટ બ્રાહ્મણ
દ્વિજશવ = બ્રાહ્મણનું શબ
દ્વિજસદને = બ્રાહ્મણના ઘરે (સદને)
દ્વિજાદિને = બ્રાહ્મણ (દ્વિજ) વગેરેને
દ્વિજારાધન = બ્રહ્મભોજન, બ્રાહ્મણ (દ્વિજ)ને પ્રસન્ન કરવા (આરાધન)
દ્વિપદ = બે (દ્વિ) પગવાળા માણસ, પક્ષી (મુખ્યત્વે માણસ)
દ્વિરાચમ = બે વાર (દ્વિ) આચમન

**દ્વિષપત્ની** = શત્રુની પત્ની

**દ્વેષ** = ઈર્ષ્યા, તિરસ્કાર. અમુક વ્યક્તિ કે વસ્તુની હાજરી પોતાનાં દુ:ખનું કારણ છે એવી લાગણી

**દ્વેષ્ટી** = દ્વેષી

**દ્વૈતામય** = દ્વૈતરૂપી રોગ (આમય)

**દ્વૈતારોપ** = પ્રમાણ વગરના, મિથ્યા, અતાત્વિક વ્યર્થ આરોપ (અજ્ઞાનને કારણે ભિન્નતાનો (બે હોવાનો દ્વૈતનો) વ્યર્થ આરોપ)

## ધ

**ધકાધકીનો મામલો** = મારામારીનો જોખમભરેલો ખતરો

**ધનકવિદૂર** = લોભથી દૂર

**ધનદગણ** = કુબેર (ધનદ)ના ગણ (સેવકો)

**ધનપતિ** = કુબેર

**ધનલુબ્ધ** = ધનનો લોભી (લુબ્ધ)

**ધનંજય** = અર્જુન

**ધનુરંતર** = ધનુષ્ય જેટલું- ચાર હાથનું- અંતર

**ધનુરાકાર** = ધનુષ્યનો આકાર

**ધનુર્વેદ** = અથર્વવેદના ઉપવેદનું નામ, ધનુષવિદ્યાનો વેદ

**ધન્યઅદ્ય હું ધન્યતર** = આજ સુધી (અદ્ય) ધન્ય હતો, હવે હું વધુ ધનભાગી થયો છું

**ધરણી** = પૃથ્વી

**ધરા** = પૃથ્વી

**ધરાધિપ** = પર્વત, પૃથ્વી (ધરા) ઉપરનો રાજા (અધિપ)

**ધર્મ** = યુધિષ્ઠિર, ધર્મરાજ (યુધિષ્ઠિરનો જન્મ યમના મંત્રને કારણે થયો હતો)

**ધર્મ** = યમરાજ

**ધર્મજ્ઞ** = ધર્મને જાણનાર

**ધર્મજ્ઞા** = ધર્મને જાણનારી (જ્ઞા)

**ધર્મવ્યતિક્રમ** = ધર્મ વિરુદ્ધ વર્તન (વ્યતિક્રમ), ધર્મનું ઉલ્લંઘન

**ધર્મસેતુ** = ધર્મની મર્યાદાનું રક્ષણ કરનાર

**ધર્માચાર** = ધર્મ પ્રમાણેનો આચાર

**ધર્માજ્ઞા** = ધર્મની આજ્ઞા

**ધવ** = પતિ

**ધવલયશ** = ઉજ્જવળ કીર્તિ

**ધાક** = બીક, ડર

**ધાગો** = તંતુ, દોરો, (વંશ)

**ધાતુદોષશોષણ** = શરીરના સાત રસો, વાતપિત્તાદિ અંગેના દોષ દૂર કરવા

**ધાત્રી** = ધાવણા બાળકને ધવરાવનારી સ્ત્રી, ધાવ

**ધાત્રીફળ** = આમળાં

**ધાય** = દોડે

**ધાર** = સમડી

**ધાશે** = દોડશે

**ધિક્** = ધિક્કાર છે

**ધિક્ ધિક્** = ધિક્કાર છે, ધિક્કાર છે

**ધિષણ** = બૃહસ્પતિ

**ધિષણનંદન** = કચ, બૃહસ્પતિનો પુત્ર

**ધી** = બુદ્ધિ

**ધીપ્રેરક** = બુદ્ધિને પ્રેરનાર

**ધીમાન્** = બુદ્ધિવાળો, બુદ્ધિશાળી

**ધીર** = બુદ્ધિના પ્રેરક સૂર્ય ભગવાન

**ધીર** = ધીરજવાળા, બુદ્ધિમાન

**ધીવર** = માછી, ઢીમર

**ધીશ** = બુદ્ધિ (ધી)ના પ્રેરક (ઈશ)

ધૂત = પવિત્ર
ધૂમ્રમય = ધુમાડાવાળી
ધૂર્જટિ = શંકર
ધૂર્ત = ઠગ, કપટી
ધૂલીધૂસર = ધૂળથી ખરડાયેલું
ધૃતદેહ = શરીર ધારણ કરનાર
ધૃતમૌન = મૌન ધારણ કરનાર
ધૃતવિગ્રહ = શરીર (વિગ્રહ) ધારણ કરનાર
ધૃતિ = ધીરજ, ધૈર્ય
ધૃષ્ટ = બેશરમ, ઉદ્ધત
ધેન = ગાયનું ધણ (ટોળું)
ધેનુ = ગાય
ધેનુત્તમ = ઉત્તમ ગાય (ધેનુ)
ધેનુવત્સ = વાછરડું, ગાય (ધેનુ)નું બચ્ચું (વત્સ)
ધોલ = તમાચો, લાફો
ધૌત = ધોયેલું
ધ્રુવ = અખંડ, અક્ષય
ધ્વંસ = નાશ
ધ્વાંત = અંધકાર, અંધારું
ધ્વાંતાજ્ઞાન = અજ્ઞાનરૂપી અંધકાર

## ન

નકુળ = નોળિયો
નક્ર = મગર
નક્રાદિ = મગર વગેરે
નક્રાસ્ય = મગર (નક્ર)નું મુખ (આસ્ય), મગરના જેવા મુખવાળા
નક્તભુક્ત = (દિવસે તદ્દન નિરાહાર રહી) ફક્ત રાત્રે જમનાર
નક્ષત્રયુક્ત = નક્ષત્રસહિત (યુક્ત)
નખકેશયુક્ત = નખ અને વાળવાળું
નખશિખ = પગથી માથા સુધી
નખશિખાન્ત = પગના નખથી માંડીને માથાની ચોટલી (શિખા) સુધી, છેક નીચેથી ઉપર સુધી
નખાગ્ર = નખના આગળના ભાગે
નગો = પર્વતો (નગ = પર્વત), ડુંગરો
ન ચિત્ર! = એમાં નવાઈ નથી!
નત = નમ્ર, વિનયી
નત = નમીને
નત = ભક્ત
નતકલ્પ = ભક્તો (નત)ના કલ્પવૃક્ષ, શ્રીગુરુ
નતકાજ = ભક્તોનાં કામ, ભક્તોને માટે
નતકામ = ભક્ત(નત)ની ઇચ્છા (કામ)
નતજન = ભક્તજન
નતરક્ષક = ભક્તને રક્ષનાર
નતરક્ષણે = ભક્તજન (નત)નું રક્ષણ કરવામાં
નતિગર્ભ = જેમાં નમસ્કાર (નતિ) ગર્ભિત છે, સમજી લેવાના છે
નદીતટવાસી = માછી, નદીના કિનારે રહેનારો
નદીમધ્યસ્થ = નદીની વચમાંથી, નદીના મધ્ય ભાગમાંથી
નફટ = લાજ શરમ વિનાનો
નભ = આકાશ, વ્યોમ
નમોઽન્ત = છેલ્લે (અંતે) નમઃ આવે એ રીતે
નમોઽસ્તુ તે = તમને (તે) નમસ્કાર (નમઃ) હો (અસ્તુ)
નરકાંત = અંતે નરકમાં લઈ જનાર
નરનામ = મનુષ્ય માત્ર

**નરનાયકો** = નરકમાં લઈ જનારા

**નરહરિ** = નૃસિંહ ભગવાન, માણસ (નર)માં સિંહ (હરિ) જેવા

**નરી** = તદ્દન

**નવ** = નવા

**નવદ્વારો** = શરીરમાં રહેલાં નવ છિદ્રો: આંખ (૨), કાન (૨), નસકોરાં (૨), મોં, ગુદા અને શિશ્ન

**નવધા** = નવ પ્રકાર (ધા)ની

**નવનીત** = માખણ

**નવપાષાણ** = સેતુ બાંધતી વખતે ભગવાન રામે નવગ્રહની સ્થાપના કરી હતી તે સ્થળ, જ્યાં સેતુનો પ્રથમ પથ્થર મૂક્યો હતો

**નવપ્રસૂતગવાદિ** = નવી વિયાયેલી ગાય વગેરે

**નવવધૂ** = નવી (નવ) વહુ (વધૂ), નવોઢા, નવી પરણેલી સ્ત્રી

**નવશા** = વર, પતિ

**નવોઢા** = નવી વહુ, નવવધૂ, નવી પરિણીત સ્ત્રી

**નષ્ટ** = ખોવાયેલ

**નષ્ટલાભ** = ખોવાયેલી વસ્તુ મળવી

**નષ્ટવસ્તુ** = ખોવાયેલી વસ્તુ

**નસતંતુ** = નસરૂપી તંતુ

**નહન** = બંધન

**નંદ** = આનંદ

**નંદન** = પુત્ર, દીકરો, આનંદ કરાવનાર

**નંદનવન** = ઇંદ્રના બગીચાનું નામ

**નંદનવાડી** = ઇંદ્રનો બગીચો

**નંદાતિથિ** = પડવો, છઠ્ઠ, અગિયારસ

**નંધારૂઢ** = નંદી ઉપર સવારી કરતા

**નાગવલ્લીદલ** = નાગર (નાગ) વેલ (વલ્લી)નું પાન(દલ)

**નાગસહાય** = નાગની સાથે

**નાગેશ્ચાખ્ય** = નાગેશી નામના ગામે

**નાટકી** = નાટક કરવામાં હોશિયાર

**નાડી** = ઘડી, ૨૪ મિનિટનો સમય

**નાણે** = ન આણે, ન લાવે

**નાદ અનાહત** = આહત (કશા સાથે અથડાયા) સિવાય (અન્) થતો અવાજ (નાદ)

**નાદત્તં ઉપતિષ્ઠતે** = નહિ આપેલું (અદત્તં) મળતું નથી (ન ઉપતિષ્ઠતે)

**નાદામૃત** = બ્રહ્મનાદરૂપી અમૃત

**નાના** = અનેક, વિધવિધ

**નાના ધર્માન્વિત** = વિવિધ ધર્મવાળી

**નાના પરિમલગંધ** = વિવિધ પ્રકારની સુગંધીવાળા

**નાના યત્ને** = વિવિધ પ્રકારના પ્રયત્નથી

**નાના યોનિ ભ્રમણ** = જુદી જુદી યોનિઓમાં જીવનું ભટકવું

**નાના રંગે** = અનેક પ્રકારના રંગે

**નાના રૂપે** = અનેક (નાના) રૂપે, વિવિધ (નાના) રૂપે

**નાના વન શોભાઢ્ય** = વિવિધ પ્રકાર (નાના)નાં જંગલોની શોભાથી અલંકૃત

**નાના વર્ણ** = અનેક વર્ણના, વિધવિધ વર્ણના

**નાના સ્વાદ** = જાત જાતના સ્વાદ, વિવિધ પ્રકારના સ્વાદ

**નાન્યથા** = એનાથી બીજું (અન્યથા) નહીં

**ના ન્યૂનાધિક** = ઓછી (ન્યૂન) પણ નહીં કે વધારે (અધિક) પણ નહીં. (એકદમ માપસર)

**નાપુત્રસ્યગતિ:** = પુત્ર વિનાના (અપુત્ર)ને સદ્‌ગતિ નથી

**નાપે** = ન આપે

**નાબુલુગી** = અજ્ઞાની

**નામાનામાતીત** = નામ અને અનામથી પર (અતીત)

**નારાયણ** = પાણીનો સમૂહ એટલે નાર. એમાં રહેનાર-અયન કરનાર, શયન કરનાર-વિષ્ણુ ભગવાન
**નારિકેલવત્** = નાળિયેર (શ્રીફળ) જેમ (વત્)
**નારોગ્ય** = આરોગ્ય નહિ
**ના'વું** = ન આવું
**ના'વે** = ન આવે
**નાસા** = નાક
**નાસાગ્રે** = નાકના આગળના ભાગે, નાકના ટેરવે
**નાસાપુટ** = નસકોરું
**ના સેના ના પુર કશું** = લશ્કર પણ નહીં અને નગર પણ નહીં
**નાહક** = નકામું
**નાંદીશ્રાદ્ધ** = માંગલિક પ્રસંગે સૂતકનું વિઘ્ન ન નડે તે માટે કરવામાં આવતું શ્રાદ્ધ
**નિકટ** = પાસે
**નિકંદન** = જડમૂળથી નાશ
**નિકુંજ** = વનસ્પતિની ઘટા, લતામંડપ
**નિકૃષ્ટ** = એકદમ નીચ, હલકામાં હલકો, અધમાધમ
**નિગમાગમ** = વેદ (નિગમ) અને શાસ્ત્ર (આગમ)
**નિગમાગેયા** = વેદો (નિગમ) દ્વારા ગવાયેલી, વેદો જેનું ગાન કરે છે તેવી
**નિગમાદિને** = વેદ (નિગમ) વગેરે (આદિ) ને
**નિગૂઢ** = એકદમ છુપાઇને, ગુપ્તવેષે, અતિગૂઢ રીતે, કોઇ ના ઓળખે તેમ
**નિગ્રહ** = સંયમ
**નિઘ્ન** = પરવશ
**નિઘ્ન સર્વેન્દ્રિયેણ** = બધી ઇન્દ્રિયો પરવશ, શિથિલ થઇ જવાથી
**નિજ** = પોતાનું
**નિજ પાપ ક્ષાલન** = પોતાનાં પાપ ધોવાં તે
**નિજાધિકાર** = પોતાનો અધિકાર
**નિજાનંદ** = આત્માનો આનંદ, પોતાનાં અંત:કરણની અંદર આનંદ માણવો
**નિજાલયે** = પોતાના ઘરે, પોતાના રહેવાના સ્થાને
**નિજાહ્નિક** = પોતાનું રોજનું ધર્મકાર્ય
**નિજાંતક** = પોતાને (નિજ) મારનારો, પોતાનો અંત કરનારો
**નિતાંત** = અત્યંત, અતિશય
**નિત્યસ્નાનાસંભવે** = રોજ સ્નાન કરવાનું શક્ય ન હોય ત્યારે
**નિદર્શન** = દૃષ્ટાંત, બનેલો પ્રસંગ
**નિદ્રાકોશ** = ઊંઘણશી, ખૂબ ઊંઘનાર, ઊંઘનો ભંડાર
**નિધન** = મૃત્યુ, મરણ
**નિધાન** = ખજાનો, ભંડાર, નિધિ
**નિધિ** = કુબેરના નવ નિધિ, ભંડાર
**નિપુણ** = બુદ્ધિમાન
**નિપુણત્વે** = કુશળતાથી
**નિપુત્રિક** = પુત્ર વિનાનો
**નિબંધન** = બંધનરૂપ, બાંધવું
**નિબિડ** = ઘોર, ભયંકર, ગાઢ
**નિમકહરામ** = ઉપકારને ભૂલી જનાર, નમકહરામ
**નિમિત્ત હેતુ** = નિમિત્ત કારણ, વસ્તુ બનાવનાર. (માટીમાંથી ઘડો બનાવનાર કુંભાર)
**નિમેષમાત્રે** = આંખના પલકારામાં
**નિમેષોન્મેષ** = આંખ મીંચવી અને ઉઘાડવી (ઉન્મેષ)
**નિયતિબળે** = પ્રારબ્ધ (નિયતિ)ના જોરે
**નિરપેક્ષ** = નિ:સ્વાર્થ

નિરભ્ર = વાદળાં (અભ્ર) વગરનું (નિ:), સ્વચ્છ આકાશ
નિરયોપમ = નરક સરખું, નરક જેવું
નિરસ્તવિકલ્પબંડ = વિકલ્પનું બંડ- તોફાન જેનું નાશ પામ્યું છે તે
નિરંજન = માયાના અંજન વગરનો, અંજનરહિત
નિરંતર = સતત, લગાતાર
નિરંશ = અંશ વિનાનો
નિરાકારેશ = નિરાકાર ભગવાન (ઈશ)
નિરાગસ = નિષ્પાપ, નિર્દોષ, નિરપરાધી
નિરામય = નીરોગી, રોગ (આમય) વગરનો, તંદુરસ્ત, નિર્દોષ, શુદ્ધ
નિરામિષ = માંસ (આમિષ) વગરનું
નિરાલંબ = (૧) આધાર (આલંબ) વિનાના,
(૨) જેને આધારની જરૂર નથી તે,
(૩) એના જેવો બીજો કોઈ આધાર નથી તે
નિરાવરણ = આવરણ વગરનો, ખુલ્લો
નિરાશ = આશા વગરનો, નિષ્કામ
નિરાશ્રય = આશ્રય વગરના, આશરા વિનાના, બે-આશરા
નિરિચ્છ = ઇચ્છારહિત, ઇચ્છા વગરનો, દેહને આવશ્યક ચીજો- અન્નાદિક- પ્રત્યે પણ ઉદાસીન
નિરુપમ = જેને કોઈ ઉપમા ન આપી શકાય એવું, ઉત્તમ
નિર્ગમદ્વાર = બહાર જવાનું બારણું
નિર્ગમે = પસાર કરે, ગાળે
નિર્જર = દેવ, જેમને ઘડપણ (જરા) આવતું નથી તે
નિર્ઝર = ઝરણું
નિર્દાબ = કોઈનું દબાણ જેના પર ન ચાલે તેવા
નિર્દોર = અંકુશ વગરનું, બેકાબુ
નિર્દ્વંદ્વ = દ્વંદ્વ (રાગ દ્વેષ, સુખ-દુ:ખ)થી પર, શંકા રહિત
નિર્ધાર = મક્કમ નિર્ણય, ચોક્કસ, છેવટનો નિશ્ચયાત્મક નિર્ણય, નક્કી
નિર્ધૂમ = સ્પષ્ટ, અચૂક, ધુમાડા વિનાનું
નિર્બંધ = નિશ્ચયાત્મક આગ્રહ
નિર્બાધ = કોઈ પણ જાતની મુશ્કેલી (બાધ) વિનાનું
નિર્બીજ = બીજ વગરનો, જપ, ધ્યાન વગેરે રહિત
નિર્ભર = ભરેલું, પુષ્કળ, આશ્રિત, અવલંબિત, ગાઢ
નિર્મળી = ફટકડી, જળ નિર્મળ કરનાર
નિર્મળી કલ્ક = ફટકડીની ભૂકી
નિર્માન = માન મૂકીને, માનની ઇચ્છા વગર
નિર્માનુષ = નિર્જન, મનુષ્ય વગરનું
નિર્માલ્ય = (૧) દેવ ઉપર ચડાવેલ કે ચડાવીને ઉતારેલ ફૂલ, વાસી ફૂલ વગેરે વસ્તુ,
(૨) એક વાર વાપરીને કાઢી નાંખેલ વસ્તુ
(૩) શક્તિ વગરનું
નિર્મી = નિર્માણ કરી, બનાવી, તૈયાર કરી
નિર્યાણ = પરલોકગમન
નિર્વાક્ = મૂગા, મૌન
નિર્વાણ = મોક્ષ, ચોક્કસ
નિર્વાણપદ = મોક્ષપદ
નિર્વાસન = વાસનારહિત, વાસના વિનાના
નિર્વિકલ્પ = સંકલ્પ-વિકલ્પ વિનાનો, ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો લય થાય તે
નિર્વિણ્ણ = ઉદાસીન, નિરાશ, હતાશ
નિર્વેદ = ઉદાસીનતા, દુ:ખ, ગ્લાનિ
નિવાતદીપપ્રમાણ = બિલકુલ પવન વગર (નિવાત)ની જગ્યાએ મૂકેલા દીવા (દીપ)ની માફક, તદ્દન સ્થિર

**નિવાપાંજલિ** = મરનારને આપવામાં આવતી જલ (આપ)ની અંજલિ
**નિવાસાર્થ** = નિવાસ માટે, મુકામ કરવા માટે
**નિવીત** = હાથમાંથી જનોઇ કાઢી નાંખી માત્ર ડોકમાં જનોઇ લટકતી રાખીને, પાટલી સાથે
**નિવૃત્યાપ્તિ** = નિવૃત્તિ, મોક્ષની પ્રાપ્તિ (આપ્તિ)
**નિશાકર** = ચંદ્ર, રાત્રિ (નિશા) કરનાર (કર)
**નિશિ** = રાત્રિ
**નિશ્ચયકરણ** = નિશ્ચય કરવાનું સાધન
**નિશ્ચિંત** = ચિંતા વગરનું
**નિષિદ્ધતમ** = કોઇ પણ સંજોગોમાં ન સ્વીકારી શકાય તેવું
**નિષિદ્ધાન્ન** = જે અન્ન ખાવાનો નિષેધ છે- પ્રતિબંધ છે તે
**નિષિદ્ધાન્યમાસાદિમાં** = નિષેધ કરેલા મહિના સિવાયના મહિનામાં
**નિષેક** = વીર્યપાત
**નિષ્ક** = સોનામહોર
**નિષ્કલ** = નિરવયવી, અખંડ
**નિષ્કલ્મષ** = પાપ (કલ્મષ) વગરના, કલંક વગરના, નિષ્કલંક
**નિષ્કામ** = કોઇ પણ જાતની ઇચ્છા વિનાનો
**નિષ્કારણ** = કારણ વગર, વિના કારણે
**નિષ્કૃતિ** = નાશનો ઉપાય
**નિષ્ઠા** = અડગ વિશ્વાસ, નિતરામ સ્થિતિ
**નિષ્ઠાક્રમ** = જ્ઞાનની સ્થિરતા, સ્વરૂપાવસ્થિતિ
**નિષ્ઠુર** = ક્રૂર, દયા વગરનો
**નિષ્ણાત** = પ્રવીણ, હોશિયાર
**નિષ્પન્ન** = પ્રાપ્ત, ફલિત, ઉત્પન્ન થયેલું
**નિષ્પંક** = નિર્મળ, કાદવ (પંક) વિનાના
**નિસબત** = સંબંધ, લાગેવળગે તે
**નિસ્ત્રસ્ત** = ત્રાસ વગર, સુખથી
**નિસ્ત્રૈગુણ્યે** = સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણ ગુણથી પર, ત્રિગુણાતીત સ્થિતિમાં
**નિસ્પંદ** = નિર્વિકલ્પ
**નિંદાવૃત** = નિંદાની વાત
**નિ:શ્વાસ** = શ્વાસ બહાર કાઢવો
**નિ:સુત** = પુત્ર વિનાની, નિ:સંતાન
**નિ:સંજ્ઞ** = બેભાન, ભાન (સંજ્ઞ) વગરની (નિ:)
**નિ:સાર** = સાર વિનાની, અસાર
**નિ:સુત** = પુત્ર વિનાની
**નિ:સ્તાપ** = શાંતિથી, સંતાપ વિના, કલેશ વિના, નિશ્ચિંતપણે
**નિ:સ્પંદ** = નિર્વિકલ્પ, નિશ્ચલ, સ્થિર
**નીચકર્મરત** = હલકાં કામો કરવામાં મશગૂલ,રચ્યોપચ્યો
**નીતિહા** = નીતિનો નાશ કરનાર (હા)
**નીરવ** = નિ:શબ્દ, અવાજ વિનાનું
**નીરાજન** = આરતી
**નીલકંઠ** = જેનો કંઠ લીલો છે તે- મોર, મહાદેવ
**નીવિબંધ** = પાટલીની ગાંઠ
**નુગરો** = ગુરુ વિનાનો, નગુણો
**નૂતન** = નવું, નવી
**નૂતન તસવીર** = નવી છબી
**નૂત્ન** = નવું, નવીન
**નૂત્નવત્** = નવા જેવું
**નૃકાય** = માણસ (નૃ)નું શરીર ધારણ કરનાર
**નૃપ** = લોકોનું (માણસોનું) પાલન કરનાર
**નૃપતે** = હે રાજા! (નૃપતિનું સંબોધન)

**નૃપનંદિની** = રાજકુંવરી, રાજા (નૃપ)ની દીકરી (નંદિની)
**નૃપાત્મજ** = કુંવર, રાજા (નૃપ)નો દીકરો (આત્મજ)
**નૃપાલ** = રાજા, લોકો (નૃ)નું પાલન કરનાર (પાલ)
**નૃવર્જિત** = રાજા (નૃ)થી તરછોડાયેલી, રાજા વિનાની
**નૃશંસ** = દુષ્ટ, ક્રૂર, ઘાતકી
**નૃસિંહવાટિકા** = નરસોબાની વાડી
**નેતિનેતિ** = આમ (ઇતિ) નહિ (ન), આમ નહિ, એ નહિ, એટલું બસ નહિ
**નેત્ર સંકેતે** = આંખના ઈશારે
**નેન** = આંખ, ચક્ષુ, નયન
**નૈક** = બહુ, એકથી વધુ, એક નહિ. (ન + એક)
**નૈમિત્તિક કલ્પ** = પાંચ જાતના પ્રલય પૈકી બ્રહ્મ દેવના શયન નિમિત્તથી થયેલો અવ્યકત સંજ્ઞક કલ્પ
**નૈરાશ્યે** = નિરાશામાં
**નૈષ્કર્મ્યે** = નિષ્કામ ભાવે કર્મ કરવાની વૃત્તિમાં
**નોપેક્ષે** = ઉપેક્ષા કરે નહીં
**નૌ** = નૌકા, નાવડી
**ન્યાસાપહરણ** = થાપણ (ન્યાસ)ની ઉચાપત (અપહરણ) કરવી
**ન્યૂન** = ઓછું, ઓછાં, ખૂટતું
**ન્યૂનત્વ** = ખામી, મણા, કમી, કસર, અધૂરાપણું
**ન્યૂનવ્રત** = વ્રતમાં ખામી, વ્રત ખંડિત થવું
**ન્યૂનાધિક** = ઓછું (ન્યૂન) પણ નહીં અને વધુ (અધિક) પણ નહીં, વહાલાં-દવલાં નહીં, ઓછાંવત્તાં
**ન્યોછાવર** = સમર્પણ કરી દેવું, લૂંટાવી દેવું

## પ

**પક્ષપાતકૃત્** = પક્ષપાતી, પક્ષપાત કરનાર
**પક્ષમાસઅયનાબ્દમાં** = પખવાડિયે, છ મહિને (અયને) કે વર્ષે (અબ્દમાં)
**પક્ષાપક્ષીથી** = કોઇનો પક્ષ લેવો કે કોઇની વિરુદ્ધ ભેદભાવની લાગણી, તરફદારી, પક્ષપાત બતાવવાં
**પક્ષાશ્રય** = પક્ષપાત
**પક્ષે** = પખવાડિયે
**પગથી આશિર** = પગથી માથા (શિર) સુધી (આ)
**પટુ** = પ્રવીણ, હોશિયાર, કુશળ, તીક્ષ્ણ બુદ્ધિવાળો
**પટોલ** = પટોળાં, પંડોળાં
**પટોળ** = એક ઔષધિ
**પટ્ટનો** = શહેરો
**પડતાં દેહ** = મરી જવાની સ્થિતિમાં
**પણ** = પ્રતિજ્ઞા, ટેક
**પણ્યસ્ત્રીજન** = વેશ્યા (પણ્ય=વેચાતી)
**પત** = વિશ્વાસ
**પતંગાદિક** = પતંગિયું વગેરે
**પતિશયનનો** = પતિની પથારીનો
**પત્યર્પિતમન** = પતિપરાયણ, પતિને અર્પિત થયેલું મન
**પત્યાજ્ઞા** = પતિની આજ્ઞા
**પત્યાયુર્ભ્રંશ** = પતિના આયુષ્યનો નાશ (ભ્રંશ)
**પત્યાયુવૃદ્ધયર્થે** = પતિના આયુષ્યની વૃદ્ધિ માટે
**પત્યુચ્છિષ્ટ** = પતિનું એંઠું અન્ન

પત્યૌષધ = પતિને માટેનું ઔષધ (દવા)
પથિક = વટેમાર્ગુ, મુસાફર
પદ = વેદનું એક અંગ, (પદ, ક્રમ, સંહિતા) સ્થાન, હોદ્દો
પદ = પગ
પદકંજ = ચરણ (પદ) કમળ (કંજ)
પદબ્રહ્માખ્ય = બ્રહ્મ નામનું (આખ્ય), પદ, મોક્ષ
પદાતિ = પદયાત્રી, પગપાળા જનાર
પદાંબુજ = ચરણ (પગ) કમળ (અંબુજ)
પદે પદે = ડગલે ડગલે
પદ્મ = કમળ, કમળનું ચિહ્ન
પદ્માસન = આસનનો એક પ્રકાર, કમળ જેવું આસન, કમળ જેનું આસન છે તે- બ્રહ્માજી
પનાળ = પાણી વહે તે માટે કરેલી નીક
પય = દૂધ, ધાવણ, પાણી
પયોનિધિ = દૂધ (પય)નો સમુદ્ર, ખજાનો
પયોબ્ધિ = દૂધનો સાગર (અબ્ધિ)
પરચો = ચમત્કાર
પરત: = બીજાની પ્રેરણાથી, બીજાની સ્ફુરણાથી
પરત્ર = બીજે સ્થળે, અન્યત્ર,બાહ્ય વિષયો અંગે
પરદાર = પારકાની સ્ત્રી
પરદારસ્થ = પારકી સ્ત્રી સાથે રહેનારો
પરદેવ = બીજાના દેવ
પરધન = આત્મારૂપી ધન, પારકું ધન
પરનર = બીજો પુરુષ, પતિ સિવાયનો અન્ય પુરુષ
પરન્યાસ = પારકી થાપણ (ન્યાસ), બીજાની અમાનત
પરપદ = પરમ પદ
પરપાર = બીજે (પર) કિનારે (પાર)
પરપુરુષ = પરમ પુરુષ, શ્રેષ્ઠ પુરુષ, અન્ય પુરુષ
પરભૃત = કોયલ
પરમપદ = શ્રેષ્ઠ પદ, મોક્ષ
પરમપદપ્રદ = મોક્ષ આપનાર
પરમ પુરુષ = પરમાત્મા
પરમાયતન = પરમ સ્થાન (આયતન), પરમ પદ
પરમાર્થાર્થે = મોક્ષ (પરમાર્થ) મેળવવા માટે (અર્થે)
પરરસ = શ્રેષ્ઠ (પર) આનંદ (રસ), પરમાનંદ, બ્રહ્માનંદ
પરવાક્ = ઉત્તમ વાણીવાળા
પર વિષે = બીજાને વિશે
પરશુધર = ફરસી (પરશુ) ધારણ કરનાર (ધર), ફરસરામ, પરશુરામ
પરા = શ્રેષ્ઠ પ્રકારની વાણી, મૌનરૂપ બ્રહ્મ
પરાક્ = બહારનું, બહિર્
પરાત્પર = પરથી પર
પરાન્ન = બીજાના ઘરનું અન્ન, પારકા ઘરનું અન્ન
પરાન્નસ્તુતિકૃત્ = બીજાના ઘરના અન્નનાં વખાણ કરનાર
પરાભક્તિ = જેનાથી અવિનાશી બ્રહ્મનું જ્ઞાન થાય તે ભક્તિ
પરાભૂત = હારેલા, હરાવેલો
પરામાં ધ્યાન = પરાવાણીમાં મૌનરૂપ બ્રહ્મમાં ધ્યાન
પરાર્થ કારણે = બીજાને મદદરૂપ બનવાના હેતુથી
પરાર્થે = પરોપકાર માટે, બીજાને મદદરૂપ બનવા માટે
પરાલયવાસથી = બીજાના ઘરે રહેવાથી
પરાવરા = પરા નામની શ્રેષ્ઠ (વર) વાણી
પરાવૃત્ત = પાછી ખેંચવી, (પરાવર્તન કરવી)
પરાસક્ત = બીજામાં આસક્ત થયેલ
પરિચ્છિન્ન = મર્યાદાબદ્ધ
પરિજન = સેવક

પરિણામ = રૂપાંતર, (દૂધનું દહીં થવું); દા.ત. વસ્ત્વંતર, એક વસ્તુનું બીજી વસ્તુના રૂપે નિર્માણ થવું તે વસ્ત્વંતર (વસ્તુ + અંતર ની સંધિ છે)

પરિધાન = પહેરવું, ધારણ કરવું

પરિધાનોત્તર = વસ્ત્ર પહેર્યા પછી (ઉત્તર)

પરિમલ = સુગંધ, સુવાસ

પરિમાણાતિગ = પરિણામથી પર

પરિમિત = પ્રમાણસર, જરૂર પૂરતું

પરિવેષણકાલે = પીરસતી વખતે

પરિહાર = ઉપાય, ઉકેલ, દુ:ખનું નિવારણ

પરિહારાર્થે વંધ્યાદોષ = વંધ્યત્વનો દોષ દૂર કરવા માટે

પરીક્ષા = કસોટી, ચારે બાજુથી (પરિ) તપાસવું, જોવું (ઈક્ષ)

પરેશ્વરેધૃતનેહ = પરમેશ્વરમાં પ્રીતિ રાખનારો, પરમેશ્વર પ્રેમી

પરોક્ષજ્ઞાન = શબ્દજ્ઞાન, જાણવું તે

પર્જન્ય = વરસાદ

પર્જન્યાગમ = વરસાદ (પર્જન્ય)નું આવવું

પર્ણ = પલાશ, ખાખરો, પાંદડું

પર્ણકૃચ્છ = પાંદડાંનો રસ પીને

પર્ણમૂળ = પાનના મૂળનો ભાગ

પર્યંક = પારણું

પર્યંક = પલંગ

પર્યાપ્ત = સંપૂર્ણ, પૂરું

પર્યાપ્તકામ = પૂર્ણકામ, જેની સર્વ કામનાઓ પરિપૂર્ણ જ છે એવો

પર્યુષિત = વાસી, સુકાયેલું

પર્વતટૂક = ટેકરી, પર્વતની ટોચ

પર્વ દિન = પવિત્ર દિવસ

પર્વશ્રાદ્ધાદિમાં ભાર્યાગમન દોષ = રાગાંધ થઇ જેઓ રજસ્વલા સાથે ગમન કરે અથવા પર્વકાલે, પાણીમાં, દિવસે કે શ્રાદ્ધાદિ દિને સ્ત્રી સહ રમે તે નરકમાં જાય છે એવું શાસ્ત્ર વચન છે

પર્વાહે = પર્વના દિવસે, તહેવારના દિવસે

પલળ્યા લેશ ન = સહેજ પણ દયા ન આવી

પલાશપત્રે = ખાખરાનાં પાંદડાંમાં

પલ્લવ = કૂંપળ, નવું પાન, વસ્ત્રનો છેડો, પાલવ

પલ્લી = પલવડી, ગરોળી, ઘિલોડી

પલ્વલ = ખાબોચિયું, નાનું તળાવ

પરિણામ = રૂ

પવમાન = ગાર્હપત્ય અગ્નિ

પવિત્રતમ = સૌથી વધુ પવિત્ર, અત્યંત પવિત્ર

પશુપક્ષ્યાદિક = પશુ અને પંખી (પક્ષી) વગેરે (આદિક)

પશુપ્રાય = પશુ સમાન, પશુ જેવો

પશુબુદ્ધિથી માંસ અને મદ્ય સોમ = માંસદાન તે પશુયાગ અને મદ્યદાન તે સોમ એમ માનીને કેવળ ઈશ્વર પ્રીત્યર્થ, પોતાના ઉપયોગ માટે નહિ

પશુમાર = ઘાતકી, ક્રૂર

પશુસંસ્થા = પશુહિંસા

પશ્ચિમાબ્ધિ = પશ્ચિમ સાગર (અબ્ધિ)

પશ્યતિ = જુએ છે

પશ્વાદિ = પશુ વગેરે (પશુ + આદિ)

પશ્વાદિક = પશુ વગેરે

પળિયાં = સફેદ વાળ, પાકી ગયેલા વાળ

પળે = ભાગી જાય, દૂર થાય
પંક = કાદવ
પંકપૂર્ણ = કાદવ-કીચડથી ભરેલો
પંક્તિભેદ = એક પંગતમાં જમવા બેઠેલાને પીરસવામાં ભેદ કરવો, જૂદી પંક્તિ કરવા આડ મૂકવી
પંગ્વાદિ = પાંગળો (પંગુ) વગેરે (આદિ)
પંચ = પાંચ
પંચગવ્ય = ગાયનું દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્ર- એ પાંચ વસ્તુઓ
પંચત્વ = મૃત્યુ, શરીરનાં પાંચ તત્ત્વો પાંચ મહાભૂતમાં મળી જવાં
પંચદશાધિક = પંચદશાધિકશત (એકસો પંદર)
પંચનાડી = (બે કલાકનો સમય), પાંચ ઘડી
પંચપદ્યો = પાંચ કાવ્યો
પંચપલ્લવયુક્ત = પાંચ પ્રકારના પાંદડાં સહિત
પંચબાણ = કામદેવ (અરવિંદ, અશોક, નવમાલિકા, આંબામોર અને નીલોત્પલ- એ પાંચ પુષ્પ જેનાં બાણ છે તે)
પંચભૂત તન્માત્ર = પાંચ ભૂતોના સૂક્ષ્મ ગુણ
પંચમ = પાંચમો
પંચમાન = પાંચ શેર વજનની (થાળી)
પંચમાશ્રમ = પાંચમો આશ્રમ, અવધૂત કક્ષા
પંચયજ્ઞ = પાંચ પ્રકારના યજ્ઞ
પંચવક્ત્ર = પાંચ મુખ (વક્ત્ર)
પંચવત્સર = પાંચ વરસ (વત્સર)
પંચવદન = પાંચ મુખ (વદન)વાળા, ભગવાન શંકર
પંચશતકોદંડ = પાંચ (પંચ) સો (શત) ધનુષ્ય (કોદંડ)
પંચસૂનાઘ્ન = ગૃહસ્થના ઘરમાં પાંચ સ્થળે થતી જીવની હત્યા
પંચાક્ષરજપ = પાંચ અક્ષર (નમઃ શિવાય) મંત્રનો જપ
પંચાનન = સિંહ, પાંચ મુખવાળા શંકર ભગવાન
પંચામૃત = દૂધ, દહીં, ઘી, મધ અને સાકર એવાં પાંચ અમૃતનું મિશ્રણ
પંચારતી = પાંચ દિવેટની આરતી
પંચારત્નિમિત = પાંચ અરત્નિ, કોણીથી કનિષ્ઠિકાના છેડા સુધી લાંબુ માપ
પંચાશત્ = પચાસ
પંચાહે = પાંચમે દિવસે, પાંચ દિવસમાં
પંચીકરણ = પંચભૂતોની એકબીજામાં ભેળવવાની પ્રક્રિયા
પંચોપચાર = પાંચ ઉપચાર (ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય એવા પાંચ ઉપચાર)
પંથિક = વટેમાર્ગુ, મુસાફર
પાક = પવિત્ર
પાકાદિ = રસોઇ વગેરે
પાકાદિકમાં = રસોઇ વગેરેમાં
પાખંડ = દંભ, ઢોંગ, ડોળ
પાખંડી = દંભી, ઢોંગી
પાટલ = લાલ ફૂલ
પાટવી = મુખ્ય
પાડ = ઉપકાર, અહેસાન
પાડા વેદો ઉચ્ચારે = જ્ઞાનેશ્વર મહારાજે પાડા પાસે વેદો બોલાવ્યા હતા તે વાત
પાણિ = હાથ
પાણિગ્રહણ = લગ્ન, હસ્ત (પાણિ) મેળાપ
પાતક = પાપ
પાતિવ્રત્ય નિમગ્ન = પતિવ્રતાપણામાં ડૂબેલી, તલ્લીન થયેલી

**પાત્રાંતરે** = અન્ય પાત્રમાં, બીજાં વાસણમાં
**પાથેય** = ભાતું
**પાથેયાદિક** = રસ્તે ખાવાનું ભાતું વગેરે
**પાદક્ષાલન** = પગ પખાળવા, પગ ધોવા
**પાદતલ** = પગના તળિયે
**પાદત્રાણ** = પગરખાં, પગનું રક્ષણ કરનાર
**પાદસ્થ** = પગ (પાદ)માં રહેલું (સ્થ), પગમાંનું
**પાદાંબુજ** = ચરણ (પાદ) કમળ (અંબુજ)
**પાધરી** = બારોબાર, સીધે સીધી (સ્ત્રીલિંગ)
**પાધરું** = બારોબાર, સીધે સીધું
**પાનઆરતી** = પાન ઉપર દિવેટ મૂકીને કરવામાં આવતી આરતી
**પાનદ** = પિવડાવનાર
**પાનાર્થ** = પીવા માટે
**પાનાસક્ત** = મદ્યપાનમાં મગ્ન
**પાપડાદિ** = પાપડ વગેરે
**પાપનષ્ટ** = પાપને કારણે નાશ પામેલાં, પાપથી મરી ચૂકેલાં
**પાપ પ્રતિક્રિયા** = પાપ નાશ કરવાનો ઈલાજ
**પાપલય** = પાપનો નાશ
**પાપવિમોચન** = પાપમાંથી છોડાવનાર, મુક્ત કરાવનાર
**પાપહંત્રી** = પાપોનો નાશ કરનાર (કાશી નગરી)
**પાપાદ્રિ** = પાપનો પહાડ (અદ્રિ), પાપનો પર્વત
**પાયસ** = દૂધની વાનગી, દૂધપાક, ખીર વગેરે
**પાયસાદિક** = દૂધપાક વગેરે
**પાયસાન્ન** = ખીર (પાયસ)નું અન્ન
**પાર** = અળગો, અલિપ્ત, અંત, કિનારો, કાંઠો, લક્ષ્ય
**પારણું** = (શરીરરૂપી )પારણું
**પાર્થ** = પૃથા (કુંતી)નો પુત્ર, અર્જુન
**પાર્થિવ** = રાજા
**પાલાશ દંડ** = ખાખરાનો (પાલાશ) દંડ
**પાવક** = અગ્નિ
**પાવડી** = પાદુકા, ચાખડી
**પાવનતમ** = સૌથી વધારે પવિત્ર
**પાશમુક્ત** = બંધનમાંથી છૂટા થઈને
**પાળે સત્ત્વે** = સાત્ત્વિકતાથી પાલન કરે
**પાંચ ઘડી** = બે કલાક (એક ઘડી = ૨૪ મિનિટ)
**પાંથિક** = મુસાફર, વટેમાર્ગુ
**પાંશરા** = સીધાદોર
**પિતર** = માતા અને પિતા
**પિતામહ** = બાપના બાપ, દાદા
**પિતામહી** = બાપની મા, દાદી
**પિતૃકર્મવિહીન** = શ્રાદ્ધતર્પણ વગેરે પિતૃકર્મ નહિ કરનાર
**પિત્ર** = માતા પિતા
**પિત્ર્ય રાજ્ય** = પિતાથી ચાલી આવેલું રાજ્ય
**પિત્ર્યે** = પિતૃસ્થાને
**પિનાક** = પિનાક નામનું ધનુષ
**પિનાકપાણે!** = જેમના હાથમાં પિનાક નામનું ધનુષ છે તેવા હે ભગવાન શંકર!
**પિનાકિન્** = પિનાક નામનું ધનુષ્ય ધારણ કરનાર, ભગવાન શંકર
**પિનાકિપૂજન** = શિવપૂજન
**પિનાકી** = શંકર ભગવાન
**પિપાસા** = તરસ, તૃષા
**પિશાચત્વ પરિહાર** = પિશાચપણામાંથી મુક્તિ
**પિંગટજટ** = લાલાશ પડતા પીળા (પિંગટ) રંગની જટા
**પિંગલનાગ** = છંદશાસ્ત્રની રચના કરનાર નાગનું નામ

**પિંગલાખ્ય** = પિંગલા નામે (આખ્ય)
**પિંગાક્ષ** = પીળી (પિંગ) આંખ (અક્ષ)વાળા
**પિંડ** = શરીર, ચોખાના લોટનો ગોળો, લોંદો
**પિંડાદિક વિણ** = પિંડ, અગ્નૌકરણ, દક્ષિણા, બ્રહ્મચર્યાદિ રહિત
**પિંડોદક** = પિંડ અને પાણી (ઉદક)
**પીઠાપુર** = ગામનું નામ, શ્રીપાદશ્રીવલ્લભનું જન્મસ્થળ
**પીડિત** = દુ:ખી, શારીરિક પીડાવાળો
**પીતાવશિષ્ટ** = પીધા પછી વધેલું
**પીન** = જાડું, પુષ્ટ
**પીનસ્તની** = પુષ્ટ થયેલા સ્તનવાળી
**પીમળે** = ગંધ આવે, વાસ આવે
**પીયૂષ** = અમૃત, અમી, સુધા
**પુણ્યતમ** = સૌથી વધુ પુણ્યવાળું
**પુણ્યપત્તન** = પુના શહેર
**પુણ્યરાશિ** = અઢળક પુણ્યવાળો, પુણ્યનો ઢગલો (રાશિ)
**પુણ્ય વિશ્લેષ** = પુણ્યનો ક્ષય
**પુણ્યશ્લોક** = જેનું નામ લેવાથી પુણ્ય મળે એવું, નિષ્કલંક કીર્તિવાળો
**પુણ્યોદયે** = પુણ્યનો ઉદય થવાથી
**પુત્રકામેષ્ટિ** = પુત્રની ઇચ્છાથી કરવામાં આવતો યજ્ઞ
**પુત્રજનિ** = પુત્રનો જન્મ (જનિ)
**પુત્રનિધન** = પુત્રનું મરણ
**પુત્રપૌત્રયુત** = પુત્ર અને પૌત્ર સહિત (યુત)
**પુત્રયુગ્મ** = જોડકા પુત્ર
**પુત્રપ્રાપ્તિ** = પુત્રની પ્રાપ્તિ
**પુત્રાશા** = પુત્ર માટેની આશા
**પુનર્** = પાછું, ફરીથી
**પુનરાવૃત્તિ** = ફરી પાછું આવવું, ફરી જન્મવું
**પુનિ પુનિ** = ફરી ફરી
**પુમર્થ** = પુરુષાર્થ
**પુરશ્ચર્યા** = પુરશ્ચરણ, કોઇ મંત્રનો અમુક નિશ્ચિત સંખ્યામાં જાપ કરવાનું અનુષ્ઠાન
**પુરા** = પહેલાં, જૂના જમાનામાં, આ અગાઉ
**પુરા અદ્ય વા જન્માંતરે** = ગયા જન્મે, આ જન્મે અથવા આવતા જન્મે
**પુરાતન** = પ્રાચીન, જૂની
**પુરારે!** = હે ત્રિપુરના અરિ (શત્રુ) મહાદેવ! હે શંકર!
**પુરાવૃત્ત** = પહેલાં બનેલી
**પુરીષ** = વિષ્ટા, મળ
**પુરુષાર્થ** = મોક્ષ, મહેનત
**પુલકિત** = રૂંવાડાં ઊભાં થાય તેમ
**પુલકાંકિત** = રોમાંચિત, રોમ (પુલક)થી અંકિત
**પુલિંદ** = વનજાતિ, ભીલ
**પુષ્ટકુચ** = પુષ્ટ થયેલાં સ્તન (કુચ)
**પુષ્ટિકામ** = પોષણની ઇચ્છાવાળો
**પુષ્પભાગી** = પ્રસાદપુષ્પ મેળવવામાં સહભાગી
**પુષ્યર્ક્ષે** = પુષ્ય નક્ષત્રમાં
**પુંજ** = સમૂહ, ઢગલો
**પુંડ્ર** = ત્રિપુંડ્ર, તિલક
**પુંશ્ચલી** = વ્યભિચારિણી
**પુંસવન** = ગર્ભાધાનના ચોથે મહિને કરવાનો સંસ્કારવિધિ
**પુંસૂક્ત** = પુરુષસૂક્ત
**પૂગાશને** = સોપારી (પૂગ) ખાવાથી (અશને)
**પૂગીફળ** = સોપારી
**પૂજન નીરાજન** = પૂજન અને આરતી

**પૂજાદ્યર્પણ** = પૂજા વગેરે અર્પણ કરવું
**પૂજોત્તર** = પૂજા થયા પછી (ઉત્તર)
**પૂત** = પવિત્ર
**પૂય** = પરુ, રસી
**પૂર્ણકુંભ** = પાણીથી ભરેલો ઘડો
**પૂર્વ** = પહેલાંના, આગલા જન્મમાં, પૂર્વ દિશા
**પૂર્વજનન** = પૂર્વ જન્મ
**પૂર્વજનિ** = પૂર્વ જન્મ
**પૂર્વજન્મૌઘ** = પૂર્વજન્મનાં પાપનો સમૂહ
**પૂર્વવદખંડ** = પહેલાંની જેમ (પૂર્વવત્) અખંડ
**પૂર્વ સર્ગ વિત્** = પહેલાંની સૃષ્ટિના જ્ઞાનવાળા
**પૂર્વાપર** = પહેલાંના અને પછીના (અપર)
**પૂર્વાર્જિત** = પૂર્વ જન્મમાં કરેલાં કર્મો, પૂર્વજન્મમાં કમાયેલાં
**પૂર્વાશ્રમસ્વસા** = પૂર્વાશ્રમની બહેન (સ્વસા)
**પૂર્વે** = પહેલાં
**પૂર્વેતિહાસ** = પહેલાં બનેલા બનાવની વાત
**પૂર્વોત્તરે** = ઈશાન ખૂણામાં, પૂર્વ અને ઉત્તરની વચ્ચે
**પૂષા** = સૂર્ય
**પૃતના** = લશ્કર, સૈન્ય, ફોજ
**પૃથક્** = જુદા જુદા
**પૃથ્વીપતિ** = રાજા, પૃથ્વીનો સ્વામી
**પૃષ્ઠતઃ** = પીઠ પાછળથી
**પૃષ્ઠમાં** = પીઠ પાછળ, પાછળના ભાગે
**પૃષ્ઠિ સંલગ્ન** = પીઠને ચોંટેલું
**પૃષ્ઠે** = પીઠથી
**પેલવ** = નાજુક, કોમળ
**પેલવ દેહ** = નાજુક દેહ
**પેશસ્કાર** = ભમરી
**પેશી** = માંસની કોથળી
**પોત** = હોડી
**પોષણપુષ્ટિકામ** = પોષણથી પુષ્ટ થવાની ઈચ્છાવાળો
**પૌર** = નગર (પુર)માં રહેનારો, નગરવાસી, નાગરિક
**પ્રકૃષ્ટ** = અત્યંત અસરકારક, ઉત્તમ
**પ્રક્ષાળે** = પખાળે, ધૂએ
**પ્રખર** = તીવ્ર
**પ્રચુર** = ઘણું
**પ્રચ્છન્ન** = ઢંકાયલું, ગુપ્ત, છૂપું
**પ્રણતકાય** = શરીરથી દંડવત્ પ્રણામ કરીને
**પ્રણતતાપ** = પ્રણામ કરનારનું દુઃખ
**પ્રણતિ** = પ્રણામ, નમસ્કાર
**પ્રણવગીત** = ૐકાર (પ્રણવ)નું ઉચ્ચારણ
**પ્રણવસ્વરૂપ** = ૐકાર (પ્રણવ) સ્વરૂપ
**પ્રણીતા** = નદીનું નામ
**પ્રણેતા** = રચનાર, યજ્ઞમાં વપરાતું પાત્ર
**પ્રતાપાર્ક** = સૂર્ય (અર્ક)ના જેવો પ્રતાપી, તેજસ્વી
**પ્રતિકેશ** = દરેક વાળ દીઠ
**પ્રતિક્રિયા** = નાશ કરવાનો ઈલાજ
**પ્રતિગ્રહ** = દાન લેવું
**પ્રતિગ્રહાચમન** = આચમન કરવું
**પ્રતિદત્ત** = દત્ત સમાન, જાણે બીજો દત્ત
**પ્રતિદેહ** = દરેક શરીરમાં
**પ્રતિપક્ષ** = દર પખવાડિયે
**પ્રતિપદ** = દરેક ડગલે, પગલે પગલે
**પ્રતિપાળ** = પાલન કરનાર, રક્ષણ કરનાર
**પ્રતિપૌર્ણિમા** = દરેક (પ્રતિ) પૂર્ણિમાએ

**પ્રતિબદ્ધ** = બંધ કરવો
**પ્રતિબંધ** = અજ્ઞાનરૂપી આવરણનું નડતર, વિઘ્ન, અવરોધ
**પ્રતિમાર્ચા** = પ્રતિમાની પૂજા
**પ્રતિરૂપ** = બદલામાં, રૂપ સમાન
**પ્રતિવાદ** = સામે દલીલ કરવી તે
**પ્રતિષેધ** = પ્રતિબંધ, અટકાવ
**પ્રતિસૃષ્ટિકૃત્** = સૃષ્ટિના જેવી બીજી સૃષ્ટિ રચનાર
**પ્રતિહત** = અવળું
**પ્રતીકાર** = ઉપાય
**પ્રતીત** = આનંદિત, હૃષ્ટ, હાજરાહજૂર, પ્રત્યક્ષ
**પ્રતીપ** = વિરુદ્ધ, ઊલટું, પિંગલા (જમણા નસકોરા)થી પૂરક વગેરે
**પ્રત્ન** = પ્રાચીન, સનાતન
**પ્રત્યક્** = અંતરસ્થ, અંદર રહેલું, અંતર્વ્યાપ્ત
**પ્રત્યક્તત્ત્વ** = અંતરાત્મા, ધીસ્થ જીવ
**પ્રત્યક્ષ** = આંખ (અક્ષ) સામે (પ્રતિ), ઇંદ્રિય (અક્ષ) જન્ય અનુભવ, પ્રત્યક્ષ પ્રમાણ, હાજરાહજૂર
**પ્રત્યગ્** = પુરુષ, ધીસ્થ જીવ, અંતરાત્મા, પ્રત્યક્ જિવાત્મા
**પ્રત્યબ્દ** = દર (પ્રતિ) વર્ષે (અબ્દે)
**પ્રત્યય** = અનુભવજન્ય જ્ઞાન, ખાતરી, ભરોંસો, કારણ, વૃત્ત્યનુભવ
**પ્રત્યયે** = પ્રતીતિથી, અનુભવે
**પ્રદક્ષિણ** = જમણી બાજુ, જમણે હાથે
**પ્રદીપ્ત** = તેજસ્વી
**પ્રદોષ સમયે** = સંધ્યા કાળે, સૂર્યાસ્ત સમયે
**પ્રપંચ** = વિસ્તાર, સંસાર
**પ્રપા** = પરબ
**પ્રબોધપુત્ર** = આત્મજ્ઞાન (પ્રબોધ)રૂપી પુત્ર
**પ્રભા** = તેજ, પ્રકાશ
**પ્રભૂત** = ઘણું બધું
**પ્રમદા** = સ્ત્રી, પત્ની
**પ્રમાણ** = આધાર, પુરાવો
**પ્રમાથી** = વિહ્વળ કરી નાખનાર
**પ્રમાદ** = આળસ, સ્વસ્વરૂપનું વિસ્મરણ, આત્મવિસ્મરણ, બેદરકારી, દુર્લક્ષ, ગફલત
**પ્રમિત** = પ્રમાણસર, ખપપૂરતું, જરુરિયાત મુજબ
**પ્રમોદ** = આનંદ, વસ્તુને ભોગવવાથી થતી સુખની લાગણી
**પ્રવાહાપ્ત** = જીવનમાં સામેથી આવી મળેલું
**પ્રવિવિક્ત** = કલ્પિત, મનોમય, જાગ્રદવસ્થાના સ્થૂળ ભોગોથી છૂટા પડેલા, સૂક્ષ્મ
**પ્રવૃદ્ધ** = જે સૌથી વધુ વૃદ્ધ હોય તે
**પ્રશસ્ત** = વખણાયેલું, પ્રશસ્તિ પામેલું, શ્રેષ્ઠ
**પ્રશાંત** = એકદમ શાંત, ખૂબ શાંત
**પ્રષ્ટા** = પૂછનાર
**પ્રસન્ન ઇંદ્રિયો** = શાંત ઇંદ્રિયો, ચંચળતા વગરની સ્થિર ઇંદ્રિયો
**પ્રસાદ** = કૃપા, અનુગ્રહ, મહેરબાની
**પ્રસાદકુસુમ** = પ્રસાદ પુષ્પ (કુસુમ)
**પ્રસીદ** = પ્રસન્ન થા
**પ્રસૂ** = માતા
**પ્રસૂન** = કળી
**પ્રસ્તર** = પથ્થર
**પ્રસ્થ** = પા શેર
**પ્રસ્થપ્રમાણ** = પા શેર (૧૦૦ ગ્રામ જેટલું)

**પ્રસ્થમાત્ર** = પા શેર
**પ્રસ્થાપિત** = સારી રીતે સ્થાપેલું
**પ્રસ્વાપિની** = નિદ્રાની દેવી
**પ્રાક્** = પહેલાનું, પૂર્વેનું
**પ્રાક્કર્મ** = પૂર્વજન્મમાં કરેલું કર્મ
**પ્રાકટ્ય સ્થાન** = (દત્તાવતાર પ્રભુનું) પ્રકટ થવાનું સ્થાન
**પ્રાક્તન** = નસીબ, દૈવ, પ્રારબ્ધ
**પ્રાક્ સંસ્કારો** = પૂર્વના સંસ્કારો
**પ્રાકાર** = કિલ્લો
**પ્રાકૃત** = જે તે પ્રદેશની બોલાતી ભાષા (પ્રાકૃતભાષા = ગુજરાતમાં ગુજરાતી, મહારાષ્ટ્રમાં મરાઠી વગેરે)
**પ્રાગ્** = પૂર્વે, પહેલાં
**પ્રાગ્જન્મમાં** = આગલા જન્મમાં
**પ્રાઙ્મુખ** = પૂર્વાભિમુખ, પૂર્વ દિશામાં મોં રાખી
**પ્રાઙ્મુખ સ્નાન** = પૂર્વાભિમુખ સ્નાન
**પ્રાચીનાવીતી** = (પિતૃકાર્યમાં) ડાબો હાથ જનોઈમાં નાખીને જનોઇ પહેરવું
**પ્રાજાપત્ય** = બાર દિવસનું એક વ્રત
**પ્રાજ્ઞી** = બુદ્ધિશાળી સ્ત્રી
**પ્રાજ્ય** = મોટું, વિશાળ, વ્યાપક, મહાન
**પ્રાણજય સ્થિતિ** = પ્રાણવશ થતાં સર્જાતી પ્રાણજય સ્થિતિ સંવિત્ તરીકે ઓળખાય છે. એનાથી સાધકને ત્રિકાળ જ્ઞાન થાય છે
**પ્રાણાપેક્ષા** = જીવવાની ઇચ્છા
**પ્રાણાંતક શૂળ** = જીવલેણ શૂળ
**પ્રાણોત્ક્રમણ** = પ્રાણનું અન્યત્ર જવું
**પ્રાતઃ સવન** = હોમ
**પ્રાતઃ સંસ્કૃત અન્ન** = સવારમાં રાંધેલું (સંસ્કૃત) અન્ન
**પ્રાદુર્ભૂત** = પ્રગટ થયેલું
**પ્રાદેશમાત્ર** = હથેલી જેવડું
**પ્રાપ્તાપ્રાપ્તે** = મળે (પ્રાપ્ત) કે ન મળે (અપ્રાપ્ત) બંને સ્થિતિમાં
**પ્રાપ્ય** = મેળવવા જેવું
**પ્રારબ્ધ** = નસીબ, ભાગ્ય, સંચિત કર્મો પૈકી ફળ આપવા માટે તૈયાર થયેલાં કર્મોનો સમૂહ
**પ્રાવરણ** = ઓઢવાનો ખેસ
**પ્રાશન** = ખાવું
**પ્રાસ** = ભાલો
**પ્રાસશક્તિ** = ભાલારૂપ એક પ્રકારની શક્તિ
**પ્રાસાદ** = મહેલ
**પ્રિય** = વસ્તુના સ્મરણમાત્રથી થતી સુખની લાગણી
**પ્રિયતમ** = સૌથી વધારે પ્રિય
**પ્રિયતમ મિત્ર** = (અહીં) પરમાત્મા
**પોત** = હોડી
**પ્રેત** = શબ, મૃતદેહ
**પ્રેતવત્** = મડદા (પ્રેત)ની જેમ (વત્), શબ માફક
**પ્રેતસંનિધે** = શબની પાસે
**પ્રેમપુરસ્સર** = પ્રેમપૂર્વક
**પ્રેમલક્ષણા** = પ્રભુમાં નિર્મળ અને અનન્ય પ્રેમવાળી ભક્તિ
**પ્રેમલુબ્ધ** = પ્રેમનો લોભી, પ્રેમમાં મોહિત થયેલો
**પ્રેરે** = પ્રેરણા કરે
**પ્રેષોચ્ચાર** = સંન્યાસ આપતી વખતે અપાતો મંત્ર
**પ્રેષ્ઠ** = સૌથી વધુ પ્રિય, અત્યંત પ્રિય
**પ્રોક્ષણ** = છાંટવું

**પ્રોક્ષે** = છાંટે, પ્રોક્ષણ કરે

**પ્લુત** = તરબોળ, સ્વર ત્રણ માત્રા સુધી લંબાવવો તે, છલોછલ ભરેલું

**પ્હણે** = ત્યાં, સામે, પણે

**પ્હોર** = ત્રણ કલાક

## ફ

**ફજરમાં** = સવારમાં

**ફલવ્યાપ્યત્વ** = ચિદાભાસ

**ફલાઢ્ય** = ફળથી ભરપૂર

**ફલાભિસંધિ** = ફળની અપેક્ષા

**ફલોન્મુખ** = ફળ આપવા માટે તૈયાર થયેલાં

**ફુલ્લકંજમુખ** = ખીલેલાં કમળ (કંજ)ના જેવું મુખ

**ફૂક** = ફોક, નકામો

**ફૂટડું** = સુંદર, મનને ગમી જાય તેવું

**ફેર** = ફરીથી, પાછો

**ફોક** = નકામું, વ્યર્થ, ફોગટ

**ફોરે** = ગંધાય, વાસ મારે

**ફોલ** = મિથ્યા, ફોક, નકામો

## બ

**બકસમ** = બગલા (બક)ની માફક

**બજાર ભર્જિત** = બજારમાં શેકેલા

**બજાવ્યા** = સાવધાન કર્યા, ચેતવ્યા હતાં

**બટો** = બ્રહ્મચારી, બાળક (સંબોધનાર્થ)

**બત** = અફસોસ

**બદ્ધકર** = હાથ જોડીને

**બદ્ધાંજલિ** = બંને હાથ જોડીને

**બલિ** = બળવાન

**બલિ** = ભોગ, દેવ માટે રાખેલો ભાગ

**બલિવિસર્જન** = બલિનું વિસર્જન કરવું

**બલિષ્ઠ** = સૌથી વધુ બળવાન

**બલ્લવ** = રસોઇયો

**બલ્લવકરે** = રસોઇયાના હાથમાં

**બલ્લવી** = ગોવાળિયો

**બહિર્દિશાએ** = બહાર જાજરુ જવા માટે

**બહિષ્કૃત** = બહિષ્કાર પામેલો

**બહિષ્કૃતજાત** = બહિષ્કૃત થયેલી જાતિનો

**બહુકોણ** = અનેક ખૂણાવાળું

**બહુક્ષારચુત** = અત્યંત ખારું

**બહુધા** = ઘણું ખરું

**બહુપ્રજ** = બહુ સંતાનો (પ્રજા)વાળું

**બહૂદક** = સંન્યાસીનો એક પ્રકાર, ઘેર ઘેરથી ભિક્ષા લાવી અજાણી જગામાં વિચરનાર યતિ

**બહેતર** = વધારે સારું

**બહ્વાયાસ** = જેમાં ઘણી મહેનત પડે એવું, બહુ પ્રયત્નો (આયાસ) કરવા પડે એવું, બહુ કષ્ટ પડે એવું

**બહ્વાહારે** = બહુ ખાવાથી (આહારે), અતિ આહારથી

**બળે** = સળગે

**બળે** = પ્રયત્નપૂર્વક, જોર કરીને, બળાત્કારથી, હઠાગ્રહથી

**બંદિજન** = કેદીઓ

**બંધકૃત** = બંધન કરનારો, બંધનરૂપ

**બંધત્રય** = ત્રણ પ્રકારના બંધ: મૂળબંધ, જાલંદરબંધ અને ઉડ્ડિયાનબંધ

**બંધનાત્મક** = બંધનમાં નાંખે એવા, મોક્ષમાં અવરોધરૂપ, બંધનકર્તા

**બાણમંડપ** = બાણો મારીને રચેલો મંડપ

**બાધિત** = અવરોધરૂપ, અડચણરૂપ, વિઘ્નરૂપ

**બાધે** = અટકાવે, વિઘ્ન કરે, નડે, પીડા કરે, દુઃખ આપે

**બાનાની પત** = આપેલી ખાતરીને સાચી ઠેરવવી, વિશ્વાસ પડે એમ કરવું

**બાલગ્રહ** = મંગળ (પૃથ્વીનો બાલગ્રહ ચંદ્ર અને ચંદ્રનો બાલગ્રહ મંગળ)

**બાલમુકુંદ** = બાલકૃષ્ણ

**બાલોન્મત્ત પિશાચવત્** = બાળક, ઉન્મત્ત (ગાંડો) અને પિશાચની માફક

**બાલ્યે** = બાળપણમાં

**બાહુક** = બીક લાગે એવા દેખાવવાળો

**બાળ** = અજ્ઞાની

**બાળરાંડ** = ખૂબ નાની ઉંમરે (બાળ) વિધવા થયેલી (રાંડ), રંડાયેલી

**બાંધે ગ્રંથિ પલ્લવે** = લૂગડાંને છેડે ગાંઠ વાળી

**બાંધેડે** = ભાંભરે, દુઃખભરી બૂમ પાડે

**બિનમાપ** = માપ વગરનું

**બિલ્મુશાફ** = પ્રત્યક્ષ

**બિલ્વાશ્વત્થાબ્જ** = બીલી, પીપળો અને કમળ (અબ્જ)

**બિંબ** = જેનું પ્રતિબિંબ પડતું હોય તે મૂળ વસ્તુ, પાકું ઘિલોડું

**બીલાં** = બીલીવૃક્ષનાં ફળ

**બુદ્ધ** = સમજુ, ડાહ્યો, જ્ઞાની

**બુદ્ધિપ્રદીપ** = બુદ્ધિરૂપી દીવો, બુદ્ધિને પ્રકાશ આપનાર દીવો

**બુદ્ધિમાંદ્ય** = બુદ્ધિની મંદતા, બુદ્ધિને મંદ કરનારું

**બુદ્ધયગમ્ય** = બુદ્ધિથી અગમ્ય, બુદ્ધિથી ન જાણી શકાય તેવું

**બુદ્ધયન્વિત** = બુદ્ધિવાળો, બુદ્ધિશાળી

**બુદ્ બુદ્** = પરપોટો

**બુધજનો** = વિદ્વાનો, ડાહ્યા માણસો

**બુધવાસર વાસરમણિ** = બધા વારમાં રત્ન જેવો બુધવાર

**બુરડયોનિ** = બુરડ નામની વાઘરી જેવી જાતિમાં

**બૃહત્** = વિશાળ, મોટો (આ શબ્દ પરથી જ બ્રહ્મ શબ્દ આવ્યો છે)

**બૃહસ્પતિ** = દેવોના ગુરુ

**બેત** = નેતરની સોટી

**બૈરાગણ** = વૈરાગી સ્ત્રી, વેરાગણ

**બોધ** = જ્ઞાન, ઉપદેશ (આપ)

**બોધઆસારથી** = જ્ઞાનરૂપી (બોધરૂપી) વરસાદનાં ઝાપટાં (આસાર)થી

**બોધયોગ્ય** = ઉપદેશ આપવાને યોગ્ય

**બોધલક્ષણ** = જ્ઞાનનું લક્ષણ, જ્ઞાન સ્વરૂપ

**બોધવૈભવ** = જ્ઞાનસંપત્તિ

**બોધ સ્તન્ય** = જ્ઞાનરૂપી દૂધ

**બ્રહ્મ** = સચ્ચિદાનંદ સ્વરૂપ, જગતનું મૂળ તત્ત્વ

**બ્રહ્મણ્ય** = બ્રાહ્મણ ભક્ત

**બ્રહ્મદત્ત** = બ્રહ્માએ આપેલો

**બ્રહ્મનિષ્ઠ** = બ્રહ્મમાં સ્થિર થયેલો, બ્રહ્મમાં એકનિષ્ઠ

**બ્રહ્મરસગર્ભ** = બ્રહ્મરસનું તત્ત્વ

**બ્રહ્મરસાયન** = બ્રહ્મજ્ઞાનરૂપી રસાયણ

**બ્રહ્મલિખિત** = બ્રહ્માએ લખેલું, પ્રારબ્ધમાં લખાયેલું

**બ્રહ્મવર્ચસ્વી** = બ્રહ્મજ્ઞાનથી તેજસ્વી, બ્રહ્મતેજથી યુકત

**બ્રહ્મ વિટ્ ક્ષત્ર શૂદ્રનો** = બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્રનો

**બ્રહ્મવિત્તાપહાર** = બ્રાહ્મણના ધન (વિત્ત)ની ચોરી કરવી (અપહાર)

**બ્રહ્મસ્વ** = બ્રાહ્મણનું ધન, બ્રાહ્મણનું દ્રવ્ય

**બ્રહ્મહત્યાલય** = બ્રહ્મહત્યાનો નાશ

**બ્રહ્મહા** = બ્રહ્મહત્યા કરનાર, બ્રાહ્મણને મારી નાંખનાર

**બ્રહ્માખ્ય પદ** = બ્રહ્મ નામનું પદ, મોક્ષ

**બ્રહ્માદ્વૈતે** = અદ્વૈત બ્રહ્મમાં

**બ્રહ્માનંદાપ્લુત** = બ્રહ્મવિષયક આનંદથી તરબોળ, બ્રહ્માનંદથી ઊભરાઇ જતું, છલકાતું, બ્રહ્માનંદમાં ડૂબેલો

**બ્રહ્માંડૌઘ** = બ્રહ્માંડોનો સમૂહ (ઓઘ)

**બ્રહ્મેન્દ્રાદિક** = બ્રહ્મા, ઇંદ્ર વગેરે

**બ્રાહ્મણનંદન** = બ્રાહ્મણનો દીકરો

**બ્રાહ્મમુહૂર્તતક** = બ્રાહ્મમુહૂર્ત સુધી

**બ્રાહ્મવિવાહે** = વિવાહના આઠ પ્રકારો પૈકીનો શ્રેષ્ઠ, જેમાં કોઇ પણ દાયજો લીધા વિના આભૂષણયુકત કન્યા પરણાવવામાં આવે છે

**બ્રાહ્મીલક્ષ્મીચ્યુત** = બ્રહ્મતેજથી રહિત

**બ્રીદ** = બિરુદ, પ્રતિજ્ઞા, બાનુ

## ભ

**ભકતપરસ્ત** = ભકતવત્સલ, ભકત માટે બધું કરી છૂટનાર

**ભકતભાવન** = ભકતનું કલ્યાણ કરનાર

**ભકતવર** = ભકતોમાં શ્રેષ્ઠ (વર)

**ભકતાનુગ્રહકારણે** = ભકતનું ભલું કરવાના હેતુથી

**ભકતાભયંકર** = ભકતને અભય કરનાર

**ભકતાંત** = ભકતનું અંતઃકરણ

**ભક્તિર્ગરીયસી કલૌ** = કલિયુગમાં બીજાં સાધનો કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે

**ભક્તિ માતા જ્ઞાનની** = ભક્તિ જ્ઞાનની માતા છે. જ્ઞાન તથા વૈરાગ્ય એ બે ભક્તિનાં બાળકો છે

**ભકતોપેક્ષા** = ભકતની અવગણના, ભકતની ઉપેક્ષા

**ભકત્યમૃતસ્વાદ** = ભક્તિરૂપી અમૃતનો સ્વાદ

**ભકત્યુદ્રેકે** = ભક્તિમાં ઘણો વધારો થવાથી

**ભક્ષ્યાભક્ષ્ય** = શું ખવાય (ભક્ષ્ય) અને શું ન ખવાય (અભક્ષ્ય) એનું જ્ઞાન

**ભગણ** = નક્ષત્રાદિનો સમૂહ (ગણ)

**ભગંદારતિસાર** = ભગંદર અને મરડો (અતિસાર)

**ભગ્ન** = હતાશ

**ભજે** = સેવે, ખાય

**ભર્જન** = બાળવું, શેકવું

**ભર્જિત** = શેકેલા, ભૂંજેલા

**ભર્ત્સના** = નિંદાત્મક વચનો, ટીકા, અપમાનજનક વચનો

**ભર્તૃકુળ** = પતિ (ભર્તૃ)નું કુળ

**ભર્તૃદેહ** = પતિ (ભર્તૃ)નું શરીર

**ભદ્રાસન** = આસનનો એક પ્રકાર

**ભયત્રાતા** = ભય સામે રક્ષણ કરનાર, ભયથી બચાવનાર

**ભયાર્ત** = ભયથી દુ:ખી (આર્ત)

**ભરથાર** = પતિ, સ્વામી

**ભવકાનન** = સંસારરૂપી અરણ્ય

**ભવજલપોત** = સંસાર જલ તરવાની હોડી (પોત સમાન શ્રીગુરુ)

**ભવજંત** = સંસારના કીડા (જંત)

**ભવતાર** = સંસારમાંથી તારનાર

**ભવદર** = સંસાર (ભવ)રૂપી દર (પાપ)

**ભવદાજ્ઞાથી** = આપ (ભવદ્)ની આજ્ઞાથી

**ભવભંજ** = સંસાર (ભવ)નો નાશ કરનાર
**ભવયાતના** = સંસાર (ભવ)નો ત્રાસ (યાતના)
**ભવવ્યથા** = જન્મ મરણનું દુ:ખ
**ભવસેજે** = સંસારની પથારી (સેજ)માં, બિછાનામાં
**ભવાગમ** = સંસાર (ભવ)માં આવવાનું, જન્મ લેવાનું
**ભવાગ્નિતાપશામક** = સંસાર (ભવ)ના ત્રિવિધ તાપ (અગ્નિ)ને શાંત કરનાર (શામક)
**ભવાટવી** = સંસારરૂપી જંગલ (અટવી)
**ભવામય** = ભવરોગ (આમય)
**ભવાર્ત** = જન્મમરણરૂપ સંસારથી પીડિત
**ભવાવર્ત** = સંસારનાં વમળ (આવર્ત)માં
**ભવાંબુ** = ભવજલ (અંબુ)
**ભવાંબુધિ** = સંસાર સાગર (અંબુધિ)
**ભવ્ય** = ભવિષ્યનું
**ભસ્માંકિતતનુ** = ભસ્મથી ખરડાયેલ શરીર; રાખ (ભસ્મ) ચોળેલ શરીર
**ભસ્મોદ્ધુલિત** = ભસ્મથી ખરડાયેલો
**ભસ્રા** = ધમણ પેઠે શ્વાસ લેવા કાઢવાની (પ્રાણાયામની) એક પ્રક્રિયા (હઠયોગમાં)
**ભંગે** = ભાંગે, નાશ પામે
**ભંગ્યો** = ભંગી, અંત્યજ
**ભાગવતોત્તમ** = ઉત્તમ ભક્ત, ભગવાનનો શ્રેષ્ઠ ભક્ત
**ભાગિનેય** = ભાણેજ, ભાણો
**ભાગીરથી** = ગંગાજી (ભગીરથ રાજા દ્વારા પૃથ્વી પર લવાયેલાં ગંગાજી)
**ભાણ્ડ** = વાસણો
**ભાતિ** = પ્રકાશે છે
**ભાતું** = મુસાફરીમાં ખાવાની વસ્તુઓ, પાથેય
**ભાદ્રશુક્લ ચતુર્થી** = ભાદરવા (ભાદ્ર) સુદ (શુક્લ) ચોથ, ગણપતિ ચોથ
**ભામટા** = રખડતો ચોર, ઊઠાવગીર
**ભામિની** = સુંદર સ્ત્રી, પ્રિયા
**ભાયાત** = પિત્રાઇ, રાજાનો પિત્રાઇ
**ભારતી** = વાણીની દેવી
**ભારતી** = ત્રિવિક્રમ ભારતી
**ભાર્ગવરામ** = પરશુરામ (ભૃગુઋષિનો પુત્ર ભાર્ગવ)
**ભાર્યા** = પત્ની
**ભાર્યાગમન દોષ** = રાગાંધ થઇ જેઓ રજસ્વલા સાથે અથવા પર્વકાલે, પાણીમાં, દિવસે કે શ્રાદ્ધ દિને સ્ત્રી સહ રમે તે નરકમાં જાય છે એવું શાસ્ત્ર વચન છે
**ભાર્યાહીન** = પત્ની વગરનો, વિધુર
**ભાલ** = કપાળ, લલાટ
**ભાલદાર** = ચોપદાર, હાથમાં ભાલો રાખી છડી પોકારનાર
**ભાલે** = કપાળમાં, લલાટમાં
**ભાવાવેશે** = ભાવનાના આવેશમાં
**ભાવિચિંત** = ભવિષ્યની ચિંતામાં, ભવિષ્યની ચિંતા કરીને
**ભાસે** = દેખાય, ભ્રાંતિ થાય
**ભાસ્વત્** = પ્રકાશમાન, તેજસ્વી
**ભાસ્વતી** = પ્રકાશનારી, ભાસનારી
**ભાસ્વદ્રત્નાંચિત** = તેજસ્વી (ભાસ્વત્) રત્નોયુક્ત
**ભિક્ષામિષે** = ભિક્ષાના બહાને (મિષે)
**ભિક્ષુ** = સંન્યાસી
**ભિક્ષુક** = સંન્યાસી
**ભિક્ષોદ્યત** = ભિક્ષા માટે તૈયાર (ઉદ્યત)
**ભિન્ન** = તડ પડેલું, જુદું જુદું

ભિન્નપાત્ર = પાત્ર એક ધાતુનું અને આચમની અન્ય ધાતુની એમ બે જુદાં; ભાંગેલાં-તૂટેલાં પાત્ર
ભિષગ્રાજ = વૈદ્યરાજ
ભીતભીત = અતિશય બીધેલા
ભીતિધ્વાન્ત = ભયનો અંધકાર, ભયનો ભેંકાર
ભીમાડમરજાસંગમયોગ = ભીમા-અમરજાનો સંગમ
ભીમાડમરજાસંગમે = ભીમા અને અમરજા નદીના સંગમે
ભીષણ = બીક લાગે તેવું, બિહામણું
ભુક્તત્યક્ત = ભોગવીને (ભુક્ત) ત્યજી દીધેલ (ત્યક્ત)
ભુક્તભોગ = ભોગવેલા ભોગો
ભુક્તિ = ભોગ, દુન્યવી સુખો
ભુક્ત્યર્થ = જમવા માટે, ભોજન માટે
ભુજ = ઉપલા હાથ, બાહુ
ભુજપર = હાથ ઉપર
ભુજબીજ = જેમાંથી હાથ ફૂટતા હતા તે વસ્તુ
ભુજંગમ = સાપ
ભુવિ = પૃથ્વી ઉપર, જગતમાં
ભૂછાયાંકિત = પૃથ્વી (ભૂ)ની છાયાથી અંકિત
ભૂતગ્રહરોગાર્ત = ભૂત, ગ્રહ કે રોગથી પીડિત
ભૂતબલિ = વૈશ્વદેવ પછી ભૂત માટે મૂકવામાં આવતું બલિરૂપ ભોજન
ભૂતશુદ્ધિ = પંચમહાભૂતોની શુદ્ધિ કે ભૂતપ્રેતને દૂર કરવા માટેની શુદ્ધિ
ભૂતસંઘાત = પંચભૂતનો સમૂહ (સંઘાત)
ભૂતાવિષ્ટ = ભૂતના વળગાડવાળો
ભૂતિ = ભભૂતિ, ભસ્મ, વિભૂતિ
ભૂતિ = સમૃદ્ધિ, ઐશ્વર્ય
ભૂદેવ = બ્રાહ્મણ
ભૂપતનય = રાજકુમાર, રાજા (ભૂપ)નો દીકરો (તનય)
ભૂપતિ = રાજા, પૃથ્વીનો પતિ
ભૂપતે = હે રાજા! હે ભૂપતિ!
ભૂપાળ = રાજા, પૃથ્વી (ભૂ)નું રક્ષણ કરનારો
ભૂમા = અમર્યાદિત, સર્વવ્યાપી, અપરિચ્છિન્ન, અનંત, વિશાળ
ભૂમાત્મા = સર્વવ્યાપી (ભૂમા) આત્મા
ભૂમિકા = (જ્ઞાનીની) સ્થિતિ
ભૂવિષે = પૃથ્વી (ભૂ) ઉપર
ભૂષણ = અલંકાર, શણગાર
ભૂષા = અલંકાર
ભૂષાચિર = અલંકાર (ભૂષા) અને વસ્ત્રો (ચીર)
ભૂષિતાંગ = શણગારેલા અંગવાળી
ભૂસુર = બ્રાહ્મણ, પૃથ્વી (ભૂ) પરના દેવ (સુર)
ભૃગુક્ષેત્ર = ભરૂચ
ભૃગુપદલાંછન = ભૃગુઋષિની લાતથી પડેલું પગનું ચિહ્ન (જે ભગવાન વિષ્ણુની છાતી ઉપર છે)
ભૃત્ય = નોકર, દાસ, ચાકર, સેવક
ભૃત્યવત્ = નોકરની જેમ
ભૃંગ = ભમરો, મધુકર
ભૃંગવત્ = ભમરાની માફક
ભૃંગીવત્ = ભમરી (ભૃંગી)ની જેમ
ભેખ = વેષ
ભેદ = રહસ્ય, મર્મ
ભેષજ = ઔષધ, ઓસડ, દવા
ભો! = હે! (સંબોધનસૂચક શબ્દ)
ભોગકરી = ભોગવવાને યોગ્ય, ભોગ આપનારી
ભોગાચ્ચ્યવતિ યતિઃ = ભોગ ભોગવવાથી સંન્યાસીનું પતન થાય છે

ભોજનોત્તર = ભોજન કર્યા પછી (ઉત્તર)
ભોટ = અક્કલ વગરનો
ભોમ = પૃથ્વી
ભોળા = મહાદેવ
ભૌમ = મંગળવાર
ભૌમે = મંગળવારે
ભ્રમમોહાદ્યઘહાર = ભ્રમ, મોહ વગેરે (આદિ) અને પાપ (અઘ)ને હરનાર
ભ્રષ્ટયવ = ધાણી
ભ્રષ્ટવિવેક = વિવેકમાં ભ્રષ્ટ, વિવેક વગરનો
ભ્રંશ = ભંગ, નાશ
ભ્રાન્ત = જે હોય તેનાથી જુદું જોવાવાળો, જેને ભ્રાન્તિ થઇ છે તેવી વ્યક્તિ, ભરમાયેલો
ભ્રાન્તવત્ = ભ્રાન્તિ થયેલી વ્યક્તિની જેમ, ભ્રાન્તિ પામેલાની જેમ
ભ્રાન્તિ = જે ન હોય એનાથી જુદું દેખાવું, જે હોય તે ન દેખાય અને ન હોય તે દેખાય
ભ્રૂકુટિ = બે આંખની ભ્રમરની વચ્ચેનો ભાગ
ભ્રૂચાપ = ભવા (ભ્રૂ)રૂપી ધનુષ્ય (ચાપ)
ભ્રૂણ = જીવ ન આવ્યો હોય એવું ગર્ભમાંનું કાચું બાળક
ભ્રૂણહત્યા = ગર્ભના કાચા બાળકની હત્યા

## મ

મકરંદ = પુષ્પરસ
મર્કટ = વાનર, વાંદરો
મક્ષિકાવૃત = માખીઓ (મક્ષિકા)થી ઘેરાયેલો (આવૃત), માખીઓથી ઢંકાયેલો
મખ = યજ્ઞ
મગતું = વ્યવસ્થિત, બરાબર
મગ્ન = રત, ડૂબેલો, ગરકાવ થયેલો
મઘાતારકજન્મર્ક્ષમાં = મઘાતારક નામના જન્મનક્ષત્રમાં
મંચક = ખાટલો, પલંગ
મચ્ચિત્તે = મારા (મત્) ચિત્તમાં (ચિત્તે)
મચ્છક્તિ = મારી (મત્) શક્તિ
મચ્છાપે = મારા (મત્) શાપથી
મડું = મડદું, શબ
મણા = ખામી, કમી
મણિબંધે = કાંડા પર
મત = માન્યું છે
મતા = માલમિલકત
મતાગ્રહ = મતની જીદ, પોતે જે માને છે તે સાચું છે એવો આગ્રહ રાખનાર
મત્ત = વિદ્યાને લીધે અભિમાની
મત્તતા = ગાંડપણ
મત્તદ્વિજ = અભિમાની બ્રાહ્મણ
મત્તરંગ = મારા તરંગ (મારાં મોજાં)
મત્તેજે = મારા (મત્) તેજથી (તેજે)
મત્સર = ઈર્ષા, અદેખાઇ
મત્સંસર્ગોત્થિત = મારા (મત્) સહવાસ (સંસર્ગ)થી ઉત્પન્ન થયેલા
મત્સાયુજ્ય = મારી સાથે (બ્રહ્મસ્વરૂપ સાથે)જોડાઇ જવું તે
મત્સ્યો = માછલીઓ
મર્ત્યહિતાર્થે = મૃત્યુલોકના કલ્યાણ માટે
મર્દ્યા = મર્દન કરી નાંખ્યાં, મારી નાંખ્યાં
મદર્થે = મારા (મત્) માટે (અર્થે)

**મદંગ** = મારા (મત્) શરીર (અંગ)ના
**મદંગભસ્મ સ્પર્શ** = મારા શરીર પર રહેલી ભસ્મના સ્પર્શથી
**મદિચ્છા** = મારી ઇચ્છા
**મદુક્તિથી** = મારા કહેવાથી
**મદૈશ્વર્યે** = મારા ઐશ્વર્યથી, મારી જાહોજલાલીથી
**મદ્યપી** = દારુ (મદ્ય) પીનારો (પી)
**મદ્યાપણે** = દારુ (મદ્ય)ના પીઠા આગળ
**મદ્યે** = દારુમાં
**મદ્યોગથી** = મારા સાંનિધ્યથી, મારે કારણે
**મદ્વરથી** = મારા (મત્) વરદાન (વર)થી
**મદ્વ્રત** = મારું વ્રત
**મદ્વિભૂતિ** = મારી વિભૂતિ, મારું ઐશ્વર્ય, મારી દિવ્યશક્તિ
**મદ્વૈરી** = મારો (મત્) દુશ્મન (વેરી)
**મધુકર** = ભમરો, મધ (મધુ) બનાવનારો (કર)
**મધુકૃત્** = મધ બનાવનારો એટલે ફૂલોમાંથી મધ ખેંચી કાઢે તે ભમરો અને અનેક રસ હરી મધ બનાવે તે મધમાખી
**મધુકૈટભારિ** = મધુ અને કૈટભ નામના રાક્ષસના શત્રુ (અરિ), વિષ્ણુ
**મધુઘૃત** = મધ (મધુ) અને ઘી (ઘૃત)
**મધુરિપુ** = મધુ નામના રાક્ષસનો શત્રુ, વિષ્ણુ (મધુસૂદન)
**મધુવત્** = મધની માફક
**મધુવેણ** = મધુર વાણી
**મધુસંચય** = મધનો સંગ્રહ
**મધુસંચય કરે** = મધ એકઠું કરે
**મધુહા** = વાઘરી, મધ (મધુ) હરી લેનારો (હા)
**મધુહા** = મધમાખી
**મધુહૃત્** = મધ ચોરનાર (હૃત્)
**મધ્યસંધ્યા** = મધ્યાહ્નની સંધ્યા, મધ્યાહ્નનથી દોઢ કલાક સુધીની સંધ્યા ઉત્તમ છે
**મનકામ** = મનની ઇચ્છા, મનઃકામના
**મનન** = ઉપનિષદોનું રહસ્ય
**મનવ્યાપાર** = મનની ચેષ્ટા, મનની દોડધામ
**મનુ** = મંત્ર
**મનુ** = માનવકુળના પિતા, મનુઋષિ, વિવસ્વતના પુત્ર આદિમાનવ, બ્રહ્મના ચૌદ પુત્રોમાંના દરેક, જેનાથી મન્વંતર ગણાય છે
**મનુજાકાર** = મનુષ્યરૂપે, માણસ (મનુજ) રૂપે (આકારમાં)
**મનુજાપ** = મંત્રનો જાપ
**મને** = મનમાં, મન દ્વારા
**મનો!** = હે મનુ! (સંબોધનાર્થ)
**મનોગતિ** = (૧) મનના જેટલી ગતિથી (૨) જ્યાં મનની ગતિ પણ નથી એવા, મનને અગમ્ય
**મનોજવે** = મનના જેટલી ઝડપથી, મનોવેગથી
**મનોજ્ઞ** = મનોહર, સુંદર
**મનોમત્સ્ય** = મનરૂપી માછલી (મત્સ્ય)
**મનોરમ** = મનને આનંદ આપનારું
**મનોવેગથી** = મનની જેટલી ઝડપ (વેગ)થી
**મન્દેહ** = શરીરમાં રહેલા રાક્ષસનું નામ, પ્રભાતે સૂર્યને સતાવનાર રાક્ષસ
**મન્નિકંદન** = મારું (મત્) નિકંદન, મારો સર્વનાશ
**મન્મથ** = કામદેવ, મનને મથનાર
**મન્મથદાહક** = ભગવાન શંકર, કામદેવ (મન્મથ)ને બાળનાર (દાહક)
**મન્મથપીડિત** = કામ (મન્મથ)ની વૃત્તિથી પીડાતી
**મન્મથરતિસમ** = કામદેવ (મન્મથ) અને રતિ (કામદેવની પત્ની) સમાન

**મન્મુખ** = મારું (મત્) મોઢું (મુખ)
**મમ** = મારો, મારી, મારું. (અહં ની છઠ્ઠી વિભક્તિ મમ અથવા મે)
**મયૂરકુક્કુટવત્** = મોર (મયૂર) અને કુકડા (કુક્કુટ)ની જેમ
**મરણોદ્યત** = મરવા માટે તત્પર
**મરણોન્મુખ** = મરી જાય એવી હાલતમાં
**મરીચિકાજલ** = મૃગજળ, ઝાંઝવાંનાં જળ
**મરીચ્યત્ર્યાદિક** = મરિચિ, અત્રિ વગેરે (આદિક)
**મરુદ્ગણો** = ઓગણપચાસ પવન (મરુત)ના ગણો (સમૂહ)
**મર્ત્ય** = માનવી, મનુષ્ય
**મર્ત્યભુવન** = મૃત્યુલોક
**મર્મ** = રહસ્ય, ભેદ, મર્મ સ્થાન
**મર્મતોડ ન બોલવું** = નિંદાદિ ન કરવાં
**મલવત્** = મળની માફક, ગંદકીની જેમ
**મલિન સત્ત્વ પ્રકૃતિ** = અવિદ્યા, સત્ત્વગુણને દબાવી જેમાં તમોગુણ મુખ્ય હોય તેવી પ્રકૃતિ
**મલેચ્છજ** = મુસલમાન (મલેચ્છ) કુળમાં જન્મેલો (જ)
**મલોત્સૃતિ** = મળ બહાર કાઢવો, જાજરુ જવું
**મશક** = મગતરું, મચ્છર, જંતુ
**મસ** = ઘણું, બહુ, મોટું
**મસ્કરી** = દંડી સંન્યાસી
**મહતો મહીયાન્** = મહાનથીયે મહાન. પરમાત્મ ચેતના (પરબ્રહ્મપરમપુરુષ) આ જીવાત્માની હૃદયરૂપી ગુફામાં અણુથી પણ અત્યંત સૂક્ષ્મ અને મહાનથી પણ અતિમહાનરૂપમાં બિરાજમાન છે. (કઠોપનિષદ ૧,૨,૨૦.)
**મહદભિમાન** = મોટું (મહદ્) અભિમાન, ઘણું અભિમાન
**મહાનલ** = મોટો અગ્નિ
**મહાનવમી** = મહા સુદ નોમ
**મહામારી** = કોલેરા
**મહાર લોક** = મહાર જાતિના લોકો
**મહાલયે** = શ્રાદ્ધપક્ષમાં
**મહાવાક્ય** = જીવ અને બ્રહ્મની એકતા સૂચવતું વાક્ય
**મહાહાનિ** = મોટું નુકસાન
**મહિષ** = પાડો
**મહિષી** = ભેંસ
**મહિષી** = રાણી, પટરાણી
**મહી** = પૃથ્વી, શરીર
**મહીતલે** = પૃથ્વી ઉપર
**મહીં** = અંદર
**મહેન્દ્ર** = ઈંદ્ર, દેવેન્દ્ર
**મહેર** = દયા, કૃપા
**મહોત્સાહ** = ઘણો ઉત્સાહ
**મહોન્નત** = અતિશય (મહા) ઊંચું (ઉન્નત)
**મળ** = દોષ, પાપ
**મળ** = મલિન, વિષ્ઠા
**મળો** = મલિનભાવો, દોષો
**મંગલદ્રવ્યો** = અબીલ, ગુલાલ વગેરે મંગલતા સૂચક પરિમલ દ્રવ્યો
**મંગલાગૌર** = મંગલા ગૌરી (પાર્વતી), મહારાષ્ટ્રમાં લગ્ન પછી પ્રથમવાર થતી મંગલ પૂજાનો દિવસ
**મંગલાઢ્ય** = મંગલતાથી ભરપૂર
**મંચક** = ખાટલો, પલંગ
**મંજુલ** = મધુર, મીઠું, મધુર સ્વરવાળા
**મંડલપૂજન** = ધાર્મિક વિધિમાં તૈયાર કરેલા મંડળનું પૂજન
**મંડિત** = શણગારેલું, અલંકૃત

**મંડુકાભ** = દેડકા (મંડુક)ના જેવી કાંતિ (આભ)વાળા
**મંત્રવિદ્** = મંત્ર જાણનાર (વિદ્ ), મંત્રજ્ઞાતા
**મંત્રવિભૂતિ** = અભિમંત્રિત ભસ્મ
**મંત્રાક્ષત** = અભિમંત્રિત કરેલા ચોખા (અક્ષત)
**મંત્રૌષધિ** = એક પ્રકારની મંત્રની સિદ્ધિ
**મંદગતિ** = ધીમી ગતિ
**મંદધી** = મંદ બુદ્ધિવાળો
**મંદમતિ** = મંદ બુદ્ધિવાળો
**મંદરગિરિ** = મંદર નામનો પર્વત
**મંદવાક્** = ધીમી (મંદ) વાણી (વાક્ )
**મંદિર** = મહેલ
**મંદિર વિષે** = મહેલમાં
**મંદીલ** = કસ્બી બારિક વણાટની પાઘડી કે ફેંટો
**મા ઉપેક્ષ** = અવગણના (ઉપેક્ષા) ના (મા) કર
**મા'કાય** = મહાકાય, મોટા શરીરનો
**માઘ** = મહા મહિનો
**માઘરાધ** = મહા મહિનો (માઘ) અને વૈશાખ મહિનો (રાધ)
**માટી થકી** = ગોપીચંદનાદિથી
**માતર** = માત્ર, ફક્ત
**માતલિ** = ઇંદ્રના સારથિનું નામ
**માતલે!** = હે માતલિ!
**માતંગ** = હાથી
**માતંગ** = ભંગી
**માતા શતગુણં પિતુ:** = પિતાથી માતા સો ગણી શ્રેષ્ઠ છે
**માતુલ સ્ત્રી** = મામી, મામા (માતુલ)ની પત્ની
**માતુલગૃહે** = મામાના ઘરે
**માતૃગયા** = સિદ્ધપુર અને માહુરગઢ નામનાં તીર્થ જ્યાં માતાનું શ્રાદ્ધ કરવાનું ઘણું પુણ્ય છે
**માતૃબોધ** = માતાએ આપેલો ઉપદેશ (બોધ)
**માધવ** = ભગવાન વિષ્ણુ, માયા (મા)ના પતિ (ધવ)
**માન** = પ્રમાણ, માપ આધાર, સાબિતી
**માનપુરસર** = માનપૂર્વક
**માનસપુત્રો સાત** = બ્રહ્માજીના મનના સંકલ્પ માત્રથી ઉત્પન્ન થયેલા સાત પુત્રો: મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ
**માનસસ્નાન** = માનસિક સ્નાન, સ્નાન કર્યું છે એવી ભાવના કરી લેવી તે
**માનુષખર** = માણસના રૂપમાં ગધેડો (ખર)
**મા ભી** = બીશ (ભી) નહીં (મા), બીક રાખીશ નહીં, મા ડર, ડરીશ નહિ
**મા'મારી** = મહામારી, કોલેરા
**મા મારો** = મારશો નહીં (મા)
**માયા દુર્ગ** = માયાનો કિલ્લો
**માયાચ્છન્ન** = માયાથી ઢંકાયેલો
**માયાધિપ** = માયાનો અધિપતિ, ભગવાન વિષ્ણુ
**માયાધ્યક્ષ** = માયાપતિ, પરમાત્મા
**માયાપડળ** = માયાનું પડ, આવરણ
**માયાફંદ** = માયાના કાવતરારૂપ, માયાના ફંદારૂપ
**માયાબંડ** = માયાનું તોફાન, માયાનો બળવો
**માયાવી એ બ્રહ્મથી** = માયાનો આશ્રય કરી રહેલા એ બ્રહ્મથી
**માયાશ્રય** = માયાનો આશ્રય
**માયિક** = માયાવી, માયાને લગતું
**માર** = કામદેવ
**મારકસ્થાન** = મૃત્યુ લાવનારા સ્થાન (જન્માક્ષરમાં)
**મારની** = કામદેવ (માર)ની

**મારુત** = પવન
**માર્ગસ્થ** = વટેમાર્ગુ, મુસાફર
**માર્ગસ્થ** = માર્ગ ઉપરની, રસ્તા ઉપરની
**માર્જાર** = બિલાડો
**માર્તંડ** = સૂર્ય
**માલ્યાંબર** = ફૂલનું (પુષ્પનું) વસ્ત્ર (અંબર)
**માવતરે** = મા-બાપે
**માષ** = અડદ
**માસા** = એક માપ, એક પ્રમાણ, તોલાનો બારમો ભાગ
**માળો** = નીડ; ઘણા માળવાળું મકાન
**માંડલિક** = ખંડિયા રાજા
**માંસાશાથી** = માંસની આશાથી
**માંસાશનવત્** = માંસ ખાતું હોય (અશન્) તેમ (વત્)
**માંસાસ્થિ** = માંસ અને હાડકાં (અસ્થિ)
**મિત** = પ્રમાણસર, જરૂર પૂરતું, માપસર, જોઈતું
**મિતાહાર** = માપસરનો ખોરાક, જરૂર પૂરતું ખાવાનું
**મિત્ર** = પરમેશ્વર (તોએ પ્રિયતમ મિત્ર જે વસે અંતરે એક) જે પરમાત્મા સર્વ જન્મોમાં આપણા અંતરમાં વસે છે તે
**મિત્રસ્ત્રીભુક્** = મિત્રની પત્નીને ભોગવનાર
**મિથ:** = પરસ્પર, અંદરોઅંદર, એકબીજાને
**મિથ:** = મિથ્યા, સાચું નહીં, તાત્વિક દૃષ્ટિએ નહિ
**મિથુન** = જોડું, યુગલ, યુગ્મ
**મિથ્યાચાર** = મિથ્ય આચાર, નકામું વર્તન
**મિથ્યોપચાર** = કહેવા પૂરતું, વ્યર્થ ઉપચાર
**મિલિંદ** = ભમરો, ભ્રમર
**મિષ** = નિમિત્ત, બહાનું
**મિષે** = બહાને, નિમિત્તે, કારણે
**મિષ્ટતમ** = સૌથી વધારે મીઠું, મીઠામાં મીઠું
**મિષ્ટતા** = મીઠાશ
**મિષ્ટામિષ્ટે** = ગળ્યું (મિષ્ટ) અને ગળ્યા સિવાયનું (અમિષ્ટે)
**મીન** = માછલું
**મીનકેતન** = કામદેવ, માછલીના ચિહ્નની ધજા (કેતન)વાળા
**મીમાંસક** = મીમાંસા દર્શન જાણનાર
**મુકુંદ** = ભગવાન કૃષ્ણ, મોક્ષ (મુકુ) આપનાર (દ)
**મુક્ત** = જીવન મુક્ત
**મુક્તકેશી** = છૂટા વાળવાળી
**મુક્તિતખ્ત** = મુક્તિનું સિંહાસન
**મુક્તીચ્છા** = મુક્તિની ઈચ્છા
**મુખદ્વય** = બે મોઢાં (પાણી ભરવાની ઝારીને બે મોં હોય છે)
**મુખેન્દુ** = મુખરૂપી ચંદ્ર
**મુખોદ્‌ગત** = મોઢે કર્યો, યાદ કર્યો
**મુગ્ધાંધાદિવત્** = મોહ પામેલા (મુગ્ધ) અને આંધળા (અંધ) વગેરે (આદિ)ની જેમ (વત્)
**મુદ્** = મુક્તિ, આનંદ
**મુદ્‌ગર** = મગદળ, એક પ્રાચીન હથિયાર
**મુદા** = આનંદથી
**મુદિત** = આનંદિત
**મુદ્રા** = નિશાની, ચિહ્ન, હાવભાવ દર્શાવતી અંગભંગી,
**મુદ્રિકા** = વીંટી
**મુધા** = અમથું, અમસ્તું
**મુનિચ્છાત્ર** = પ્રહ્લાદ, નારદમુનિનો શિષ્ય (છાત્ર)
**મુનિપત્ન્યુક્ત** = મુનિ (યાજ્ઞવલ્કય)નાં પત્ની (મૈત્રેયી)ના કહ્યા મુજબ
**મુનિરંજના** = મુનિના મનને આનંદ (રંજન) કરાવનાર

**મુનીંદ્ર** = મુનિમાં ઇંદ્ર સમાન
**મુને!** = હે મુનિ!
**મુમુક્ષા** = મોક્ષેચ્છા
**મુમૂર્ષુ** = મરણ પથારીએ પડેલો
**મુરરિપુ** = ભગવાન વિષ્ણુ, મુર નામના રાક્ષસના શત્રુ (રિપુ)
**મુરશિદ** = ગુરુ
**મુરશિદ** = ગોર, પુરોહિત
**મુષ્ટિત્રય** = ત્રણ (ત્રય) મૂઠી (મુષ્ટિ)
**મુસલ** = સાંબેલું
**મુંડ** = માથું
**મુંડન** = ટકો કરાવવો તે, માથાના વાળ કઢાવી નાંખવા
**મૂક** = મૂગા, મૌન રાખીને
**મૂઢ** = મોહમાં પડેલો, મોહવશ, વિવેકરહિત
**મૂઢધી** = મોહગ્રસ્ત (મૂઢ) બુદ્ધિવાળો
**મૂઢા** = મૂઢ સ્ત્રી
**મૂઢે** = હે મૂઢ સ્ત્રી!
**મૂત્રકૃચ્છ** = પેશાબ (મૂત્ર)ના રોગથી
**મૂત્રોત્સર્ગાદિક** = મૂત્રનું વિસર્જન વગેરે
**મૂલાધારચક્ર** = છ ચક્ર પૈકીનું ગુદાના ભાગમાં આવેલું ચક્ર
**મૂલબંધ** = ગુદા સંકોચન
**મૂષક** = ઉંદર
**મૂળઋક્ષ** = મૂળ નામના નક્ષત્રમાં
**મૂળવ્યાધિ** = હરસ, મસા
**મૃગજલપૂર** = ઝાંઝવાંનાં જળની રેલ, અશક્ય વસ્તુ
**મૃગયા** = શિકાર
**મૃગયામિષે** = શિકાર કરવા માટે
**મૃગયુ** = શિકારી, પારધી
**મૃગલાંછન** = ચંદ્ર (ચંદ્રમામાં મૃગ (હરણ)નું લાંછન (ડાઘ) છે)
**મૃગશિશુ** = હરણ (મૃગ)નું નાનું બચ્ચું (શિશુ)
**મૃગાંકવદની** = ચંદ્ર (મૃગાંક) મુખી (વદની)
**મૃગાંક સમ** = ચંદ્રની જેમ (ચંદ્રમાં હરણ (મૃગ)નું ચિહ્ન છે)
**મૃગેન્દ્ર** = સિંહ, પશુ (મૃગ)નો રાજા (ઇન્દ્ર)
**મૃજ્જલ** = માટી (મૃદ્) અને પાણી (જલ)
**મૃડાનીશ** = પાર્વતી (મૃડાનિ)ના પતિ (ઇશ) શંકર
**મૃણ્મય** = માટીનું (મૃદ્+મય)
**મૃતખરામિષ** = મરેલા (મૃત) ગધેડા (ખર)નું માંસ (આમિષ)
**મૃતતુલ્ય** = મરેલા જેવું, મૃતપ્રાય, મરણતોલ, મરણાભિમુખ
**મૃતપ્રાય** = મરેલા જેવો, લગભગ મરી ગયેલો
**મૃતવંધ્યા** = સંતતિ થાય પણ જીવે નહીં તેવી સ્ત્રી
**મૃતસંજીવની** = મરેલાને (મૃત) જીવતી કરે તેવી (સંજીવની)
**મૃતાપત્યત્વદુઃખથી** = સંતાન (અપત્ય)ના મૃત્યુના દુઃખથી
**મૃતિતુલ્ય** = મરણતુલ્ય
**મૃતિતુલ્ય** = મૃતપ્રાય, મરણતોલ
**મૃત્તિકા** = માટી
**મૃતોપમ** = મરેલા જેવો
**મૃત્પુંડ્ર** = માટીનું ત્રિપુંડ
**મૃત્યુંજય** = ભગવાન શંકર, મૃત્યુ ઉપર વિજય મેળવનાર
**મૃત્યૂન્મુખ** = મૃત્યુ પામવાની તૈયારીવાળો, મરવાની તૈયારીમાં
**મૃદ્** = માટી
**મૃદ્ધારણા** = માટી (ગોપીચંદન) ધારણ કરવા વિશે
**મૃદ્ધેતુતા** = માટી (મૃદ્ )નું કારણપણું (હેતુતા)
**મૃદુલ** = કોમળ, મૃદુ
**મૃન્મય** = માટીનું

મૃષા = અમથો
મૃષા = અસત્ય
મેકલકન્યા = નર્મદા, અમર કંટકના મેકલ નામના એક શિખરમાંથી નર્મદાજી નીકળ્યાં તેથી તત્કન્યા
મેખ = ખીલી
મેખલા = કંદોરો
મેદ = ચરબી, માંસ
મેદશ્લેષ્માધિક્ય = ચરબી (મેદ) અને કફ (શ્લેષ્મ)નું વધારે પ્રમાણ થવાથી
મેદિની = પૃથ્વી
મેધા = બુદ્ધિ, ધારણશક્તિ, યાદશક્તિ
મેર = મર, મરી જા (ગુસ્સાસૂચક શબ્દ)
મેશ = માયા નો પતિ (ઈશ), માયાના પ્રેરક વિષ્ણુ
મેષ = બકરું
મેષ ભ્રમે= બકરાના ભ્રમથી
મેહ = મલ્હાર, વરસાદનો રાગ
મેહ = પેશાબ (મધુપ્રમેહ = મીઠો પેશાબ), મૂત્ર
મેંઢું = ઘેટું
મેંઢ્ર = ઘેટું
મૈત્રમંત્ર = સૂર્ય (મિત્ર)નો મંત્ર
મૈત્રેયી = યાજ્ઞવલ્ક્યનાં પત્નીનું નામ
મૈંદ = વાઘરી
મોક્ષશ્રી = મોક્ષ રૂપી સંપત્તિ (શ્રી)
મોદ = આનંદ, ગમતી વસ્તુ જોવાથી થતી સુખની લાગણી
મોદક = લાડુ, આનંદ (મોદ) કરાવનાર (ક)
મોદે = આનંદથી
મોરયા = ગણપતિ (શ્રી ગણેશના એક પરમ ભકતનું નામ)
મોરલી = વાંસળી, વેણુ
મોહધ્વાંત = મોહરૂપી અંધારું
મોહનાસ્ત્ર = મૂર્છા પમાડે એવું અસ્ત્ર, મોહન વિદ્યાવાળું અસ્ત્ર
મોહાક્લિષ્ટ = મોહથી દુ:ખી થયેલો
મોહિની = મોહ પમાડનારી દેવી
મૌંજી = જનોઈ, યજ્ઞોપવીત
મૌંજી કરી = જનોઈ દઈ
મૌંજીબંધન = જનોઈ દેવું, યજ્ઞોપવીત આપવું
મ્લાન = ઉદાસ, મેલી,ગંદી
મ્લેચ્છજ = મ્લેચ્છકુળે જન્મેલો

## ય

યકીન = શ્રદ્ધા, નિષ્ઠા, વિશ્વાસ
યચ્છર્મ = જેનું (યત્) કલ્યાણ (શર્મ)
યચ્છિરે = જેના માથે, જેના શિર ઉપર
યચ્છ્રવણથી = જે સાંભળવાથી
યજુ:શાખા = યજુર્વેદની શાખા
યજ્જપે = જેના જપથી
યત = સંયમી (યમનું ભૂત કૃદંત. યમ=કાબૂ રાખવો )
યતચિત્ત = જેનું ચિત્ત સંયમથી વશમાં છે તેવો, સંયમિત ચિત્તવાળો
યત્તપે = જેના (યત્ ) તપથી (તપે)
યતવાક્ = મૌન, વાણી (વાક્) ઉપર સંયમ રાખનાર (યત)
યતશિશ્ન = સંયમી, બ્રહ્મચારી
યતિ = સંન્યાસી, ઇંદ્રિયો ઉપર કાબુ ધરાવનાર
યતિવર = સંન્યાસીઓમાં શ્રેષ્ઠ(વર)
યતીંદ્ર = સંન્યાસીઓમાં ઇન્દ્ર સમાન (શ્રેષ્ઠ)

**યત્કુક્ષી** = જેની કૂખ
**યત્નૌષધ** = ઓસડ (દવા) કરવાના પ્રયત્નો, પ્રયત્ન તથા ઓસડ
**યત્સુત** = જેના પુત્ર
**યત્સૌગંધ્યાકૃષ્ટ** = જેની સુગંધથી આકર્ષાયેલા-ખેંચાયેલા
**યત્સ્મરણે** = જેના સ્મરણથી, જેને યાદ કરવાથી
**યથાકથિત** = જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે
**યથાગત** = જે રીતે (યથા) આવ્યો હતો (આગત) તે રીતે
**યથાચાર** = પોતાના સંપ્રદાય મુજબનો આચાર
**યથાજ્ઞપ્ત** = આજ્ઞા પ્રમાણે
**યથાદિષ્ટ** = કહેવા પ્રમાણે, કહ્યા મુજબ, બતાવ્યા પ્રમાણે
**યથાપ્રાપ્ત** = જે કાંઈ આવી મળે તે, અનાયાસે મળે તે
**યથારણ્ય** = જંગલ હોય તેમ, જંગલ જેવું જ
**યથાલબ્ધ** = જે મળ્યું તે
**યથાવિધિ** = વિધિ પ્રમાણે, વિધિ અનુસાર
**યથેચ્છ** = ઇચ્છા મુજબ, જેવી ઇચ્છા હોય તે પ્રમાણે
**યથેપ્સિત** = મનમાં જે ઇચ્છા હોય તે પ્રમાણે
**યથેષ્ટ** = ઇચ્છા (ઇષ્ટ) મુજબ, મનને જેમ ઠીક લાગે તેમ
**યથોક્ત** = જેમ કહ્યું હતું તેમ, કહ્યા મુજબ
**યથોપચારથી** = વિધિપૂર્વક
**યદર્થે** = જેના માટે, જેના કારણે
**યદાકદાચિત્** = જો (યદા) કોઈવાર (કદાચિત્), ક્યારેક
**યદાચરણે** = જે આચરવાથી, જે વ્રત કરવાથી
**યદચ્છાપ્ત સંતુષ્ટ** = ભગવાનની ઇચ્છાથી,આકાશવૃત્તિથી, અનાસુરતી, અકસ્માતથી, પ્રારબ્ધવશ; જે કાંઈ મળે (આપ્ત) તેમાં સંતોષ માનનાર
**યદષ્ટં તન્નષ્ટં** = જે દેખાય તેનો નાશ છે, નામ તેનો નાશ
**યદ્‌બોધે** = જેના (યદ્) જ્ઞાન (બોધ)થી, જે જાણવાથી
**યદ્યપિ** = તેમ છતાં, તો (યદિ) પણ (અપિ)
**યદ્યોગે** = જેના લીધે, જેને કારણે
**યદ્વામાંગે** = જેના (યત્) શરીર (અંગ)ની ડાબી બાજુ (વામ)એ
**યન્મેખલા** = જેનો કંદોરો
**યમદ્વાર** = મૃત્યુ, મૃત્યુનો ભય
**યમ સ્વસા** = યમની બહેન (સ્વસા), યમુના નદી (યમ અને યમુના એ બે સૂર્યનાં સંતાનો છે)
**યમાલયે ગયો** = મૃત્યુ પામ્યો
**યલ્લીલા** = જેની લીલા
**યલ્લેખથી** = જેના લેખથી, જેના લખાણથી
**યવ** = જવ
**યવાગૂ** = (સર્વ દોષ હર કાંજી) નવટાંક (૬૦ગ્રામ જેટલા) ચોખા અને એનાથી છગણું પાણી ઉમેરી ધીમા તાપે કાંજી (યવાગૂ) તૈયાર કરવી. તેમાં ગાયનું ઘી થોડું ગરમ કરીને રેડવું. રોજ યવાગૂ પીતી વખતે જે દોષ નડતો હોય તેના નિવારણની પ્રાર્થના કરવી. આથી દોષ ચોક્કસ દૂર થશે. (અ.૩૫ દો.૧૯)
**યષ્ટિ** = લાકડી, દંડ
**યષ્ટિધર** = લાકડી ધારણ કરનાર, દંડધારી
**યાચક** = માગણ, યાચના કરનાર
**યાચકમોદે** = માગનારના આનંદે
**યાત્રામિષે** = યાત્રા નિમિત્તે, યાત્રાના બહાને
**યાત્રિક** = યાત્રા કરનારો, જાત્રાળુ
**યાન** = વિમાન, વાહન
**યામત્રય** = ત્રણ પહોર (યામ), ત્રણ રાત્રી
**યાયાવરવૃત્તિ** = રોજ સૂકી ભિક્ષા માગી લાવીને નિર્વાહ કરવો તે

**યાચાવરવૃત્ત્યર્થ** = સૂકી ભિક્ષા માગવાના વ્રતવાળો
**યાવક** = યવાન્ન, જવ (યવ)ના દાણા
**યાવજ્જીવ** = જીવતાં સુધી, આજીવન
**યાવત્ચંદ્ર દિવાકરૌ** = ચંદ્ર અને સૂર્ય (દિવાકર) રહે ત્યાં સુધી, કાયમ
**યાવત્** = જેટલા, જ્યાં સુધી
**યાવત્ તાવત્** = જ્યાં સુધી-ત્યાં સુધી
**યાવનાલ** = જુવાર
**યાંચા** = યાચના, વિનંતિ
**યાંચાજીવી** = માગીને જીવનાર, યાચનાથી પેટ ભરનાર
**યુક્ત** = યોગ્ય
**યુગાલય** = યુગાલય નામનું તીર્થ, નૃસિંહવાડીથી ચારેક ગાઉ દૂર કૃષ્ણાતટે આવેલું જુગુળ નામનું ગામ
**યુગાંતરે** = અન્ય યુગમાં
**યુગ્મ** = જોડ
**યુદ્ધમિષે** = યુદ્ધ નિમિત્તે, યુદ્ધને બહાને
**યોગ** = જોડાવવું, જોડાયેલું (જીવનું શિવ સાથે મિલન)
**યોગક્ષેમ** = નથી તે મેળવવું (યોગ) અને મળેલું જાળવવું (ક્ષેમ) જીવનનિર્વાહ, ગુજરાન, અપ્રાપ્તની પ્રાપ્તિ તે યોગ ને પ્રાપ્તનું રક્ષણ તે ક્ષેમ
**યોગદ્રુમ** = યોગરૂપી વૃક્ષ
**યોગપટ્ટ** = સંન્યસ્ત આપતી વખતે યોગીને પહેરાવાતું મૃગછાલાદિ શુભ વસ્ત્ર, પટ્ટ જેમાં સંન્યાસીનું નામ નિર્દેશન કરેલું હોય
**યોગ પ્રાસાદ** = યોગાભ્યાસનો મહેલ
**યોગ પ્રાસાદ શિખર** = સમાધિ એ યોગ પ્રાસાદરૂપી મહેલનું શિખર છે
**યોગાનલ** = યોગરૂપી અગ્નિ
**યોગિની** = યોગ સાધનારી, જોગિણી, તાપસી
**યોગીવર** = યોગીઓમાં શ્રેષ્ઠ
**યોગીવરેણ્ય** = યોગીઓમાં શ્રેષ્ઠ, પસંદ કરવા યોગ્ય
**યોગીશ્વર** = યોગીઓના ઈશ્વર
**યોગૈશ્વર્યે** = યોગના ઐશ્વર્યથી
**યોગ્યતમ** = સૌથી વધુ યોગ્ય, એકદમ યોગ્ય
**યોગ્યાહારવિહારથી** = યોગ્ય ખાવાનું (આહાર) અને ફરવાનું (વિહાર) રાખીને
**યોજકાગ્નિ** = લગ્ન સમયે પ્રગટાવાતો અગ્નિ
**યોજનદ્વય** = બે (દ્વય) યોજન
**યોન્યંતરમાં** = અન્ય યોનિઓમાં
**યોષિતા** = પત્ની, સ્ત્રી

## ર

**રક્ત વદન** = લાલ મુખવાળું
**રક્તાપાંગ** = જેની આંખના ખૂણા લાલ છે તે
**રક્તોષ્ણપ્રકાશવત્** = લાલ અને ગરમ પ્રકાશ સમાન
**રક્ષ** = રાક્ષસ
**રક્ષા** = રક્ષણ કરવું, રક્ષણ માટેની રાખડી, દોરો, ધાગો
**રખુમાબાઈ** = રુક્મિણી, લક્ષ્મી, પૂ.શ્રીનાં માતુશ્રી
**રચનાપાટવ** = કાવ્યરચનાનું કૌશલ્ય
**રજ** = નાનું
**રજઉદ્રેકથી** = રજોગુણની અતિશયતાથી
**રજક** = ધોબી
**રજતગિરિ** = ચાંદી (રજત)ના જેવો સફેદ પર્વત (ગિરિ), કૈલાસ
**રજતના** = રૂપાના, ચાંદીના
**રજથી** = રજોગુણથી
**રજનીચર** = રાક્ષસ, રાત્રે (રજનીમાં) ફરનાર (ચર)

**રજસાનુ પ્રિયમંદિર** = ભક્તોનું અંત:કરણ એ જ જેમનું પ્રિય મંદિર છે
**રજસ્તમ** = રજોગુણ (રજ:) અને તમોગુણ (તમ)
**રજસ્વલાગૃહે** = રજસ્વલા (માસિક) ધર્મમાં હોય એવી સ્ત્રીના ઘરે
**રજીલ** = નીચ
**રજુસર્પવત્** = દોરડી (રજ્જુ)માં સાપ દેખાય તે રીતની ભ્રાંતિ
**રત** = પ્રીતિવાળો, મશગુલ
**રતામિષાદિકમાં** = મૈથુન, માંસ વગેરેમાં
**રતિકાલે** = મૈથુન સમયે, સંભોગ સમયે
**રતિસમ** = કામદેવની પત્ની રતિ સમાન સુંદર
**રતિસુખ** = કામસુખ
**રતિસ્મરોપમ** = રતિ અને કામદેવ (સ્મર) સમાન
**રત્નખચિત** = રત્ન જડિત (ખચિત)
**રત્નરણન્નૂપુર** = રત્નથી રણકાર કરતાં નૂપુર
**રત્નહારી** = રત્ન હરી લેનાર, રત્ન લઈ લેનાર
**રત્નાકર** = સાગર, સમુદ્ર, રત્નની ખાણ (આકર)
**રત્નાભરણ** = રત્નના અલંકાર (આભરણ)
**રત્યર્થે** = રતિક્રીડા માટે
**રપૂચક** = નાસી જવું, ભાગી જવું, રફુચક્કર થવું
**રમણા** = એક ખેતરનું નામ
**રમમાણ** = લીન, મગ્ન
**રમેશ** = ભગવાન વિષ્ણુ, લક્ષ્મી (રમા)ના પતિ (ઇશ)
**રમોમાનનકંજ** = રમા + ઉમા (કે આનન) + કંજ
= રમા એટલે લક્ષ્મી. તેના મુખકમળને વિકસિત કરનાર તત્પતિ શ્રી વિષ્ણુ
= રમા એટલે માતુશ્રી રમાબાઈ. તેના મુખ કમળને પ્રફુલ્લ કરનાર તત્પુત્ર દત્તાંશાવતાર ગુરુવર્યશ્રી વાસુદેવાનંદ સરસ્વતી
= ઉમા એટલે પાર્વતી. તન્મુખ કમળને વિકસિત કરનાર તત્પતિ શ્રી મહાદેવ અથવા તત્પુત્ર ગણપતિ. (અ.૩ દો.૪૧)
**રવ** = અવાજ, શબ્દ
**રવિ** = સૂર્ય
**રવે** = હે સૂર્ય! (રવિનું સંબોધન)
**રશ્મિ** = કિરણ
**રસ** = જીભથી મળતો સ્વાદ, કાવ્યના રસ, શ્રેષ્ઠ આનંદ
**રસધારા** = રસની ધારા (દૂધ, શેરડી આદિનો રસ કે પાણીની ધારા)
**રસના** = જીભ
**રસમસ્ત** = બ્રહ્માનંદના રસમાં મસ્ત
**રસજ્ઞા** = જીભ, રસને જાણનારી
**રસાતલ** = રસાતળમાં (સાત પાતાળ પૈકીનું એક પાતાળ)
**સ્વાદ્વ સ્વાદુ** = સ્વાદિષ્ટ કે અસ્વાદિષ્ટ
**રસાધિક્યલોભે** = વધારે (આધિક્ય) રસ (ફૂલમાંથી મધ) ચૂસવાના લોભમાં
**રસાસ્વાદ** = સમાધિ સુખ, રસનો આસ્વાદ
**રહ:સ્થાન** = એકાંત સ્થાન, નિર્જન સ્થળ
**રંગ** = જ્યોતિ: સ્વરૂપ
**રંગપાશ** = સંસારના જન્મમરણ (રંગ)ના પાશ
**રંગ પ્રસાદી** = જ્યોતિ સ્વરૂપ આત્મા (રંગ)નાં દર્શન
**રંગભૂ** = રંગોળી પૂરેલી જમીન (ભૂ)
**રંગવલ્લી** = રંગોળી
**રંગવલ્યાદિ** = રંગોળી વગેરે
**રંગવિધાતા** = જગત (રંગ)ના સ્રષ્ટા (વિધાતા)
**રંગાનલ** = સંસાર (રંગ)રૂપી અગ્નિ, ભવાગ્નિ

**રંગે** = સંસારરૂપી રંગભૂમિમાં
**રંજ** = ખેદ, ઉદાસીનતા
**રાક્ષસેંદ્ર** = રાક્ષસોમાં ઇંદ્ર સમાન
**રાગ** = મમતા, આસક્તિ
**રાગદ્વેષાકુલ** = રાગ દ્વેષથી વ્યાકુળ
**રાજમનોગત** = રાજાના મનની વાત
**રાજમહિષી** = રાજાની પટ્ટરાણી (મહિષી)
**રાજલક્ષ્મચુત** = રાજલક્ષણ (લક્ષ્મ)થી યુક્ત (ચુત)
**રાજસભક્તિ** = રજોગુણપ્રધાન ભક્તિ
**રાજે** = શોભે, પ્રકાશે
**રાજાંગના** = રાજાની પત્ની (અંગના), રાણી
**રાજ્ઞી** = રાણી
**રાજયક્ષ્મા** = ક્ષય રોગ
**રાદ્ધ** = પ્રસન્ન, સંતુષ્ટ, હૃષ્ટ
**રાધ** = વૈશાખ મહિનો
**રાનોરાન** = એક જંગલ (રાન)માંથી બીજા જંગલમાં
**રામ કરે** = રામના હાથે (કરે)
**રામરસ** = રામની ભક્તિનો રસ, મદિરા, દારૂ
**રામા** = સ્ત્રી, પત્ની
**રાય** = રાજા
**રાવ** = રાજા
**રાવરાણી** = રાજા અને રાણી, રાજાની રાણી
**રાશિ** = ઢગલો, ઢેર, પુંજ
**રાષ્ટ્ર** = દેશ
**રાષ્ટ્રકોશાદિક** = રાષ્ટ્ર અને રાષ્ટ્રના ખજાના વગેરે
**રાષ્ટ્રાંતરે** = બીજા (અંતરે) રાષ્ટ્રમાં
**રિપુ** = શત્રુ, દુશ્મન, અરિ
**રીઢારીઢાવર્જિત** = માનાપમાન વર્જિત
**રુગ્ણાશક્તાદિક** = રોગી (રુગ્ણ) અને અશક્ત વગેરે (આદિક)
**રુચિર** = સુંદર, રુચિકર
**રુણ્ડમાળ** = માણસની ખોપરી (રુણ્ડ)ની માળા
**રુદ્ર** = શંકર ભગવાન, અગિયાર રુદ્રો
**રુદ્રદેહા** = નર્મદા, ભગવાન શંકરના શરીરમાંથી જન્મેલી (દેહા)
**રુદ્રાક્ષધૃક્** = રુદ્રાક્ષ ધારણ કરેલો (ધૃક્)
**રુદ્રાખ્ય** = રુદ્ર નામનું (આખ્ય)
**રુદ્રાધ્યાય પ્રમાણ** = રુદ્રાધ્યાયમાં જણાવ્યા પ્રમાણે
**રુષ્** = રોષ, ગુસ્સો
**રુષ્ટ** = ગુસ્સે થયેલું, રોષે ભરાયેલું
**રૂપાપ્રમેય** = અનુપમ (અપ્રમેય) રૂપવાળી
**રેખા** = લીટી
**રે'તન્મતે** = તેના (તદ્) અભિપ્રાય મુજબ (મતે) રહે (રે')
**રૈન** = રાત્રી
**રૈવતગિરિ** = ગિરનાર
**રોગરાઈ** = રોગની પીડા, રાઈ માત્ર પણ રોગ
**રોમ** = રુવાંટી, શરીર પર ઊગેલા કુમળા અને ઝીણા વાળ
**રોમકૂપ** = હોમના તલ રાખવાની જગા
**રૌદ્ર** = બિહામણું
**રૌદ્ર મૂર્તિ** = બિહામણી આકૃતિ, બીક લાગે તેવો આકાર
**રૌપ્ય** = રૂપું
**રૌપ્યગિરિ** = કૈલાસ પર્વત, રૂપાના જેવો સફેદ પર્વત
**રૌરવ** = એક નરકનું નામ

## લ

લક્ષ = એક લાખ

લક્ષ = લક્ષ્ય

લક્ષગુણ = લાખ ગણું (ગુણ)

લક્ષાયુ = લાખ (લક્ષ) વર્ષનું આયુષ્ય (આયુ)

લક્ષ્મ = લક્ષણ, ચિહ્ન

લક્ષ્મીચ્છુ = લક્ષ્મીની ઈચ્છાવાળો (ઇચ્છુ)

લગીર = થોડુંક, જરા, સહેજ માત્ર

લગ્ન = (જ્યોતિષમાં) તિથિ, નક્ષત્રોનો યોગ, જન્મ સમયે કયો ગ્રહ કઈ રાશિમાં છે તે બતાવતી જન્મકુંડળી

લઘિમાદિક સિદ્ધિઓ = શરીર ફાવે તેવું હલકું કરી શકવાની શક્તિ યુકત લઘિમા વગેરે સિદ્ધિઓ

લટપટ = ખટપટ, ઘાલમેલ

લતા = વેલ

લતિકા = નાની વેલ, નાની લતા

લપલપ = બકબક કરવું, અર્થ વગરનું બોલવું

લવ = જરા અમસ્તું પણ, સહેજ પણ

લવણ = મીઠું

લવલેશ = સહેજ માત્ર, જરા અમસ્તું પણ

લસે = શોભે, નિખરે

લહે = સમજે, જાણે

લંબ = લાંબો થઇને

લંબોદર = ગણપતિ, વિશાળ (લંબ) પેટ (ઉદર)વાળા

લાજા = ધાણી

લાજાપુષ્પે = ધાણીરૂપી ફૂલથી

લાદી = મૂકીને, નાંખીને

લાસ્ય = સંગીત સાથેનું નૃત્ય

લાંછનાસ્પદ = લાંછન લાગે એવું, કલંકવાળું

લિપ્ત = લેપાવવું નહીં (અલિપ્ત, આસક્ત ન થવું)

લિયાકત = લાયકાત

લિંગ = ચિહ્ન, જાતિ

લિંગ = શિવલિંગ

લિંગ = જ્ઞાનની સત્યતાનું પ્રકાશક ચિહ્ન

લિંગ સંજ્ઞક = લિંગ નામે (સંજ્ઞક) પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર- એ ૧૯ તત્ત્વોના લિંગ નામે સૂક્ષ્મ દેહમાં પ્રવેશતી ચૈતન્યની જ્યોતિ એ જ જીવ કહેવાય છે.

લિંગાર્ચન = શિવલિંગની પૂજા (અર્ચન)

લીલાવિગ્રહધારી = લીલા કરવા માટે શરીર (વિગ્રહ) ધારણ કરનાર

લુપ્તગૃહક્રિય = ગૃહસ્થ તરીકેનાં ધર્મકાર્ય બંધ થઇ ગયાં

લુપ્તતારકા = તારા અદશ્ય થઇ ગયા હોય તે સમય

લુપ્ત પિંડોદક ક્રિયા = પિંડ અને જળ (ઉદય) આપવાની ક્રિયા બંધ થતાં

લુપ્તપ્રાય = લોપ થવાની તૈયારીમાં, નાશ પામવાની તૈયારીમાં

લુપ્તભાસ્કર = સૂર્યાસ્ત પછી

લુપ્તસામર્થ્ય = જેની ફળ આપવાની શક્તિ નાશ પામી છે

લુબ્ધ = લોભી, લોભાયેલો

લુબ્ધક = પારધી

લૂખું = એકદમ સૂકું, સૂકુંભઠ

લેટે = આળોટે

લેશે = જરાપણ, સહેજમાત્ર

લોકતાર = લોકોનો ઉદ્ધાર કરનાર (તાર)

**લોકવાદ** = લોકોની નિંદા, લોકોની ટીકા
**લોકસંગ્રહ** = લોકોને સન્માર્ગે ચઢાવવા તે
**લોકશ્રુત** = લોકોમાં પ્રખ્યાત, લોકોમાં જાણીતો
**લોકાચળ** = ઉદયાચળ પર્વત. આ પર્વતની પાછળથી સૂર્ય ઊગે છે એવી માન્યતા છે
**લોકાપવાદ** = લોકોની નિંદા, લોકોની વગોવણી
**લોકાયત** = ચાર્વાક મત, દેહને જ આત્મા માનનાર મતવાદી, નાસ્તિકવાદ
**લોકોત્તર** = અલૌકિક, અસાધારણ, લોકોમાં શ્રેષ્ઠ
**લોચન** = નેત્ર
**લોલ** = ચંચળ
**લોષ્ઠ** = માટીનું ઢેફું
**લોહચણક** = લોઢાના ચણા (ચણક)
**લોહપાષાણવત્** = લોખંડના પથ્થર જેવા
**લોહપિષ્ઠ** = લોઢાના ભૂકો
**લોહસ્પર્શવત્** = લોખંડ (લોહ) અને પારસમણિ (સ્પર્શ)ની જેમ
**લોહિત** = લાલ

## વ

**વક્રતુંડ** = ગણપતિ, વાંકા (વક્ર) મોં (તુંડ) વાળા
**વક્ષ:સ્થળ** = છાતી
**વજ્ર** = ઈન્દ્રનું અમોઘ શસ્ત્ર
**વટાર્કશ્વત્થાદિ** = વડ (વટ), આકડો (અર્ક) અને પીપળો (અશ્વત્થ) વગેરે
**વટાળ** = વટલાવવું, ધર્મભ્રષ્ટતા
**વડવાનલ** = સમુદ્રમાં રહેલા અગ્નિનું નામ (હૈયે વડવાનલ જલે, તોયે સાગર ગાય)
**વડવામુખ** = વડવાનલના મુખમાં, સમુદ્રમાં રહેલા અગ્નિના મુખમાં
**વણ** = વેણ, વચન
**વણપ્રાય** = ચાંદા જેવું, ચાઠા જેવું
**વણસે** = બગડે, નાશ પામે
**વર્ત્યું** = બન્યું
**વત્સ** = બાળક
**વત્સ** = વાછરડું
**વત્સર** = વરસ
**વત્સશૃંગવત્** = વાછરડાના શિંગડાની (શૃંગ) જેમ
**વત્સારવે** = વાછરડાની બૂમથી
**વદઆન** = બીજું કાંઇ (આન) બોલ (વદ), બીજું કાંઇ માગ
**વદન કંજ** = મુખકમલ
**વદ વાન્ય** = બીજું બોલવા માટે, અથવા (વા) બીજું (અન્ય) બોલ (વદ)
**વદાન્ય** = ઉદારચરિત
**વધતાં** = વધ કરતાં, વધ કરેલો ત્યારે
**વધવા** = વધ કરવા, મારી નાંખવા
**વધાર્હ** = વધ કરવાને યોગ્ય, મારી નાંખવા યોગ્ય
**વધીશ** = વધ કરી નાંખીશ, મારી નાંખીશ
**વધ્યો** = માર્યો
**વન** = જંગલ, પાણી
**વનકુક્કુટ** = જંગલી મરઘો
**વનચરનુત** = વનચરોથી પ્રશંસિત
**વનસ્થ** = વનમાં રહેનાર (સ્થ)
**વનિહર** = કામનાનો નાશ કરનાર
**વની** = વાનપ્રસ્થાશ્રમી, જંગલમાં રહેનાર
**વનોપવન** = જંગલ (વન) અને બાગ-બગીચો (ઉપવન)
**વન્ચ** = જંગલમાં પોતાની મેળે ઊગેલાં

**વન્ય કુસુમ** = વનમાં પોતાની મેળે ઊગી નીકળેલાં પુષ્પો

**વન્યવધૂટીવંચિત** = જંગલી સ્ત્રી (ભીલડીનું રૂપ લેનાર પાર્વતીથી)થી છેતરાઈ જનાર

**વપુ** = શરીર, કાયા

**વમ્રી** = ઊધઈ

**વર** = ઉત્તમ, શ્રેષ્ઠ, સુંદર

**વર** = વરદાન

**વરકાય** = શ્રેષ્ઠ (વર) શરીર, ઉત્તમ શરીરવાળા, સુંદર દેહવાળા

**વરચેલ** = સુંદર (વર) વસ્ત્રો (ચેલ)

**વરજાત** = વરદાનથી જન્મેલ, શ્રેષ્ઠ પુરુષથી જન્મેલ, ખાનદાન, ઊંચી કોટિનું

**વરજાત પતિવ્રત્તા** = ઉત્તમ કોટિની પતિવ્રતા

**વરતનુ** = ઉત્તમ (વર) શરીર (તનુ)

**વરદ** = વરદાન (વર) આપનાર (દ)

**વરદાન** = શ્રેષ્ઠ વસ્તુનું દાન, ઈચ્છિત વસ્તુનું દાન

**વરદે** = હે વરદાન આપનારી! (વરદાનું સંબોધન)

**વરદેશ્વર** = વરદાન આપનાર (વરદ) અને ઈશ્વર સ્વરૂપ

**વરદેહ** = સુંદર (વર) શરીરવાળી

**વરનદી** = શ્રેષ્ઠ નદી, નદીઓમાં શ્રેષ્ઠ

**વરફળ** = વરદાનમાં મળેલું ફળ

**વરભેખ** = શ્રેષ્ઠ (વર) વેષ (ભેખ) ધારણ કરનાર

**વરવાક્** = શ્રેષ્ઠ (વર) વાણી (વાક્), ઉત્તમ વાણી

**વરવેષે** = સુંદર (વર) વેષવાળા

**વરસત્ત્વ** = શ્રેષ્ઠ (વર) સ્વભાવવાળી (સત્ત્વ)

**વરાનના** = સુંદર (વર) મુખવાળી (આનના)

**વરસંતતિ** = સારી-શ્રેષ્ઠ (વર) સંતતિ

**વરાન્ન** = શ્રેષ્ઠ અન્ન

**વરાભ** = સુંદર (વર) ક્રાંતિ (આભ)વાળા

**વરાહ** = ભૂંડ, ડુક્કર

**વરિષ્ઠ** = સર્વોત્તમ, સૌથી મોટા

**વરી** = પસંદ કરીને

**વરે** = વરદાનથી

**વરે ઉર થકી** = હૃદયના ભાવથી જેને પસંદ કરે

**વરેણ્ય** = શ્રેષ્ઠ, પસંદ કરવા યોગ્ય

**વર્જિત** = મુક્ત

**વર્જે** = છોડી દે, ત્યાગ કરે

**વર્ણરૂપ** = અક્ષરરૂપ

**વર્ણાશ્રમધર્મ** = વર્ણ અને આશ્રમ મુજબના ધર્મો-(કાર્યો)

**વર્ણી** = બ્રહ્મચારી

**વર્ણીગૃહીવની** = બ્રહ્મચારી, ગૃહસ્થી અને વાનપ્રસ્થી (વની)

**વર્ત્યું** = બન્યું

**વર્મ** = કવચ, બખ્તર

**વર્મ** = રક્ષણનો ઉપાય

**વર્ય** = શ્રેષ્ઠ

**વલય** = કડાં

**વલ્ક** = વલ્કલ

**વલ્કલ** = ઝાડની છાલનું બનાવેલું વસ્ત્ર

**વલ્ગના** = કૂદાકૂદ

**વલ્મીકજળસંનિધ** = રાફડો (વલ્મીક) હોય તેની પાસે અને જળાશયની પાસે (સૂવું નહિ)

**વલ્લભા** = પ્રિયા, વહાલી

**વલ્લીપત્ર** = વેલ કે લતાનું પાંદડું

**વશમાય** = માયા જેને વશ છે તે, માયા ઉપર કાબૂ ધરાવનાર દત્ત વિભુ

**વશી** = સંયમી, પોતાની જાતને વશમાં રાખનાર, જિતેંદ્રિય, ઈન્દ્રિયોને વશમાં રાખનાર
**વશીકાર** = જેમાં બધી ઈન્દ્રિયો અને મન સંપૂર્ણપણે નિરુદ્ધ (અંકુશમાં) રહે તેવી સ્થિતિ
**વસતિ સ્થળો** = રહેવાની જગ્યા, વાસો કરવાની જગ્યાઓ
**વસન** = વસ્ત્ર
**વસુ** = લક્ષ્મી, ધન-દોલત, આઠ વસુઓ
**વસુધા** = પૃથ્વી
**વસ્ત્રખંડ** = વસ્ત્ર માટેનો ખંડ- ટૂકડો, (સ્ત્રીઓના કબજા માટેનું એક કાપડ)
**વસ્ત્ર નિષ્પીડન** = વસ્ત્ર નિચોવવું
**વસ્ત્રપૂત** = કપડાથી ગાળીને, વસ્ત્રથી ચોખ્ખું (પૂત) કરીને
**વસ્ત્રવાસના** = વસ્ત્રરૂપી વાસના
**વસ્ત્રાછન્નસ્રજે** = વસ્ત્રથી ઢાંકેલી (આછન્ન) માળા (સ્રજ)થી
**વસ્ત્રાભરણ** = વસ્ત્ર અને અલંકાર (આભરણ)
**વસ્વાદિત્યાદિ** = વસુ અને આદિત્ય (સૂર્ય) વગેરે
**વહે** = ધારણ કરે
**વહે વારિ** = પાણી ભરવાનું કામ કરે
**વહ્નિ** = અગ્નિ
**વહ્નિવેશન** = અગ્નિમાં પ્રવેશ, પતિ પાછળ પતિવ્રતાનું સ્વાર્પણ
**વંચના** = છેતરપિંડી
**વંઠેલા** = હદ બહાર બગડી ગયેલા
**વંતાક** = રીંગણ, વેંગણ
**વંદાવંદિત** = ભિખારણ (વંદા) દ્વારા વંદન કરાયેલા
**વંશવલ્લી** = વંશવેલી
**વંશવૃક્ષ** = વાંસ (વંશ)નાં ઝાડ
**વંશહનન** = વંશનો નાશ

**વા** = અથવા, પવન
**વાઈમાં** = વાઈ નામના ગામમાં
**વાક્** = વચન, વાણી
**વાગતીત** = વાણી (વાક્ )થી પર (અતીત)
**વાગે ગજ ના કોઈનો** = કોઈનું કશું ચાલે નહીં
**વાગોળ** = એક પંખી જે ઊંધા માથે લટકતું હોય છે
**વાગ્દ** = વાણી આપનારો
**વાગ્બાણે** = વાણીરૂપી બાણથી, કડવા વેણથી, કટુ વચનથી
**વાજપેય ફલપ્રદ** = વાજપેય યજ્ઞનું ફળ આપનાર (પ્રદ્)
**વાજી** = ઘોડો
**વાડવ** = બ્રાહ્મણ
**વાડી (રાજધાની શ્રી દત્તની)** = નરસોબાની વાડી
**વાણ** = વાણી
**વાણિજ્યવૃત્તિ** = વેપારી વૃત્તિ, વેપારને લગતી પ્રવૃત્તિ
**વાણીએ** = વાણિયાએ
**વાતાહત** = વાવાઝોડાથી ઈજા પામેલું
**વાતાંદોલિત** = હવા-પવન (વાત)થી આંદોલિત
**વાદ** = સંવાદ
**વાદ** = કોરટની વઢવાડો
**વાદાર્હ** = વાદ (ચર્ચા) કરવાને યોગ્ય
**વાદ્યાસક્ત** = વાજિંત્રો વગેરે વગાડવામાં આસક્ત
**વાધ્યો** = વધ્યો
**વાન્તિ** = ઊલટી, વમન, ઓકારી
**વાન્તૌ** = ઉલટીઓમાં
**વાપસી** = ફરી પાછા આવવું
**વાપિસ** = પાછો
**વાપી** = વાવ, કૂવો

**વાપી, કૂપ, તડાગ** = વાવ, કૂવો અને તળાવ
**વામ** = ડાબો
**વામ કર** = ડાબો (વામ) હાથ (કર)
**વામ કુક્ષી** = જમ્યા પછી ડાબે (વામ) પડખે (કુક્ષ) સૂવું
**વામના** = વામન ભગવાન
**વામનેત્ર** = ડાબી (વામ) આંખ
**વામાંકે** = ખોળામાં (અંકે) ડાબી (વામ) બાજુએ
**વામાંગે** = ડાબે પડખે
**વામાંધ્રિ** = ડાબો (વામ) પગ (અંધ્રિ)
**વાયન** = મિષ્ટાન્ન
**વાયનદાન** = મિષ્ટાન્નનું દાન
**વાયસ** = કાગડો
**વાર (ક્રિયાપદ રૂપે)** = નિવારણ કર
**વાર** = વિલંબ, ઢીલ
**વારવનિતા** = વેશ્યા
**વારસ્ત્રી** = વેશ્યા
**વારાણસી** = કાશી (વરુણ અને અસિ નદી વચ્ચેનો પ્રદેશ)
**વારિ** = જળ, પાણી
**વારિધિ** = સમુદ્ર
**વારી** = સમજાવીને, અટકાવી, રોકીને
**વારે દાતાને** = દાન આપનાર (દાતા)ને અટકાવે, રોકે (વારે)
**વારો** = નિવારણ કરો, દૂર કરો
**વાસ** = દિવસ, નિવાસ
**વાસનાવન** = વાસનારૂપી જંગલ (વન)
**વાસરમણિ** = બધા વાર (વાસર)માં રત્ન (મણિ) જેવો
**વાસવ** = ઇન્દ્ર
**વાસસ** = વસ્ત્ર
**વાસીદું કરે** = ઢોરની ગભાણની સાફ સૂફી કરે
**વાસુકિ** = શેષનાગ
**વિકટ** = મુશ્કેલ
**વિકલ્પ** = મિથ્યા ચિંતા, મિથ્યા શંકા
**વિકલ્પાવિકલ્પ** = સવિકલ્પ (વિકલ્પ) અને નિર્વિકલ્પ (અવિકલ્પ)
**વિકુષ્ઠ** = કોઢ વિનાનો (વિ), કુષ્ઠહીન
**વિક્રાંત** = ગતિશીલ, શૂરવીર
**વિક્ષિપ્ત** = અતિ ચંચળ, ક્ષુબ્ધ,અસ્થિર, અડચણયુક્ત, વ્યગ્ર
**વિક્ષેપ** = ખલેલ, ચંચળતા
**વિક્ષેપજનન** = ભ્રમણાથી જન્મેલું, વિક્ષેપની ઉત્પત્તિ
**વિખાર** = સાપ
**વિગતવાસના** = જેની વાસના નાશ પામી છે તેવો, વાસના વિનાનો
**વિગ્રહ** = શરીર
**વિચિત્ર** = વિશિષ્ટ આનંદ (ચિત્ર) આપનારી, આશ્ચર્ય પમાડનારી
**વિજન** = નિર્જન,જંગલ, જ્યાં માણસ ન મળે એવું સ્થાન
**વિજનસજન** = નિર્જન કે વસતીવાળા (સજન)
**વિજયાવર** = વિજયાના પતિ, શંકર
**વિજાતીય** = બીજી જાતિનો, પોતાની જાતિથી વિરુદ્ધ જાતિનો
**વિજિતાક્ષ** = ઇંદ્રિયો (અક્ષ) ઉપર વિજય મેળવનાર, સંયમી, જિતેંદ્રિય
**વિજ્ઞાન** = સ્વાત્માનુભવ, અનુભવ જ્ઞાન, આત્મજ્ઞાન
**વિટ્** = વૈશ્ય, વેપારી
**વિડંબન** = છેતરામણી, ફજેતી
**વિત્ત** = ધન, દ્રવ્ય, પૈસા

વિત્તશાઠ્ય = શક્તિ હોવા છતાં ઓછા પૈસા આપવાની અથવા ન આપવાની દાનત
વિતંડા = શાબ્દિક ઝઘડો, નાહકનો વિવાદ
વિતંડાવાદે = શાબ્દિક વાદ-વિવાદ, ખોટી શુષ્ક ચર્ચામાં
વિતુષ્ટ = અસંતુષ્ટ, નારાજ
વિતૃષ્ણ = તૃષ્ણા વગરનો, તૃષ્ણારહિત
વિદગ્ધ = ચતુર, વિદ્વાન, પરિપકવ
વિદારતાં = નાશ કરતાં
વિદારે = નાશ કરે, મારી નાંખે
વિદિક્ કદીએ ન = વિરૂદ્ધ દિશા (૧) ઉત્તર દિશા (૨) કોઇ પણ દિશા ન હોય તેમ વાંકાં, અવ્યવસ્થિત સૂવું નહિ
વિદિઙ્મુખ નિષિદ્ધ = એક પણ ચોકકસ દિશામાં નહીં તેમ એકદમ અવ્યવસ્થિત રીતે બેસીને જમવાનો નિષેધ છે
વિદીર્ણ = દૂર કર્યું, વિદાર્યું
વિદ્ધ = વીંધાયેલા, ઘવાયેલા
વિદ્યમાન = હયાત, હાજર
વિદ્યા કીડાદિક = ભણવા-રમવામાં વગેરે
વિદ્યાદર્પ = વિદ્યાનો ઘમંડ
વિદ્યાબ્ધિ = વિદ્યાનો સાગર (અબ્ધિ)
વિદ્યાર્જન = વિદ્યા પ્રાપ્ત કરવી, જ્ઞાનપ્રાપ્તિ
વિદ્યારત્ન = વિદ્યારૂપી રત્ન
વિદ્યાવારિધિ = જ્ઞાન (વિદ્યા)નો સાગર
વિદ્યાવિક્રય = વિદ્યાનું વેચાણ
વિદ્યાવિદ્યાત્મક = વિદ્યા અને અવિદ્યાસ્વરૂપ
વિદ્યાસ્નાત = વિદ્યા પ્રાપ્ત કરીને સમાવર્તન સ્નાન કરેલો, વિદ્યાપારંગત

વિદ્યુચ્ચલ = વીજળી (વિદ્યુત્) જેવી ચંચળ
વિદ્યુન્નિભ = વીજળી (વિદ્યુત્) જેવા
વિધિ = નસીબ, પ્રારબ્ધ
વિધિ = બ્રહ્મા, બ્રહ્મદેવ
વિધિતાત્પર્ય = આજ્ઞાનું રહસ્ય
વિધિનિષેધ = આમ કરવું (વિધિ) અને આમ ન કરવું (નિષેધ)
વિધિનિષેધાતીત = આમ કરવું અને આમ ન કરવું એ બંનેથી પર
વિધિને = બ્રહ્મદેવને
વિધિમુખે = બ્રહ્મસત્ય છે, શુદ્ધ છે, બુદ્ધ છે વગેરે વિધિ વાક્યો દ્વારા બ્રહ્મ થયું. (અ.૧૭ દો.૯૯)
વિધિરાજ = બ્રહ્મા
વિધિસુત = નારદ, બ્રહ્મા (વિધિ)ના પુત્ર (સુત)
વિધુ = ચંદ્રમા
વિધુકલા = ચંદ્રની કળા
વિધે = હે વિધિ!, હે બ્રહ્મા!
વિધ્વંસ = ભંગ કરવો, નાશ કરવો
વિનત = વિનયનમ્ર, નમ્રભાવે
વિનત શિર = માથું નમાવીને
વિનષ્ટ = ખોવાઇ ગયેલી, ગુમાવેલી, નાશ પામેલી
વિનિદ્ર = નિદ્રાથી પર, નિદ્રા વિનાનો, જાગતો
વિનીત = વિનયી
વિપરીત = વિરુદ્ધ, ઊલટું
વિપાપ = પાપ રહિત, નિષ્પાપ, પાપથી મુક્ત
વિપિને = જંગલ (વિપિન)માં
વિપુલ = ઘણું
વિપ્રગુર્વાદિ = બ્રાહ્મણ, ગુરુ વગેરે (આદિ)

વિપ્રતપસ્વીપાળ = બ્રાહ્મણો અને તપસ્વીઓનું રક્ષણ કરનાર
વિપ્રેરિત = બ્રાહ્મણે કહેલો
વિપ્રસત્તમ = શ્રેષ્ઠ, ઉત્તમ, જ્ઞાની બ્રાહ્મણ
વિપ્રસંતર્પણ = બ્રહ્મભોજન, બ્રાહ્મણોને ભોજન આપવું
વિપ્રાચારવિહીન = બ્રાહ્મણધર્મના આચાર વિનાનો
વિપ્રાતિથિ = બ્રાહ્મણ (વિપ્ર) રૂપ અતિથિ
વિપ્રાતિથ્યે = બ્રાહ્મણની મહેમાનગીરીમાં
વિપ્રાન્ત્યજસંગે = બ્રાહ્મણ (વિપ્ર) અને હરિજન (અંત્યજ)ના સંગથી
વિપ્રાભાવે = બ્રાહ્મણ ન મળવાને કારણે
વિપ્રામર = બ્રાહ્મણ (વિપ્ર) અને દેવ (અમર)
વિપ્રારાધન = બ્રહ્મભોજન
વિભક્ત = છૂટા, જુદી જુદી, વિયુક્ત
વિભક્તિ = ભિન્નતા, ભેદ, વિયોગ, જુદાપણુ
વિભક્તિહારિણી = વિયોગ (ભેદ) દૂર કરનારી, (ભેગા કરાવનારી)
વિભુ = સર્વ વ્યાપી, (પરમાત્મા) વ્યાપક પરમેશ્વર
વિભુ દેહ = સર્વવ્યાપી પરમેશ્વર
વિમળ = મળ વિનાનું, શુદ્ધ, પાવન
વિમુખ = મોં ફેરવીને
વિમૂઢ = અતિ મૂઢ
વિરતિ = આસક્તિ (રતિ) વિનાનું (વિ), વૈરાગ્ય
વિરતિજલધારથી = વૈરાગ્ય (વિરતિ)રૂપી જળની ધારાથી
વિરહ = વિયોગ
વિરહાનલ = વિરહાગ્નિ, વિયોગનું દુઃખ
વિરિંચિ = વિધાતા, બ્રહ્મા
વિરૂપ = બેડોળ, કદ્રૂપ, કુરૂપ
વિરૂપાક્ષ = બિહામણી આંખવાળો, કદ્રૂપી આંખવાળા
વિરોચન = બલિરાજાના પિતા
વિવર = દર, છિદ્ર, ગુફા
વિવર્ણ = તેજ વિનાનો, નિસ્તેજ, ફિક્કો
વિવસ્ત્ર = વસ્ત્ર વગરના, નગ્ન
વિવંચના = છેતરપિંડી
વિવાહ = લગ્ન
વિવાહ વિધિથી = લગ્નથી (માત્ર વાગ્દાન નહિ)
વિવાહાર્હ = લગ્ન કરવાને યોગ્ય, પરણવા લાયક
વિવાહોત્તર = પરણ્યા પછી (ઉત્તર), લગ્ન કર્યા પછી
વિવાહોર્ધ્વ = લગ્ન કર્યા પછી (ઊર્ધ્વ)
વિવેક = નિત્ય-અનિત્યનો ભેદ સમજી નિત્યને સ્વીકારવાની સમજ, સદ્-અસદ્ વિચાર
વિવૃદ્ધિ = વિસ્તાર
વિશાલાક્ષ = મોટી (વિશાલ) આંખ (અક્ષ)વાળા
વિશેષાન્ત = ભૂત ભૌતિકાદિ
વિશ્રુત = વિદ્વાન, વિખ્યાત
વિશ્રુતા = વિદુષી, જ્ઞાની
વિશ્લેષ = વિયોગ, છૂટા પડવું
વિશ્વકૃત્ = વિશ્વનું સર્જન કરનારો
વિશ્વપ = વિશ્વનું પાલન કરનાર (પ), રક્ષણ કરનાર, ભગવાન વિષ્ણુ
વિશ્વસૃક્ = વિશ્વનું સર્જન કરનાર
વિશ્વસૃટ્ = વિશ્વને સર્જનાર
વિશ્વસ્ત = વિશ્વાસુ, વિશ્વસનીય, વિશ્વાસે રહેલો
વિશ્વંભર = વિશ્વનું ભરણ પોષણ કરનાર
વિશ્વેદેવો = વસુ, ક્રતુ વગેરે દેવો
વિષમ = સમ (સરખું) નહિ તે, જુદી જુદી

વિષય = જ્ઞાનેંદ્રિયને ઉત્તેજિત કરનાર, કામના, ભોગવાસના
વિષયકીટક = વિષયનો કીડો
વિષયલંપટ = વિષયમાં લટ્ટુ, અતિશય કામી
વિષાદ = ઉદાસીનતા, દુ:ખ
વિષ્ણવંશ = વિષ્ણુનો અંશ
વિશ્ણવાજ્ઞા = વિષ્ણુની આજ્ઞા
વિસ્તીર્ણ = ફેલાયેલું, વિસ્તરેલું
વિહિત = શાસ્ત્ર સંમત
વિહ્વળ = આકુળ-વ્યાકુળ
વિજ્ઞાન = અનુભવ જ્ઞાન, આત્મજ્ઞાન
વિંશતિહાથ = વીસ હાથ
વીચિ = તરંગ, મોજું
વીટકાદિક = પાન વગેરે
વીતરાગ = આસક્તિ (રાગ) વિનાનો (વીત), આસક્તિરહિત
વીરભદ્ર = મહાદેવનો મુખ્ય ગણ
વીરશ્રી = વીરતારૂપી લક્ષ્મી (શ્રી)
વૃક = વરુ
વૃક્ષસ્કંધો = ઝાડની ડાળીઓ (સ્કંધો)
વૃક્ષાધસ્થા = ઝાડના મૂળમાંથી
વૃત્ત = સમાચાર, બનેલી હકીકત, ખબર
વૃત્તસંદેહ = સંદેહવાળું, શંકાયુક્ત ખબર
વૃત્તાકાર = ગોળ (વૃત્ત) આકારની
વૃત્તિ = આજીવિકા
વૃત્તિ ચોર્યે = આજીવિકા ચોરવાથી
વૃત્રારિ = વૃત્રાસુરનો દુશ્મન, ઇંદ્ર
વૃશ્ચિકપ્રાવરણે = વીંછી (વૃશ્ચિક)વાળું વસ્ત્ર (પ્રાવરણ) ઓઢીને
વૃષ = આખલો, બળદ
વૃષભવર = બળદમાં શ્રેષ્ઠ એટલે આખલો
વૃષાગ્ર = જેની આગળ (અગ્ર)ના ભાગે પોઠિયો (વૃષ) છે તે ભગવાન શંકર
વૃષારોહી = બળદ પર બેસનાર
વૃંદ = ટોળું, સમૂહ
વેણુદંડ = વાંસ (વેણુ)નો દંડ
વેણુધમની = વાંસ (વેણુ)ની ભૂંગળી
વેતન = ફી, પગાર, મહેનતાણું
વેદગર્ભ = વેદોનો સારરૂપ
વેદઘંટ = જે વાત વેદ મોટેથી કહે છે તે, ઘંટ વગાડીને કહે છે તે
વેદ ચતુષ્ટય = ચાર વેદોનો સમૂહ
વેદપારગ = વેદમાં પારંગત
વેદયોનિ = વેદનું પ્રાકટ્ય સ્થાન, વેદનું મૂળ
વેદરાશિ = વેદોનો ઢગલો (રાશિ), અનંત
વેદાનધિકૃત = વેદને માટે અનધિકારી
વેદાવિરુદ્ધ = વેદથી વિરુદ્ધ નહીં (અવિરુદ્ધ), વેદસંમત
વેદાંતામૃતપાન = વેદાંતના અદ્વૈતવાદના સિદ્ધાંતના અમૃતનું પાન
વેદાંતી = વેદાંતને જાણનાર
વેદ્યાવેદ્યાતીત = જાણવા યોગ્ય (વેદ્ય) અને જાણવા યોગ્ય નહીં (અવેદ્ય) એ બંનેથી પર
વેશ્યાસદને = વેશ્યાને ઘેર
વેષ્ટિત = વીંટળાયેલું
વેષ્ટિને = વીંટળાઇને, ઘેરીને
વૈગુણ્ય = નિષ્ફળતા, ઊંધી અસર થવી
વૈદૂર્ય = એક નીલ રંગનો મણિ

**વૈદૂર્યનગર** = બેડર (વિજાપુર)
**વૈનતેય** = ગરુડ
**વૈરકૃત્** = વેર કરનાર
**વૈરાગ્ય** = આ લોક અને પરલોકની વસ્તુમાં દોષ દર્શન કરી એને ત્યજી દેવાની વૃત્તિ
**વૈશ્વદેવ** = જમતાં પહેલાં દેવોને અપાતો બલિ
**વૈષ્ણવ** = વિષ્ણુનો ભક્ત
**વ્યજન** = પંખો
**વ્યતિક્રમ** = ઉલ્લંઘન, વિરુદ્ધ વર્તન
**વ્યતિપાત** = ઉપદ્રવ, ઉત્પાત, જ્યોતિષમાં અશુભ મનાતો યોગ
**વ્યતિરિક્ત** = જુદો
**વ્યતિરેક** = કારણ ના હોય તો કાર્ય પણ ના હોય એ નિયમ
**વ્યતીત** = વીતી ગઇ, પસાર થઈ ગઈ
**વ્યત્યાસ** = ફેરફાર, અદલાબદલી, ભૂલ, વિપરીતતા, એકદમ ઊલટું
**વ્યર્થ** = અર્થ વગરનું, નકામું
**વ્યવહરે** = વ્યવહાર કરે
**વ્યવહતિ** = સંસારનો વ્યવહાર
**વ્યષ્ટિભૂત** = વ્યક્તિ (વ્યષ્ટિ)માં રહેલો
**વ્યંગ** = અંગ વિનાનો, અંગહીન, પંગુ, વિકલાંગ
**વ્યંજન** = ચટણી, કચુંબર વગેરે
**વ્યાઘ્રપદે** = વાઘના પગ ઉપર
**વ્યાજે** = કપટથી
**વ્યાધ** = શિકારી
**વ્યાધિદ** = રોગ (વ્યાધિ) જન્માવનાર (દ)
**વ્યાપાર** = ચેષ્ટા, દોડધામ
**વ્યાપી** = ફેલાઇ જઈ
**વ્યાપૃત** = વ્યાપ્ત, વ્યાપેલો
**વ્યાપ્ત** = ફેલાયેલો
**વ્યાપ્તિ** = ફેલાવો, વ્યાપી જવું
**વ્યાવહારિકી** = વ્યવહાર પૂરતું જરૂરી, વ્યવહાર ચલાવવા માટે જરૂરી
**વ્યાહૃતિ** = કથન, ઉક્તિ, ભૂ: ભુવ: સ્વ: એ ત્રણ પવિત્ર શબ્દ
**વ્યાળ** = સાપ વગેરે ઝેરી પ્રાણી, વાઘ જેવાં હિંસક પશુઓ, લુચ્ચા અને બદમાસ લોકો
**વ્યોમ** = આકાશ
**વ્યોમકેશ** = ભગવાન શંકર, આકાશ (વ્યોમ) જેના વાળ (કેશ) છે તે
**વ્યોમગમન** = આકાશગમન, આકાશ માર્ગે જવું તે
**વ્યોમધ્વનિ** = આકાશવાણી, નભોવાણી
**વ્યોમવત્** = આકાશની માફક
**વ્યોમવાણી** = આકાશવાણી
**વ્રજ** = જા
**વ્રજભામિની** = વ્રજની સ્ત્રીઓ, ગોપીઓ
**વ્રણ** = ચાંદુ, ઘા, નારું
**વ્રણછન્ન** = ઉઘાડા ઘા વાળી
**વ્રણત્રસ્ત** = ઘાથી દુ:ખી, જખમથી હેરાન થયેલી
**વ્રણદંત** = દાંતનો રોગ
**વ્રણપ્રાય** = ચાંદા જેવું
**વ્રતબંધ** = જનોઇ દેવી, વ્રત બંધન
**વ્રતબંધન** = યજ્ઞોપવીત (વ્રત) દેવી, જનોઇ આપવી
**વ્રતબંધાર્હ** = જનોઇ દેવાને લાયક (અર્હ)
**વ્રતબંધોત્તર** = જનોઇ દીધા પછી (ઉત્તર)
**વ્રતમિષે** = વ્રત નિમિત્તે, વ્રતને માટે

**વ્રતવિધાન** = વ્રત કરવાની વિધિ
**વ્રતસ્નાત** = વિદ્યાભ્યાસનું વ્રત પૂ રું કર્યા પછી સ્નાન કરેલો
**વ્રાત્ય** = જેના પર યજ્ઞોપવીત કે અન્ય સંસ્કાર નથી થયા તેવો, સંસ્કારહીન
**વ્રાત્યવેષ** = યજ્ઞોપવીત વ. સંસ્કાર ન થયા હોય (વ્રાત્ય) તેવો અનાર્ય વાહ્યાત્ય જેવો વેષ
**વ્રીહિ** = ડાંગર
**વ્રેહ** = વિરહ, વિયોગ

## શ

**શકટ** = ગાડું
**શકટી** = ગાલ્રી (ગાડા કરતાં નાની અને માણસોને બેસવા માટેની ગાડી), ગાડી
**શક્તિ** = સામર્થ્ય, બળ, દેવી, એક અસ્ત્ર
**શક્તિમતી** = શક્તિવાળી, શક્તિશાળી
**શક્ર** = ઈન્દ્ર
**શક્રાદય સ્તુતિ** = ઈન્દ્ર (શક્ર) વગેરે (આદિ) દેવોએ કરેલી સ્તુતિ
**શચિ** = ઈન્દ્રાણી
**શચિકાન્ત** = ઈન્દ્ર, ઈન્દ્રાણીનો પતિ (કાન્ત)
**શચિપતિ** = ઈન્દ્રાણીનો પતિ, ઈન્દ્ર
**શટાશીર્ષ** = માથા ઉપર જટા (શટા) ધારણ કરનાર
**શઠવરાગ્રણી** = એકદમ લુચ્ચા (શઠવર)ઓમાં પણ અગ્રણી
**શતગુણ** = સો (શત) ગણો (ગુણ)
**શતધા** = સો રીતે, એકસો (શત) પ્રકારે (ધા)
**શતપુત્રાન્વિત** = સો પુત્રોવાળો, સો પુત્રયુક્ત
**શતાબ્દ** = સો વરસ
**શનાખત** = ઓળખાણ
**શનૈ:** = ધીમેથી
**શનૈ: શનૈ:** = ધીમે ધીમે
**શપું** = શાપ આપું
**શપ્તાર્ત** = શાપગ્રસ્ત (શપ્ત) અને દુ:ખી (આર્ત)
**શબર** = ભીલ
**શબલ** = સગુણ
**શમથપ્રદ** = ચિત્તની શાંતિ (શમથ) આપનાર (પ્રદ)
**શમદમાદિક** = શમ, દમ વગેરે. (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન)
**શયને** = પથારીમાં, બિછાના પર
**શયુલાંછિત** = સર્પ (શયુ) વિભૂષિત (લાંછિત)
**શર** = બાણ, તીર
**શરકાર** = બાણ બનાવનાર, તીર તૈયાર કરનાર
**શરટ** = કાચિંડો
**શરણ** = આધાર, આશરો
**શરણાગત** = શરણે આવેલો (આગત)
**શરણાગતવત્સલ** = શરણે આવેલાને વહાલ કરનાર, પાળનાર
**શરણાપ્તને** = શરણે આવેલાને, શરણાગતને
**શરત્પૌર્ણિમા** = શરદ પૂનમ, આસો મહિનાની પૂનમ, માણેકઠારી પૂનમ
**શરભાનન** = હાથીનાં બચ્ચાં (શરભ)નું મોઢું
**શરીરરાખા** = શરીરને સાચવ્યા કરનાર (રાખા), શરીરની સંભાળ રાખનાર
**શરીરી** = શરીર ધારણ કરનાર
**શર્કરા** = સાકર
**શર્મ** = કલ્યાણ, આરામ, સુખચેન,આનંદ, શાંતિ
**શર્મદા** = કલ્યાણ કરનાર, મોક્ષપ્રદ

**શર્વ** = શિવ

**શર્વરી** = રાત્રિ, રાત

**શલ્ય** = બાણના ભાલોડાની માફક ખૂંચે એવું દુ:ખ

**શવ** = શબ, મડદું

**શશક** = સસલું

**શશકજન્મ** = સસલા (શશક)નો જન્મ

**શશિશેખર** = જેની જટા (શેખર)માં ચંદ્ર (શશિ) છે તે, ભગવાન શંકર

**શશ્વત્** = શાશ્વત, કાયમ, વારંવાર

**શસ્ત્ર** = હથિયાર, હાથમાં રાખીને વાપરવાનું હથિયાર, તલવાર, ગદા વગેરે

**શસ્ત્ર આસાર** = શસ્ત્રોની હેલી

**શસ્ત્રાગ્ન્યાદિક** = શસ્ત્ર, અગ્નિ વગેરે (આદિક)

**શસ્ત્રાસ્ત્રજ્ઞ** = શસ્ત્ર અને અસ્ત્ર વાપરવાનું જાણનાર

**શંકાતમ** = શંકારૂપી અંધારું

**શંકાલેશ** = લેશ માત્ર શંકા, જરા જેટલી શંકા

**શંખસ્વન** = શંખના નાદ (સ્વન)રૂપ

**શંખાદ્યાયુધ** = શંખ વગેરે (આદિ) શસ્ત્રો (આયુધ), (શંખ, ચક્ર, ગદા, પદ્મ)

**શંખે** = આંગળી ઉપરના શંખના ચિહ્નથી

**શંબમિત્ર** = ગરીબ (શંબ)ના મિત્ર, દીનબંધુ

**શંબાગુચ્છ** = શીંગો (શંબા)ની લૂમ, ગુચ્છ

**શંસે** = વખાણ કરે, પ્રશંસા કરે

**શાખાચંદ્ર ન્યાયથી** = ઝાડની ડાળી (શાખા) પાછળ દેખાતો ચંદ્ર બતાવી અંતરિક્ષમાં રહેલા ચંદ્રનું ભાન કરાવવું તે

**શાદ્વલ** = બીડ, ઘાસનું મેદાન

**શાપી** = શાપ આપી

**શાપોન્મુખ** = શાપ આપવા તૈયાર થયેલો (ઉન્મુખ)

**શાબ્દથી** = શાબ્દ પ્રમાણથી, વેદ વાક્યોથી

**શાબ્દપ્રમાણ** = શબ્દ એ જ પ્રમાણ (સાબિતી), વેદનાં વાક્યો, વેદના શબ્દો એ જ પુરાવો

**શારદા** = સરસ્વતી, વાણીની દેવી, શરદઋતુની અધિષ્ઠાત્રી દેવી

**શાર્ઙ્ગપાણિ** = ભગવાન વિષ્ણુ, જેમના હાથ (પાણિ)માં શાર્ઙ્ગ નામનું ધનુષ્ય છે તે (સારંગપાણિ)

**શાલ્મલી** = શીમળાનું (ઝાડ)

**શાલ્મલી તૂલ** = શીમળાનું રૂ (તૂલ)

**શાવદંત** = દાંતના રોગવાળો, દંતરોગી

**શાશ્વત** = કાયમનું, હંમેશા ટકતું

**શાસ્તા** = શાસન કરનાર, રાજા

**શાસ્ત્રગર્હ્ય** = શાસ્ત્ર નિંદિત (ગર્હ્ય), શાસ્ત્ર જેની નિંદા કરે છે તે

**શાસ્ત્રયોનિ** = શાસ્ત્રનું પ્રાકટ્ય સ્થાન, શાસ્ત્રનું મૂળ કારણ, શાસ્ત્રનું ઉગમ સ્થાન

**શાસ્ત્રવચન** = રાજા, દેવ, ગુરુ, જ્યોતિષી, વૈદ્ય અને મિત્ર પાસે ખાલી હાથે જવું નહિ. એમની પાસે ફળ લઇને જવાથી ફળ મળે છે એવું શાસ્ત્ર વચન છે.

**શાંતતપા** = મુનિનું નામ, જેમણે તપથી મન શાંત કર્યું છે તેવા

**શાંતતા** = શાંતિ

**શાંત થયો** = મૃત્યુ પામ્યો

**શાંતિદ** = શાંતિ દેનારું

**શાંતિપર્વોક્ત** = મહાભારતના શાંતિપર્વમાં કહ્યા પ્રમાણેનું

**શિક્ષા** = ઉપદેશ

**શિક્ષા દે** = ઉપદેશ (શિક્ષા) આપ (દે)

**શિખર** = ટોચ

**શિખામણે** = હે શિરોમણિ! (સંબોધન), ઉત્તમ
**શિતિકંઠ** = નીલકંઠ
**શિબિકા** = પાલખી, સુખપાલ
**શિરચ્છેદ** = માથું (શિર) કાપી નાંખવું, માથું ઉડાડી દેવું
**શિરોનમ્ર** = માથું (શિર) નમાવીને ઊભેલો, માથાથી નમેલો
**શિવ** = શુદ્ધ સત્ત્વવાળી પ્રકૃતિમાં-માયામાં-બ્રહ્મનું પ્રતિબિંબ
**શિવપદશપથ** = ભગવાન શિવના ચરણના સોગંદ (શપથ)
**શિવમુખ** = કલ્યાણ (શિવ) કરે એવા મુખવાળો, દયાળુ
**શિશિરર્તુમાં** = શિશિર ઋતુમાં
**શિશુ** = બાળક
**શિશુપેર** = બાળક પેઠે
**શિશ્ન** = લિંગ, પુરુષનું ગુહ્ય અંગ
**શિશ્નોદરરત** = મૈથુન અને ખાવામાં મગ્ન
**શિષ્ટ** = ઉમદા, લાયક
**શિષ્ટ** = વધેલું, બાકી રહેલું
**શિષ્ટપાલન** = શિષ્ટાચારનું પાલન
**શિષ્ટવાસના** = બાકી રહેલી વાસના, વણસંતોષાયેલી વાસના
**શિષ્ટ સુધા** = વધેલું (શિષ્ટ) અમૃત (સુધા)
**શિષ્યચંદ્ર** = શિષ્યરૂપી ચંદ્ર
**શિષ્ય વિત્ત હારક** = શિષ્યોનું દ્રવ્ય પડાવી લેનાર
**શિષ્યસમેત** = શિષ્ય સહિત (સમેત), શિષ્ય સાથે
**શિષ્યાગ્ર** = શિષ્યોમાં અગ્રણી, શિષ્યોમાં શ્રેષ્ઠ
**શીઘ્રફલપ્રદ** = જલદી ફળ આપનાર
**શીત કાળમાં** = ઠંડીના સમયમાં, શિયાળામાં
**શીત શાંતિ** = ઠંડી (શીત) નિવારવા માટે
**શીતોષ્ણ** = ઠંડું (શીત) અને ગરમ (ઉષ્ણ)
**શીલ** = ચારિત્ર્ય, સ્વભાવ, આચરણ
**શીલસંપન્ન** = સારા ચારિત્ર્ય (શીલ)વાળું (સંપન્ન)
**શીંકે** = શીંકા પર, (શીકું એટલે ખાવાની વસ્તુ અદ્ધર લટકાવવાનું ઝોળી જેવું સાધન)
**શુક** = પોપટ
**શુક્રાધિકયે** = પુરુષનું રેત વધારે હોય તો
**શુક્રાન્તેવાસી** = શુક્રાચાર્યનો શિષ્ય (અન્તેવાસી)
**શુક્રોત્સર્ગે** = વીર્ય જતાં, વીર્ય (શુક્ર) બહાર આવતાં
**શુક્લકર્મ** = પુણ્યાત્મક કર્મ
**શુક્લકૃષ્ણ** = પુણ્યાત્મક (શુક્લ) અને પાપાત્મક (કૃષ્ણ)
**શુક્લપક્ષ** = અજવાળિયું, સુદ (કૃષ્ણપક્ષ = અંધારિયું, વદ)
**શુક્લેંદુ** = અજવાળિયા પક્ષ (શુક્લ)નો ચંદ્ર (ઇંદુ)
**શુચિ** = પવિત્ર
**શુદ્ધતમ** = અત્યંત શુદ્ધ, શુદ્ધતાની પરાકાષ્ટા
**શુદ્ધ સત્ત્વગુણ પ્રકૃતિ** = માયા, શુદ્ધ સત્ત્વ પ્રધાન પ્રકૃતિ
**શુદ્ધ સત્ત્વ સંભૂત** = શુદ્ધ સત્ત્વગુણ પ્રકૃતિવાળું, શુદ્ધ સત્ત્વગુણી
**શુદ્ધ સ્વાન્ત થઈ** = અંતઃકરણને શુદ્ધ કરીને
**શુદ્ધાંબર** = સ્વચ્છ (શુદ્ધ) વસ્ત્ર (અંબર)
**શુની** = કૂતરી
**શુભાશુભ** = પાપ (અશુભ) અને પુણ્ય (શુભ)
**શુભાશુભાતીગ** = શુભ અને અશુભથી પર, તટસ્થ, નિર્લેપ
**શુશ્રૂષા** = સેવા ચાકરી, સાર સંભાળ
**શુષ્ક જ્ઞાનરત** = અનુભવ વિનાના જ્ઞાનમાં રાચનાર
**શુષ્મા** = અગ્નિદેવ
**શૂદ્રભુક્ત શેષાન્ન** = શૂદ્ર જમ્યા (ભુક્ત) પછીનું વધેલું (શેષ) અન્ન
**શૂદ્રાન્ને** = શૂદ્રનું અન્ન ખાવાથી
**શૂદ્રાનીત** = શૂદ્રે આણેલા (આનીત)

**શૂદ્રી** = શૂદ્ર સ્ત્રી
**શૂન્ય** = ખાલી
**શૂન્ય અમાસે એક** = એકાદ તિથિનો ક્ષય હોય તો જ અમાવાસ્યાએ એક ગ્રાસ ખાવાનો આવે, નહિ તો ઉપોષણ
**શૂન્ય મનસ્ક** = સૂનમૂન, બાવરી
**શૂરાદ્વિતીય** = અજોડ શૂરવીર, અનન્ય શૂરવીર
**શૂર્પે** = સૂપડાંથી
**શૂલ** = ત્રિશૂલ
**શૂલ ખટ્વાંગ** = ત્રિશૂળ અને ખાટલાની ઈસ, ખોપરીની મૂઠ
**શૂલપાણિ** = જેના હાથ (પાણિ)માં ત્રિશૂલ (શૂલ) છે તે, ભગવાન શંકર
**શૂલી** = શૂલના રોગવાળો,જેને પેટમાં શૂલ ઊપડતું હોય તે
**શૂળ** = કાંટો, કંટક
**શૃંગ** = શીંગડું
**શૃંગી** = શીંગડાવાળું, એક ઋષિનું નામ
**શેખી** = બડાઇ, બડાશ
**શેડ** = ધારા, દૂધની ધાર
**શેરો કરીને** = નોંધ કરીને, શેરો મારીને
**શેશ** = મહાબળેશ્વર શંકર ભગવાન
**શેષ** = બીજે, અવશિષ્ટ જગ્યાએ
**શેષ** = શેષનાગ અનંત અને શેષપત્ની અનંતી એમ બે
**શેષશાયી** = શેષનાગ ઉપર શયન કરનારા (શાયી), ભગવાન વિષ્ણુ
**શેષ શ્રોતવ્ય** = બાકી (શેષ) સાંભળવા જેવું (શ્રોતવ્ય)
**શૈત્ય** = ઠંડી
**શૈલ** = પર્વત
**શૈલ નિતંબા** = પર્વત (શૈલ) જેવા નિતંબ (ફૂલા, થાપા) વાળી
**શૈશવ** = બાળપણ, બચપણ
**શોકરક્ત** = શોકથી લાલ થયેલા
**શોક શંકુઓ** = શોકરૂપી તીક્ષ્ણ ખીલા (શંકુ)ઓ
**શોક સંવિગ્ન** = શોકથી ઘેરાયેલાં
**શોકાનલમાં** = શોકરૂપી અગ્નિમાં
**શોકાર્ણવ** = શોક સાગર
**શોકાર્તા** = શોકથી દુ:ખી સ્ત્રી (આર્તા)
**શોખીન** = શોખવાળો, શોખ ધરાવનાર
**શોણિત** = લોહી, રક્ત
**શોષ** = તરસથી ગળું સુકાવું, તરસ, સુકવી દે (શોષવુંનું આજ્ઞાર્થ)
**શૌચ** = બાહ્યાંતર પવિત્રતા
**શૌનક** = એક ઋષિનું નામ
**શૌનશેપ:** = એક સૂક્ત જેના રચયિતા શૌન ઋષિ છે
**શ્મશ્રુકેશ** = દાઢી-મૂછ (શ્મશ્રુ) અને વાળ (કેશ)
**શ્યામકર્ણ** = કાળા (શ્યામ) કાન (કર્ણ)વાળા
**શ્રદ્ધા** = વેદ અને ગુરુના વચનમાં વિશ્વાસ
**શ્રદ્ધાન** = શ્રદ્ધાળુ, શ્રદ્ધાવાળો
**શ્રવણ** = કાન, સાંભળવું
**શ્રવણાદિક્રમ** = શ્રવણ વગેરેનો ક્રમ- શ્રવણ, મનન અને નિદિધ્યાસન ક્રમાનુસાર
**શ્રાદ્ધીય** = શ્રાદ્ધ માટેનું, શ્રાદ્ધનું
**શ્રાંત** = થાકેલો, થાક્યો-પાક્યો
**શ્રાંતક્ષુધિત** = થાકેલો (શ્રાંત) અને ભૂખ્યો (ક્ષુધિત)
**શ્રી** = લક્ષ્મી
**શ્રીગુરુચરિત્ર** = સરસ્વતી ગંગાધર વિરચિત મરાઠી ભાષાનો પ્રાસાદિક ગ્રંથ જેમાં શ્રીપાદશ્રીવલ્લભ અને શ્રીનૃસિંહ સરસ્વતીની લીલાઓ વર્ણવી છે.
**શ્રીગુરુ પ્રેષિત** = શ્રીગુરુએ મોકલેલો

**શ્રીપાદ પદપદ્મ** = શ્રીપાદનાં ચરણ (પદ) કમળ (પદ્મ)
**શ્રીવત્સાંકિત** = વિષ્ણુ ભગવાનનાં ચિહ્નવાળા
**શ્રુતવીર્યે** = જ્ઞાન (શ્રુત)માં અને વીરતા (વીર્ય)માં (વીર્યે)
**શ્રુતિ** = કાન
**શ્રુતિ** = વેદ
**શ્રુતિકોણ** = વેદ (શ્રુતિ)નો ખૂણો (કોણ)
**શ્રુતિગેય** = વેદો (શ્રુતિ) જેનું ગાન કરે છે તે
**શ્રુતિતાત** = વેદ (શ્રુતિ) પ્રગટ કરનાર
**શ્રુતિપર** = વેદ (શ્રુતિ)નો અભ્યાસુ, વેદાધ્યયન કરનાર
**શ્રુતિવાક્** = વેદવાણી
**શ્રુત્યગોચર** = વેદ (શ્રુતિ)ને પણ ન સમજાય (અગોચર) તેવું, શ્રુતિને અવિષય
**શ્રુત્યધિકાર** = વેદ (શ્રુતિ)નો અધિકાર, વેદાભ્યાસનો અધિકાર
**શ્રુત્યુક્ત** = વેદ (શ્રુતિ)માં જણાવ્યા પ્રમાણે
**શ્રેષ્ઠી** = શેઠ
**શ્રોત્ર** = કાન
**શ્રોત્રિય** = વેદ (શ્રુતિ) જાણનાર
**શ્રોતૃજન** = સાંભળનારા, શ્રોતા
**શ્રૌત** = વેદને લગતું
**શ્રૌતસ્માર્ત** = શ્રુતિને અને સ્મૃતિને લગતું
**શ્વકાક** = કૂતરાં (શ્વ) અને કાગડા (કાક)
**શ્વપાક** = કૂતરાનું માંસ રાંધીને ખાનાર, અત્યંત નીચ, અંત્યજ
**શ્વમુખ** = કૂતરા (શ્વ)નું મોઢું
**શ્વમૂત્રસમ** = કૂતરા (શ્વ)ના મૂત્ર સમાન
**શ્વયોનિ** = કૂતરાની યોનિ
**શ્વશુર** = સસરો
**શ્વશુરાલયે** = સાસરે, સસરા (શ્વશુર)ના ઘરે (આલયે)
**શ્વશ્રૂ** = સાસુ
**શ્વસ્તન** = આવતી કાલના, ભવિષ્ય સંબંધી (હ્યસ્તન = ગઇકાલનું, ભૂતકાળ)
**શ્વાનચર્મમાં** = કૂતરાં (શ્વાન)નાં ચામડાં (ચર્મ)માં
**શ્વાનજંબુકાદિ** = કૂતરાં (શ્વાન) અને શિયાળ (જંબુક) વગેરે
**શ્વાન સૂકર** = કૂતરાં (શ્વાન) અને ડુક્કર (સૂકર)
**શ્વાપદ** = હિંસક પશુ
**શ્વાસકાસ** = કફ (કાસ) સાથેની ઉધરસ, દમ
**શ્વિત્રી** = કુષ્ઠ રોગી, કોઢિયો
**શ્વેતયશોન્વિત** = ઊજળી (શ્વેત) કીર્તિ (યશ)વાળો (અન્વિત)
**શ્વેતવંતાક** = સફેદ રીંગણ (વંતાક)
**શ્વેતાંબર** = સફેદ (શ્વેત) વસ્ત્ર (અંબર)

## ષ

ષટ્ક = છનો સમૂહ
ષટ્કર્મ = છ કર્મો: ભણવું-ભણાવવું, યજ્ઞ કરવો-કરાવવો, દાન આપવું અને દાન લેવું
ષટ્કર્મ = સ્નાન, સંધ્યા, પૂજા, બ્રહ્મયજ્ઞ, તર્પણ અને વૈશ્વદેવ- એ છ કર્મો
ષટ્ક્રિયા = નાડી શુદ્ધિ માટેની છ ક્રિયાઓ, બ્રહ્મદાતણાદિ
ષટ્ચક્ર = છ ચક્રો: મૂળાધાર, લિંગ, નાભિ, હત, કંઠ અને મૂર્ધ
ષટ્પદ = છ પગવાળો, ભમરો
ષટ્સંપતિ = છ પ્રકારની સંપતિ: શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન
ષડર્ણ = છ (ષડ્) અક્ષર (વર્ણ)વાળો, “ૐ નમ: શિવાય”
ષડંગ = છ (ષડ્) અંગ. વેદનાં છ અંગ: શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ. (આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ)

**ષડાનન** = કાર્તિકેય, છ મુખવાળા કાર્તિક સ્વામી
**ષડ્વિકાર** = શરીરના છ વિકાર: અસ્તિ (જન્મવું),જાયતે (હોવું), વર્ધતે (વધવું), પરિણમતિ (વિપરિણામ પામવું), ક્ષયતિ (અપક્ષય થવો), નશ્યતિ (નાશ પામવું)
**ષડ્દર્શન** = છ દર્શન: સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત
**ષડ્રસ** = છ રસ: ખાટું, ખારું, તીખું, તૂરું , ગળ્યું, કડવું
**ષડ્રિપુ** = છ શત્રુ (રિપુ), માનવજાતના છ શત્રુઓ: કામ, ક્રોધ , લોભ, મોહ, મદ અને મત્સર
**ષડ્લિંગ**= છ (ષડ્) ચિહ્ન (લિંગ): ઉપક્રમ-ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા,ફળ, અર્થવાદ અને ઉપપત્તિ
**ષડ્વિધ** = છ (ષડ્) પ્રકારે (વિધ)
**ષણ્મુખ** = છ મુખવાળા, કાર્તિકેય
**ષષ્ઠાંશ** = છટ્ઠો (ષડ્ ) ભાગ (અંશ)
**ષંઢ** = નપુંસક
**ષોડશજાતિ ગમાર** = સોળમી જાતિનો ગમાર પુત્ર
**ષોડશવર્ષા** = સોળ વર્ષની
**ષોડશોપચાર** = પૂજાના સોળ (ષોડશ) ઉપચાર: આવાહન, આસન (સ્વાગત), પાદ્ય, અર્ઘ્ય કરવું, આચમન, મધુપર્ક, સ્નાન, વસ્ત્રાભરણ, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ,ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, પરિક્રમા, વંદન.

## સ

**સકલગુણાગાર** = બધા (સકલ) ગુણોનો ભંડાર(આગાર), સર્વગુણસંપન્ન
**સકલસૌખ્યરહસ્ય** = બધાં સુખોનું રહસ્ય
**સકલ નિધિ** = કુબેરના નવ નિધિ, ભંડાર
**સકલાભીષ્ટદ** = બધું જ ઇચ્છેલું આપનાર (દ), સર્વ ઇચ્છાઓ પૂરી કરનાર
**સકાળ** = સમયસર
**સકિરણ** = કિરણવાળો
**સકેશર** = કેસર સહિત
**સકૃત્** = એક વાર
**સખા** = મિત્ર
**સખ્ય** = મૈત્રી, મિત્રતા
**સખ્ય (શ્રીદત્તનું)** = નિરપેક્ષ મૈત્રી (શ્રીદત્તની)
**સગરોદ્ધારમિષે** = સગર રાજાના (સાઠ હજાર) પુત્રોના ઉદ્ધાર નિમિત્તે (મિષે)
**સચિવ** = દીવાન, મંત્રી, સલાહકાર
**સચૈલ** = વસ્ત્ર (ચૈલ) સાથે
**સચૈલ સ્નાન** = સવસ્ત્ર માથાબોળ સ્નાન
**સચ્ચિત્સુખવિગ્રહ** = શરીરસ્થિત બ્રહ્મ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ દેહધારી
**સજવ** = જલદી, ઝડપથી, વેગે
**સજાતીય** = એક જ જાતિના. (આંબો અને વડ ઝાડ તરીકે એક જાતિના ગણાય). (વૃક્ષનો બીજા વૃક્ષથી ભેદ તે સજાતીય, વૃક્ષનો મનુષ્યાદિથી ભેદ તે વિજાતીય અને વૃક્ષનો પોતાનાં પત્રપુષ્પાદિથી (અવયવીનો અવયવોથી) ભેદ તે સ્વગત ભેદ)
**સજે** = સજાવટ કરે, ધારણ કરે
**સત્** = ત્રિકાલાબાધિત સત્ય, (જે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હશે તે)
**સત્** = પોતાનું સતીપણું
**સતતોદ્યુકત** = ઉદ્યોગી, ઉદ્યમી

**સતી** = સત્ પરાયણ સ્ત્રી, પતિવ્રતા સ્ત્રી (ખાસ કરીને પતિ પાછળ જે સહગમન કરે છે તે)
**સતીસત્ત્વ** = સતીત્વ તેજ
**સતી સ્તન્ય પીયૂષથી** = સતીના ધાવણરૂપ અમૃતથી
**સતી સ્ત્રી** = સતી સ્ત્રી પહેલાંના ૨૧ અને પછીનાં ૨૧ કુળને તારે છે
**સતોષ** = સંતોષ સાથે, સંતોષપૂર્વક
**સત્કદન્ન** = સારું (સત્) અને ખરાબ (કદ્) અન્નઃ સારું નરસું અન્ન
**સત્તમ** = ઉત્તમ, શ્રેષ્ઠ
**સત્તમ વિપ્ર** = શ્રેષ્ઠ, ઉત્તમ બ્રાહ્મણ
**સત્તામત્ત** = સત્તાથી છકેલા (મત્ત), ઉન્મત્ત બનેલા
**સત્ત્વશુદ્ધિ** = અંતઃકરણ શુદ્ધિ
**સત્ત્વસાક્ષી** = અંતઃકરણ (સત્ત્વ)માં સાક્ષીરૂપે રહેલો
**સત્ત્વહરણ** = વ્યક્તિમાં રહેલી સાત્ત્વિકતા હરી લેવી
**સત્પક્ષ** = સત્યનો પક્ષ
**સત્વો દ્રેકે** = સત્ત્વગુણની અતિશયતાથી
**સદન** = ઘર, આવાસ
**સદસદ્વસ્તુવિચાર** = નિત્ય (સત્) અને અનિત્ય (અસત્) વસ્તુનો વિચાર
**સદાચાર રત** = સદાચારી, સદાચારમાં લીન
**સદાચારવર્જિત** = સદાચાર વગરનો, સદાચારરહિત
**સદશ** = યોગ્ય, મળતું, લાયક
**સદેવ** = સત્ જ (સત્ + એવ)
**સૅદેવ** = હંમેશાં (સદા + એવ)
**સદ્ગુરુ** = સત્ તત્ત્વની ઓળખ કરાવનાર ગુરુ
**સદ્ગુણરાશિ** = સદ્ગુણનો ભંડાર
**સદ્મ** = ઘર, નિવાસસ્થાન
**સદ્ય** = તરત
**સદ્યઃ** = તરત, એકદમ
**સદ્રક્ષણે** = સત્પુરુષો (સત્)ના રક્ષણ માટે
**સદ્રૂપ** = સત્ સ્વરૂપ, (સત્ + રૂપ)
**સદ્વર** = શ્રેષ્ઠ (વર) સત્પુરુષ, સત્પુરુષોમાં શ્રેષ્ઠ
**સન્ન** = દુઃખી, થાકેલી, ખિન્ન
**સન્ન** = બંધ
**સન્નિધ** = પાસે
**સન્મતિ** = સત્‌ને પામવા પ્રયાસ કરતી મતિ, સદ્બુદ્ધિ
**સપત્ની** = શોક્ય
**સપદઘનક્રમસંહિતા** = પદ, ધન, ક્રમ અને સંહિતા સહિત
**સપવિત્રી** = દર્ભની વીંટી (પવિત્રી) સાથે
**સપ્ત ઈતિઓ** = દૈવી ઉત્પાત, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ વગેરેનો ઉપદ્રવ
**સપ્તજનિ** = સાત જન્મ (જનિ)
**સપ્તજન્માઘહત્** = સાત જન્મનાં પાપ (અઘ)ને હરનાર (હત્)
**સપ્તજન્માર્જિત** = સાત જન્મમાં મેળવેલું (અર્જિત), કમાયેલું
**સપ્તદ્વિપવતી** = સાત દ્વિપવાળી
**સપ્તધાતુવેષ્ટિત** = સાત ધાતુથી વીંટળાયેલો. (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ સાત ધાતુ)
**સપ્તમાતૃકા** = સાત માતાજી
**સપ્તરંધ્ર** = સાત (સપ્ત) છિદ્ર, કાણાં, દોષ
**સપ્તવાર** = સાતે દિવસ

**સપ્તહસ્ત** = સાત હાથવાળો

**સપ્તાહાનુષ્ઠાન** = સાત દિવસ (અહ)નું અનુષ્ઠાન.
શ્રીગુરુલીલામૃતના સપ્તાહ પારાયણ માટે પૂજ્યશ્રીએ નીચે જણાવ્યા મુજબ સપ્તાહના પ્રત્યેક દિન પારાયણ કરવાનો નિર્દેશ કર્યો છે:

| | | |
|---|---|---|
| પહેલા દિવસે | ૧ થી ૧૯ | (૧૯ અધ્યાય) |
| બીજા દિવસે | ૨૦ થી ૪૦ | (૨૧ અધ્યાય) |
| ત્રીજા દિવસે | ૪૧ થી ૬૨ | (૨૨ અધ્યાય) |
| ચોથા દિવસે | ૬૩ થી ૮૪ | (૨૨ અધ્યાય) |
| પાંચમા દિવસે | ૮૫ થી ૧૦૩ | (૧૯ અધ્યાય) |
| છઠ્ઠા દિવસે | ૧૦૪ થી ૧૨૭ | (૨૪ અધ્યાય) |
| સાતમા દિવસે | ૧૨૮ થી ૧૪૮ | (૨૧ અધ્યાય) |
| | કુલ **૧૪૮** | અધ્યાય |

**સપ્તાંગ** = સમાધિ બાદ કરતાં અષ્ટાંગ યોગના બાકીના સાત અંગ

**સપ્રણવ** = ૐકાર (પ્રણવ) સહિત (સ)

**સબીજ** = બીજ મંત્ર સાથેનો. (મંત્રજાપ)

**સભોક્ત** = સભાએ કહેલું (ઉક્ત)

**સમ** = સમાન, જેવું, સરખાં

**સમ** = વર્ષ

**સમર** = યુદ્ધ. (સમરાંગણ= યુદ્ધનું મેદાન)

**સમરપ્રવીણ** = યુદ્ધમાં પારંગત, યુદ્ધ કરવામાં ખૂબ હોશિયાર

**સમષ્ટિભૂત** = સમગ્ર સૃષ્ટિમાં રહેલો

**સમંત્ર** = મંત્ર સહિત, મંત્ર બોલીને

**સમાધિ** = શ્રી નૃસિંહ સરસ્વતી સરયુ તીરે અયોધ્યામાં આશ્વિન વદ ૭ શકે ૧૮૪૯ (સં.૧૯૮૩)ના દિને સમાધિસ્થ થયા

**સમાધિ** = શ્રી ગાંડા મહારાજ સં.૧૯૯૪ના ફાગણ વદ ૧૨ ના દિને ગોદાવરી નદીના તીરે ગુંજ ગામે સમાધિસ્થ થયા

**સમાવર્તન** = બ્રહ્મચર્યાશ્રમની સમાપ્તિ

**સમાહિત** = શાંત, ઇંદ્રિયોની ચંચળતા વગરનો, સુસ્થિર, સ્થિતપ્રજ્ઞ, શાંત

**સમિત્તલયવપાયસે** = સમિધ, તલ, જવ (યવ) અને દૂધ (પાયસ)માં રાંધેલા ચોખાથી

**સમિત્પાણિ** = હાથ (પાણિ)માં સમિધ લઇને, પૂજ્ય ભાવથી, શિષ્ય બનીને

**સમિપુષ્પ** = સમિધ અને ફૂલો

**સમીસ્ત્રીઓ** = (મારા) જેવી સ્ત્રીઓ

**સમીપસ્થ** = પાસે (સમીપ) રહેલા (સ્થ)

**સમીર** = પવન, વાયુ

**સમુદ્યત** = તૈયાર

**સમુદ્રવીચિ** = સમુદ્રના તરંગ, સમુદ્રનાં મોજાં

**સમેત** = સહિત, સાથે

**સરાઈ** = ધર્મશાળા

**સરિત્તટે** = નદી (સરિતા)ના કિનારે (તટે)

**સર્ગસ્થિતિભંગ** = સર્જન (સર્ગ), સ્થિર રાખવું (સ્થિર) અને સંહાર (ભંગ)

**સર્પગરલ** = સાપ (સર્પ)નું ઝેર (ગરલ)

**સર્પવલય** = સાપનું કડું (વલય)

**સર્પહા** = સાપ (સર્પ) મારનાર (હા)

**સર્વકારણકારણે** = બધાં કારણોના કારણરૂપમાં-બ્રહ્મમાં

**સર્વગુણાન્વિત** = બધા ગુણોવાળો

**સર્વગુણાપ્તિ** = બધા ગુણોની પ્રાપ્તિ (આપ્તિ)

**સર્વચિત્તજ્ઞતા** = બધાના મનને જાણવાની શક્તિ, સર્વના મનના વિચારો જાણવાની શક્તિ

**સર્વત:** = બધી તરફ, બધી બાજુ
**સર્વતીર્થાંશ** = બધા તીર્થોના અંશરૂપ
**સર્વનિયંતા** = બધાનું નિયંત્રણ કરનાર, બધાને અંકુશમાં રાખનાર
**સર્વ પાપહંત્રી** = બધાં પાપોનો નાશ કરનાર (હંત્રી)
**સર્વભક્ષી** = બધું જ ખાનાર (ન ખાવાનું પણ ખાનાર)
**સર્વભૂતિયુક્** = સર્વ ઐશ્વર્યયુક્ત, બધાં ઐશ્વર્યવાળા
**સર્વલક્ષ્મસંપૂર્ણ** = બધાં લક્ષણો ધરાવનાર, બધાં જ સારા લક્ષણોવાળી
**સર્વવિત્!** = હે બધું જાણનાર! હે સર્વજ્ઞ! (વિત્)
**સર્વશ:** = એકે એક, બધાં જ
**સર્વસતી** = બધાની ધર્મપત્ની (સતી)
**સર્વસિદ્ધિત્રયોદશી** = બધા પ્રકારની સિદ્ધિ આપનારી તેરસ, ભાદરવા સુદ તેરસ
**સર્વસુખકોશ** = સર્વ સુખનો ભંડાર, ખજાનો
**સર્વસોપસ્કરયુક્ત** = બધાં રાચરચીલાં (ઉપસ્કર) સાથે (યુક્ત)
**"સર્વં બ્રહ્મેદં ખલુ"** = ખરેખર આ સર્વ બ્રહ્મમય છે
**"સર્વં વિષ્ણુમયં જગત્"** = આ સર્વ જગત વિષ્ણુમય છે
**સર્વાંતર** = બધાના હૃદયમાં
**સર્વાધ્યક્ષ** = સર્વના અધ્યક્ષ, સર્વના વડા
**સર્વાભિજ્ઞ** = બધું (સર્વ ) જાણનાર (અભિજ્ઞ)
**સર્વાભૂષણભૂષિતા** = બધાં આભૂષણોથી શોભતી (ભૂષિતા)
**સલિલ** = પાણી
**સલીલ** = લીલાથી, અભિનયપૂર્વક
**સવત્સ** = વાછરડાં (વત્સ)ની સાથે
**સવન** = હોમ
**સવિકલ્પ સમાધિ** = ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનું પૃથક્ ભાન રહે તે
**સવ્ય** = ડાબી બાજુ, ડાબે હાથે
**સવ્યાંગુષ્ઠે** = ડાબા (સવ્ય) હાથના અંગૂઠાથી
**સશબ્દ** = અવાજ થાય એ રીતે
**સશેષ** = થોડું રહેવા દઈને, થોડું રાખીને, શેષ રાખીને
**સસ્ત્રીક** = પત્ની (સ્ત્રી) સાથે
**સસ્ય** = ધાન્ય, અનાજ
**સસ્યવિનાશક** = ધાન્ય (સસ્ય)નો નાશ કરનાર
**સસ્યસંહાર** = ધાન્ય (ડાંગર)નું ભક્ષણ
**સહગમન** = મૃત પતિ સાથે બળી મરવું
**સહગમનોદ્યત** = મૃત પતિ સાથે બળી મરવાને તૈયાર થયેલી પત્ની
**સહચરી** = સખી, બહેનપણી
**સહપતિ** = પતિ સાથે
**સહસા** = એકદમ, ઓચિંતું, એકાએક
**સહસૈન્યાનુગ** = લશ્કર (સૈન્ય) અને સાથીઓ (અનુગ) સાથે (સ) અથવા વિરાટ પુરુષ
**સહસ્ર કોટિ સૂર્ય સમ** = હજારો કરોડો સૂર્ય જેવી
**સહસ્રનયન** = હજાર (સહસ્ર) આંખવાળો, ઇંદ્ર
**સહસ્રરશ્મિ** = હજાર કિરણવાળો, સૂર્ય
**સહસ્રાક્ષ** = હજાર (સહસ્ર) આંખ (અક્ષ)વાળો, ઇંદ્ર
**સહસ્રાબ્દ** = હજાર વરસ
**સહસ્રાર્કસમ** = હજાર સૂર્ય જેવી
**સહોદર** = એક જ ઉદરમાંથી જન્મેલા, મા જણ્યા
**સહ્ય** = (૧) પર્વતનું નામ (૨) સહન કરી શકાય એવું
**સહ્ય શિખર** = સહ્યાદ્રિનું શિખર

**સહ્યાચળ** = સહ્ય નામનો પર્વત (અચળ)
**સહ્યાદ્રિ** = સહ્ય નામનો પર્વત (અદ્રિ)
**સંકલ્પામિત** = સંકલ્પ પ્રમાણે અમાપ (અમિત)
**સંકર્ષણે** = બળરામે
**સંકીર્ણ** = મિશ્ર, અશુદ્ધ
**સંક્રમણ** = શૂન્ય, સંક્રમણ વગેરે સુષુમ્ણાના પર્યાયો છે
**સંગતિપંક** = સંગતિ દોષ, સોબતનો દોષ
**સંઘાત** = સમૂહ
**સંચય** = સંગ્રહ
**સંતત** = સતત, કાયમ, ચાલુ
**સંતપ્ત** = ખૂબ જ દુ:ખી, ક્રોધે ભરાયેલ, ક્રુદ્ધ
**સંથા** = વૈદિક પાઠ
**સંદર્ભ** = સંબંધ
**સંદિગ્ધ** = અસ્પષ્ટ, સંદેહયુક્ત
**સંધિ** = અવસર, મોકો, તક, લાગ
**સંધ્યાતિરિક્ત** = સંધ્યા ઉપરાંત (અતિરિક્ત)
**સંનિધ** = પાસે
**સંનિધદેશ** = પાસે (સંનિધ)નું સ્થળ (દેશ), પાસેની જગ્યા
**સંનિધાનમાં** = પાસે
**સંનિહિત** = પાસે, સમીપ
**સંન્યાસદીખ** = સંન્યસ્તની દીક્ષા (દીખ)
**સંન્યાસાર્હ** = સંન્યાસ લેવાને યોગ્ય (અર્હ)
**સંપદા** = સંપત્તિ, ધન
**સંપ્રતિ** = હાલમાં
**સંપ્રાર્થી** = સારી રીતે પ્રાર્થના કરીને
**સંબુધ્યા** = સંબોધને, સંબોધનથી
**સંભોગાલિંગન** = મૈથુન અને ભેટવું તે
**સંમાર્જન** = વાળી ઝૂડીને સાફ કરવું, પાણીમાં જરા અમસ્તું છાંણમાટી નાંખી આંગણામાં રોજ છાંટીને આંગણું સાફ કરવું તે
**સંયત** = સંયમી બનીને
**સંલગ્ન** = જોડાયેલું, ભેગું
**સંશયભાવના** = સંશયાત્મક બુદ્ધિ, સંશયવાળી બુદ્ધિ
**સંસાર** = જન્મમરણની પરંપરા
**સંસારાંબુધિ** = સંસારરૂપી સાગર. (અંબુધિ. અંબુ= પાણી, ધિ= ભંડાર)
**સંસૃતિ** = સંસાર, જન્મ-મરણ
**સંસૃતિગંજના** = સંસાર (સંસૃતિ)ને જીતનાર (ગંજના)
**સંસૃતિપાર** = સંસાર તરી જવો, સંસાર પાર કરવો, સંસારને પેલે પાર
**સંસ્કાર સંગ** = ગર્ભાધાન સંસ્કાર જે કર્યા વગર સંગ કરવાથી દોષ લાગે છે.
**સંસ્પર્શજ** = ઇંદ્રિયો અને વિષયોના સંયોગથી પ્રાપ્ત થયેલ
**સંહર** = સંકેલ, પાછી ખેંચી લે
**સંહિતા** = દેવોની સ્તુતિવાળો વેદોનો મંત્રભાગ
**સાક્ષ્ય** = સાક્ષી
**સાગા** = અપરાધી, ગુનેગાર, પાપી, નિર્બળ
**સાગ્ર** = સંપૂર્ણ
**સાગ્રહ** = આગ્રહ સાથે (સ), આગ્રહપૂર્વક
**સાચો સાધુ** = કેવળ કંઠી બાંધી નહિ પણ વૈરાગ્યાદિ સાધનવાન સાધુ
**સાત માનસપુત્રો** = મરીચી, અત્રિ, આંગરિસ, પુલસ્ત્ય, પુલહુ, ક્રતુ અને વસિષ્ઠ
**સાદર** = ફલાનુરક્તિથી, સકામ ભાવે, ફળની ઇચ્છાથી, માન સહિત

**સાદ્યન્ત** = શરૂઆત (આદિ)થી અંત સુધી (સ)
**સાધ** = સાધુ સંતો
**સાધન** = પ્રભુ પ્રાપ્તિ માટેનું સાધન, સાધના
**સાધનદ્વાદશી** = વ્રતની એકાદશીના પારણાની બારસ
**સાધુમનોવિશ્રામ** = સજ્જન પુરુષ (સાધુ)ના મનને આનંદ આપનાર
**સાધુવર** = સાધુઓમાં શ્રેષ્ઠ (વર)
**સાધ્ય** = મેળવવાનું છે તે, લક્ષ્ય, સિદ્ધ કરવાનું છે તે
**સાધ્ય** = સાધ્યદેવો
**સાધ્ય કિન્નરો** = સાધ્યદેવો અને કિન્નરો
**સાન** = નાની, અલ્પ, થોડી, નાનો બાળક
**સાનુ** = શિખર
**સાન્દ્ર** = દયાળુ, ગાઢી કાંતિવાળું, વિપુલ કાંતિવાળા ભગવાન શંકર
**સાપત્નમા** = સાવકી મા
**સામ** = સામવેદ
**સામાન્યોક્તિ** = સામાન્ય રીતે બોલાયેલાં વચન (કોઇ વિશેષતા વગરનાં)
**સામુદ્રિક** = શારીરિક ચિહ્નોને આધારે
**સાયક** = બાણ, તીર
**સાયુધ** = શસ્ત્ર (આયુધ) સહિત (સ)
**સારથ્ય** = હાંકવાનું કામ, સારથિપણું
**સારસ્વત** = સરસ્વતીનો ઉપાસક, વિદ્વાન
**સારાર્ક** = સારનો પણ સાર (અર્ક)
**સારેનરસે** = સારા પ્રસંગે કે ખરાબ (નરસે) પ્રસંગે
**સાર્ગલ** = લોઢાના આગળા સહિત [બારણા બંધ કરવાના લોઢાના આગળા (અર્ગલ)]
**સાર્તિક્યાદિક** = આરતી (આર્તિક્ય) વગેરે (આદિ) સાથે (સ)
**સાર્થ** = અર્થ સહિત, અર્થ પ્રમાણે
**સાર્થ અભિધાન** = (ક્ષત્રિય) એવું નામ (અભિધાન) સફળ (સાર્થ) કરે
**સાર્થાંગ** = શિક્ષા વ્યાકરણાદિ અંગો અને અર્થ સહિત
**સાર્ધત્રય** = સાડા ત્રણ [ત્રણ (ત્રય) અને અડધું (અર્ધ)]
**સાર્ધત્રિતય કરોડ** = સાડા ત્રણ કરોડ
**સાલસ્ય** = આળસુ, સુસ્ત
**સાલંકૃત** = અલંકાર સાથે, અલંકારથી શણગારેલી
**સાલ્પાંગુષ્ઠે** = કનિષ્ઠિકા (ટચલી) આંગળી અને અંગૂઠા સાથે
**સાવર્ણિક** = આ નામનો એક મન્વંતર
**સાવિત્રીહૃદ્‌વાસી** = સાવિત્રીના હૃદયમાં વસનાર, બ્રહ્માજી
**સાશ્રુ** = આંસુ (અશ્રુ) સહિત
**સાશ્રુ નેત્ર** = આંખમાં આંસુ આણીને
**સાશ્વ** = ઘોડા સાથે
**સાષ્ટાંગ** = આઠ અંગો: માથું, આંખ, હાથ, છાતી, પગ, જાંઘ, મન અને વાણી સહિત
**સાંખ્ય** = શાસ્ત્રને માનનારા, (છ દર્શન પૈકીનું એક દર્શન)
**સાંગ** = નિરુક્ત, વ્યાકરાદિ વેદના ષડંગો સહિત
**સાંગ સુંદર** = બધાં અંગોથી સુશોભિત, સારાં અંગોવાળી, નીરોગી
**સાંપ્રત** = હમણાં, હાલમાં, અત્યારે
**સાંબ** = પાર્વતી (અંબા) સાથે (સ)
**સિકતા** = રેતી, વેળુ
**સિતકાય** = ગૌરવર્ણ (સિત) ધરાવતું શ્વેત શરીર
**સિત દેહ** = શુભ્ર શ્વેત (ગૌર) વર્ણવાળું શરીર
**સિતનૂર** = શ્વેત (સિત) કાંતિ (નૂર)
**સિતપક્ષ** = અજવાળિયું, સુદ (શુકલ) પક્ષ

**સિદ્ધ** = સિદ્ધિ ધરાવનાર
**સિદ્ધિ** = યોગસાધનાથી મળતી આઠ મહાશક્તિ પૈકીની દરેક
**સિદ્ધિદ** = સિદ્ધિ આપનાર
**સિદ્ધિબુદ્ધિ** = યોગસાધનાથી મળતી આઠ પ્રકારની શક્તિમાંની દરેક અને બુદ્ધિ
**સીમંત** = સીમંતોન્નયન સંસ્કાર, સૌભાગ્યવતી સગર્ભા સ્ત્રીનો ખોળો ભરવાની વિધિ, ગર્ભવતી સ્ત્રીનો ચોથે, છઠ્ઠે કે આઠમે મહિને કરાતો એક સંસ્કાર
**સીમંતે** = સેંથામાં
**સીવની** = ઉપસ્થ (શિશ્ન) અને ગુદાને જોડનારી નસ
**સુકમ્ય** = સારી રીતે, સુંદર રીતે
**સુકર** = સારી રીતે (સુ) કરી શકાય તેવું
**સુકલશ** = સારા (સુ) લોટા (કલશ)
**સુકમ્ર** = અત્યંત મોહક, અતિ સુંદર
**સુકાય** = સારું (સુ) શરીર (કાય), સારી કાયા
**સુકુત્સિત** = અતિશય (સુ) નિંદ્ય (કુત્સિત)
**સુકુમાર** = અતિ કોમળ, નાજુક
**સુકૃત** = પુણ્ય, સારાં કર્મ
**સુકૃતિ** = સારાં કર્મો કરનાર, સદાચારી, સત્કર્મી
**સુકેશ** = સારા (લાંબા) વાળ (કેશ) વાળા
**સુખલેશ** = લેશમાત્ર સુખ, જરા સરખું સુખ
**સુખાભાસ** = સુખનો આભાસ, (સાચું સુખ નહિ)
**સુખાલય** = સુખનું ધામ
**સુખાસને** = સુખપૂર્વક, સુખથી
**સુગર્હ્ય** = અતિશય નિંદાને પાત્ર, અતિનિંદ્ય
**સુચિત્ર** = અત્યંત વિચિત્ર
**સુચિહ્નમુદ્રિત** = સારાં ચિહ્નોથી અંકિત, સારાં ચિહ્નોની છાપવાળી

**સુજર્જર** = અતિશય ઘરડી
**સુજાણ** = સુજ્ઞ, ઘણું બધું જાણનાર
**સુજાત** = સારાં કુળમાં જન્મેલો, ખાનદાન
**સુજિહ્મ** = અતિકપટી
**સુજિહ્વ** = સારી જીભવાળો, પહેલાં જેવી જીભ હતી તેવી સારી જીભવાળો
**સુતકર્ણ** = દીકરા (સુત)નો કાન (કર્ણ)
**સુતખેદ** = પુત્રનો શોક, દીકરાના વિયોગનું દુ:ખ
**સુતવત્** = દીકરાની જેમ
**સુતશર્મ** = પુત્ર (સુત)નું કલ્યાણ (શર્મ)
**સુતત્પર** = એકદમ તૈયાર, સારી રીતે તત્પર
**સુતા** = દીકરી, પુત્રી, કન્યા
**સુતાક્રયી** = દીકરી વેચનાર (ક્રયી), કન્યા વિક્રયી
**સુતાયુષ્યવૃદ્ધયર્થે** = પુત્રના આયુષ્યની વૃદ્ધિ માટે
**સુતાર** = સારી રીતે તારનાર
**સુતૃણ** = સારું ઘાસ (હોય ત્યાં)
**સુતેષ્ટિ** = પુત્ર કામેષ્ટિ યજ્ઞ
**સુતો** = પુત્રો
**સુદગ્ધ** = સારી રીતે બળી ગયેલી
**સુદતી** = સારા દાંતવાળી
**સુદંતી** = સારા દાંતવાળી
**સુદાન્ત** = સુસંયમી
**સુધાકુંભ** = અમૃતનો ઘડો, અમૃત કુંભ
**સુધાદષ્ટિ** = અમૃત દષ્ટિ, અમી દષ્ટિ
**સુધાર્દ્ર** = અમૃત (સુધા)થી ભીંજાયેલા (આર્દ્ર)
**સુધાબ્ધિ** = અમૃત (સુધા)નો સાગર (અબ્ધિ)
**સુધી** = સારી (સુ) બુદ્ધિ (ધી)વાળો, બુદ્ધિમાન
**સુનદ્ધ** = બખ્તરથી (સંસારરૂપી) સજ્જ
**સુનીત** = સારી નીતિવાળા

સુપૂર્ણ = સારી રીતે પૂરું કરવું
સુપ્તોત્થિતવત્ = ઊંઘમાંથી ઊઠ્યો હોય તેમ, ઊંઘીને બેઠેલાની માફક
સુપ્રસુ = માતા
સુબદ્ધ = બંધ થઇ ગયેલું, સારી રીતે બંધાયેલું
સુબુદ્ધ = ડાહી
સુબોધ = સારો ઉપદેશ (બોધ), સાચી શિખામણ
સુભિક્ષ = સુકાળ
સુભ્રૂ = સુંદર ભવાંવાળી
સુમતિ = સારી (સુ) બુદ્ધિ (મતિ)
સુમન = ફૂલ, પુષ્પ, સારું (સુ) મન, વિશુદ્ધ મન
સુમન વર્ષાવ = પુષ્પવૃષ્ટિ
સુમનસંભાર = પુષ્પ (સુમન) વૃષ્ટિ (સંભાર)
સુર = દેવ
સુરક્ત = અતિ (સુ) આસક્ત (રક્ત)
સુરક્ત = લાલ લાલ, લાલચોળ
સુરગણ = દેવો (સુરો)નો સમૂહ (ગણ)
સુરધનુ = મેઘધનુષ્ય
સુરધેનુ = કામધેનુ, દેવધેનુ
સુરનાથ = ઇંદ્ર, દેવોનો સ્વામી, દેવોનો રાજા
સુરભિ = કામધેનુ (ગાય)
સુરરિપુ = રાક્ષસ, દેવો (સુર)નો દુશ્મન (રિપુ)
સુરરોષ = દેવોની નારાજગી (રોષ), દેવોનો ક્રોધ
સુરસુંદરી = અપ્સરા
સુરર્ષ્યન્વિત = દેવો (સુર) અને ઋષિ સહિત (અન્વિત)
સુરાપાન = મદ્યપાન, મદિરા પાન
સુરારિ = રાક્ષસ, દેવો (સુર)નો દુશ્મન (અરિ)
સુરીત્ય = સારી રીતે

સુલભ = સહેલાઇ (સુ)થી મળે (લભ) એવું
સુવર્ણલતિકા = સોનાની નાની કોમળ વેલ (લતિકા)
સુવર્ણસ્તેયી = સોનું ચોરનાર (સ્તેયી)
સુવાસિની = સૌભાગ્યવતી, સવાસણ, જેનો પતિ જીવતો હોય તેવી સ્ત્રી
સુવૃત્ત = સદાચારમાં રત
સુવાસિનીધર્મ = સૌભાગ્યવતી સ્ત્રીનો ધર્મ
સુવ્રતે = હે સારું વ્રત પાળનારી!
સુસંયત = સુસંયમી
સુવ્યય = સારો એવો ખર્ચ (વ્યય) કરીને
સુશ્રવ = સારી રીતે સાંભળી શકે એવા
સુસ્નાત = સારી રીતે (સુ) સ્નાન કરીને આવેલો (સ્નાત)
સુહાગ = સુંદર વસ્ત્રાભૂષણો, સૌભાગ્ય
સુહાર્દ = વિશુદ્ધ, નિર્દોષ અંતઃકરણવાળી, પ્રેમાળ, નિર્દોષ હૃદયના ભાવથી પૂર્ણ
સુહૃદ્ = અપેક્ષા વગર (નિરપેક્ષ) પ્રેમ કરનાર
સુજ્ઞ = સમજુ, બધું જાણનાર
સૂકર = ભૂંડ
સૂકરાસ્ય = ભૂંડ (સૂકર)ના મોં (આસ્ય) વાળા
સૂક્ષ્મ = બારીક, સૂક્ષ્મ શરીર, મન-પ્રાણાદિ
સૂક્ષ્માખ્ય = જેનું સૂક્ષ્મ નામ છે તે સૂક્ષ્મ શરીર
સૂગ = ચીતરી, અતિશય અણગમો
સૂડો = પોપટ જેવું એક પક્ષી (પણ વાણી પોપટ જેવી મીઠી નહીં)
સૂત = ઋષિનું નામ, મહર્ષિ વેદ વ્યાસના શિષ્ય
સૂત = સારથિ
સૂતિવાયુ = પ્રસૂતિ સમયે - જન્મતાંની સાથે - બાળકને થતો પવનનો સ્પર્શ

સૂત્રધાર = નાયક, કર્તાહર્તા, કઠપૂતળીની દોરી (સૂત્ર) ધારણ કરનાર
સૂત્રાત્મા = હિરણ્યગર્ભ, સૂક્ષ્મ શરીરયુક્ત આત્મા
સૂદ = રસોઇયો, બલ્લવ
સૂપાય = સારો (સુ) ઉપાય
સૂરિજન = જ્ઞાનીઓ, મુનિજનો, વિદ્વાનો
સૂર્યકાન્તમણિ = એક પ્રકારનો મણિ જેના ઉપર સૂર્યનાં કિરણો પડતાં અગ્નિ ઉત્પન્ન થાય છે
સૂર્યાતપવત્ = સૂર્યના તડકા (આતપ)ની માફક (વત્)
સૂર્યોર્ધોદયે = ઉષ:કાલમાં, સૂર્ય અર્ધો ઊગ્યો હોય ત્યારે
સૂંઘે કેશ = વાળ સૂંઘવા, પ્રેમભાવ દર્શાવવાની રીત
સૃષ્ટિ = ઉત્પત્તિ
સેતુ = સેતુબંધ, સેતુબંધની રેતી, પુલ
સેનાની = સેનાપતિ, સેનાનો વડો
સેવામિષે = સેવા નિમિત્તે, સેવાને બહાને
સેશ = શંકર ભગવાન, પાર્વતી (સા)ના સ્વામી (ઇશ)
સૈરંધ્રી = દાસી
સોઈ = એ, ત્યાં
સોજું = સરખું, બરાબર, ઠીક
સોજ્જવળ = ઉજ્જવળતા સહિત
સોત્સુક = ઉત્સુકતાવાળો
સોદર = મા જણ્યા ભાઇ, એક જ મા ના પેટે જન્મેલા
સોદરગૃહે = ભાઇના ઘરે
સોપાધિક = આભાસવાળું, ઉપાધિયુક્ત
સોપાધિક સુખ = આભાસવાળું સુખ, સાચું સુખ નહીં પણ સુખનો આભાસ કરાવે તેવું
સોપાન = પગથિયું, સીડી, દાદરો, નિસરણી
સોમ = ચંદ્ર, સામ્બ, મહાદેવ
સોમચ્છાયા = ચંદ્રની છાયા
સોમવંશ ભૂષણ= સોમવંશમાં અલંકાર (ભૂષણ) રૂપ
સોડહં = તે (સ:) હું (અહં) છું, એ (બ્રહ્મ) હું છું
સૌકરી = સૂકરની, ડુક્કરની યોનિ
સૌખ્યકંદ = સુખનું કારણ
સૌખ્યનિધાન = સુખનો ભંડાર
સૌખ્યાગાર = સુખ (સૌખ્ય)નું રહેઠાણ (આગાર), સુખધામ
સૌગત = બૌદ્ધધર્મી
સૌગંધ્યમાં = સુગંધમાં
સૌધો = ઊંચા મહેલો
સૌભાગ્યસ્થેયાર્થે = સ્થિર સૌભાગ્ય માટે
સૌર્યવાર = સૂર્યનો વાર, રવિ (સૂર્ય) વાર
સૌવર્ણી = સુવર્ણની, સોનાની
સૌશિલ્ય = સારો સ્વભાવ, સુશીલતા
સ્કંદ = કાર્તિક સ્વામી (ગણપતિના મોટાભાઇ)
સ્કંધ = ખભો, ઝાડનું થડ
સ્કંધે = ખભા પર, થડ સાથે
સ્તન્ય = ધાવણ, (સ્તનમાંથી નીકળે તે દૂધ)
સ્તવન = સ્તુતિ કરતું સ્તોત્ર
સ્તવે = સ્તુતિ કરે , સ્તવન કરે
સ્તુત્ય = જેનું સ્તવન કરતા હોઇએ તે ભગવાન
સ્તેન = ચોર
સ્તેયી = ચોર
સ્તોતા = સ્તુતિ કરનાર
સ્તોત્ર = છંદોબદ્ધ સ્તુતિ
સ્તોમ = યજ્ઞ, સ્તવન, વૈદિક મંત્રાદિ સ્તુતિ
સ્તંભન = રોકવું, અટકાવવું
સ્તંભવત્ = થાંભલા (સ્તંભ)ની જેમ

**સ્ત્રી** = પત્ની
**સ્ત્રીક્ષત્રિયવીરાત્મહા** = સ્ત્રી, ક્ષત્રિય અને વીર આત્માને હણનાર
**સ્ત્રીઘ્ન** = સ્ત્રીનો હત્યારો
**સ્ત્રીધર્મ નિરૂપણ** = શ્રી ગાંડા મહારાજ પ્રણીત ગ્રંથ વિશેષ
**સ્ત્રીપુમાન્** = સ્ત્રીપુરુષ (પુમાન્)
**સ્ત્રીવૃંદ** = સ્ત્રીઓનું ટોળું, સ્ત્રીઓનો સમૂહ
**સ્ત્રીસુતગૃહવિત્તાદિ** = સ્ત્રી, પુત્ર, ઘર અને ધન વગેરે
**સ્ત્રૈણ** = સ્ત્રી જેવી વૃત્તિ
**સ્ત્રૈણવત્** = સ્ત્રીની જેમ (વત્)
**સ્ત્ર્યનલે** = સ્ત્રી રૂપી દેવતામાં, અગ્નિમાં (અનલ)
**સ્ત્ર્યાચાર** = સ્ત્રીના આચાર
**સ્ત્ર્યાસક્ત** = સ્ત્રીમાં આસક્ત
**સ્થંડિલ** = વેદી
**સ્થાણુવત્** = થાંભલા (સ્થાણુ)ની માફક (વત્)
**સ્થાવિરે** = ઘડપણમાં
**સ્થિરીકરણ** = ચિત્તને સ્થિર કરવું તે
**સ્થૂલ** = દેહધારી, સાકાર
**સ્નાનાંત** = સ્નાનને અંતે
**સ્નિગ્ધ** = સ્નેહ ઘેલી, સ્નેહાળ
**સ્નિગ્ધ ચિકુર** = સુંદર વાળ
**સ્નિગ્ધ દ્રવ્ય**= ચિકાશવાળા પદાર્થ (ઘી, દૂધની મલાઇ) વગેરે
**સ્નુષા** = પુત્રવધૂ
**સ્પર્શ** = પારસમણિ, અડકવું
**સ્પર્શમણિ** = પારસમણિ
**સ્પર્શસ્પર્શે** = પારસમણિ (સ્પર્શ)ના અડવાથી (સ્પર્શે)
**સ્પર્શાસક્તિ** = સ્પર્શ સુખની આસક્તિ
**સ્પર્શે** = પારસમણિથી
**સ્ફુરે** = ફરકે, કંપે
**સ્ફોટક** = ફોલ્લો, ફોડો
**સ્મર** = કામદેવ, યાદ કર
**સ્મરતાપ** = કામ (સ્મર)વૃત્તિની અકળામણ (તાપ)
**સ્મરપંક** = કામવૃત્તિરૂપી કાદવ
**સ્મરબાણ** = કામદેવ (સ્મર)નાં બાણ
**સ્મરવિહ્વળ** = કામવૃત્તિ (સ્મર)થી આકુળ વ્યાકુળ, બાવરો
**સ્મરહર** = કામદેવ (સ્મર)ને મારનાર (હર)
**સ્મરાતુરા** = કામાતુરા, કામવૃત્તિથી વિહ્વળ
**સ્મરોપમ** = કામદેવ (સ્મર) સમાન, કામદેવ જેવો
**સ્મિતવક્ત્ર** = હસતા (સ્મિત) મુખ (વક્ત્ર)વાળા
**સ્મૃતિ** = ધર્મશાસ્ત્રો જેવાં કે ગીતા, મનુ સ્મૃતિ વગેરે
**સ્મૃતિગામી** = સ્મરણ કરતાંની સાથે જ પ્રાપ્ત થનાર
**સ્મૃતિલોપ** = યાદશક્તિ (સ્મૃતિ)નો લોપ, યાદશક્તિ જતી રહેવી
**સ્યમંતપંચક** = સ્યમંત નામના પાંચ (કુંડ)
**સ્રક્** = માળા, હાર
**સ્રગ્વી** = માળા ધારણ કરેલો
**સ્રજે** = માળાથી
**સ્રવે** = વહે, ટપકે
**સ્રવ્યું** = ટપક્યું, ઝર્યું, પડ્યું, નીકળ્યું
**સ્વકર્મગર્હિત** = પોતાનાં કર્મોથી નિંદિત
**સ્વકૃત** = પોતે કરેલાં કર્મ
**સ્વગતભેદ** = અવયવીનો અવયવથી ભેદ, ઝાડનો, ડાળીનો પાંદડાથી ભેદ
**સ્વજનસુહૃદ્** = આપ્તજન અને નિરપેક્ષ મિત્ર (સુહૃદ્)
**સ્વતઃ** = પોતાની મેળે, સ્વાત્મ સ્ફુરણાથી
**સ્વતેજોરંજિત** = પોતાના તેજથી પ્રસન્ન

**સ્વનાસાકર્ણે** = પોતાના નાક (નાસા) અને કાન (કર્ણ) ઉપર

**સ્વન્ન** = મિષ્ટાન્ન ભોજન, સારું (સુ) અન્ન, સ્વાદિષ્ટ ભોજન

**સ્વપિંડ** = પોતાનું (સ્વ) શરીર (પિંડ)

**સ્વપુરે** = પોતાના નગરમાં

**સ્વપ્નરાજ્ય** = સ્વપ્નમાં ભોગવેલું રાજ્ય

**સ્વપ્નોપમ** = સ્વપ્નના જેવું

**સ્વપ્રાક્તન** = પોતાનું પ્રારબ્ધ, પૂર્વકર્મ

**સ્વયંપતિત** = જાતે પડી ગયેલાં (ફૂલો)

**સ્વયંભૂ** = આપ મેળે જન્મેલું, સ્વયં ઉત્પન્ન થયેલું

**સ્વમંદિર** = પોતાનું ઘર

**સ્વરૂપાચ્છાદક** = સ્વસ્વરૂપને ઢાંકનાર (આચ્છાદક), સ્વસ્વરૂપને જાણવામાં અવરોધ કરનાર

**સ્વરોદય** = સ્વરનો ઉદય, સ્વર રહસ્ય, ડાબા કે જમણા નસકોરામાંથી નીકળતા શ્વાસને આધારે શુભ કે અશુભ ફળ કહેવાની વિદ્યા

**સ્વર્ગનરકાદ્યનેક** = સ્વર્ગ, નર્ક વગેરે ઘણું

**સ્વર્ગમર્ત્યાદિક** = સ્વર્ગલોક અને મૃત્યુલોક વગેરે (આદિક)

**સ્વર્ગમાર્ગ સોપાન** = સ્ર્વગે જવાની સીડી

**સ્વર્ચિત** = સારી રીતે (સુ) અર્ચિત થયેલા

**સ્વર્ણકારિત્વ** = સોનીનું કામ

**સ્વર્ણપુરી** = લંકા, સોનાની નગરી (પુરી)

**સ્વર્ણરૌપ્યમુદ્રા** = સોનાની અને ચાંદીની (રૌપ્ય) વીંટી (મુદ્રા)

**સ્વર્ણવર્ણ** = સોનાના વર્ણવાળું, સોનેરી રંગના

**સ્વર્ણસળી** = સોનાની સળી

**સ્વર્ણસ્તેયી** = સોનું ચોરનાર (સ્તેયી)

**સ્વર્થ** = સારો અર્થ, સારો હેતુ

**સ્વર્થ** = સારું (સુ) ફળ (અર્થ), સત્ફળ

**સ્વર્ભાનુની નંદિની** = સ્વર્ભાનુ નામના રાજાની પુત્રી, કુંવરી (નંદિની)

**સ્વર્યાન** = વિમાન

**સ્વર્વેશ્યા** = અપ્સરા

**સ્વલ્પ** = થોડુંક, ઠીંગણા

**સ્વલ્પાંબુ** = થોડુંક (સ્વલ્પ) પાણી (અંબુ)

**સ્વવશ્ય** = પોતાને વશ, પોતાને આધીન

**સ્વવિભૂતિમાસ** = માગસર મહિનો, ભગવાને વિભૂતિરૂપ ગણાવેલો મહિનો

**સ્વસબ** = પોતાનું (સ્વ) બધું (સબ)

**સ્વસંવેદ્ય** = જાતે અનુભવવા જેવું

**સ્વસંવેદ્યાનંદ** = જાતે અનુભવ્યાનો આનંદ

**સ્વસા** = બહેન

**સ્વસ્થ** = સ્વરૂપાવસ્થિત, શાંત

**સ્વસ્થમન** = સ્વસ્વરૂપમાં સ્થિત મન, શાંત મન

**સ્વસ્થાપન** = પોતાના સ્થાને, પોતાના ઘરે

**સ્વસ્વસ્થાનમાં** = પોત પોતાના સ્થાને, પોત પોતાના ઘરે

**સ્વંગદેહ** = સારાં (સુ) અંગોવાળું (અંગ) શરીર (દેહ)

**સ્વાત્મનિષ્ઠ** = સ્વસ્વરૂપમાં સ્થિર થયેલો

**સ્વાત્મસ્થ** = સ્વસ્વરૂપમાં રહેનાર

**સ્વાત્મસ્થ ચૈતન્ય** = પોતાનામાં રહેલું ચૈતન્ય

**સ્વાત્મારામ** = સ્વસ્વરૂપમાં વિશ્રાંતિ લેનાર, આનંદ માણનાર

**સ્વાત્મારામી** = સ્વસ્વરૂપમાં રમણ કરનાર, આનંદ પામનાર

**સ્વાદુ વસ્તુ** = ખાંડ, ગોળ જેવી મીઠી વસ્તુ

**સ્વાદ્વન્ન** = મિષ્ટાન્ન (સ્વાદુ + અન્ન)

**સ્વાદ્વ સ્વાદુ** = સ્વાદિષ્ટ કે અસ્વાદિષ્ટ
**સ્વાધિકારચ્યુત** = પોતાના અધિકારથી વંચિત (ચ્યુત) થયેલા
**સ્વાધિકારયુત** = પોતાના અધિકાર સહિત (યુત)
**સ્વાનંદ તૃપ્ત** = સ્વસ્વરૂપના આનંદમાં સંતુષ્ટ
**સ્વાયત્ત** = સ્વાધીન, પોતાને આધીન
**સ્વારામજ** = પોતાના (સ્વ) બગીચા (આરામ)માં ઉછેરેલાં
**સ્વાર્થ** = આત્મૈકયાર્થ
**સ્વાર્ધ દેહ** = પોતાનું અડધું (અર્ધ) શરીર
**સ્વાહાકાર** = યજ્ઞ (જેમાં આહુતિ આપતી વખતે સ્વાહા બોલવામાં આવે)
**સ્વાંકે** = પોતા (સ્વ)ના ખોળામાં (અંકે)
**સ્વાંત** = અંતઃકરણ, મન, હૃદય
**સ્વાંતમાં મૂક** = અંતરમાં મૂગો, મનમાં ને મનમાં
**સ્વેચ્છાચાર** = પોતાની મરજીમાં આવે તેમ વર્તનાર
**સ્વેદજ** = પરસેવામાંથી જન્મે તે (જ) (જૂ, લીખ વગેરે)
**સ્વેષ્ટજન** = સગાંવહાલાં (સુ) ઈષ્ટજન
**સ્વૈર** = મનમાં આવે તેમ, મરજી મુજબ, યથેચ્છ, સ્વેચ્છાએ
**સ્વૈરવર્તન** = મનમાં આવે તેમ વર્તન કરવું, મનને ગમે તેવું વર્તન
**સ્વૈરવૃત્તિથી** = સ્વચ્છંદપણે
**સ્વોક્ત** = પોતાનું બોલેલું (ઉક્ત)
**સ્વોદરમાં** = પોતા (સ્વ)ના પેટ (ઉદર)માં
**સ્વોદાહરણે** = પોતાના દષ્ટાંતથી

## હ

**હઠ** = જીદ, રઢ
**હઠાભ્યાસ** = હઠયોગનો અભ્યાસ
**હતકાય** = નિંદિત દેહવાળા, નિંદાયોગ્ય શરીર
**હતપ્રયત્ન** = પ્રયત્ન નિષ્ફળ જતાં
**હતબળ** = જેનું બળ નાશ પામ્યું છે, નિર્બળ
**હતશ્રીક** = હતૈશ્વર્ય, ઐશ્વર્ય વગરનું
**હતાભિમાન** = જેનું અભિમાન નાશ પામ્યું છે તેવા, અભિમાન ઊતરી ગયું છે તેવા
**હનુ** = હડપચી, દાઢી
**હય** = ઘોડો
**હયમેધફળ** = અશ્વ (હય) મેધફળ, અશ્વમેધ યજ્ઞનું ફળ
**હયવિક્રયી** = ઘોડો (હય) વેચનાર (વિક્રયી)
**હરામ** = હક્ક વગરનું, કામચોર, આળસુ
**હરિ** = વિષ્ણુ, સિંહ, વાંદરો
**હરિજન** = પ્રભુના લાડીલા, પ્રભુભક્ત
**હરિણ** = હરણ
**હરિણીગણ** = હરિણીનો સમૂહ (ગણ), હરિણીનું ટોળું
**હરિત** = લીલા (રંગના)
**હરિતવર્ણ** = લીલાં રંગના
**હરિતાલિકાદિવ્રત** = કેવડા ત્રીજ વગેરેનું વ્રત
**હરિત્તૃણે** = લીલા (હરિત) ઘાસ પર (તૃણે)
**હરિદર્પ** = સિંહનું અભિમાન (દર્પ), સિંહનો ગર્વ
**હરિદ્રાર્દ્ર** = હળદર (હરિદ્રા) અને આદુ (અર્દ્ર)
**હરિમધ્યા** = સિંહ (હરિ)ના જેવી પાતળી કેડવાળી (મધ્યા)
**હરી** = દૂર કરી, હરણ કરી
**હરી** = લીલી (હરિયાળી)
**હરે** = હે હરિ! (હરિનું સંબોધન), હે નરહરિ!
**હર્યંશ** = હરિનો અંશ, ઈશ્વરાવતાર
**હવડ** = નિર્જન, માણસની અવર જવર વિનાનું, અવાવરું
**હવા** = પવન, વાયુ
**હવાં** = હમણાં, અત્યારે

**હવો** = એવો
**હવિર્ભાગ** = યજ્ઞમાં દેવોનો રાખેલો ભાગ
**હવિષ્યાન્ન** = હવનમાં જે ધાન્યની આહુતિ અપાય તે રાંધવાથી તૈયાર થયેલું અન્ન
**હવિષ્યાશી વ્રત** = હવિષ્યાન્ન ખાનાર (આશી), તે ખાઈને, વ્રત કે ઉપવાસના દિવસોમાં ખાઈ શકાય તેવો ખોરાક લઈને વ્રત કરવું
**હવ્યભાગે** = હવનમાં દેવના રાખેલા ભાગો
**હવ્યવાહ** = અગ્નિ
**હવ્યવાહને** = અગ્નિને
**હસ્તઋક્ષ** = હસ્ત નામનું નક્ષત્ર
**હસ્તી** = હાથી
**હસ્ત્યશ્વરથપાયદળ** = હાથી (હસ્તી), ઘોડો (અશ્વ) રથ અને પગે ચાલીને લડનારું લશ્કર
**હસ્ત્યાનન** = હાથી (હસ્તી)ના જેવાં મોઢાં (આનન)વાળા
**હસ્ત્યાહાર** = હાથીનો ખોરાક (આહાર)
**હળહળે** = ધીમે ધીમે, ઝળહળે
**હંત** = અફસોસદર્શક ઉદ્ગાર
**હંત્રી** = નાશ કરનાર
**હંસ** = આત્માનું સૂચન કરતો શબ્દ (સોહંનું ઊંધું હંસો)
**હંસોપાસન** = આત્માની-બ્રહ્મની-ઉપાસના
**હાટ** = બજાર, હાટડી
**હાથીએ** = હાથી પણ (એ)
**હાર્દતમ** = હૃદયનું અજ્ઞાનરૂપી અંધારું (તમ), હૃદયમાં રહેલો અજ્ઞાનરૂપી અંધકાર
**હાલાં** = હાલરડાં
**હાસ** = હસવું તે
**હાસ્યવક્ત્ર** = હસતું મોઢું (વક્ત્ર), હસમુખા
**હાળી** = હળ ચલાવનાર, ખેડૂત (જીવરૂપી ખેડૂત)
**હાંજા** = હિંમત, શક્તિ
**હિત** = કલ્યાણ
**હિતમિત** = હિતકારી અને માપસરનું, જરૂર પૂરતું, ગુણકારી હોય તેવું
**હિતાહિત** = હિત અને અહિત બંને
**હિપ્પરીગ્રામે** = હિપ્પરગી નામના ગામે
**હિમનગદુહિતા** = હિમાલય (હિમ) પર્વત (નગ)ની પુત્રી (દુહિતા), પાર્વતી
**હિમનગનંદિની** = હિમાલય (હિમ) પર્વત (નગ)ની પુત્રી (નંદિની), પાર્વતી
**હિરણ્ય** = સોનું, સુવર્ણ
**હિરણ્યગર્ભ** = બ્રહ્મા, સૂક્ષ્મ શરીરયુક્ત આત્મા
**હિંસ્ર** = હિંસક
**હીનકરે** = હલકા માણસના હાથે, ઓછી ખ્યાતિવાળાના હાથે
**હીનકાન્તિ** = નિસ્તેજ
**હીનમુખે** = અંત્યજને મોઢે
**હીનાગ્રે** = હલકા (હીન) માણસો આગળ
**હુતાશ** = અગ્નિ
**હૃચ્છૂલાદિક** = હૃદયનું શૂળ વગેરે
**હૃતશ્રીક** = જેનું ઐશ્વર્ય નાશ પામ્યું છે તે, હતૈશ્વર્ય
**હૃતાધિકાર** = જેનો અધિકાર છિનવાઈ ગયો (હૃત) છે તે
**હૃત્કમલે** = હૃદય કમળમાં
**હૃદય ગ્રંથિ** = ચિત્ અચિત્‌ની એકતાના અજ્ઞાનરૂપી ગાંઠો
**હૃદયનિયામક** = હૃદયમાં રહીને નિયંત્રણ કરનાર, અંતર્યામી
**હૃદયંગમ** = હૃદયને ગમી જાય તેવું
**હૃદ્** = ધરો, ઊંડા પાણીવાળી જગ્યા

**હૃદ્ગત** = હૃદયના ભાવો, હૃદયની લાગણી, અંતરની વાત
**હૃદ્ધ્વાંત** = હૃદયનું અજ્ઞાનરૂપી અંધારું (ધ્વાંત)
**હૃદ્વાડી** = હૃદયરૂપી વાડી, બગીચો
**હૃદ્રોગ** = હૃદયનો રોગ
**હૃષીકેશ** = ઇંદ્રિયો (હૃષિક)ના સ્વામી (ઈશ), ભગવાન વિષ્ણુ
**હૃષ્ટતર** = ખૂબ આનંદવાળો
**હેત્વાત્મા** = કારણ (હેતુ)રૂપ આત્મા
**હેતુ** = કારણ
**હેમ** = સોનું
**હેમ પર્જન્ય** = સોનાનો વરસાદ
**હેમંતે** = હેમંત ઋતુમાં
**હેય** = ત્યાજ્ય, ત્યજવા યોગ્ય
**હેરુ** = એરુ, સાપ
**હેવ** = હોડ, શરત
**હૈમવતી** = હિમાલયની દીકરી, પાર્વતી
**હૈમાસન** = સોનાનું (હૈમ) આસન
**હૈહય** = હૈહયકુળમાં જન્મેલો, સહસ્રાર્જુન
**હોડ** = શરત
**હોનહાર** = થવાનું હોય તે
**હોનારી સો હોઈ** = થવાનું હોય તે થઈને જ રહે છે
**હોમગૌતમી** = જમદગ્નિ મુનિની ગાય
**હોમધૂમ્ર** = યજ્ઞનો ધુમાડો (ધૂમ્ર)
**હોમધેનુ** = હોમ-હવન કરવા માટેની વસ્તુ આપતી ગાય
**હોમ્ય** = હોમવા યોગ્ય
**હ્રાસ** = રકાસ, નાશ
**હ્રી** = લજ્જા, શરમ

*